॥ ताजिकसारसंग्रहः ॥

શુદ્ધ ગુજરાતી ટીકા અને સ્પષ્ટ ઉદાહરણ સહિત.

રચી પ્રસિદ્ધ કર્ત્તા,

જોશી. વૃંદાવન માણેકલાલ.

કાળુપૂર નવાદરવાજા કણસાસવાડ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

અમદાવાદ.

શ્રી 'રામકૃષ્ણ' પ્રિન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરિવલ્લવદાસે

છાપ્યું. ઠેકાણું પાંચકૂવા નવાદરવાજા

શકે ૧૮૩૪ સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કીમ્મત એક રૂપિયો.

॥ श्रीमहालक्ष्म्यैनमः ॥

અર્પણપત્રિકા.

———:૦:———

રા. રા. વેદશાસ્ત્ર સંપન્ન, પૂજ્યપાદ, ગુણગણાલંકૃત, ગુરૂવર્ય,
જ્યોતિર્વિદ્ દલસુખરામ હીરાભાઇ.

આપે
અગાધ શ્રમ
લઇ જ્યોતિષ શાસ્ત્રનું
અધ્યયન કર્યુંછેતેમજ ગુજરાતમાં
આપ જ્યોતિર્વિદોમાં અગ્રગણ્ય ગણાઓ
છો.તેથીજ કરીને અમદાવાદ જ્યોતિષપાઠશાળા-
માં મુખ્ય અધ્યાપકની માનવંત પદવી મેળવી છે.
તથા તે પદવી મેળવી અસંખ્ય વિદ્યાર્થીઓને આપ શુદ્ધ
અંતઃકરણથી વિદ્યાદાન આપોછો, તેમજ મારા ઉપર વાત્સલ્ય
પ્રેમ રાખી જ્યોતિષશાસ્ત્રના અપૂર્વ લાભને પ્રાપ્ત આપેજ મને કર્યો છે.
આ મારા ઉપર વિદ્યાદાનરૂપી કરેલા ઉપકારથી આકર્ષાઇ તેમજ
મારા જ્યોતિષ વિદ્યાના પરમ ગુરૂ સમજી આપનીજ
કૃપાથી તૈયાર કરેલો આ તાજિક શાસ્ત્રના ગણિત
અને ફળાદેશથી પરિપૂર્ણ તાજિકસારસંગ્રહ
નામનો ગ્રંથ ગુરૂભક્તિ પુરઃસર આ-
પના ચરણ કમળમાં શુદ્ધ ભક્તિ
ભાવથી સવિનય સપ્રેમ
સસ્નેહ અર્પણ
કરૂંછું.

ધનતેરશ.
સંવત્ ૧૯૬૮

હું છું
આપનોજ આજ્ઞાંકિત શિષ્ય
જોશી વૃંદાવન માણેકલાલ.

प्रस्तावना.

——::०::——

આર્યભ્રાતૃગણો ?

જ્યોતિષશાસ્ત્ર સંસારમાં કેવું અદ્વિતીય રત્ન છે કે જેના પ્રભાવથી મનુષ્યો પોતાનાં કૃતકર્મો અને તેનું પરિણામ સંપૂર્ણ રીતે જાણી શકે છે. જ્યોતિષ શાસ્ત્રના બે ભાગ છે. પહેલા જાતક ભાગમાં જન્મપત્રિકા બનાવવાનો વિષય છે. અને બીજા તાજિક ભાગમાં વર્ષપત્રિકા બનાવવાનો વિષય છે. જાતકનું ફળ સ્થૂળકાલીન અને બહુશ્રમી છે. તેથી કરીને વર્ષ માસ અને દિવસનું સૂક્ષ્મફળ મળી શકતું નથી તેટલા માટે વસિષ્ઠાદિ અષ્ટાદશ આચાર્યોના ઉપદેષ્ટા શ્રીબ્રહ્મદેવે તાજિકશાસ્ત્ર બનાવ્યું છે. કે જેનાથી વર્ષ માસ અને દિવસનું ભિન્ન ભિન્ન ફળ કહી શકાય છે. તાજિક શાસ્ત્રમાં તાજિકનીલકંઠી, તાજિકકૌસ્તુભ, તાજિકસાર અને તાજિકભૂષણ મુખ્ય છે. પરંતુ તે ગ્રંથો ગૂઢ અને વિસ્તારવાળા હોવાથી તેનું સંપૂર્ણ અધ્યયન થઇ શકતું નથી તેટલા માટે પૂર્વોક્ત ગ્રંથો અને અન્ય તાજિક ગ્રંથોના આધારથી આ "**ताजिकसारसंग्रह**" નામનો ગ્રંથ ગુર્જર ટીકા અને સ્પષ્ટ ઉદાહરણ સહિત લખીને પ્રકાશિત કર્યો છે. આ ગ્રંથમાં ત્રણ અધ્યાય પાડવામાં આવ્યા છે. પહેલા ગણિતાધ્યાયમાં વર્ષપત્રિકા બનાવવાનું ગણિત સવિસ્તર ઉદાહરણ સાથે આપવામાં આવ્યું છે. બીજા ભાવાધ્યાયમાં ચળિ ગયેલા ગ્રહોનું ફળ આપવામાં આવ્યું, છે. તથા ત્રીજા ફળાધ્યાયમાં વર્ષપત્રિકાનું સર્વોત્કૃષ્ટ ફળાદેશ આપવામાં આવ્યું છે. વિશેષ આ ગ્રંથ રચવામાં મારા લેખદોષથી તથા છાપખાનાની અસાવધાનીથી કાંઇ અશુદ્ધ લેખ થઇ ગયો હોય તો તે સુધારીને વાંચવાને વિદ્વજ્જનોને વિનંતિ છે તથા જે વિદ્વાનો થયેલા અશુદ્ધ લેખ માટે મને પત્રદ્વારા જણાવશે તેઓનો ઉપકાર માની દ્વિતીયાવૃત્તિ વખતે સુધારો કરવામાં આવશે,

धनतेरश

विक्रमीय संवत् १९६८

ग्रन्थकर्त्ता.

जोशी वृन्दावन माणेकलाल.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ટ.

ભાવાધ્યાય ૨ જો.

ફળાધ્યાય ૩ જો.

વિષય. પૃષ્ટ.

છપાય છે!   થોડા વખતમાં બહાર પડશે.   છપાય છે!!

જન્મપત્રિકાનું ફળાદેશ જોવાનો

અત્યુત્તમ અદ્વિતીય ગ્રંથ.

श्रीमद्गणेश दैवज्ञ विरचितः

॥ जातकालंकारः ॥

સાન્વય ગુજરાતી ટીકા સહિત.

આજકાલ ફળાદેશના બૃહજ્જાતકાદિ અનેક ગ્રંથો પ્રચલિત છે પરંતુ કોઇ વિસ્તૃત છે, કોઈ અતિ કઠીણ છે તથા કોઇકમાં એકજ વિષય છે તેથી કરીને અધિકકાળ અભ્યાસ કર્યા છતાં પણ ફળ દાયક થતાં નથી. તેટલા માટે શ્રી શુકદેવે બનાવેલા જાતક શાસ્ત્ર ઉપરથી પરોપકારપરાયણ શ્રીયુત શ્રીગણેશ દૈવજ્ઞે પદ્યબંધ આ જાતકાલંકાર નામનો ગ્રંથ બનાવ્યો છે. આજ ગ્રંથનું સર્વ સાધારણ મનુષ્યોને પ્રતિપદનું દર્પણસ્થ પ્રતિબિંબવત્ પ્રત્યક્ષ જ્ઞાન હોવાના નિમિત્તથી મેં આ ગ્રંથની હરભાનુશુકલ કૃત સંસ્કૃત ટીકાની અનુસાર વિચાર કરીને સર્વ સાધારણને અનાયાસથી બોધ હોવાના નિમિત્તથી પ્રતિ શ્લોકના અન્વય કરીને તદનંતર અન્વયાનુકૂલ ગુજરાતી ટીકા કરી છે. કીમ્મત છ આના. ટ૦ ખ૦ એક આનો.

ગ્રંથ મળવાનું ઠેકાણું

જોશી વૃંદાવન માણેકલાલ.

કાળુપૂર નવાદરવાજા કણસારાવાડ

અમદાવાદ.



॥ ॐ श्री गणेशाय नमः ॥

॥ ताजिकसारसंग्रहः ॥

(वर्षपत्रिकानिबंध)

॥ गुर्जर भाषानुवाद संवलितः ॥

ગણિતાધ્યાય ૧ લો.

मंगलाचरणम्.


श्रीमच्छंकरहैमजा प्रियसुतं लम्बोदरं शारदां
ज्योतिःशास्त्रविभूषणं दलसुखं सिद्धांतगं देशिकम् ॥
नत्वा श्रीनगरस्थपण्डितमतो वृन्दावनोऽहंद्विजः
कुर्वे ताजिकसारसंग्रह मिमंग्रन्थं बुधानां मुदे ॥ १ ॥

શ્રી શોભાયમાન શંકર અને પાર્વતીના પ્રિયપુત્ર ગણપતી, સરસ્વતી, તથા જ્યોતિષશાસ્ત્રના આભૂષણરૂપ સિદ્ધાંતને પામેલા ગુરૂવર્ય દલસુખરામને નમસ્કાર કરીને શ્રીનગર (અમદાવાદ) માં રહેનાર પંડિતોએ માનેલો હું વૃંદાવન નામનો બ્રાહ્મણ આ " તાજિકસારસંગ્રહ " નામનો ગ્રંથ પંડિતોના હર્ષના માટે કરૂંછું. ॥ ૧ ॥


जन्मपत्रलेखनोदाहरणम्.

।। श्रीगणेशायनमः ।। सजयति० ।। स्वस्तिश्रीसंवत् १९४३ शके १८०८ चैत्रादि शके १८०९ प्रवर्त्तमाने ।। सौम्यायनेभास्करे ।। वसंतऋतौ ।। मासानांमासोत्तमे चैत्रमासेशुक्लपक्षे ६ घटिकाः ५२ पलानि २३ जन्मतिथौ ।। सौम्यवासरे ।। रोहिणीघटिकाः २२ पलानि २३ परंमृगशीर्षजन्मनक्षत्रे ।। आयुष्मान् घटिकाः १९ पलानि १२ परंसौभाग्यजन्मयोगे ।। तैतिलकरणे ।। वृषभराशिस्थितेचन्द्रे ।। एवंपंचांगशुद्धावत्रदिनेमीनसंक्रान्तेर्गतांशाः १७ कलाः ३० विकलाः ३१ तद्दिनेश्रीमन्मार्तण्डमण्डलोदयात्गतघटिकाः ३३ पलानि ७ समयेज्योतिर्विद्वृन्दावनस्यजन्मसमयः ।। सूर्यः ११ । १७ । ३० । ३१ । चन्द्रः १ । २५ । ३६ । २६ लग्नम् ६ । १ । २२ । ४७

जन्मलग्नम्.



भावलग्नम्



वर्षप्रवेशमाह.

भूघस्राकनलात्रिंशज्जन्माभिष्ट शकान्तरैः ॥
हन्यातज्जन्मवाराद्यै र्युक्तोवर्षप्रवेशकः ॥ २ ॥

અર્થ:—વર્ત્તમાન શકમાંથી જન્મનો શક બાદ કરતાં જે શેષ રહે તે ગતાબ્દ કહેવાય તે ગતાબ્દને ૧–૧૫–૩૧–૩૦ આ અંકોએ ગણીને જન્મનો વાર તથાં સૂર્યોદયાત્ ઘડી અને પળ ઉમેરવાથી વર્ષનો પ્રવેશકાળ થાયછે. ॥ ૨ ॥

ઉદાહરણ:—વર્ત્તમાન શક ૧૮૩૨ માંથી જન્મનો શક ૧૮૦૮ બાદ કર્યો તો શેષ ૨૪ રહ્યા તે ગતાબ્દ કહેવાય. તે ગતાબ્દ ૨૪ ને ૧–૧૫–૩૧–૩૦ થી ગુણતાં અનુક્રમે ૨૪–૩૬૦–૭૪૪–૭૨૦ વારાદિ થયા તેને નીચેથી ત્રિકળાત્મકને ૬૦વડે ચઢાવતાં ૩૦—૧૨—૩૬—૦ આવ્યા તેમાં જન્મનો વારાદિક ૪—૩૩—૭—૦ઉમેર્યા તો ૩૪—૪૫—૪૩—૦આવ્યા ઉપરના વારના ૩૪ અંકને ૭ થી ભાગ લીધોતો શેષ ૬—૪૫—૪૩—૦ આ વર્ષ પ્રવેશ સમયના વાર ઘડી અને પળ આવ્યા.

द्वितीय प्रकारः

शाकेजन्मशकोनितेभवतियच्छेषंगताब्दव्रजो
ऽधोधःसंगुणितःशरैश्चयुगलेनाङ्कैर्युगैर्भाजितः ॥
लब्धंतज्जननोत्थवारघटिकाद्येनान्वितंसप्तभिः
पूर्वांकेविहृतेऽत्रशेषकमितौवर्षप्रवेशोध्रुवः ॥ ३ ॥

અર્થ:—વર્ત્તમાન શકમાંથી જન્મનો શક બાદ કરવાથી જે શેષ રહે તે ગતાબ્દ કહેવાય. તે ગતાબ્દને ૫—૨—૬ એ ગણી ૪ થી ભાગ લેતાં જે ફળ આવે તેમાં જન્મનો વાર ઘડી અને પળ ઉમેરી ઉપરના વારના અંકને ૭ થી ભાગ લેતાં જે શેષ રહે તે વર્ષપ્રવેશ સમયના વાર ઘડી પળ અને વિપળ જાણવા. ॥૩॥

ઉદાહરણ:—ગતાબ્દ ૨૪ તેને ત્રણ ઠેકાણે ૨૪—૨૪—૨૪ સ્થાપન કરી ક્રમથી ૫–૨–૬ થી ગણતાં અનુક્રમે ૧૨૦–૪૮–૧૪૪ થયા. તેને નીચેથી પળાત્મકને ૬૦ વડે ચઢાવતાં ૧૨૦–૫૦–૨૪ આવ્યા. તેને ૪ થી

ભાગ લેતાં વારાદિક ૩૦—૧૨—૩૬—૦ ફળ આવ્યું તેમાં જન્મનો વારાદિક ૪—૩૩—૭—૦ ઉમેર્યાં તો ૩૪—૪૫—૪૩—૦ આવ્યા ઉપરના ૩૪ અંકને ૭ થી ભાગ લીધો તો શેષ ૬ તે વાર ૪૫ ઘડી ૪૩ પળ અને ૦ વિપળ આ પ્રમાણે વર્ષનો પ્રવેશ કાળ થયો.

तृतियंप्रकारः

ज्ञात्वाजन्मखगोदयान्प्रतिसमं जन्मार्कतुल्योरवि
यत्रान्हह्न मुखंभवेद्गतसमाः शैलाभ्रदिक्घ्राह्वताः ॥
खाभ्रैर्भ्रर्जनिवासरादिसहितास्तष्टानगैस्तद्दिने
द्यादिः सावयवः स्फुटोत्रजनिजोमासः क्वचिन्न्यूनयुक् ॥ ४ ॥

અર્થ:—વર્ષ વર્ષ પ્રત્યે જન્મકાળના ગ્રહો અને લગ્નને જાણીને જે દિવસે જન્મના સૂર્યનીબરોબર સૂર્ય આવે તે દિવસે વર્ષનો પ્રવેશકાળ થાય છે. ગત વર્ષોને ૧૦૦૭ થી ગણીને ૮૦૦ નો ભાગ આપવાથી (વારાદિક વર્ષનો ધ્રુવક આવે છે) તેમાં જન્મના વારાદિકને યુક્ત કરી (ઉપલા) વારના અંકને ૭ નો ભાગ આપવાથી ઘડીઓ સહ વર્તમાન સ્પષ્ટ વર્ષનો પ્રવેશકાળ થાય છે. આને વિષે જન્મથી ઉત્પન્ન થયેલો માસ ક્યારે એક ઓછો અથવા એક વધારે આવે છે. ॥ ૪ ॥

ઉદાહરણઃ—ગતાબ્દ ૨૪ ને ૧૦૦૭ થી ગણ્યા તો ૨૪૧૬૮ આવ્યા તેને ૮૦૦ નો ભાગ આપવાથી વારાદિક ૩૦-૧૨-૩૬-૦ ફળ આવ્યું તેમાં જન્મનો વારાદિક ૪—૩૩—૭—૦ ઉમેર્યા તો ૩૪—૪૫-૪૩—૦ આવ્યા ઉપરના વારના ૩૪ અંકને ૭ થી ભાગ લીધો શેષ ૬-૪૫-૪૩-૦ આવ્યા આ વર્ષપ્રવેશ સમયનો વાર ઘડી પળ અને વિપળ જાણવા.

चतुर्थप्रकारः

द्वाभ्यांकृतैस्तींद्रकरैस्त्रिधाऽब्दो निघ्न गजैःसंविहृतेफलंयत् ॥
स ब्दंततोजन्मकवारकाद्यैर्युक्तं भवेद्वाब्दनिवेशवेला ॥ ५ ॥

અર્થ:—ગતાબ્દને ત્રણ ઠેકાણે સ્થાપન કરીને ક્રમથી ૨-૪-૧૨ થી ગણી ૮ થી ભાગ લેતાં જે ફળ આવે તેમાં ગતાબ્દ ઉમેરીને પછી જન્મનો વારાદિક ઉમેરવાથી વર્ષપ્રવેશ થાય છે.

ઉદાહરણઃ—ગતાબ્દ ૨૪ ને ત્રણ ઠેકાણે ૨૪—૨૪—૨૪ સ્થાપન કરીને ક્રમથી ૨—૪—૧૨ થી ગણ્યાતો ૪૮—૯૬—૨૮૮ આવ્યા તેના પળાત્મકને ૬૦ થી ચઢાવતાં ૪૯—૪૦—૪૮ આવ્યા તેને ૮ થી ભાગ લેતાં ૬—૧૨—૩૬—૦ આવ્યા તેમાં ગતાબ્દ ૨૪ ઉમેર્યા તો ૩૦-૧૨-૩૬-૦ આવ્યા, તેમાં જન્મનો વારાદિક ૪—૩૩—૭—૦ ઉમેર્યાતો ૩૪-૪૫-૪૩-૦ આવ્યા, ઉપલા વારના ૩૪ અંકને ૭ થી ભાગતાં શેષ ૬—૪૫—૪૩—૦ આ વર્ષ પ્રવેશનો ક્રમથી વાર ઘડી પળ અને વિપળ આવ્યા.

पंचमप्रकारः

गताःसमाःपादयुताःप्रकृतिघ्नसमागणात् ॥
खवेदाप्तघटीयुक्ताजन्मवारादिसंयुताः ॥
अब्दप्रवेशवारादि सप्ततष्टस्त्वनिर्दिशेत् ॥ ६ ॥

અર્થઃ—ગતવર્ષને પોતાના ચતુર્થાંશથી યુક્ત કરીને ફરીથી ગતવર્ષને ૨૧ થી ગણીને ૪૦ નો ભાગ આપવાથી જે ફળ આવે તે ઘડી પળ અને વિપળ જાણવું તેમાં ચતુર્થાંશથી યુક્ત ગતવર્ષ જોડવાથી જે ફળ આવે તેમાં જન્મનો વાર ઘડી અને પળ ઉમેર્યા તો વારાદિક વર્ષ પ્રવેશ થાય છે. ઉપલો વારનો અંક ૭ થી અધિક હોયતો ૭ થી ભાગ લેતાં જે શેષ રહે તે રાખવું ॥ ૬ ॥

ઉદાહરણઃ—ગતવર્ષ ૨૪ માં પોતાનો ચતુર્થાંશ ૬ ઉમેર્યા તો ૩૦ થયા તે વાર જાણવા. ગતવર્ષ ૨૪ ને ૨૧ થી ગણ્યા તો ૫૦૪ થયા તેને ૪૦ નો ભાગ આપ્યો તો ફળ ૧૨—૩૬—૦ આવ્યું તે ઘટયાદિ જાણવું તેમાં મથાળે ચતુર્થાંશથી યુક્ત ગતવર્ષ ૩૦ ઉમેર્યા તો ૩૦—૧૨—૩૬-૦ થયા ફરી તેમાં જન્મનો વારાદિક ૪-૩૩-૭-૦ ઉમેર્યા તો ૩૪-૪૫-૪૩-૦ થયા ઉપલો ૩૪ વારનો અંક ૭ થી વધારે છે માટે ૭ થી ભાગ લીધોતો શેષ ૬ તે વાર જાણવા, એ પ્રમાણે ૬ વાર ૪૫ ઘડી ૪૩ પળ અને ૦ વિપળ સમયે વર્ષ પ્રવેશ થયો.

સારિણી ઉપરથી વર્ષ પ્રવેશની રીતઃ—વર્તમાન શકમાંથી જન્મનો શક બાદ કરતાં જે શેષ રહે તે ગતવર્ષ જાણવા. આ પાછળની સારિણીને વિષે ગત વર્ષના અંકની નીચે જે વારાદિ અંક છે તે એક ઠેકાણે લખીને તેમાં જન્મકાળનો વાર ઇષ્ટઘડી અને પળો ઉમેરવાથી વર્ષપ્રવેશ થાયછે.

ગતાબ્દ પ્રમાણે વર્ષપ્રવેશ સારિણી.

ગતાબ્દ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
વાર	૧	૨	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪
ઘડી	૧૫	૩૧	૪૬	૨	૧૭	૩૩	૪૮	૪	૧૯	૩૫	૫૦	૬	૨૧	૩૭	૫૨	૮	૨૩	૩૯	૫૪	૧૦
પળ	૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
વિપળ	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦

ગતાબ્દ	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
વાર	૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧	૨	૪	૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧
ઘડી	૨૬	૪૧	૫૭	૧૨	૨૮	૪૩	૫૯	૧૪	૩૦	૪૫	૧	૧૬	૩૨	૪૭	૩	૧૮	૩૪	૪૯	૫	૨૧
પળ	૧	૩૩	૪	૩૬	૭	૩૯	૧૦	૪૨	૧૩	૪૫	૧૬	૪૮	૧૯	૫૧	૨૨	૫૪	૨૫	૫૭	૨૮	૦
વિપળ	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦

ગતાબ્દ	૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
વાર	૨	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૩	૪	૫
ઘડી	૩૬	૫૨	૭	૨૩	૩૮	૫૪	૯	૨૫	૪૦	૫૬	૧૧	૨૭	૪૨	૫૮	૧૩	૨૯	૪૪	૦	૧૫	૩૧
પળ	૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
વિપળ	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦

ગતાબ્દ	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
વાર	૬	૧	૨	૩	૪	૬	૦	૧	૨	૪	૫	૬	૦	૨	૩	૪	૫	૦	૧	૨
ઘડી	૪૭	૨	૧૮	૩૩	૪૯	૪	૨૦	૩૫	૫૧	૬	૨૨	૩૭	૫૩	૮	૨૪	૩૯	૫૫	૧૦	૨૬	૪૨
પળ	૧	૩૩	૪	૩૬	૭	૩૯	૧૦	૪૨	૧૩	૪૫	૧૬	૪૮	૧૯	૫૧	૨૨	૫૪	૨૫	૫૭	૨૮	૦
વિપળ	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦

ગતાબ્દ	૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
વાર	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૦	૧	૨	૩	૫	૬	૦	૧	૩	૪	૫	૬
ઘડી	૫૭	૧૩	૨૮	૪૪	૫૯	૧૫	૩૦	૪૬	૧	૧૭	૩૨	૪૮	૩	૧૯	૩૪	૫૦	૫	૨૧	૩૬	૫૨
પળ	૩૧	૩	૩૪	૬	૩૭	૯	૪૦	૧૨	૪૩	૧૫	૪૬	૧૮	૪૯	૨૧	૫૨	૨૪	૫૫	૨૭	૫૮	૩૦
વિપળ	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦

षष्ठप्रकारः

सपादमर्धसार्द्धंचत्रिस्थानस्थंगताब्दकम् ॥
वारनाडीपलेभ्यश्च जन्मवारादिसंयुतम् ॥ ७ ॥

અર્થઃ—ગતાબ્દને ત્રણ ઠેકાણે સ્થાપન કરીને ક્રમથી સવાયા અડધા અને દોઢા કરી જન્મનો વારાદિક યુક્ત કરવાથી વર્ષપ્રવેશ થાય છે. ॥ ૭ ॥

ઉદાહરણઃ—ગતવર્ષ ૨૪ ને ત્રણ ઠેકાણે ૨૪—૨૪—૨૪ સ્થાપન કરીને ક્રમથી સવાયા અડધા અને દોઢા કર્યા તો ૩૦—૧૨—૩૬ આવ્યા તેમાં જન્મના વારાદિક ૪—૩૩—૭—૦ ઉમેર્યા તો ૩૪—૪૫—૪૩—૦ આવ્યા તે ક્રમથી વર્ષપ્રવેશનો વાર ઘડી અને પળ જાણવા.

तिथ्यानयनम्.

शिवघ्नोऽब्दःस्वखाद्रीन्दुलवाढ्यःखाग्निशेषितः ॥
जन्मतिथ्यन्वितस्तत्रतिथावब्दप्रवेशनम् ॥ ८ ॥

અર્થઃ—ગતવર્ષને ૧૧ થી ગણીને તેમાં ૧૭૦ મો અંશ ઉમેરી પુનઃ શુકલપક્ષથી આરંભીને જન્મતિથિ ઉમેરી ૩૦ નો ભાગ લેતાં જે શેષ રહે તે શુકલપક્ષથી આરંભીને વર્ષપ્રવેશ સમય નીતિથિ જાણવી. પરંતુ તિથિમાં એક ઉનાધિક થઇ જાય છે. ॥૮॥

ઉદાહરણઃ—ગતવર્ષ ૨૪ ને ૧૧ થી ગણ્યાતો ૨૬૪ આવ્યા તેનો ૧૭૦ મો અંશ ૧ આવ્યો તે ૨૬૪ માં ઉમેર્યો તો ૨૬૫ થયા તેમાં જન્મની તિથિ ચૈત્ર શુદ ૬ છે માટે ૬ ઉમેર્યાતો ૨૭૧ થયા તેમાં ૩૦ નો ભાગ આપ્યોતો શેષ ૧ વધી માટે ને વર્ષપ્રવેશની તિથિ આવી. પરંતુ પડવે ૨૬ ઘડી છે માટે એક ઉમેર્યોતો ૨ આ વર્ષપ્રવેશની તિથિ આવી.

द्वितीयप्रकारः

याताब्दवृन्दोगुणवेदरामै र्निघ्नःकुरामैर्विहृतोदिनाद्यम् ॥
घस्रैःसहोत्थैःसहितंखरामै र्भक्तंचशेषात्तिथिरत्रवर्षे ॥ ९ ॥

અર્થઃ—ગતવર્ષને ૩૪૩ થી ગણીને તેમાં ૩૧ નો ભાગ

આપતાં જે ફળ આવે તેમાં જન્મની તિથિ ઉમેરાને ૩૦ નો ભાગ આપવાથી જે શેષ રહે તે વર્ષપ્રવેશ સમયની તિથિ જાણવી. ॥ ૯ ॥

ઉદાહરણ:—ગતવર્ષ ૨૪ ને ૩૪૩ થી ગણ્યાતો ૮૨૩૨ આવ્યાં તેમાં ૩૧ નો ભાગ આપ્યો તો ફળ ૨૬૫ આવ્યું તેમાં જન્મની તિથિ ૬ ઉમેરી તો ૨૭૧ થયા તેમાં ૩૦ નો ભાગ આપવાથી શેષ ૧ વધી તે વર્ષપ્રવેશની તિથિ આવી. પરંતુ પડવે ૨૬ ઘડી છે માટે એક ઉમેર્યો તો ૨ આ વર્ષપ્રવેશની તિથિ આવી.

वर्षप्रवेशोदाहरणम्.


स्वस्तिश्रीसंवत् १९६७शके १८३२ चैत्रादिशके १८३३प्रवर्तमाने ॥ शुभकारीकचैत्रमासेशुक्ल पक्षे १ परं २ वर्षतिथौ ॥ भृगुवासरे ॥ श्रीमन्मार्तण्डमण्डलोदयात्गतघटिकाः ४५ पलानि ४३ अक्षराणि० समयेवर्षः २५ प्रवेशः ॥ गताब्दः २४ ॥

વર્ષપ્રવેશ સમયના સ્પષ્ટ ગ્રહો લગ્ન દ્વાદશભાવ ચલિત અને નવમાંશ જાતકચંદ્રીકા ગ્રંથ ઉપરથી સ્પષ્ટ કરેલાં છે. પરંતુ ઉદાહરણ જાતકચંદ્રીકામાં આપેલું છે માટે આ ગ્રંથમાં કરેલું નથી.

अथसूर्यादयोस्पष्टाः ग्रहाः

सू.	चं.	मं.	बु.	गु.	शु.	श.	रा.	मुं.	ल.
११	०	९	११	६	०	०	०	६	८
१७	३	२०	२९	२३	१७	१२	१९	१	८
३०	५३	३९	८	४०	२१	५५	७	२२	१७
३१	५९	५२	४९	११	५१	२१	८	४७	२६
५९	८४२	४६	९५	३	७३	६	३	५	११
१४	२१	१४	३२	व ६	८	४०	११	०	२०


वर्षलग्नम्.




द्वादशभावाः ससंधयः

१	०	२	०	३	०	४	०	५	०	६	०
८	८	९	९	१०	११	११	०	०	०	१	१
८	२५	१२	२९	१६	३	२०	३	१६	२९	१२	२५
१७	१७	१७	१८	१८	१८	१८	१८	१८	१८	१७	१७
२६	४०	५४	८	२२	३६	५१	३६	३६	८	५४	४०
७	०	८	०	९	०	१०	०	११	०	१२	०
२	२	३	३	४	५	५	६	६	६	७	७
८	२५	१२	२९	१६	३	२०	३	१६	२९	१२	२५
१७	१७	१७	१८	१८	१८	१८	१८	१८	१८	१७	१७
२६	४०	५४	८	२२	३६	५१	३६	३६	८	५४	४०

भावलग्नम्



नवमांशलग्नम्



मुन्थास्पष्टिकरणम्.

गताब्दवृन्दमध्येतुजन्मलग्नंतुमिश्रितम् ।
द्वादशैस्तुहरेद्भागंशेषामुन्थाप्रकीर्तिता ॥ १० ॥

અર્થ:—ગતવર્ષોના અંકોમાં જન્મ લગ્નનો અંક યુક્ત કરીને ૧૨ નો ભાગ આપવાથી જે શેષ રહેતે મુંથા જાણવી. ॥ ૧૦ ॥

ઉદાહરણ:—ગતવર્ષનો અંક ૨૪ છે તેમાં જન્મલગ્ન તુળા છે તેનો પૂર્ણાદિક અંક ૬ ઉમેર્યો તો ૩૦ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો શેષ ૬ રહ્યા તે પૂર્ણાદિક તુળા રાશિની મુંથા જાણવી. જન્મલગ્નનું અંશાદિક તેજ મુંથાનું અંશાદિક જાણવું.

वर्षेणभुंक्ते मुथहैकराशिं मासेनभागद्वितयंदलाढ्यम् ॥
कलाश्चपंचैवदिनेन नूनं तद्राशिनाथो मुथहाधिपःस्यात् ॥११॥

અર્થ:—મુંથા એકવર્ષમાં એક રાશિ, એક માસમાં અઢી-અંશ, તથા એક દિવસમાં પાંચ કળા ભોગવે છે. જે રાશિમાં મુંથા પડેલી હોય તે રાશિનો સ્વામી મુંથહેશ કહેવાય છે. ॥૧૧॥

૪૪૦૨

लघुपंचवर्गीचक्रम्.

जन्म लग्नपति रब्दलग्नपो मुंथहाधिपइतस्त्रिराशिपः ॥
सूर्यराशि पतिरन्हिचन्द्रमा धीश्वरोनिशिविमृश्यपंचकम् ॥१२॥

અર્થ:—જન્મલગ્નપતિ, વર્ષલગ્નપતિ, મુંથાપતિ, ત્રિરાશિપતિ, દિવસે વર્ષપ્રવેશ હોયતો સૂર્યરાશિપતિ અને રાત્રિએ વર્ષપ્રવેશ હોયતો ચંદ્રરાશિપતિ આ વર્ષમાં પંચાધિકારી કહેવાય છે. ॥ ૧૨ ॥

त्रिराशिनाथाः

त्रिराशिपाः सूर्यसितार्किशुक्रा दिनेनिशीज्येन्दुबुध क्षमाजाः ॥
मेषाच्चतुर्णांहरिभाद्विलोमंनित्यंपरेष्वार्किकुजेज्यचन्द्राः ॥ १३ ॥

અર્થ:—દિવસનેવિષે વર્ષપ્રવેશ હોય તો મેષાદિ ચાર રાશિને વિષે સૂર્ય, શુક્ર, શનિ અને શુક્ર તથા રાત્રિને વિષે વર્ષ પ્રવેશ હોય તો ગુરૂ, ચંદ્ર, બુધ, અને મંગળ ત્રિરાશિપતિ થાય છે. સિંહાદિ ચાર રાશિને વિષે તેથી વિપરીત (મેષાદિ ચાર રાશિના દિવસના સ્વામી તે સિંહાદિ ચાર રાશિના રાત્રિના સ્વામી જાણવા તથા મેષાદિ ચાર રાશિના રાત્રિના સ્વામી તે સિંહાદિ ચાર રાશિના દિવસના સ્વામી) જાણવા. બાકીની ધનાદિ ચાર રાશિને વિષે દિવસે તથા રાત્રિએ શનિ, મંગળ, ગુરૂ અને ચંદ્ર ત્રિરાશિપતિ જાણવા. ॥ ૧૩ ॥

रविभृगुशनिशुक्रेज्येन्दुसौम्यावनेयाः
शनिकुजगुरुचंद्राः स्वामिनोन्हित्रिराशौ ॥
गुरुशशिबुधभौमादित्यदैत्येज्यसौराः
सितशनिकुजदेवेज्येन्दवोरात्रिलग्ने ॥ १३ ॥

અર્થ—દિવસને વિષે વર્ષપ્રવેશ હોય તો મેષાદિ બાર રાશિને વિષે અનુક્રમથી સૂર્ય, શુક્ર, શનિ, શુક્ર, ગુરૂ, ચંદ્ર, બુધ, મંગળ, શનિ, મંગળ, ગુરૂ અને ચંદ્ર ત્રિરાશિપતિ જાણવા. રા-

ત્રિને વિષે વર્ષપ્રવેશ હોય તો ક્રમથી ગુરૂ, ચંદ્ર, બુધ, મંગળ, સૂર્ય, શુક્ર, શનિ, શુક્ર, શનિ, મંગળ, ગુરૂ અને ચંદ્ર ત્રિશશિપતિ જાણવા. ॥ ૧૩ ॥

ત્રિરાશિપતિનું કોષ્ટક.

મે.	વૃ.	મિ.	ક.	સિં	ક.	તુ.	વૃ.	ધ.	મ.	કું.	મિ.	રાશિ
સૂ.	શુ	શ	શુ	ગુ	ચં	બુ	મં	શ	મં	ગુ	ચં	દિવાપતિ
ગુ	ચં	બુ	મં	સૂ	શુ	શ	શુ	શ	મં	ગુ	ચં	રાત્રિપતિ

ઉદાહરણ—જન્મલગ્ન તુળા છે તો તેનો સ્વામી શુક્ર, વર્ષલગ્ન ધન છે તો તેનો સ્વામી ગુરૂ, મુંથા તુળા રાશિની છે તો તેનો સ્વામી શુક્ર, ધન લગ્નના રાત્રિએ ત્રિરાશિપતિ શનિ અને રાત્રિએ વર્ષપ્રવેશ થયો છે તો ચંદ્રની રાશિ મેષ છે તેનો સ્વામી મંગળ એ પ્રમાણે લઘુપંચવર્ગી થાય છે. તેનું ઉદાહરણ પાસેના ચક્રમાં સ્પષ્ટ આપેલું છે તે સમજી લેવું.

लघुपंचवर्गी चक्रम्.

ज	व	मुं	त्रै	रा
प	प	प	प	प
शु	गु	शु	श	मं.
५	११	५	५	२
श्रे	श्रे	श्रे	ने	श्रे

हर्षबलचक्रम्

नन्दत्रिषट्लग्नभवर्क्षपुत्र व्ययाइनाद्धर्षपदंस्वभोच्चे ॥

त्रिभंत्रिभंलग्नभतःक्रमेण स्त्रीणांनृणांरात्रिदिनेचतेषाम् ॥१४॥

અર્થ—હર્ષસ્થાન ચાર પ્રકારનાં છે. સૂર્યને આરંભીને અનુક્રમથી સર્વ ગ્રહો નવમા, ત્રીજા, છઠ્ઠા, પહેલા, અગીઆરમા, પાંચમા અને બારમા સ્થાનમાં હોય તો તે પહેલું હર્ષસ્થાન જાણવું. (૧) સ્વગૃહી અથવા ઉચ્ચના ગ્રહો હોય તો તે બીજું હર્ષસ્થાન જાણવું. (૨) લગ્નની રાશિથી ત્રણ ત્રણ રાશિઓના ક્રમથી સ્ત્રી ગ્રહો તથા

પુરૂષ ગ્રહો હોય તો તે ત્રીજું હર્ષસ્થાન જાણવું. (૩) રાત્રિને વિષે સ્ત્રી ગ્રહો અને દિવસને વિષે પુરૂષ ગ્રહોના સ્થાન તે ચોથું હર્ષ-સ્થાન જાણવું. (૪) આ પ્રમાણે ચાર પ્રકારનાં હર્ષસ્થાન છે. ॥૧૪॥

गगनगामिनिहर्षपदस्थिते बलमवादिहिपंचविशोपकाः ॥
नरखगाररवि भौमसुरार्चिता निगदिताह्यपरेयुवतीग्रहाः ॥ १५ ॥

અર્થ—સૂર્યાદિ ગ્રહો હર્ષસ્થાનમાં હર્ષાયમાન થાય ત્યારે ૫ વિંશોપકા બળ આપે છે. સૂર્ય, મંગળ અને ગુરૂને પુરૂષ ગ્રહો કહેલાં છે. તથા બાકીના ચંદ્ર, બુધ, શુક્ર અને શનિને સ્ત્રી ગ્રહો કહેલાં છે. ॥ ૧૫ ॥

ઉદાહરણ—પ્રથમ હર્ષસ્થાનમાં વર્ષલગ્નને વિષે ગુરૂ અગીઆરમા સ્થાને છે તથા શુક્ર પાંચમા સ્થાને છે માટે તે બે ગ્રહોના સ્થાનમાં ૫ વિંશોપકા બળ મૂકવા. બીજા હર્ષસ્થાનમાં મંગળ ઉચ્ચનો છે માટે તેના સ્થાનમાં ૫ વિંશોપકા બળ મૂકવા. ત્રીજા હર્ષસ્થાનમાં સૂર્ય અને ગુરૂ પુરૂષ સ્થાનને વિષે છે તેથી તે બે ગ્રહોનાં સ્થાનમાં ૫ વિંશોપકા બળ મૂકવા. ચોથા હર્ષસ્થાનમાં રાત્રિએ વર્ષ બેઠું છે તેથી સ્ત્રી ગ્રહો ચંદ્ર, બુધ, શુક્ર અને શનિમાં ૫ વિંશોપકા બળ મૂકવા.

हर्षबलचक्रम्.

सू.	चं.	मं.	बु.	गु.	शु.	श.	प्र.
०	०	०	०	५	५	०	प्र
०	०	५	०	०	०	०	द्वि
५	०	०	०	५	०	०	तृ
०	५	०	५	०	५	५	च
५	५	५	५	१०	१०	५	४५

मैत्रीचक्रम्.

मित्रंतृतीयपंचमनवमैकादशगतोऽपियोयस्य
धनमृतिरिपुरिःफेषुचसमोग्रहःस्यादितिज्ञेयम् ॥ १६ ॥
शत्रुस्तथैकतुर्येजायास्थानेतथादशमे
ताजिकहिल्लाजमतेनंतादृक्कथितामस्माभिः ॥ १७ ॥

મૈત્રી.		
મિત્ર	સમ	શત્રુ
૩	૨	૧
૫	૬	૪
૯	૮	૭
૧૧	૧૨	૧૦

અર્થઃ—સૂર્યાદિ ગમે તે ગ્રહોથી ૩-૫-૯-૧૧ મા સ્થાને રહેલા ગ્રહો મિત્રસંજ્ઞક જાણવા. ૨-૮-૬-૧૨ મા સ્થાને રહેલા ગ્રહો સમ જાણવા, તથા ૧-૪-૭-૧૦ મા સ્થાને રહેલા ગ્રહો શત્રુસંજ્ઞક જાણવા. ॥ ૧૬ ॥ ૧૭ ॥

मैत्री चक्रम्.							
र.	चं.	मं.	बु.	गु.	शु.	श.	ग्र.
मं.	०।	सू. बु.	मं	०।	०।	०।	मित्र
श. शु. चं. गु.	बु. सू.	०।	श, गु. चं. शु.	बु. सू.	सू. बु.	बु. सू.	सम
बु.	श. मं. शु. गु.	चं. श. गु. शु.	सू.	चं. मं. श. शु.	श. चं. मं. गु.	शु. चं. गु. मं.	शत्रु

ઉદાહરણ—સૂર્યથી ચંદ્રમા બીજા સ્થાને છે તેથી સમ જાણવો. મંગળ અગીઆરમે છે તેથી મિત્ર જાણવો, બુધ પહેલે છે તેથી શત્રુ જાણવો. ગુરૂ આઠમે છે તેથી સમજાણવો, શુક્ર બીજે છે તેથી સમજાણવો અને શનિ પણ બીજે છે તેથી તે પણ સમજાણવો આ જ રીતે ચંદ્રાદિ ગ્રહોની મૈત્રી ઉપરના કોઠામાં કરેલી છે તે સમજી લેવી.

राशि स्वामी.

भौमशुक्रज्ञचन्द्रार्क बुधशुक्रारमंत्रिणः ॥
शौरिः शनिस्तथाजीवोमेषादीनामधीश्वराः ॥ १८ ॥

અર્થ—મેષાદિ બાર રાશિના ક્રમથી મંગળ, શુક્ર, બુધ, ચંદ્ર, સૂર્ય, બુધ, શુક્ર, મંગળ, ગુરૂ, શનિ, શનિ અને ગુરૂ સ્વામી જાણવા. ॥ ૧૮ ॥

उच्चनीच ग्रहः

अजवृषभ मृगाङ्गनाकुलीरा झषवणिजौचदिवाकरादितुंगाः ॥
दशशिखिमनुयुक्तिथिंद्रियांशै स्त्रिनवकविंशतिभिश्चतेस्तनीचाः॥१९॥

અર્થ—મેષ, વૃષભ, મકર, કન્યા, કર્ક, મીન અને તુળા આરાશિઓના ક્રમથી દશ, ત્રણ, અઠ્ઠાવીસ, પંદર, પાંચ, સત્તાવીશ અને વીસ અંશોએ કરી સૂર્યાદિ ગ્રહોના ઉચ્ચસ્થાન જાણવા. અને ઉપર કહેલી રાશિઓથી સાતમી સાતમી રાશિઓના ક્રમથી ઉપર કહેલાં અંશોએ કરી સૂર્યાદિ ગ્રહોના નીચસ્થાન જાણવા. તે નીચેના ચક્રમાં સમજી લેવાં. ॥ ૧૯ ॥

ગ્રહોના ઉચ્ચ નીચનું કોષ્ટક.

સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ગ્રહ.
૦ ૧૦	૧ ૩	૯ ૨૮	૫ ૧૫	૩ ૫	૧૧ ૨૭	૬ ૨૦	ઉચ્ચ
૬ ૧૦	૭ ૩	૩ ૨૮	૧૧ ૧૫	૯ ૫	૫ ૨૭	૦ ૨૦	નીચ

उच्चबलचक्रम्

नीचखेटान्तरं षड्भाधिकं चेदर्कतस्त्यजेत् ॥
तल्लवा नवभिर्भक्ता स्ताजिके तुंगजं बलम् ॥ २० ॥

અર્થ—જે ગ્રહનું ઉચ્ચ બળ કરવું હોય તે ગ્રહ અને નીચનું અંતર કરતાં જ્યારે ૬ રાશિથી અધિક હોય તો ૧૨ રાશિમાંથી બાદ કરીને તેના અંશો કરીને ૯ થી ભાગ લેતાં જે ફળ આવે તે તાજિક શાસ્ત્રને વિષે ઉચ્ચબળ જાણવું. પૂર્ણઉચ્ચનો ગ્રહ હોય તો તેનું ૨૦ બળજાણવું. ॥ ૨૦ ॥

ઉદાહરણ—સ્પષ્ટ સૂર્ય ૧૧-૧૭-૩૦-૩૧ અને તેનું નીચ ૬-૧૦-૦-૦ નું અંતર કર્યું તો શેષ ૫-૧૭-૩૦-૩૧ આવ્યા તેના અંશ કર્યા તો ૧૫૭-૩૦-૩૧ આવ્યા તેને ૯ ના ભાગ આપતાં લબ્ધિકળાદિ ૧૭-૩૦ ફળ આવ્યું તે સૂર્યનું ઉચ્ચ બળ જાણવું. આજ પ્રમાણે ચંદ્રાદિ સર્વ ગ્રહોનું ઉચ્ચબળ કરેલું છે તે બૃહત્પંચવર્ગી ચક્રમાંથી સમજી લેવું.

हद्दाचक्रम्.

मेषे ऽङ्गतर्काष्टशरेषुभागा जीवास्फुजिज्ज्ञारशनैश्चराणाम् ॥
वृषेष्टषण्नागशराऽनलांशाः शुक्रज्ञजीवार्किकुजेश हद्दाः ॥ २१ ॥

અર્થ—મેષરાશિના ૬ અંશ સુધી ગુરૂની હદ્દા, ૬ થી ૧૨ અંશ સુધી શુક્રની, ૧૨ થી ૨૦ અંશ સુધી બુધની, ૨૦ થી ૨૫ અંશ સુધી મંગળની અને ૨૫ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણવી. વૃષભરાશિના ૮ અંશ સુધી શુક્રની, ૮ થી ૧૪ અંશ સુધી બુધની, ૧૪ થી ૨૨ અંશ સુધી ગુરૂની, ૨૨ થી ૨૭ અંશ સુધી શનિની અને ૨૭ થી ૩૦ અંશ સુધી મંગળની હદ્દા જાણવી. ॥ ૨૧ ॥

युग्मे षडंगेषुनगांगभागाः सौम्यास्फुजिज्जीवकुजार्किहद्दाः ॥
कर्केद्रितर्कांगनगाब्धिभागाः कुजास्फुजिज्ज्ञेज्यशनैश्चराणाम् ॥ २२ ॥

અર્થ—મિથુન રાશિના ૬ અંશ સુધી બુધની, ૬ થી ૧૨ અંશ સુધી શુક્રની, ૧૨ થી ૧૭ અંશ સુધી ગુરૂની, ૧૭ થી ૨૪ અંશ સુધી મંગળની અને ૨૪ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા

જાણુવો. કર્ક રાશિના ૭ અંશ સુધી મંગળની, ૭ થી ૧૩ અંશ સુધી શુક્રની, ૧૩ થી ૧૯ અંશ સુધી બુધની, ૧૯ થી ૨૬ અંશ સુધી ગુરૂની અને ૨૬ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણુવી.॥૨૨॥

सिंहङ्गभूताद्रिरसांगभागाः देवेज्यशुक्रार्किबुधारहद्दाः ॥

स्त्रियोनगाशाब्धिनगाक्षिभागाः सौम्योशनोजीवकुजार्किनाथाः ।२३।

અર્થઃ—સિંહરાશિના ૬ અંશ સુધી ગુરૂની, ૬ થી ૧૧ અંશ સુધી શુક્રની, ૧૧ થી ૧૮ અંશ સુધી શનિની, ૧૮ થી ૨૪ અંશ સુધી બુધની અને ૨૪ થી ૩૦ અંશ સુધી મંગળની હદ્દા જાણુવો. કન્યા રાશિના ૭ અંશ સુધી બુધની, ૭ થી ૧૭ અંશ સુધી શુક્રની, ૧૭ થી ૨૧ અંશ સુધી ગુરૂની, ૨૧ થી ૨૮ અંશ સુધી મંગળની અને ૨૮ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણુવી. ॥૨૩॥

तुलेरसाष्टाद्रिनगाक्षिभागाः कोणज्ञजीवास्फुजिदारनाथाः ॥

कीटेनगाब्ध्यष्टशरांगभागा भौमास्फुजिज्ज्ञेज्यशनैश्चराणाम् ॥२४॥

અર્થઃ—તુળા રાશિના ૬ અંશ સુધી શનિની, ૬ થી ૧૪ અંશ સુધી બુધની, ૧૪ થી ૨૧ અંશ સુધી ગુરૂની, ૨૧ થી ૨૮ અંશ સુધી શુક્રની અને ૨૮ થી ૩૦ અંશ સુધી મંગળની હદ્દા જાણુવો. વૃશ્ચિક રાશિના ૭ અંશ સુધી મંગળની, ૭ થી ૧૧ અંશ સુધી શુક્રની, ૧૧ થી ૧૯ અંશ સુધી બુધની, ૧૯ થી ૨૪ અંશ સુધી ગુરૂની અને ૨૪ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણુવી. ॥ ૨૪ ॥

चापेरवीष्वंबुधिपंचवेदा जीवास्फुजिज्ज्ञारशनैश्चराणाम् ॥

मृगेनगाग्न्यष्टयुगश्रुतीनां सौम्येज्यशुक्रार्किकुजेशहद्दाः ॥ २५ ॥

અર્થઃ—ધનરાશિના ૧૨ અંશ સુધી ગુરૂની, ૧૨ થી ૧૭ અંશ સુધી શુક્રની, ૧૭ થી ૨૧ અંશ સુધી બુધની, ૨૧ થી ૨૬ અંશ સુધી મંગળની, અને ૨૬ થી ૩૦ અંશ સુધી શનિની

હદ્દા જાણવી. મકરરાશિના ૭ અંશ સુધી બુધનો, ૭ થી ૧૪ અંશ સુધી ગુરૂની, ૧૪ થી ૨૨ અંશ સુધી બુધની, ૨૨ થી ૨૬ અંશ સુધી શનિની, અને ૨૬ થી ૩૦ અંશ સુધી મંગળની હદ્દા જાણવી. ॥ ૨૫ ॥

कुंभेनगांगाद्रिशरेषुभागाः ज्ञशुक्रजीवारशनैश्चराणाम् ॥

मीनेर्कवेदानलनंदपक्षाः सितेज्यसौम्यारशनैश्चराणाम् ॥ २६ ॥

અર્થઃ—કુંભરાશિના ૭ અંશ સુધી બુધની. ૭ થી ૧૩ અંશ સુધી શુક્રની, ૧૩ થી ૨૦ અંશ સુધી ગુરૂની, ૨૦ થી ૨૫ અંશ સુધી મંગળની, અને ૨૫ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણવી. તથા મીન રાશિના ૧૨ અંશ સુધી શુક્રની ૧૨ થી ૧૬ અંશ સુધી ગુરૂની ૧૬ થી ૧૯ અંશ સુધી બુધની. ૧૯ થી ૨૮ અંશ સુધી મંગળની અને ૨૮ થી ૩૦ અંશ સુધી શનિની હદ્દા જાણવી તે નીચેના કોઠામાં સ્પષ્ટ લખેલીછે. ॥ ૨૬ ॥

હદ્દાની સારિણી.

૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૬ ગુ.	૮ શુ.	૬ બુ.	૭ મં.	૬ ગુ.	૭ બુ.	૬ શ.	૭ મં.	૧૨ ગુ.	૭ બુ.	૭ બુ.	૧૨ શુ.
૬ શુ.	૬ બુ.	૬ શુ.	૬ શુ	૫ શુ.	૧૦ શુ.	૮ બુ.	૪ શુ	૫ શુ.	૭ ગુ	૬ શુ.	૪ ગુ.
૮ બુ.	૮ ગુ.	૫ ગુ.	૬ બુ.	૭ શ.	૪ ગુ.	૭ ગુ.	૮ બુ.	૪ બુ.	૮ શુ.	૭ ગુ.	૩ બુ.
૫ મં.	૫ શ.	૭ મં.	૭ ગુ.	૬ બુ.	૭ મં.	૭ શુ.	૫ ગુ.	૫ મં.	૪ શ.	૫ મં.	૯ મં.
૫ શ.	૩ મં.	૬ શ.	૪ શ.	૬ મં.	૨ શ.	૨ મં.	૬ શ.	૪ શ	૪ મં.	૫ શ.	૨ શ.

द्रेष्काण चक्रम्.

मेषतोमीनपर्यन्तं द्रेष्काणानामधीश्वराः ॥
भौमतोरवितः शुक्राद्गणनीयायथाक्रमम् ॥ २७ ॥

અર્થ:—મેષથી મીન સુધી દ્રેષ્કાણના સ્વામીઓ ક્રમથી મંગળ, સૂર્ય અને શુક્રથી ગણવાથી આવે છે. અર્થાત્ મેષથી મીન સુધી પ્રથમ દ્રેષ્કાણના સ્વામી મંગળથી ગણવા, બીજા દ્રેષ્કાણના સ્વામી સૂર્યથી ગણવા, અને ત્રીજા દ્રેષ્કાણના સ્વામી શુક્રથી ગણવાથી દ્રેષ્કાણના સ્વામીઓ આવેછે. તે નીચે સારિણીમાં સ્પષ્ટ લખેલા છે તે સમજી લેવા. ॥ ૨૭ ॥

દ્રેષ્કાણની સારિણી.

રાશિઓ.	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૦ થી ૧૦ અંશ સુધીનો ભાગ.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.
૧૦ થી ૨૦ અંશ સુધીનો ભાગ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	સૂ.	ચં	મં.	બુ.	ગુ.
૨૦ થી ૩૦ અંશ સુધીનો ભાગ.	શુ.	શ.	સૂ.	ચં.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	સૂ.	ચં.	મં.

नवमांशचक्रम्

मेषसिंहधनुषः क्रियमुख्या नक्रगोयुवतयोमृगपूर्वाः ॥
तौलिजित्मकलशाश्चतुलाद्याः कर्कवृश्चिकझषाः कुलिराद्याः॥२८॥

અર્થ:—મેષ, સિંહ અને ધન મેષાદિ. મકર, વૃષભ અને કન્યા મકરાદિ. તુળા, મિથુન અને કુંભ તુળાદિ તથા કર્ક, વૃશ્ચિક અને મીન કર્કાદિ જાણવા આ નવમાંશની રીત છે. ॥ ૨૮ ॥

बृहत्पंचवर्गीबलचक्रम्

त्रिंशत्स्वभेविंशतिरात्मतुंगे हद्देक्षचंद्रादशकंद्रकाणे ॥
मुस्रलुहेपंचलवाः प्रदिष्टा विंशोपकावेदलवैः प्रकल्प्याः ॥ २९ ॥

અર્થઃ—બૃહત્પંચવર્ગીના બળમાં ગ્રહ સ્વગૃહી હોયતો ૩૦ વિશ્વાબળ, પોતાના ઉચ્ચને વિષે હોય તો ૨૦ વિશ્વાબળ, પોતાની હદ્દાને વિષે હોયતો ૧૫ વિશ્વાબળ, પોતાના દ્રેષ્કાણુને વિષે હોય તો ૧૦ વિશ્વાબળ અને પોતાના નવમાંશને વિશે હોયતો ૫ વિશ્વાબળ મૂકવું. પછી એ સર્વનો યોગ કરીને ૪ નો ભાગ આપવાથી જે ફળ આવે તે વિંશોપકા જાણવા. ॥ ૨૯ ॥

स्वस्वाधिकारोक्तबलंसुहृद्भे पादोनमर्धंसमभेरिभेंघ्रिः ॥
एवंसमानीयबलंतदैक्ये वेदोद्धृतेहीनबलः शरोनः ॥ ३० ॥

અર્થઃ—પોત પોતાના અધિકારને વિષે સંપૂર્ણ બળ, મિત્રની રાશિને વિષે પાદોન અર્થાત્ પોણું બળ, સમરાશિને વિષે અર્ધું બળ, શત્રુની રાશિને વિષે ચરણબળ. આ પ્રમાણે સ્વગ્રહ, હદ્દા, દ્રેષ્કાણ અને નવમાંશમાં બળ મૂકી તેનો યોગ કરીને ૪ નો ભાગ આપી જે ફળ આવે તે ૫ થી હીન હોયતો હીનબળ જાણવું. મૂકવાનું બળ પાસેના કોષ્ટકમાં સ્પષ્ટ કરીને આપેલું છે. ॥ ૩૦ ॥

બૃહત્પંચવર્ગીનાં બળો.				
સ્થાનોનાં નામો.	સ્વગૃહી.	મિત્ર.	સમ.	શત્રુ.
સ્વગ્રહ બળ.	૩૦ ૦	૨૨ ૩૦	૧૫ ૦	૭ ૩૦
હદ્દા બળ.	૧૫ ૦	૧૧ ૧૫	૭ ૩૦	૩ ૪૫
દ્રેષ્કાણ બળ.	૧૦ ૦	૭ ૩૦	૫ ૦	૨ ૩૦
નવમાંશ બળ.	૫ ૦	૩ ૪૫	૨ ૩૦	૧ ૧૫

બૃહત્પંચવર્ગી કરવાનું ઉદાહરણ.

પહેલું સ્વગૃહબળ—વર્ષકુણ્ડળીમાં સૂર્ય મીનરાશિનો છે તેનો સ્વામી ગુરૂ થયો તે ગુરૂ સૂર્યની મૈત્રીમાં સમછે. માટે સ્વગૃહ બળના કોષ્ટકમાં સમ-

નું બળ ૧૫—૦ લખેલું છે. માટે સૂર્યનું સ્વગૃહબળ ૧૫—૦ બૃહત્પંચવર્ગી ચક્રમાં લખવું. આ પ્રમાણે દરેક ગ્રહોનું કરવું.

બીજું ઉચ્ચબળ—સ્પષ્ટસૂર્ય ૧૧—૧૭—૩૦—૩૧ છે અને તેનું નીચ ૬—૧૦—૦—૦ છે તે બન્નેનું અંતર કર્યું તો ૫—૭—૩૦—૩૧ આવ્યું. આ ૬ રાશિથી ઓછું છે માટે તેનું અંશાદિક કર્યુંતો ૧૫૭-૩૦-૩૧ આવ્યું. આને ૯ થી ભાગ લીધોતો ફળ ૧૭—૩૦ આવ્યું આસૂર્યનું ઉચ્ચબળ જાણવું. આ પ્રમાણે દરેક ગ્રહોનું કરવું.

ત્રીજું હદ્દાબળ—સ્પષ્ટ સૂર્ય ૧૧—૧૭—૩૦—૩૧ છે માટે હદ્દાસારિણીમાં ૧૧ રાશિના ૧૭ અંશે જોતાં ત્રીજા વિભાગમાં બુધ લખેલો છે. તે સૂર્યનો હદ્દાપતિ થયો. તે બુધ સૂર્યની મૈત્રીમાં શત્રુ છે. માટે હદ્દાબળના કોષ્ટકમાં શત્રુનું બળ ૩—૪૫ લખેલું છે. માટે સૂર્યનું હદ્દાબળ ૩—૪૫ મૂકવું. આ પ્રમાણે દરેક ગ્રહોનું કરવું.

ચોથું દ્રેષ્કાણબળ—સ્પષ્ટસૂર્ય ૧૧—૧૭—૩૦—૩૧ છે માટે દ્રેષ્કાણસારિણીમાં ૧૧ રાશિના ૧૭ અંશે જોતાં બીજા વિભાગમાં ગુરૂ લખેલો છે માટે તે સૂર્યનો દ્રેષ્કાણપતિ થયો, તે ગુરૂ સૂર્યની મૈત્રીમાંસમ છે, માટે દ્રેષ્કાણબળના કોષ્ટક માં સમનું બળ ૫—૦ લખેલું છે. માટે સૂર્યનું દ્રેષ્કાણ બળ ૫—૦ મૂકવું. આ પ્રમાણે દરેક ગ્રહોનું કરવું.

પાંચમું નવમાંશ બળ—વર્ષપ્રવેશના નવમાંશમાં સૂર્ય ધન રાશિનો છે તેનો સ્વામી ગુરૂ થયો, તે ગુરૂ સૂર્યની મૈત્રીમાં સમ છે. માટે નવમાંશ બળના કોષ્ટકમાં સમનું બળ ૨—૩૦ લખેલું છે. માટે સૂર્યનું નવમાંશ બળ ૨—૩૦ મૂકવું આ પ્રમાણે દરેક ગ્રહોનું કરવું.

બૃહત્પંચવર્ગી બળનું ઐક્ય—ઉપર પ્રમાણે સૂર્યના સ્વગૃહાદિ પાંચે બળનો સરવાળો કર્યો તો ૪૩—૪૫ સૂર્યના બળનું ઐક્ય આવ્યું. આ પ્રમાણે દરેક ગ્રહોનાં બૃહત્પંચવર્ગી બળોનું ઐક્ય કરવું.

વિંશોપકા—સૂર્યના બળનું ઐક્ય ૪૩—૪૫ છે તેને ૪ થી ભાગ લીધો તો ૧૦—૫૬—૧૫ આ સૂર્યનું વિંશોપકા બળ આવ્યું. આ પ્રમાણે દરેક ગ્રહોનું વિંશોપકા બળ કરવાથી બૃહત્પંચવર્ગી ચક્ર થાય છે. આ ચક્ર નીચે લખેલું છે તે વિચારી જવું.

बृहत्पंचवर्गी चक्रम्.

सू.	चं.	मं.	बु.	गु.	शु.	श.	ग्रहाः
૧૫ ૦	૭ ૩૦	૭ ૩૦	૧૫ ૦	૭ ૩૦	૭ ૩૦	૭ ૩૦	स्वगृह.
૧૭ ૩૦	૧૬ ૪૫	૧૯ ૧૧	૧ ૩૪	૭ ૫૫	૧૭ ૪૪	૦ ૪૭	उच्च.
૩ ૪૫	૩ ૪૫	૩ ૪૫	૭ ૩૦	૩ ૪૫	૭ ૩૦	૭ ૩૦	हद्दा.
૫ ૦	૨ ૩૦	૭ ૩૦	૭ ૩૦	૧૦ ૦	૫ ૦	૫ ૦	द्रेष्काण.
૨ ૩૦	૧ ૧૫	૧ ૧૫	૨ ૩૦	૧ ૧૫	૨ ૩૦	૧ ૧૫	नवमांश.
૪૩ ૪૫	૩૧ ૪૫	૩૯ ૧૧	૩૪ ૪	૩૦ ૨૫	૪૦ ૧૪	૨૨ ૨	ऐक्य.
૧૦ ૫૬।	૭ ૫૬।	૯ ૪૭॥।	૮ ૩૧	૭ ૩૬।	૧૦ ૩॥	૫ ૩૦॥	विंशोपका.
श्रे	म	म	म	म	श्रे	म	फल.

द्वादशवर्गीचक्रम्

क्षेत्रं होरा त्र्यब्धि पञ्चाङ्गसप्तवस्वंकांशेशार्कभागाः सुधिभिः ॥
विज्ञातव्यालग्नसंस्थाशुभानांवर्गाः श्रेष्ठाःपापवर्गास्त्वनिष्टाः ॥३१॥

અર્થઃ—દ્વાદશવર્ગી કરવાની રીત—ગૃહ, હોરા, દ્રેષ્કાણ, ચતુર્થાંશ, પંચમાંશ, ષષ્ઠાંશ, સપ્તમાંશ, અષ્ટમાંશ, નવમાંશ, દશાંશ

એકાદશાંશ અને દ્વાદશાંશ આ બાર વર્ગ મળીને દ્વાદશવર્ગી થાય છે. આ પ્રમાણે પંડિતોએ લગ્ન સમયે ગ્રહોના પાપ વર્ગ અને શુભ વર્ગને જુદા જુદા સ્થાપન કરીને જોવું કે શુભવર્ગ અધિક હોય અને પાપવર્ગ હીન હોય તો તે શુભ જાણવું. તથા પાપવર્ગ અધિક હોય અને શુભ વર્ગ હીન હોય તો તે અનિષ્ટ અર્થાત્ અશુભ જાણવું.

ओजेरवीन्द्वोःसमइन्दुरव्योर्होरेगृहार्द्धप्रमितेविचिंत्ये ॥
द्रेष्काणपाःस्वेषुनवर्क्षनाथास्तुर्यांशपाःस्वर्क्षजकेंद्रनाथाः ॥ ३२ ॥

અર્થઃ—પહેલો વર્ગ—રાશીશ છે. તે ગ્રંથકર્તાએ ૧૮ મા શ્લોકમાં કહેલ છે.

બીજો વર્ગ—હોરા છે. તે વિષમરાશિના ૧૫ અંશ સુધીમાં હોય તો સૂર્યની અને તે ઉપરાંત ૩૦ અંશ સુધીમાં હોય તો ચંદ્રમાની જાણવી તથા સમરાશિના ૧૫ અંશ સુધીમાં હોય તો ચંદ્રમાની અને તે ઉપરાંત ૩૦ અંશ સુધીમાં હોય તો સૂર્યની જાણવી.

ત્રીજો વર્ગ—દ્રેષ્કાણ છે. તે ૧૦ અંશ સુધીમાં હોય તો પોતાની રાશિના સ્વામીનો, ૨૦ અંશ સુધીમાં હોય તો તે રાશિથી પાંચમી રાશિના સ્વામીનો તથા ૩૦ અંશ સુધીમાં હોય તો તે રાશિથી નવમી રાશિના સ્વામીનો દ્રેષ્કાણ પતિ જાણવો.

ચોથો વર્ગ—ચતુર્થાંશ છે. તે રાશિના ચાર ભાગોમાં ચાર કેંદ્રોના સ્વામી અર્થાત્ ૭ અંશ અને ૩૦ કળા સુધીમાં હોય તો તે પોતાની રાશિના સ્વામીનો, ૭ અંશ અને ૩૦ કળાથી આરંભીને ૧૫ અંશ સુધીમાં હોય તો તે પોતાની રાશિથી ચોથી રાશિના સ્વામીનો, ૧૫ અંશથી આરંભીને ૨૨ અંશ અને ૩૦ કળા સુધીમાં હોય તો તે પોતાની રાશિથી સાતમી રાશિના સ્વાનો તથા ૨૨ અંશ અને ૩૦ કળાથી આરંભીને ૩૦ અંશ સુધીમાં હોય તો પોતાની રાશિથી દશમી રાશિના સ્વામીનો ચતુર્થાંશ પતિ જાણવો. ॥ ૩૨ ॥

ओजर्क्षेपंचमांशेशाःकुजार्कीज्यज्ञभार्गवाः ॥
समभेव्यत्ययाज्ञेयाद्वादशांशाःस्वभात्स्मृताः ॥ ३३ ॥

અર્થ:—પાંચમો વર્ગ—પંચમાંશ છે. તે વિષમ રાશિના ૬ અંશ સુધીમાં મંગળનો, ૬ અંશથી ૧૨ અંશ સુધીમાં શનિનો, ૧૨ અંશથી ૧૮ અંશ સુધીમાં ગુરૂનો, ૧૮ અંશથી ૨૪ અંશ સુધીમાં બુધનો તથા ૨૪ અંશથી ૩૦ અંશ સુધીમાં શુક્રનો પંચમાંશ પતિ જાણવો. અને સમરાશિના ૬ અંશ સુધીમાં શુક્રનો, ૬ અંશથી ૧૨ અંશ સુધીમાં બુધનો, ૧૨ અંશથી ૧૮ અંશ સુધીમાં ગુરૂનો, ૧૮ અંશથી ૨૪ અંશ સુધીમાં શનિનો તથા ૨૪ અંશથી ૩૦ અંશ સુધીમાં મંગળનો પંચમાંશપતિ જાણવો.

બારમો વર્ગ—દ્વાદશાંશ છે. દ્વાદશાંશ ૨ અંશ અને ૩૦ કળાનો થાય છે, જેટલા ભાગમાં ગ્રહ આવે તે પોતાની રાશિથી તેટલા ભાગની રાશિના સ્વામીનો દ્વાદશાંશ પતિ થાય છે. ॥૩૩॥

लवी कृतो व्योमचरोऽङ्गशैलवस्वंकदिग्रुद्रगुणाःखरामैः ॥
भक्तोगतास्तर्कनगाष्टनंददिग्रुद्रभागाः कुयुताःक्रियात्स्युः॥३४॥

અર્થ:—છઠ્ઠો વર્ગ, સાતમો વર્ગ, આઠમો વર્ગ, નવમો વર્ગ, દશમો વર્ગ અને અગીઆરમો વગ કરવાની રીત:—સ્પષ્ટ ગ્રહના અંશાદિક કરીને છ ઠેકાણે સ્થાપન કરવા અને ક્રમથી ૬, ૭, ૮, ૯, ૧૦, અને ૧૧ થી ગણીને ૩૦ નો ભાગ આપવાથી જે ફળ આવે તેમાં એક ઉમેરીને ૧૨ નો ભાગ આપવાથી જે શેષ રહે તે મેષાદિરાશિના સ્વામીઓ ષષ્ઠાંશ, સપ્તમાંશ, અષ્ટમાંશ, નવમાંશ, દશાંશ અને એકાદશાંશના સ્વામીઓ જાણવા. ॥ ૩૪ ॥

દ્વાદશવર્ગી કરવાનું ઉદાહરણ.

પહેલો વર્ગ—ગૃહ અર્થાત્ રાશિ. સ્પષ્ટ સૂર્ય ૧૧-૧૭-૩૦-૩૧ છે. તેથી મીન રાશિનો સ્વામી ગુરૂ સૂર્યનો ગૃહપતિ થયો.

બીજો વર્ગ—હોરા. સૂર્ય મીન રાશિ અર્થાત્ સમ રાશિના ૧૭ અંશે છે એટલે બીજી હોરામાં છે માટે કરીને સૂય સૂર્યનો હોરા પતિ થયો.

ત્રીજો વર્ગ—દ્રેષ્કાણુ. સૂર્ય મીન રાશિના ૧૭ અંશે છે એટલે બીજા દ્રેષ્કાણમાં છે. માટે મીન રાશિથી પાંચમી રાશિ કર્ક થઇ તેનો સ્વામી ચંદ્રમા દ્રેષ્કાણુ પતિ થયો.

ચોથો વર્ગ—ચતુર્થાંશ. સૂર્ય મીન રાશિના ૧૭ અંશે છે એટલે ત્રીજા ચતુર્થાંશમાં છે. માટે મીનરાશિથી સાતમી રાશિ કન્યા થઇ તેનો સ્વામી બુધ સૂર્યનો ચતુર્થાંશપતિ થયો.

પાંચમો વર્ગ—પંચમાંશ. સૂર્ય મીન રાશિના અર્થાત્ સમરાશિના ૧૭ અંશે છે એટલે ત્રીજા પંચમાંશમાં છે માટે તેનોસ્વામી ગુરૂ સૂર્યનો પંચમાંશ પતિ થયો.

છઠ્ઠો વર્ગ—ષષ્ઠાંશ. સૂર્ય ૧૧-૧૭-૩૦-૩૧ છે તેના અંશાદિક કર્યા તો ૩૪૭-૩૦-૩૧ થયા તેને ૬ થી ગણ્યા તો ૨૦૮૫-૩-૬ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૬૯ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૭૦ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો શેષ ૧૦ રહ્યા તે મેષ રાશિને આરંભીને ગણતાં મકરરાશિ થઇ તેનો સ્વામી શનિ સૂર્યનો ષષ્ઠાંશપતિ થયો.

સાતમો વર્ગ—સપ્તમાંશ. સૂર્યના અંશાદિક ૩૪૭-૩૦-૩૧ ને ૭ થી ગણ્યા તો ૨૪૩૨-૩૩-૩૭ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૮૧ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૮૨ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો શેષ ૧૦ રહ્યા તે મેષ રાશિને આરંભીને ગણતાં મકર રાશિ થઈ તેનો સ્વામી શનિ સૂર્યનો સપ્તમાંશ પતિ થયો.

આઠમો વર્ગ—અષ્ટમાંશ. સૂર્યના અંશાદિક ૩૪૭-૩૦-૩૧ ને ૮ થી ગણ્યા તો ૨૭૮૦-૪-૮ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૯૨ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૯૩ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો ૯ રહ્યા તે મેષ રાશિને આરંભીને ગણતાં ધન રાશિ થઇ તેનો સ્વામી ગુરૂ સૂર્યનો અષ્ટમાંશપતિ થયો.

નવમો વર્ગ—નવમાંશ. સૂર્યના અંશાદિક ૩૪૭-૩૦-૩૧ ને ૯ થી ગણ્યા તો ૩૧૨૭-૩૪-૩૯ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૧૦૪ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૧૦૫ થયા તેને ૧૨ નો ભાગ આપ્યા તો શેષ ૯ રહ્યા તે મેષને આરંભીને ગણતાં ધન રાશિ થઇ તેનો સ્વામી ગુરૂ સૂર્યનો નવમાંશ પતિ થયો.

દશમો વર્ગ—દશાંશ. સૂર્યના અંશાદિક ૩૪૭-૩૦-૩૧ ને ૧૦ થી ગણ્યાતો ૩૪૭૫-૫-૧૦ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૧૧૫ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૧૧૬ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો શેષ ૮ રહ્યા તે મેષ રાશિથી આરંભીને ગણતાં વૃશ્ચિક રાશિ થઇ તેનો સ્વામી મંગળ સૂર્યનો દશાંશપતિ થયો.

અગીઆરમો વર્ગ—એકાદશાંશ. સૂર્યના અંશાદિક ૩૪૭-૩૦-૩૧ ને ૧૧ થી ગણ્યા તો ૩૮૨૨-૩૫-૪૧ આવ્યા તેને ૩૦ નો ભાગ આપ્યો તો ફળ ૧૨૭ આવ્યું તેમાં ૧ ઉમેર્યો તો ૧૨૮ થયા તેને ૧૨ નો ભાગ આપ્યો તો શેષ ૮ રહ્યા તે મેષ રાશિથી આરંભીને ગણતા વૃશ્ચિકરાશિ થઇ તેનો સ્વામી મંગળ સૂર્યનો એકાદશાંશપતિ થયો.

બારમો વર્ગ—દ્વાદશાંશ. સૂર્ય ૧૧-૧૭-૩૦-૩૧ છે તે આઠમા દ્વાદશાંશમાં આવ્યો માટે મીન રાશિથી ગણતાં આઠમી રાશિ તુળા આવી તેનો સ્વામી શુક્ર સૂર્યનો દ્વાદશાંશપતિ થયો. આ પ્રમાણે ચંદ્રાદિ ગ્રહોનું ગૃહથી આરંભીને દ્વાદશાંશ સુધીનું ઉદાહરણ નીચે દ્વાદશવર્ગી ચક્રમાં કરેલું તે વિચારી જોવું.

☞ દ્વાદશવર્ગી સહેલા પ્રકારથી કરવાને દ્વાદશવર્ગીની સારિણી પૃષ્ઠ ૨૮ થી શરૂ થાય છે.

द्वादशवर्गीफलमाह.

एवं द्वादशवर्गीस्यात् ग्रहाणां बलसिद्धये ॥
स्वोच्चमित्रशुभाः श्रेष्ठानीचारिक्रूरतोऽशुभाः ॥ ३५ ॥

અર્થ:—આ પ્રમાણે ગ્રહોનાં બળની સિદ્ધિના અર્થે દ્વાદશવર્ગી કહેલી છે, જે ગ્રહની દ્વાદશવર્ગી કરીએ તે ગ્રહ પોતાની રાશિનો, મિત્રની રાશિનો, ઉચ્ચની રાશિનો અથવા શુભ ગ્રહની રાશિનો હોય તો તે શુભ ફળને આપે છે. તેજ ગ્રહ જો નીચની રાશિનો શત્રુની રાશિનો અથવા પાપ ગ્રહની રાશિનો હોય તે. તે અશુભ ફળને આપે છે. ॥ ૩૫ ॥

एवंग्रहाणांशुभपापवर्ग पंक्तिद्वयंवीक्ष्यशुभाधिकत्वे ॥
दशाफलंभावफलंचवाच्यं शुभंत्वनिष्टंत्वशुभाधिकत्वे ॥ ३६ ॥

અર્થ:—આ પ્રમાણે ગ્રહોની દ્વાદશવર્ગી સ્થાપન કરીને શુભ ગ્રહની પંક્તિ (ઐક્ય) તથા પાપ ગ્રહની પંક્તિ (ઐક્ય) ને જુદા સ્થાપન કરી તેમાં શુભ ગ્રહની પંક્તિ અધિક હોય તો તેની દશાનું ફળ તથા ભાવનું ફળ સારૂં જાણવું. તથા પાપ ગ્રહની પંક્તિ અધિક હોય તો તેની દશાનું ફળ તથા ભાવનું ફળ અશુભ જાણવું ॥ ૩૬ ॥

द्वादशवर्गी चक्रम्.

सू.	चं.	मं.	बु.	गु.	शु.	श.	ग्रहाः
गु.	मं.	श.	गु.	शु.	मं.	मं.	गृह.
सू.	सू.	सू.	सू.	चं.	चं.	सू.	होरा.
चं.	मं.	बु.	मं.	बु.	सू.	सू.	द्रेष्काण.
बु.	मं.	चं.	गु.	चं.	शु.	चं.	चतुर्थांश.
गु.	मं.	श.	मं.	बु.	गु.	गु.	पंचमांश.
श.	मं.	श.	गु.	सू.	चं.	बु.	षष्ठांश.
श.	मं.	मं.	गु.	शु.	सू.	चं.	सप्तांश.
गु.	शु.	बु.	गु.	शु.	सू.	चं.	अष्टमांश.
गु.	शु.	चं.	गु.	शु.	बु.	चं.	नवमांश.
मं.	शु.	मं.	गु.	मं.	बु.	सू.	दशांश.
मं.	शु.	श.	गु.	बु.	शु.	सू.	एकादशांश.
शु.	शु.	बु.	श.	चं.	शु	बु.	द्वादशांश.
६	५	२	८	७	६	५	शुभवर्ग.
६	७	१०	४	५	६	७	पापवर्ग.

દ્વાદશવર્ગીની સારિણી.

૧ રાશિપતિઓ		૨ હોરાપતિઓ			૩ દ્રેષ્કાણપતિઓ				૪ ચતુર્થાંશપતિઓ					૫ પંચમાંશપતિઓ					
રાશિ	રાશિ	ભાગ	૧	૨	ભાગ	૧	૨	૩	ભાગ	૧	૨	૩	૪	ભાગ	૧	૨	૩	૪	૫
		રાશિ અંશ	૧૫	૩૦	રાશિ અંશ	૧૦	૨૦	૩૦	રાશિ અંશ	૭ ૩૦	૧૫ ૦	૨૨ ૩૦	૩૦ ૦	રાશિ અંશ	૬	૧૨	૧૮	૨૪	૩૦
૦ મેષ	મં	૦	સૂ.	ચં.	૦	મં.	સૂ.	ગુ.	૦	મં.	ચં.	શુ.	શ.	૦	મં.	શ.	ગુ.	બુ.	શુ.
૧ વૃષભ	શુ.	૧	ચં	સૂ.	૧	શુ.	બુ.	શ.	૧	શુ.	સૂ.	મં.	શ.	૧	શુ.	બુ.	ગુ.	શ.	મં.
૨ મિથુન	બુ	૨	સૂ.	ચં.	૨	બુ.	શુ.	શ.	૨	બુ.	બુ.	ગુ.	ગુ.	૨	મં.	શ.	ગુ.	બુ.	શુ.
૩ કર્ક	ચં	૩	ચં.	સૂ.	૩	ચં.	મં.	ગુ	૩	ચં.	શુ.	શ.	મં.	૩	શુ.	બુ.	ગુ.	શ.	મં.
૪ સિંહ	સૂ	૪	સૂ.	ચં.	૪	સૂ.	ગુ.	મં.	૪	સૂ.	મં.	શ.	શુ.	૪	મં.	શ.	ગુ.	બુ.	શુ.
૫ કન્યા	બુ.	૫	ચં.	સૂ.	૫	બુ.	શ.	શુ.	૫	બુ.	ગુ.	ગુ.	બુ.	૫	શુ.	બુ.	ગુ.	શ.	મં.
૬ તુળા	શુ.	૬	સૂ	ચં	૬	શુ	શ.	બુ.	૬	શુ.	શ.	મં.	ચં.	૬	મં.	શ.	ગુ.	બુ.	શુ.
૭ વૃશ્ચિક	મં.	૭	ચં.	સૂ.	૭	મં	ગુ.	ચ	૭	મં.	શ.	શુ.	સૂ.	૭	શુ.	બુ.	ગુ.	શ.	મં.
૮ ધન	ગુ.	૮	સૂ.	ચં.	૮	ગુ.	મં.	સૂ	૮	ગુ.	ગુ.	બુ.	બુ	૮	મં.	શ	ગુ.	બુ	શુ.
૯ મકર	[illegible]	૯	ચં.	[illegible]	૯	શ.	શુ.	બુ.	૯	શ.	મં.	ચં.	શુ.	૯	શુ.	બુ.	ગુ.	શ.	મં.
૧૦ કુંભ	[illegible]	૧૦	સૂ.	ચં.	૧૦	શ.	બુ.	શુ.	૧૦	શ.	શુ.	સૂ.	મં.	૧૦	મં.	શ.	ગુ.	બુ	શુ.
૧૧ મીન	ગુ.	૧૧	[illegible]	સૂ.	૧૧	ગુ.	ચં.	મં.	૧૧	[illegible]	બુ.	બુ.	ગુ	૧૧	શુ.	બુ.	ગુ.	શ.	મં.

દ્વાદશવર્ગોની સારિણી.

૬ ષષ્ઠાંશપતિઓ.

ભાગ	૧	૨	૩	૪	૫	૬
અંશ	૫	૧૦	૧૫	૨૦	૨૫	૩૦
રાશિ.						
૦	મં.	શુ	બુ	ચં	સૂ	બુ
૧	શુ	મં	ગુ	શ	શ	ગુ
૨	મં.	શુ.	બુ	ચં	સૂ	બુ
૩	શુ.	મં	ગુ	શ	શ	ગુ
૪	મં.	શુ	બુ	ચં	સૂ	બુ
૫	શુ.	મં	ગુ	શ	શ	ગુ
૬	મં.	શુ	બુ	ચં	સૂ	બુ
૭	શુ.	મં	ગુ	શ	શ	ગુ
૮	મં.	શુ	બુ	ચં	સૂ	બુ
૯	શુ.	મં	ગુ	શ	શ	ગુ
૧૦	મં.	શુ	બુ	ચં	સૂ	બુ
૧૧	શુ.	મં	ગુ	શ	શ	ગુ

૭ સપ્તાંશપતિઓ.

ભાગ	૧	૨	૩	૪	૫	૬	૭
અંશ	૪	૮	૧૨	૧૭	૨૧	૨૫	૩૦
	૧૭	૩૪	૫૧	૮	૨૫	૪૨	૦
રાશિ	૮	૧૭	૨૫	૩૪	૪૨	૫૧	૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ
૧	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ
૨	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૩	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૪	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ
૫	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૬	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં
૭	શુ	બુ	ચ	સૂ	બુ	શુ	મં
૮	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ
૯	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ
૧૦	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ
૧૧	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ

૮ અષ્ટમાંશપતિઓ

ભાગ	૧	૨	૩	૪	૫	૬	૭	.
અંશ	૩	૭	૧૧	૧૫	૧૮	૨૨	૨૬	૩૦
રાશિ	૪૫	૩૦	૧૫	૦	૫	૩૦	૧૫	૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૧	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૨	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ
૩	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૪	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	મં
૫	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ
૬	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મ
૭	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૮	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ.
૯	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૧૦	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૧૧	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ

૯ નવમાંશ પતિઓ

ભા.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
અં	૩	૬	૧૦	૧૩	૧૬	૨૦	૨૩	૨૬	૩૦
રા.	૨૦	૪૦	૦	૨૦	૪૦	૦	૨૦	૪૦	૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૧	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૨	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ
૩	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ
૪	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૫	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૬	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ.	બુ
૭	ચં	સૂ	બુ	શુ	મ	ગુ	શ	શ	ગુ
૮	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૯	શ.	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૧૦	શુ.	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ
૧૧	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ

દ્વાદશવર્ગીની સારિણી.

૧૦ દશાંશપતિઓ.

ભા.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
અં / ક	૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૩૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ
૧	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૨	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૩	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૪	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ
૫	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ
૬	મં	શ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ
૭	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૮	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચ	સૂ	બુ
૯	શુ	મં	ગુ	ચં	શ	ગુ	મં	શુ	બુ	ચં
૧૦	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ
૧૧	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ

૧૧ એકાદશાંશપતિઓ

ભા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અં	૨	૫	૮	૧૦	૧૩	૧૬	૧૯	૨૧	૨૪	૨૭	૩૦
ક	૪૩	૨૭	૧૦	૫૪	૩૮	૨૧	૫	૪૯	૩૨	૧૬	૦
વિ	૩૮	૧૬	૫૪	૩૨	૧૦	૪૮	૨૬	૪	૮૨	૨૧	૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ
૧	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ
૨	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૩	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૪	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શું
૫	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૬	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ
૭	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૮	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ
૯	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શ
૧૦	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં
૧૧	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ

૧૨ દ્વાદશાંશપતિઓ.

ભા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
અં	૨	૫	૭	૧૦	૧૨	૧૫	૧૭	૨૦	૨૨	૨૫	૨૭	૩૦
ક	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦
૦	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ
૧	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં
૨	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ
૩	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ
૪	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં
૫	બુ	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ
૬	શુ	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ
૭	મં	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ
૮	ગુ	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં
૯	શ	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ
૧૦	શ	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ
૧૧	ગુ	મં	શુ	બુ	ચં	સૂ	બુ	શુ	મં	ગુ	શ	શ

क्रूरोऽपि सौम्याधिक वर्गशाली
शुभोतिसौम्यः शुभखेचरश्चेत् ॥
सौम्योऽपि पापाधिक वर्गयोगा
न्नेष्टोऽतिनिंद्यः खलु पापखेटः ॥ ३७ ॥

અર્થ:—દ્વાદશવર્ગીચક્રને વિષે પાપગ્રહ શુભ વર્ગની પંક્તિમાં અધિક હોયતો તે શુભ ફળ આપે છે. શુભ ગ્રહ શુભ વર્ગથી પંક્તિમાં અધિ હોય તો તે અત્યંત શુભ ફળ આપે છે. તથા શુભ ગ્રહ પાપ વર્ગની પંક્તિમાં અધિક હોય તો તે અશુભ ફળ આપે છે અને પાપ ગ્રહજો પાપ વર્ગની પંક્તિમાં અધિક હોય તો તે અત્યંત અશુભ ફળ આપે છે. ॥ ૩૭ ॥

दृष्टिविचारमाह.

दृष्टिःस्यान्नवपंचमे बलवती प्रत्यक्षतः स्नेहदा
पादोनाऽखिलकार्य साधनकरीमेत्रापकाख्योच्यते ॥
गुप्तस्नेहकरीतृतीयभवभेकार्यस्यसंसिद्धिदा
त्र्यंशोनाकथितातृतीयभवनेषड्भागदृष्टिर्भवे ॥ ३८ ॥

અર્થ:—દષ્ટિ ચાર પ્રકારનીછે. ૧, પ્રત્યક્ષ સ્નેહા. ૨,ગુપ્તસ્નેહા. ૩, ગુપ્તવૈરા. ૪, પ્રત્યક્ષવૈરા. તેમાં પ્રથમ સ્નેહ દૃષ્ટિને કહેછે. (૧) કુંડળીમાં ગ્રહ પોતાની રાશિથી નવમા અને પાંચમાસ્થાનને પાદોન અર્થાત્ પોણી દૃષ્ટિથી જુએ છે. આ બળવાન દૃષ્ટિ છે. તે પ્રત્યક્ષ સ્નેહ આપનારી સંપૂર્ણ કાર્યને સાધનારો; તથા પરસ્પર પ્રીતિ કરનારી છે. (૨) ત્રીજા અને અગીઆરમા સ્થાનને ક્રમથી તૃતીયાંશોન ૪૦ કળાત્મક તથા ષડ્ ભાગ ૧૦ કળાત્મક દૃષ્ટિથી જુએ છે. તે ગુપ્ત સ્નેહ કરનારી તથા સર્વ કાર્યને સિદ્ધ કરનારી છે. ॥ ૩૮ ॥

दृष्टिःपादमिताचतुर्थदशमेगुप्तारिभावास्मृता
ऽन्योन्यंसप्तमभेतथैक भवनेप्रत्यक्षवैराखिला ॥
दुष्टंदृक्त्रितयंक्षुताव्हयमिदंकार्यस्यविध्वंसदं
संग्रामादिकलिप्रदंदशइमाः स्युर्द्वादशांशांतरे॥ ॥३९॥

અર્થઃ—(૩) ગ્રહ પોતાની રાશિથી ચોથા અને દશમા સ્થાનને ચતુર્થાંશ ૧૫ કળાત્મક દૃષ્ટિથી જુએ છે. તે ગુપ્ત વૈર કરનારી જાણવી, (૪) સાતમા અને પહેલા સ્થાનને સપૂર્ણ ૬૦ કળાત્મક દૃષ્ટિથી જુએ છે. તે પ્રત્યક્ષ વૈર કરનારી જાણવી. આ દૃષ્ટિ શુભ કર્મને નાશ કરનારી, કાર્યને નાશ કરનારી તથા સંગ્રામાદિ ક્લેશને આપનારી જાણવી. પરંતુ જોનાર ગ્રહના સ્પષ્ટ અંશોથી જોવરાવનાર ગ્રહના સ્પષ્ટ અંશ બાર અંશની અંદર હોય તો દૃષ્ટિનું પૂર્વોક્ત ફળ સંપૂર્ણ મળે છે. ॥ ૩૯ ॥

गणितागतदृष्टिचक्रम्

अपास्यपश्यंनिजदृश्यखेटा देकादिशेषेध्रुवलिप्तिकाःस्युः ॥
पूर्णखवेदास्तिथयोऽक्षवेदाः खंषष्टिरभ्रंशरवेदसंख्या॥ ४०॥
तिथ्यःखचन्द्राविय दभ्रतर्काः शेषांकयातैष्यविशेषघातात् ॥
लब्धंखरामैरधिकोनकैष्ये स्वर्णं ध्रुवेताःस्फुटदृष्टिलिप्ताः ॥ ४१ ॥

અર્થઃ—જે ગ્રહ જુએ છે તે દૃષ્ટા તથા જેને જુએ છે તે ગ્રહ દૃશ્ય જાણવો. દૃશ્ય ગ્રહના રાશ્યાદિમાંથી દૃષ્ટા ગ્રહના રાશ્યાદિ બાદ કરતાં જે શેષ રહે તે એકાદિ રાશિના અનુક્રમે કળાત્મક દૃષ્ટિના ધ્રુવક નીચેના કોષ્ટક પ્રમાણે જાણવા અર્થાત્ ૧ શેષ રહેતો ૦, ૨ શેષ રહેતો ૪૦, ૩ શેષ રહેતો ૧૫, ૪ શેષ રહેતો ૪૫, ૫ શેષ રહેતો ૦, ૬ શેષ રહેતો ૬૦, ૭ શેષ રહેતો ૦, ૮ શેષ રહેતો ૪૫, ૯ શેષ રહેતો ૧૫, ૧૦ શેષ રહેતો ૧૦, ૧૧ શેષ રહેતો ૦ તથા ૧૨ શેષ રહેતો ૬૦ કળાત્મક દૃષ્ટિના ગત ધ્રુવક જાણવા. ગત ધ્રુવકની આગળનો એષ્ય ધ્રુવક જાણવો. પછી ગત ધ્રુવક અને એષ્ય ધ્રુવકના અંતરથી શેષ અંશાદિકને ગુણતાં જે આવે તેમાં ૩૦ નો ભાગ આપવાથી જે ફળ આવે તેમાં એષ્યાંક અધિક હોય તો ધન અને એષ્યાંક ન્યૂન અર્થાત્ ઓછો હોય તો ઋણ સંસ્કાર આપવાથી સ્પષ્ટ કળાત્મક દૃષ્ટિ થાય છે. ॥ ૪૦ ॥ ૪૧ ॥

દૃષ્ટિ ધ્રુવક કોષ્ટક.												
રાશિ.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ધ્રુવાંક.	૦	૪૦	૧૫	૪૫	૦	૬૦	૦	૪૫	૧૫	૧૦	૦	૬૦
અંતર	૪૦	૨૫	૩૦	૪૫	૬૦	૬૦	૪૫	૩૦	૫	૧૦	૬૦	૬૦
ધન-ઋણ	ધ	ઋ	ધ	ઋ	ધ	ઋ	ધ	ઋ	ઋ	ઋ	ધ	ઋ

ઉદાહરણ—આ ઉદાહરણમાં લગ્ન ઉપર સૂર્યની દૃષ્ટિ કરવી છે માટે લગ્ન દૃશ્ય અર્થાત્ દેખાનાર થયું અને સૂર્ય દૃષ્ટા અર્થાત્ દેખનાર થયો. માટે દૃશ્ય લગ્નના રાસ્યાદિ ૮-૮-૧૭-૨૬ માંથી દૃષ્ટા સૂર્યના રાસ્યાદિ ૧૧—૧૭—૩૦—૩૧ બાદ કર્યા તો શેષ રાસ્યાદિ ૮-૨૦-૪૬-૫૫ રહ્યા. રાશિના સ્થાને ૮ અંક છે માટે તેનો ધ્રુવક ૪૫ આવ્યો તે ગતાંક જાણવો અને પછીનો ધ્રુવક ૧૫ છે તે એષ્યાંક જાણવો. આ બન્ને ગતાંક અને એષ્યાંકનું અંતર કર્યું તો ૩૦ આવ્યું તે વડે શેષ અંશાદિક ૨૦-૪૬—૫૫ ને ગુણ્યાતો ૬૨૩-૨૭-૩૦ આવ્યા તેને ૩૦ થી ભાગ લીધો તો ૨૦-૪૬-૫૫ આવ્યા તેમાં ગતાંકથી એષ્યાંક ન્યૂન અર્થાત્ ઓછો છે માટે ગતાંક ૪૫ માંથી ૩૦ થી ભાગ લેતાં જે ફળ આવ્યું છે તે બાદ કર્યું તો ૨૪-૧૩-૫ આવ્યું. આ લગ્ન ઉપર સૂર્યની સ્પષ્ટ કળાત્મક દૃષ્ટિ થઇ આ પ્રમાણે સર્વ ગ્રહોની કરવી.

अथ दृष्टि चक्रम्.						
सु.	चं.	मं.	बु.	गु.	शु.	श.
०	०	०	०	०	०	०
२४	४०	४	३५	१९	३१	३८
१३	३६	७	५१	२९	२३	३
५	३३	२९	२३	४०	२२	७

સુલભ દૃષ્ટિ કરવાનો પ્રકાર—દૃશ્ય ગ્રહના રાસ્યાદિમાંથી દૃષ્ટાગ્રહના રાસ્યાદિબાદ કરતાં જે શેષ રાસ્યાદિ અંક રહે તે અંક નીચેના ગુણક વડે

શેષ રાસ્યાદિના અંશાદિકને ગુણવા અને તેની નીચેના ભાજકથી ભાગ લેતાં જે ફળ આવે તે અંકના ધ્રુવકમાં ધન અને ઋણનો સંસ્કાર આપવાથી સ્પષ્ટ કળાત્મક દૃષ્ટિ થાય છે.

સુલભ દૃષ્ટિ કોષ્ટક.

રાશિ.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
ધ્રુવક	૦	૪૦	૧૫	૪૫	૦	૬૦	૦	૪૫	૧૫	૧૦	૦	૬૦
ગુણક	૪	૫	૧	૩	૨	૨	૩	૧	૧	૧	૨	૨
ભાજક	૩	૬	૧	૨	૧	૧	૨	૧	૬	૩	૧	૧
ધન-ઋણ	ધ	ઋ	ધ	ઋ	ધ	ઋ	ધ	ઋ	ઋ	ઋ	ધ	ઋ

દૃષ્ટિ કરવાનો સહેલો કોઠો.

૦	અંશાદિકને ૩૦ માંથી બાદ કરીને બમણા કરવા.
૧	અંશાદિકમાં પોતાનો ત્રીજો ભાગ યુક્ત કરવો.
૨	અંશાદિકને ૬ એ ભાગી પોતાનામાંથી બાદ કરીને ૪૦ માંથી શોધવા.
૩	અંશાદિકમાં ૧૫ યુક્ત કરવા.
૪	અંશાદિને દોઢા કરીને ૪૫ માંથી શોધવા.
૫	અંશાદિકને બમણા કરવા.
૬	અંશાદિકને ૩૦ માંથી બાદ કરીને બમણા કરવા.
૭	અંશાદિકને દોઢા કરવા.
૮	અંશાદિકને ૪૫ માંથી શોધવા.
૯	અંશાદિકને ૬ એ ભાગીને ૧૫ માંથી શોધવા.
૧૦	અંશાદિકને ૩ એ ભાગીને ૧૦ માંથી શોધવા.
૧૧	અંશાદિકને બમણા કરવા.

વર્ષ દૃષ્ટિ સારિણી ઉપરથી દૃષ્ટિ કરવાની રીતઃ—દૃશ્ય ગ્રહના રાશિ, અંશ, કળા અને વિકળામાંથી દૃષ્ટાગ્રહના રાશિ, અંશ, કળા અને વિકળા બાદ કરતાં જે રાશિ, અંશ, કળા અને વિકળા શેષ રહે તેજ રાશિ અને અંશ પ્રમાણે વર્ષ દૃષ્ટિ સારિણીમાં જોતાં જે અંક આવે તે ગતાંક જાણવો અને આગળના અંશના કોઠામાં જોતાં જે અંક આવે તે એષ્યાંક જાણવો. ગતાંક અને એષ્યાંકના અંતરને દૃશ્યગ્રહમાંથી દૃષ્ટાગ્રહ બાદ કરતાં જે કળા અને વિકળા શેષ રહેલી છે તેને ગણીને ૬૦ થી ભાગ લેતાં જે ફળ આવે તે ગતાંકમાં **एष्यांकअधिकेधनं** તથા **एष्यांकन्यूनेऋणं** આ પ્રમાણે ધન અને ઋણનો સંસ્કાર આપવાથી સ્પષ્ટ કળાત્મક દૃષ્ટિ થાયછે.

વર્ષ દૃષ્ટિ સારિણી. મેષથી કર્ક સુધીની.

રા. અં	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	અંતર	
૦ મેષ	૬૦ ૦	૫૮ ૦	૫૬ ૦	૫૪ ૦	૫૨ ૦	૫૦ ૦	૪૮ ૦	૪૬ ૦	૪૪ ૦	૪૨ ૦	૪૦ ૦	૩૮ ૦	૩૬ ૦	૩૪ ૦	૩૨ ૦	૩૦ ૦	૨૮ ૦	૨૬ ૦	૨૪ ૦	૨૨ ૦	૨૦ ૦	૧૮ ૦	૧૬ ૦	૧૪ ૦	૧૨ ૦	૧૦ ૦	૮ ૦	૬ ૦	૪ ૦	૨ ૦	૨ ૦	ઋ
૧ વૃષભ	૦ ૦	૧ ૨૦	૨ ૪૦	૪ ૦	૫ ૨૦	૬ ૪૦	૮ ૦	૯ ૨૦	૧૦ ૪૦	૧૨ ૦	૧૩ ૨૦	૧૪ ૪૦	૧૬ ૦	૧૭ ૨૦	૧૮ ૪૦	૨૦ ૦	૨૧ ૨૦	૨૨ ૪૦	૨૪ ૦	૨૫ ૨૦	૨૬ ૪૦	૨૮ ૦	૨૯ ૨૦	૩૦ ૪૦	૩૨ ૦	૩૩ ૨૦	૩૪ ૪૦	૩૬ ૦	૩૭ ૨૦	૩૮ ૪૦	૧ ૨૦	ધ
૨ મિથુન	૪૦ ૦	૩૯ ૧૦	૩૮ ૨૦	૩૭ ૩૦	૩૬ ૪૦	૩૫ ૫૦	૩૫ ૦	૩૪ ૧૦	૩૩ ૨૦	૩૨ ૩૦	૩૧ ૪૦	૩૦ ૫૦	૩૦ ૦	૨૯ ૧૦	૨૮ ૨૦	૨૭ ૩૦	૨૬ ૪૦	૨૫ ૫૦	૨૫ ૦	૨૪ ૧૦	૨૩ ૨૦	૨૨ ૩૦	૨૧ ૪૦	૨૦ ૫૦	૨૦ ૦	૧૯ ૧૦	૧૮ ૨૦	૧૭ ૩૦	૧૬ ૪૦	૧૫ ૫૦	૦ ૫૦	ઋ
૩ કર્ક	૧૫ ૦	૧૬ ૦	૧૭ ૦	૧૮ ૦	૧૯ ૦	૨૦ ૦	૨૧ ૦	૨૨ ૦	૨૩ ૦	૨૪ ૦	૨૫ ૦	૨૬ ૦	૨૭ ૦	૨૮ ૦	૨૯ ૦	૩૦ ૦	૩૧ ૦	૩૨ ૦	૩૩ ૦	૩૪ ૦	૩૫ ૦	૩૬ ૦	૩૭ ૦	૩૮ ૦	૩૯ ૦	૪૦ ૦	૪૧ ૦	૪૨ ૦	૪૩ ૦	૪૪ ૦	૧ ૦	ધ

વર્ષ દૃષ્ટિ સારિણી. સિંહથી મીન સુધીની.

રા. અં	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	અંતર	
૪	૪૫	૪૩	૪૨	૪૦	૩૯	૩૭	૩૬	૩૪	૩૩	૩૧	૩૦	૨૮	૨૭	૨૫	૨૪	૨૨	૨૧	૧૯	૧૮	૧૬	૧૫	૧૩	૧૨	૧૦	૯	૭	૬	૪	૩	૧	૧	ઋ
સિંહ	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૩૦	
૫	૦	૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬	૨૮	૩૦	૩૨	૩૪	૩૬	૩૮	૪૦	૪૨	૪૪	૪૬	૪૮	૫૦	૫૨	૫૪	૫૬	૫૮	૨	ધ
કન્યા	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	
૬	૬૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	૨	ઋ
તુળા	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	
૭	૦	૧	૩	૪	૬	૭	૯	૧૦	૧૨	૧૩	૧૫	૧૬	૧૮	૧૯	૨૧	૨૨	૨૪	૨૫	૨૭	૨૮	૩૦	૩૧	૩૩	૩૪	૩૬	૩૭	૩૯	૪૦	૪૨	૪૩	૧	ધ
વૃશ્ચિક	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૦	૩૦	૩૦	
૮	૪૫	૪૪	૪૩	૪૨	૪૧	૪૦	૩૯	૩૮	૩૭	૩૬	૩૫	૩૪	૩૩	૩૨	૩૧	૩૦	૨૯	૨૮	૨૭	૨૬	૨૫	૨૪	૨૩	૨૨	૨૧	૨૦	૧૯	૧૮	૧૭	૧૬	૧	ઋ
ધન	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	
૯	૧૫	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૦	ઋ
મકર	૦	૫૦	૪૦	૩૦	૨૦	૧૦	૦	૫૦	૪૦	૩૦	૨૦	૧૦	૦	૫૦	૪૦	૩૦	૨૦	૧૦	૦	૫૦	૪૦	૩૦	૨૦	૧૦	૦	૫૦	૪૦	૩૦	૨૦	૧૦	૧૦	
૧૦	૧૦	૯	૯	૯	૮	૮	૮	૭	૭	૭	૬	૬	૬	૫	૫	૫	૪	૪	૪	૩	૩	૩	૨	૨	૨	૧	૦	૧	૦	૦	૦	ઋ
કુંભ	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૨૦	૦	૪૦	૧૦	૦	૪૦	૨૦	૨૦	
૧૧	૦	૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬	૨૮	૩૦	૩૨	૩૪	૩૬	૩૮	૪૦	૪૨	૪૪	૪૬	૪૮	૫૦	૫૨	૫૪	૫૬	૫૮	૨	ધ
મીન	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	

सहमसाधनमाह.

પ્રાચીન યવનાદિ આચાર્યોના મતથી સહમ ૫૦ છે તેના નામ. પુણ્ય ૧, ગુરૂ ૨, જ્ઞાન ૩, યશ ૪, મિત્ર ૫, મહાત્મ્ય ૬ આશા ૭, સમર્થતા ૮, ભ્રાતા ૯, ગૌરવ ૧૦ રાજ્ય, ૧૧, તાત ૧૨, માત ૧૩, સુત ૧૪, જીવિત ૧૫, જળ ૧૬, કર્મ ૧૭, રોગ ૧૮, કામદેવ ૧૯, કલહ ૨૦. ક્ષમા ૨૧, શાસ્ત્ર ૨૨, બંધુ ૨૩, બંદક ૨૪, મૃત્યુ ૨૫, પરદેશ ૨૬, ધન ૨૭, અન્યદારા ૨૮, અન્ય કર્મ ૨૯, વણિક્ ૩૦, કાર્યસિદ્ધિ ૩૧, વિવાહ ૩૨, પ્રસૂતિ ૩૩, સંતાપ ૩૪, શ્રદ્ધા ૩૫, પ્રીતિ ૩૬, બળ ૩૭, તનુ ૩૮, જાડ્ય ૩૯, વ્યાપાર ૪૦, પાનીયપતન ૪૧, શત્રુ ૪૨, શૌર્ય ૪૩, ઉપાય, ૪૪, દરિદ્ર ૪૫, ગુરૂતા ૪૬, જળકર્મ ૪૭, બંધન ૪૮, દુહિતા ૪૯, અશ્વ ૫૦ આ પ્રમાણે પચાસ સહમ છે.

सूर्योनचन्द्रान्वितमन्हिलग्नंवींद्वर्कयुक्तंनिशिपुण्यसंज्ञम् ॥
शोध्यर्क्षशुद्ध्याश्रयभांतरालेलग्नंनचेत्सैकभमेतदुक्तम् ॥ ४२ ॥

અર્થઃ—દિવસને વિષે વર્ષપ્રવેશ હોય તો ચંદ્રમાંથી સૂર્ય બાદ કરીને લગ્ન યુક્ત કરવું અને રાત્રિને વિષે વર્ષ પ્રવેશ હોય તો સૂર્યમાંથી ચંદ્ર બાદ કરીને લગ્ન યુક્ત કરવું તે પુણ્ય સહમ જાણવું. આ ગ્રંથમાં સર્વ સહમો બનાવવામાં વિશેષ સંસ્કાર છે તે કહે છે. *શોધ્યર્ક્ષ અને §શુદ્ધ્યાશ્રયની વચ્ચે અર્થાત્ શોધ્ય ગ્રહની રાશિથી શુદ્ધ્યાશ્રય ગ્રહની રાશિ પર્યંત લગ્ન ના હોય તો પૂર્વોક્ત સહમમાં ૧ રાશિ યુક્ત કરવી. ॥ ૪૨ ॥

ઉદાહરણઃ—ચંદ્ર સ્પષ્ટ ૦-૩-૫૩-૫૯ માંથી સૂર્ય સ્પષ્ટ ૧૧-૧૭-૩૦-૩૧ બાદ કર્યો તો શેષ ૦-૧૬-૨૩-૨૮ રહ્યા તેમાં સ્પષ્ટ લગ્ન ૮-૮-૧૭-૨૬ યુક્ત કર્યું તો ૮-૨૪-૪૦-૫૪ પુણ્યસહમ આવ્યું. વિશેષ સંસ્કાર શોધ્યર્ક્ષ સૂર્ય મીન રાશિ છે અને શુદ્ધ્યાશ્રય ચંદ્ર મેષ રાશિ છે તેમની વચ્ચે લગ્નની રાશિ ધન આવી નથી માટે પૂર્વોક્ત પુણ્ય સહમમાં ૧ રાશિ યુક્ત કરી તો ૯-૨૪-૪૦-૫૪ પુણ્ય સહમ આવ્યું. તેમજ રા-

* જેને બાદ કરવામાં આવે છે તેને શોધ્યર્ક્ષ કહેછે.
§ જેમાંથી બાદ થાય છે તેને શુદ્ધ્યાશ્રય કહેછે.

ત્રિને વિષે વર્ષપ્રવેશ હોય તો સૂર્યસ્પષ્ટ ૧૧-૧૭-૩૦-૩૧માંથી ચંદ્રસ્પષ્ટ ૦-૩-૫૩-૫૯ બાદ કર્યો તો શેષ ૧૧-૧૩-૩૬-૩૨ રહી તેમાં સ્પષ્ટ લગ્ન ૮-૮-૧૬-૩૬ યુક્ત કર્યું તો ૭-૨૧-૫૩-૫૮ પુણ્યસહમ આવ્યું, આમાં શોધ્યર્ક્ષ અને શુદ્ધયાશ્રયની વચ્ચે લગ્ન છે માટે એક રાશિ યુક્ત કરવી નહિ આ પ્રમાણે બીજા સહમો કરવાં તમાંના દશ સહમો બનાવેલાં છે તે તપાસી જવાં

व्यत्यस्तमस्माद्गुरुविद्ययोस्तुसंसाधनंपुण्यवियुक्सुरेज्यः ॥
दिवाविलोमंनिशिपूर्ववत्तुयशोभिधंतत्सहमंवदंति ॥ ४३ ॥

અર્થ:—ગુરૂ અને વિદ્યા સહમ પુણ્ય સહમથી વિપરીત છે અર્થાત્ દિવસને વિષે વર્ષપ્રવેશ હોય તો સૂર્યમાંથી ચંદ્ર બાદ કરીને લગ્ન યુક્ત કરવું. અને રાત્રિને વિષે ચંદ્રમાંથી સૂર્ય બાદ કરીને લગ્ન યુકત કરવું. દિવસને વિષે ગુરૂમાંથી પુણ્યસહમ બાદ કરીને લગ્ન યુકત કરવું અને રાત્રિને વિષે પુણ્યસહમમાં થી ગુરૂ બાદ કરીને લગ્ન યુક્ત કરવું તે યશસહમ જાણવું. શોધ્યર્ક્ષેત્યાદિ સંસ્કાર સર્વ સહમોમાં આપવો. ॥ ૪૩ ॥

पुण्यसद्मगुरुसद्मतस्त्यजेत्व्यत्ययोनिशिसितान्वितंचतत् ॥
संकतातनुवदुक्तरीतितोमित्रनाम सहमंविदुर्बुधाः ॥ ४४ ॥

અર્થ:—દિવસને વિષે ગુરૂ સહમમાંથી પુણ્ય સહમ બાદ કરીને શુક્ર યુકત કરવો અને રાત્રિને વિષે પુણ્ય સહમમાંથી ગુરૂ સહમ બાદ કરીને શુક્ર યુકત કરવો તેને પૂર્વોકત શોધ્યર્ક્ષેત્યાદિ સંસ્કાર આપવાથી મિત્ર સહમ થાયછે. ॥ ૪૪ ॥

पुण्याद्भौमंशोधयेदुक्तवत्स्यान्माहात्म्यंतद्भक्तमस्माद्विलोमम् ॥
शुक्रंमंदादन्हिनक्तंविलोममाशाख्यंस्यादुक्तवच्छेषमूह्यम् ॥ ४५ ॥

કુંભ	૩૬	૪૮	૦	૧૨	૨૪	૩૬	૪૮	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૮	૪૦	૨૪	૮
૧૧	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૧
	૪૦	૪૩	૪૬	૪૯	૫૧	૫૪	૫૭	૦	૨	૫	૮	૧૦	૧૩	૧૬	૧૯	૨૧	૨૪	૨૭	૩૦	૩૨	૩૫	૩૮	૪૧	૪૩	૪૬	૪૯	૫૧	૫૪	૫૭	૦
મીન	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮	૫૨	૩૬	૨૦	૪	૪૮	૩૨	૧૬	૦	૪૪	૨૮	૧૨	૫૬	૪૦	૨૪	૮

અયનાંશા ૨૩ નું નિરાયન ભાવપત્રં. મેષથી કન્યા સુધીનું.

અંશો	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
૦	૩	૩	૩	૪	૪	૪	૪	૪	૪	૪	૫	૫	૫	૫	૫	૫	૬	૬	૬	૬	૬	૬	૭	૭	૭	૭	૭	૭	૮	૮
	૩૩	૪૨	૫૧	૦	૧૦	૧૯	૨૮	૩૮	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭
મેષ	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬
૧	૮	૮	૮	૮	૯	૯	૯	૯	૯	૯	૧૦	૧૦	૧૦	૧૦	૧૦	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૧	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૩	૧૩	૧૩	૧૩
	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૮	૯	૨૦	૩૦	૪૧	૫૨	૩	૧૩	૨૪	૩૫	૪૬	૫૬	૭	૧૮	૨૯	૪૦	૫૦	૧	૧૨	૨૩	૩૩
વૃષભ	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	૦	૪૬	૩૨	૧૮	૪	૫૦	૩૬	૨૨	૮	૫૪	૪૦	૨૬	૧૨	૫૮	૪૪	૩૦	૧૬	૨	૪૮	૩૪	૨૦	૬	૫૨
૨	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૮	૧૮	૧૮	૧૮	૧૮	૧૮
	૪૪	૫૫	૬	૧૬	૨૭	૩૮	૪૯	૦	૧૦	૨૧	૩૨	૪૩	૫૩	૪	૧૫	૨૬	૩૬	૪૭	૫૮	૯	૧૯	૩૦	૪૧	૫૨	૩	૧૩	૨૪	૩૫	૪૬	૫૬
મિથુન	૪૮	૨૪	૧૦	૫૬	૪૨	૨૮	૧૪	૦	૪૬	૩૨	૧૮	૪	૫૦	૪૬	૨૨	૮	૫૪	૪૦	૨૬	૧૨	૫૮	૪૪	૩૦	૧૬	૨	૪૧	૩૪	૨૦	૬	૫૨
૩	૧૯	૧૯	૧૯	૧૯	૧૯	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૧	૨૨	૨૨	૨૨	૨૨	૨૨	૨૨	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૪
	૭	૧૮	૨૯	૩૯	૫૦	૧	૧૨	૨૩	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨
કર્ક	૩૮	૨૪	૧૦	૫૬	૪૨	૨૮	૧૪	૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬
૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૪	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૫	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૬	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૭	૨૮	૨૮	૨૮	૨૮	૨૮
	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૧	૪૦	૪૯	૫૯	૮	૧૭	૨૬	૩૬	૪૫	૫૪	૩	૧૩	૨૨	૩૧	૪૧	૫૦	૫૯	૮	૧૮	૨૭	૩૬	૪૫
સિંહ	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨
૫	૨૮	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૨૯	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૦	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૧	૩૨	૩૨	૩૩	૩૨	૩૨	૩૨	૩૨	૩૩	૩૩	૩૩
	૫૫	૪	૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૭	૩૭	૪૬	૫૫	૪	૧૪	૨૩	૩૧	૪૧	૫૧	૦	૯	૧૯	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૩
કન્યા	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૩૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨

અયનાંશા ૨૩ નું નિરાયન ભાવપત્રું. તુળાથી મીન સુધીનું.

અંશો	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
૬	૩૩	૩૩	૩૩	૩૪	૩૪	૩૪	૩૪	૩૪	૩૪	૩૪	૩૫	૩૫	૩૫	૩૫	૩૫	૩૫	૩૬	૩૬	૩૬	૩૬	૩૬	૩૬	૩૭	૩૭	૩૭	૩૭	૩૭	૩૭	૩૮	૩૮
	૩૩	૪૨	૫૧	૦	૧૦	૧૯	૨૮	૩૮	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭
તુળા	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૩૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬
૭	૩૮	૩૮	૩૮	૩૮	૩૯	૩૯	૩૯	૩૯	૩૯	૩૯	૪૦	૪૦	૪૦	૪૦	૪૦	૪૧	૪૧	૪૧	૪૧	૪૧	૪૧	૪૨	૪૨	૪૨	૪૨	૪૨	૪૩	૪૩	૪૩	૪૩
	૨૭	૩૭	૪૭	૫૭	૭	૧૭	૨૭	૩૭	૪૭	૫૮	૯	૨૦	૩૦	૪૧	૫૨	૩	૧૩	૨૪	૩૫	૪૬	૫૬	૭	૧૮	૨૯	૪૦	૫૦	૧	૧૨	૨૩	૩૩
વૃશ્ચિક	૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	૦	૪૬	૩૨	૧૮	૪	૫૦	૩૬	૨૨	૮	૫૪	૪૦	૨૬	૧૨	૫૮	૪૪	૩૦	૧૬	૨	૪૮	૩૪	૨૦	૬	૫૨
૮	૪૩	૪૩	૪૪	૪૪	૪૪	૪૪	૪૪	૪૫	૪૫	૪૫	૪૫	૪૫	૪૫	૪૬	૪૬	૪૬	૪૬	૪૬	૪૬	૪૭	૪૭	૪૭	૪૭	૪૭	૪૮	૪૮	૪૮	૪૮	૪૮	૪૮
	૪૪	૫૫	૬	૧૬	૨૭	૩૮	૪૯	૦	૧૦	૨૧	૩૨	૪૩	૫૩	૪	૧૫	૨૬	૩૬	૪૭	૫૮	૯	૧૯	૩૦	૪૧	૫૨	૩	૧૩	૨૪	૩૫	૪૬	૫૬
ધન	૩૮	૨૪	૧૦	૫૬	૪૨	૨૮	૧૪	૦	૪૬	૩૨	૧૮	૪	૫૦	૩૬	૨૨	૮	૫૪	૪૦	૨૬	૧૨	૫૮	૪૪	૩૦	૧૬	૨	૪૮	૩૪	૨૦	૬	૫૨
૯	૪૯	૪૯	૪૯	૪૯	૪૯	૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૧	૫૧	૫૧	૫૧	૫૧	૫૧	૫૨	૫૨	૫૨	૫૨	૫૨	૫૨	૫૩	૫૩	૫૩	૫૩	૫૩	૫૩	૫૪
	૭	૧૮	૨૯	૩૯	૫૦	૧	૧૨	૨૩	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨
મકર	૩૮	૨૪	૧૦	૫૬	૪૨	૨૮	૧૪	૦	૫૮	૫૬	૫૪	૫૨	૫૦	૪૮	૪૬	૪૪	૪૨	૪૦	૩૮	૩૬	૨૪	૩૨	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬
૧૦	૫૪	૫૪	૫૪	૫૪	૫૪	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૬	૫૬	૬૬	૫૬	૫૬	૫૬	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૮	૫૮	૫૮	૫૦	૫૮
	૧૨	૨૨	૩૨	૪૨	૫૨	૨	૧૨	૨૨	૩૧	૪૦	૩૯	૫૯	૮	૧૭	૨૬	૩૬	૪૫	૫૪	૩	૧૩	૨૨	૩૧	૪૧	૫૦	૫૯	૮	૧૮	૨૭	૩૬	૪૫
કુંભ	૧૪	૧૨	૧૦	૫૬	૬	૪	૨	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨
૧૧	૫૮	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨	૨	૨	૩	૩	૩
	૫૫	૪	૧૩	૨૨	૩૨	૪૧	૫૦	૦	૯	૧૮	૨૭	૩૭	૪૬	૫૫	૪	૧૪	૨૩	૩૨	૪૧	૫૧	૦	૯	૧૯	૨૮	૩૭	૪૬	૫૬	૫	૧૪	૨૩
મીન	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨	૮	૨૪	૪૦	૫૬	૧૨	૨૮	૪૪	૦	૧૬	૩૨	૪૮	૪	૨૦	૩૬	૫૨

અયનાંશા ૨૩ નું ષડાંશપત્રં. મેષથી કન્યા સુધીનું.

અંશો	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
૦	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૨	૧૨	૧૨	૧૨
	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩	૩૦	૨૮	૨૬	૨૪	૨૨	૨૦	૧૮	૧૬	૧૪	૧૨	૧૦	૮	૭	૫	૪	૩	૧	૦	૫૮	૫૭	૫૬	૫૪	૫૩
મેષ	૩૮	૪૦	૪૧	૪૩	૪૫	૪૬	૪૮	૫૦	૪૯	૪૮	૪૭	૪૭	૪૬	૪૫	૪૪	૪૪	૪૩	૪૨	૪૧	૧૩	૫૧	૨૮	૭	૪૦	૨૨	૫૯	૩૭	૧૫	૫૨	૩૦
૧	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨
	૫૨	૫૦	૪૯	૪૮	૪૬	૪૫	૪૩	૪૨	૪૨	૪૩	૪૩	૪૩	૪૩	૪૩	૪૪	૪૪	૪૪	૪૪	૪૫	૪૫	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪
વૃષભ	૮	૪૬	૨૩	૧	૩૯	૧૭	૫૪	૩૨	૪૬	૦	૧૪	૨૮	૪૨	૫૬	૧૦	૨૪	૩૮	૫૨	૭	૧૩	૧૪	૧૫	૧૫	૧૬	૧૬	૧૭	૧૭	૧૮	૧૮	૧૮
૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૨	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩	૧૩
	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૦	૧	૨	૪	૬	૯	૧૧	૧૩	૧૫	૧૭	૨૦	૨૨	૨૪	૨૬	૨૯	૩૧	૩૩	૩૫	૩૮	૪૦	૪૨	૪૪	૪૬	૪૯	૫૧
મિથુન	૧૯	૧૯	૨૦	૨૦	૨૧	૨૧	૨૨	૨૨	૩૬	૫૦	૩	૧૭	૩૧	૪૫	૫૯	૨૨	૨૬	૪૦	૫૪	૮	૨૨	૩૫	૪૯	૩	૧૭	૩૧	૪૮	૫૮	૧૨	૨૬
૩	૧૩	૧૩	૧૩	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪
	૫૩	૫૫	૫૮	૦	૨	૪	૭	૯	૧૧	૧૩	૧૫	૧૮	૧૯	૨૧	૨૨	૨૩	૨૫	૨૬	૨૭	૨૯	૩૦	૩૨	૩૩	૩૪	૩૬	૩૭	૩૮	૪૦	૪૧	૪૩
કર્ક	૪૦	૫૩	૭	૨૧	૩૫	૪૯	૩	૧૬	૩૦	૪૪	૫૮	૧૨	૪૧	૪	૨૬	૪૮	૧૧	૩૩	૫૫	૨૭	૪૦	૨	૨૪	૪૬	૯	૩૧	૫૩	૧૬	૩૮	૦
૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪
	૪૪	૪૫	૪૭	૪૮	૪૯	૫૧	૫૨	૫૩	૫૪	૫૪	૫૪	૫૫	૫૫	૫૫	૫૫	૫૫	૫૬	૫૬	૫૬	૫૬	૫૬	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૭	૫૮	૫૮	૫૮
સિંહ	૨૨	૪૫	૭	૨૯	૫૨	૧૪	૩૬	૩૧	૩૬	૪૭	૫૯	૧૦	૨૧	૩૨	૪૩	૫૪	૫	૧૭	૨૮	૩૯	૫૦	૧	૧૨	૨૩	૩૫	૪૬	૫૭	૮	૧૯	૩૦
૫	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫
	૫૮	૫૮	૫૯	૫૯	૫૯	૫૯	૫૯	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૨	૨	૩	૩	૩	૩	૩	૪
કન્યા	૪૧	૫૩	૪	૧૫	૨૬	૩૭	૪૮	૦	૧૧	૨૨	૩૩	૪૪	૫૫	૬	૧૮	૨૯	૪૦	૫૧	૨	૧૩	૨૪	૩૬	૪૭	૫૮	૯	૨૦	૩૧	૪૨	૫૪	૫

અયનાંશા ૨૩ નું ષડાંશપત્રં. તુળાથી મીન સુધીનું.

અંશો	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯
૬	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫
	૪	૪	૪	૪	૫	૫	૫	૬	૭	૮	૧૦	૧૧	૧૨	૧૪	૧૫	૧૬	૧૮	૧૯	૨૧	૨૨	૨૩	૨૫	૨૬	૨૭	૨૮	૩૦	૩૨	૩૩	૩૪	૩૬
તુળા	૧૬	૨૭	૩૮	૪૯	૦	૧૨	૨૩	૧	૨૩	૪૫	૮	૩૦	૫૨	૧૪	૩૭	૫૯	૨૧	૪૩	૬	૨૮	૫૦	૧૩	૩૫	૫૭	૧૯	૪૨	૪	૨૬	૪૮	૧૧
૭	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬
	૩૭	૩૮	૪૦	૪૧	૪૪	૪૬	૪૮	૫૦	૫૨	૫૫	૫૭	૫૯	૧	૪	૬	૮	૧૦	૧૩	૧૫	૧૭	૧૯	૨૧	૨૪	૨૬	૨૮	૩૦	૩૩	૩૫	૩૭	૩૯
વૃશ્ચિક	૩૩	૫૫	૧૮	૪૭	૧	૧૫	૨૯	૪૩	૫૬	૧૦	૨૪	૩૮	૫૨	૬	૧૯	૩૩	૪૭	૧	૧૫	૨૮	૪૩	૫૬	૧૦	૨૪	૩૭	૫૧	૫	૧૯	૩૩	૪૭
૮	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૮	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭
	૪૨	૪૪	૪૬	૪૮	૫૦	૫૩	૫૫	૫૭	૫૮	૫૯	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૪	૧૪	૧૫	૫	૧૫
ધન	૦	૧૪	૨૮	૪૨	૫૬	૯	૨૩	૩૭	૩૭	૩૮	૩૮	૩૯	૩૯	૪૦	૪૦	૪૧	૪૧	૪૧	૪૨	૪૨	૪૩	૪૩	૪૪	૪૪	૪૫	૪૮	૫૩	૭	૨૧	૩૫
૯	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૭	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬
	૧૫	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૭	૧૭	૧૬	૧૪	૧૩	૧૧	૧૦	૯	૭	૬	૫	૩	૨	૧	૫૯	૫૮	૫૬	૫૫	૫૪	૫૨	૫૧	૪૯	૪૭	૪૫
મકર	૪૯	૩	૧૭	૩૧	૪૫	૫૯	૧૩	૨૮	૫	૪૨	૨૦	૫૮	૩૬	૧૩	૫૧	૨૯	૭	૪૪	૨૨	૦	૩૭	૧૫	૫૩	૩૧	૮	૪૬	૨૮	૧૦	૧૬	૧૫
૧૦	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૧	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫
	૪૩	૪૧	૩૯	૩૭	૩૫	૩૩	૩૧	૨૯	૨૬	૨૩	૨૦	૧૭	૧૪	૧૧	૮	૫	૨	૫૯	૫૬	૫૩	૫૦	૪૭	૪૪	૪૧	૩૮	૩૫	૩૨	૨૯	૨૬	૨૩
કુંભ	૧૫	૧૪	૧૩	૧૨	૧૨	૧૧	૧૦	૯	૧૧	૧૩	૧૪	૧૬	૧૭	૧૯	૨૧	૨૩	૨૪	૨૬	૨૮	૨૯	૩૧	૩૩	૩૪	૩૬	૩૮	૩૯	૪૧	૪૩	૪૪	૪૬
૧૧	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૫	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૪	૧૩	૧૩
	૨૦	૧૭	૧૪	૧૧	૮	૫	૨	૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩	૩૦	૨૭	૨૪	૨૧	૧૮	૧૫	૧૨	૯	૬	૩	૦	૫૭	૫૪
મીન	૪૮	૪૯	૫૧	૫૩	૫૪	૫૬	૨૮	૦	૧	૩	૫	૬	૮	૧૦	૧૧	૧૩	૧૫	૧૬	૧૮	૨૦	૨૧	૨૩	૨૫	૨૬	૨૮	૩૦	૩૧	૩૩	૩૫	૩૬

॥ ॐ श्री गणेशाय नमः ॥

॥ ताजिकसारसंग्रहः ॥

(वर्षपत्रिकानिबंध)

॥ गुर्जर भाषानुवाद संवलितः ॥

ભાવાધ્યાય ૨ જો.

मंगलाचरणम्.

गणेशंहरंपद्मयोनिंचनत्वाहरिंभारतींखेचरान्सूर्यपूर्वान् ॥
विलोक्याखिलंताजिकंपद्मकोशंप्रवक्ष्येफलंवर्षलग्नेग्रहाणाम् ॥ १ ॥

શ્રી ગણપતિ, શિવજી, બ્રહ્મા, વિષ્ણુભગવાન્, સરસ્વતી, તથા સૂર્યાદિ નવગ્રહોને નમસ્કાર કરીને સંપૂર્ણ તાજિક ગ્રંથોને જોઈને વર્ષકુંડળીમાં બેઠેલા ગ્રહોનું ફળ કહું છું. ॥ ૧ ॥

रविफलम्.

रविर्लग्नगोवातपित्तंकरोतिकलत्रांगपीडांशिरोर्तेश्चरोगम् ॥
विवादंजनानांभवेद्गुप्तचिंतादशानेष्टकारीभवेद्धायनेस्मिन् ॥ १ ॥

અર્થઃ—જેની વર્ષકુંડળીમાં લગ્નમાં સૂર્ય પડેલો હોયતો વાયુ તથા પિત્તનો રોગ, સ્ત્રીના શરીરે પીડા, માથામાં દરદ, મનુષ્યોના

સાથે વિવાદ અને માનસીક ગુપ્તચિંતા કરે છે. અને વર્ષમાં જ્યારે સૂર્યની દશા આવે ત્યારે અશુભ ફળ આપે છે. ॥ ૧ ॥

कुटुंबाद्विरोधोनृपाद्भीतिकष्टंधनार्त्तिर्धनस्थेरवौमानवानाम् ॥
पशूनांप्रपीडोदरेचापदःस्युःससौम्यान्वितोद्रव्यलाभंकरोति ॥ २ ॥

અર્થ:—સૂર્ય ધનસ્થાનમાં બેઠેલો હોયતો કુટુંબથી વિરોધ, રાજાથી ભય, ધનની હાની, પશુઓને પીડા, પેટમાં રોગ કરે છે. પરંતુ શુભ ગ્રહ સાથે હોયતો દ્રવ્યનો લાભ કરે છે. ॥ ૨ ॥

तृतीयगोऽर्कोपिसहोदराणांपीडांकरोत्यस्यहिवर्षलग्ने ॥
पराक्रमंराजकृपांचलक्ष्मींरिपुक्षयं कीर्त्तिविवर्धनंच ॥ ३ ॥

અર્થ:—વર્ષલગ્નમાં સૂર્ય ત્રીજા સ્થાનમાં હોયતો ભાઈઓને પીડા કરે છે. અને પરાક્રમનો વધારો, રાજાની તરફથી સુખ, લક્ષ્મીની પ્રાપ્તિ, શત્રુનો નાશ તથા કીર્તિનો વધારો કરે છે. ॥ ૩ ॥

पशोःपीडनंतुर्यसंस्थे रवौचकृषेःकर्म्मणांहानिरत्यंतपीडा ॥
नृपाद्भीतिकष्टंभवेन्मातृपीडोदरेहृद्यपिस्यात्प्रपीडाब्दमध्ये ॥ ४ ॥

અર્થ:—સૂર્ય ચોથા સ્થાનમાં હોયતો પશુઓને પીડા, ખેતીના કામમાં હાની (નુકશાન), અત્યંત પીડા, રાજાથી ભય, માતાના શરીરે પીડા તથા પેટમાં અને હૃદયમાં પીડા કરે છે. ॥ ૪ ॥

दिनेशेसुतस्थेसुतांगेषुपीडा सुबुद्धेश्च हानिर्विवादोजनानाम् ॥
भवेच्छोकमोहादि चांगेषुरोगंधनार्तिश्चभूपाद्भयंतद्दशायाम् ॥ ५ ॥

અર્થ:—સૂર્ય પાંચમા સ્થાનમાં હોયતો પુત્રોના શરીરમાં પીડા, શ્રેષ્ઠ બુદ્ધિનો નાશ, મનુષ્યોની સાથે લડાઈ, શોક, મોહ, શરીરમાં રોગ, ધનનો નાશ, અને રાજાથી ભય આ સર્વ ફળ એની દશામાં આપે છે. ॥ ૫ ॥

रिपूणांविनाशोरुजोमातृपक्षेरवौषष्ठसंस्थेसुखाप्तिर्जनानाम् ॥
नृपान्मित्रपक्षाज्जयःस्वार्थलाभोभवेद्द्रव्यलाभःक्रयेविक्रयेपि ॥ ६ ॥

અર્થ:—સૂર્ય છઠ્ઠા સ્થાનમાં હોયતો શત્રુઓનો નાશ, માતૃ-

પક્ષ અર્થાત્ મામાના કુળમાં પીડા, સ્વજનોને સુખની પ્રાપ્તિ, રાજા તથા મિત્ર પક્ષથી જય, પોતાના પૈસાનો લાભ, તથા ક્રય-વિક્રય વ્યવહારમાં પણ ધનનો લાભ કરે છે. ॥ ૬ ॥

कलत्रेर्कसंस्थेकलत्रांगपीडास्वकीयांगपीडातथातद्दशायाम् ॥
शिरोर्तिश्चमार्गाद्भयंवैविवादोगुदेपादयोःपीडनंवर्षमध्ये ॥ ७ ॥

અર્થ:—સૂર્ય સાતમા સ્થાનમાં હોયતો વર્ષપ્રવેશમાં તથા તેની દશામાં સ્ત્રીના શરીરે તથા પોતાના શરીરે પીડા, માથામાં પીડા, માર્ગમાં ભય, વિવાદ, તથા ગુદા (ગાંડ) અને પગોમાં પીડા કરે છે. ॥ ૭ ॥

रवौचाष्टमेबंधुदुःखंचकष्टंयशोपद्रवोव्याधिशोकंधनार्तिः ॥
कलत्रांगपीडासुतस्यांगरोगोव्रणं वातपीडाभवेद्वर्षमध्ये ॥ ८ ॥

અર્થ:—સૂર્ય આઠમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં ભાઇઓનું દુઃખ, શરીરમાં પીડા, યશની હાની, વ્યાધિ, શોક, (દીલગીરી) ધનનો નાશ, સ્ત્રીના શરીરમાં પીડા, પુત્રના શરીરમાં પીડા, તથા પોતાના શરીરમાં વ્રણ અર્થાત્ ફોલ્લા અને વાયુ પ્રકોપ કરે છે. ૮

धर्मस्थितोर्कश्चसहोदराणांपीडाकरःक्लेशविवर्द्धनश्च ॥
धर्मप्रदोराज्ययशःप्रदः स्यात्तद्वर्षमध्येस्वदशांगतश्चेत् ॥ ९ ॥

અર્થ:—સૂર્ય નવમા સ્થાનમાં હોયતો વર્ષમાં સૂર્યની દશા-માં ભાઇઓને કષ્ટ, કલેશનો વધારો, ધર્મનો વધારો, અને રાજ્ય તરફથી યશ મળે છે. ॥ ૯ ॥

यदादिनेशोगगनाश्रितःस्याद्राज्यार्थदोमानविवर्द्धनश्च ॥
हिरण्यभूम्यंबरलाभकारीचतुष्पदांगेषुरुजोविवृद्धिः ॥ १० ॥

અર્થ:—સૂર્ય દશમા સ્થાનમાં હોયતો રાજાથી ધનનો લાભ, અને માનનો વધારો થાય છે. સુવર્ણ, ભૂમિ, તથા સુંદર વસ્ત્રોનો લાભ, અને પશુઓને પીડા કરે છે. ॥ ૧૦ ॥

रवौलाभगेलाभकारीनृपःस्याद्धनाप्तिश्चधान्यांबरंवैहिरण्यम् ॥
विलासादिसौख्यंरिपूणांविनाशःसुतस्यांगपीडाभवेदत्रवर्षे ॥ ११ ॥

અર્થ:—સૂર્ય અગીઆરમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં રા-

જાથી લાભ, ધનની પ્રાપ્તિ, ધાન, વસ્ત્ર, અને સુવર્ણની પ્રાપ્તિ, વિલાસ અર્થાત્ સ્ત્રીસંભોગનું સુખ, શત્રુનો નાશ, અને પુત્રના શરીરમાં પીડા કરે છે. ॥ ૧૧ ॥

व्ययस्थितश्चेत्खलुभास्करोऽसौस्त्रीविग्रहोद्वेगकृतांघ्रिरोगकृत् ॥
व्ययंचशीर्षोदरनेत्रपीडांकरोतिचिंतां रिपुभिर्विवादम् ॥ १२ ॥

અર્થ:—સૂર્ય બારમા સ્થાનમાં હોયતો સ્ત્રીના શરીરમાં પીડા, પગોમાં પીડા, ધનનો ખર્ચ, માથામાં પેટમાં અને નેત્રોમાં પીડા, ચિંતા અર્થાત્ ફીકર અને શત્રુઓની સાથે વિવાદ કરાવે છે.॥૧૨॥

चन्द्रफलम्.

तनुगतोननुचेद्रजनीकरोविकलताकफकृज्ज्वरपीडनम् ॥
भवतिपापखगान्वितदृग्यदातनुविनाशकरोबहुलव्ययः ॥ १ ॥

અર્થ:—જે પુરૂષની વર્ષ લગ્નની કુંડળીમાં ચંદ્રમા પહેલા સ્થાનમાં પડેલો હોયતો ચિત્તમાં વિકળતા, કફ અને તાવની પીડા કરે છે, અને જો પાપ ગ્રહોથી યુક્ત હોય અથવા પાપ ગ્રહોથી દ્રષ્ટ હોયતો શરીરનો નાશ તથા ખર્ચનો વધારો કરે છે. ॥ ૧ ॥

कुटुंबाज्जयंमित्रपक्षाच्चलाभंधनाढ्यंधनस्थःशशांकःप्रकुर्यात् ॥
रिपूणांविनाशंतथानेत्रपीडाभवेदब्दमध्येनृपात्सौख्यकारी ॥ २ ॥

અર્થ:—ચંદ્રમા ધનસ્થાન અર્થાત્ બીજા સ્થાનમાં હોયતો કુટુંબથી જય, મિત્રપક્ષથી લાભ, ધનની પ્રાપ્તિ, શત્રુઓનો નાશ, નેત્રોમાં પીડા તથા રાજાથી સુખની પ્રાપ્તિ કરે છે. ॥ ૨ ॥

तृतीयेस्थितःशीतरश्मिर्यदास्यात्तदासोदराणांभवेत्सौख्यकारी ॥
धनाप्तिंचपुण्योदयंगुप्तसौख्यंप्रतिष्ठाविवृद्धिंकरोतीहवर्षे ॥ ३ ॥

અર્થ:—ચંદ્રમા ત્રીજા સ્થાનમાં પડેલો હોયતો તે વર્ષમાં ભાઇઓથી સુખની પ્રાપ્તિ, ધનની પ્રાપ્તિ, પુણ્યનો ઉદય અને ગુપ્ત સુખ તથા પ્રતિષ્ઠાની વૃદ્ધિ કરે છે. ॥ ૩ ॥

शशाङ्केचतुर्थेचभूपाज्जयःस्यात्कृषेःकर्मणांलाभवान्स्यात्सुखीच ॥
धनाप्तिःक्रयेविक्रयेचाब्दमध्येसुखंवाहनानांरिपोर्नाशनंच ॥ ४ ॥

અર્થ:—ચંદ્રમા ચોથા સ્થાનમાં હોયતો તે વર્ષમાં રાજાથી જયની પ્રાપ્તિ, ખેતીના કામમાં લાભ, અને સુખની પ્રાપ્તિ, ક્રયવિક્રય અર્થાત્ વ્યાપારરોજગારમાં લાભ, વાહનોનું સુખ તથા શત્રુઓનો નાશ કરે છે. ॥ ૪ ॥

सुतस्थानगोरात्रिनाथःस्वबुद्ध्याजयंमित्रपक्षाच्चलाभंकरोति ॥
सुतांगेषुपीडाभवेत्पापदृष्टिः सुतस्याप्तिसौख्यंयदासौम्यदृष्टिः ॥ ५ ॥

અર્થ:—જો ચંદ્રમા પાંચમા સ્થાનમાં હોયતો તે પોતાની બુદ્ધિથી જયની પ્રાપ્તિ તથા મિત્રપક્ષથી લાભ કરે છે. અને જો પાપગ્રહોની દૃષ્ટિ હોયતો પુત્રોના શરીરે પીડા કરે તથા શુભ ગ્રહોની દૃષ્ટિ હોયતો પુત્રોને શરીરે સુખ કરે છે. ॥ ૫ ॥

अरिस्थानगोरात्रिनाथोरिपूणांविवादोविरोधोभवेन्नेत्रपीडा ॥
व्ययंव्यग्रतांगुप्तचिंतांतनोतिकलत्रांगपीडांकरोतीहवर्षे ॥ ६ ॥

અર્થ:—ચંદ્રમા છઠ્ઠા સ્થાનમાં હોયતો તે વર્ષમાં શત્રુઓથી ઝઘડો અને વિરોધ, નેત્રોમાં પીડા, ધનનો ખર્ચ, વિકળતા મનમાં સંકલ્પ વિકલ્પ ગુપ્ત ચિંતા અને સ્ત્રીના શરીરે પીડા કરે છે. ॥૬॥

कलत्रेशशांकोयदापापदृष्टोज्वरंवातपीडाभयंदारुणंच ॥
कलत्रांगपीडाकफोत्पत्तिबाधाससौम्यान्वितोद्रव्यलाभंकरोति ॥७॥

અર્થ:—ચંદ્રમા સાતમા સ્થાનમાં હોય તેને પાપ ગ્રહો જોતા હોય તો જવર (તાવ), વાયુનીપીડા, દારૂણભય, સ્ત્રીના શરીરમાં પીડા, કફની ઉત્પત્તિ કરે છે. અને જો શુભ ગ્રહોની દૃષ્ટિ હોયતો ધનનો લાભ કરે છે. ॥ ૭ ॥

निधनगतशशांकःकष्टवंतंकरोतिज्वरवमनविकारंचोदरेगुप्तपीडाम् ॥
भवतिकफविकारोनेत्ररोगांगभंगोजलभयमरिवादोद्रव्यनाशोब्दमध्ये

અર્થ:—ચંદ્રમા આઠમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં કષ્ટ

હોય, તાવ, વમન, હૃદયમાં ગુપ્ત પીડા, કફનો વિકાર, નેત્રને વિષે રોગ, અંગનું ભાંગવું, જળથી ભય, શત્રુઓથી વિવાદ, અને ધનનો નાશ આ સર્વ કરે છે. ॥ ૮ ॥

पुण्योदयं धर्मगतःशशांको भाग्योदयंचार्थसमागमंच ॥
स्वगेहसौख्यंचरिपोर्विनाशंव्यापारसौख्यंचकरोतिवर्षे ॥ ९ ॥

અર્થ:—ચંદ્રમા નવમાં સ્થાનમાં હોયતો તે વર્ષમાં પુણ્યનો ઉદય, ભાગ્યનો ઉદય, ધનની પ્રાપ્તિ, પોતાના ઘરનું સુખ, શત્રુઓનો નાશ તથા વ્યાપારથી પણ સુખ કરે છે. ॥ ૯ ॥

कर्मोदयंप्रकुरुतेगगनेशशांको द्रव्यागमंनृपकुलाद्रिपुपक्षनाशम् ॥
व्यापारतोबहुसुखंमहतींप्रतिष्ठांकीर्तिप्रवर्द्धनसुतांबरलाभमाशु ॥१०॥

અર્થ:—ચંદ્રમા દશમા સ્થાનમાં હોયતો તે કર્મ અર્થાત્ પ્રારબ્ધનો ઉદય, રાજ્યદ્વારા ધનની પ્રાપ્તિ, શત્રુઓનો નાશ, વ્યાપારથી ઘણુંજ સુખ, અધિક પ્રતિષ્ઠા, કીર્તિ અર્થાત્ યશની વૃદ્ધિ, પુત્ર તથા વસ્ત્રનો લાભ કરે છે. ॥ ૧૦ ॥

रिपोर्नाशनंलाभसंस्थेशशांके बहुद्रव्यलाभंक्रयेविक्रयेऽपि ॥
नृपात्सौख्यलाभंसुतस्यागमंचप्रतिष्ठाविवृद्धिर्भवेद्धायनेस्मिन् ॥११॥

અર્થ:—ચંદ્રમા અગીઆરમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં શત્રુઓનો નાશ, વ્યાપાર રોજગારમાં અધિક ધનનો લાભ, રાજાથી સુખ, ધનનો લાભ, પુત્રની પ્રાપ્તિ, અને પ્રતિષ્ઠાનો વધારો કરે છે.૧૧

शशांकोव्ययस्थोरिपूणांप्रपीडातथासद्व्ययंनेत्ररोगंकरोति ॥
विवादंजनानांमहाकष्टसाध्यंकफार्तिश्चगुल्मोदयंतत्रवर्षे ॥ १२ ॥

અર્થ:—ચંદ્રમા બારમા સ્થાનમાં હોયતો તે શત્રુઓથી પીડા, શુભ માર્ગમાં ધનનો ખર્ચ, નેત્રરોગ, મનુષ્યોની સાથે વિવાદ, મહાકષ્ટ સાધ્ય, કફનો રોગ અને ગુલ્મરોગની ઉત્પત્તિ કરે છે. ॥ ૧૨ ॥

भौमफलम्.

धरणितनयलग्नेस्याद्व्रणंवातपीडाभवतिरिपुविवादोनेत्रशीर्षेचरोगः॥
ज्वरवमनविकारंचांगनानांचकष्टंनृपभयमथलौहादग्नितोवाभयंच॥१॥

અર્થ:—મંગળ લગ્નસ્થાન અર્થાત્ પહેલા સ્થાનમાં પડયો હોયતો તે વ્રણ અર્થાત્ ઘા ફોલ્લા, વાયુનીપીડા, શત્રુઓની સાથે વિવાદ, નેત્ર અને માથાને વિષે રોગ, જવર (તાવ), વમન (ઉલટી) નો વિકાર, સ્રીને કષ્ટ, રાજાથી ભય, અગ્નિ તથા લોઢાથી ભય કરે છે. ॥ ૧ ॥

धनस्थोधरण्यात्मजोद्रव्यनाशंशिरोर्तिजनानांविरोधंप्रकुर्यात् ॥
तथासर्पवह्न्योर्भयंशोकमोहौकलत्रेऽक्षिरोगंकरोतीहवर्षे ॥ २ ॥

અર્થ:—મંગળ બીજા સ્થાનમાં પડયો હોયતો તે વર્ષમાં દ્રવ્યનો નાશ, માથાને વિષે પીડા, મનુષ્યોથી વિરોધ (લડાઈ) કરે છે. તથા સર્પ અને અગ્નિથી ભય, શોક, મોહ, સ્રીની આંખોમાં રોગ કરે છે. ॥ ૨ ॥

तृतीयस्थितेक्ष्मासुतेबांधवानांभवेदंगकष्टंसुखंवाहनानाम् ॥
रिपूणांविनाशस्तथाद्रव्यलाभोनृपान्मित्रपक्षाज्जयोहायनेस्मिन्॥३॥

અર્થ:—મંગળ ત્રીજા સ્થાનમાં હોયતો તે વર્ષમાં ભાઈઓના શરીરમાં કષ્ટ, વાહનોનું સુખ, શત્રુઓનો નાશ, ધનનો લાભ, રાજા અને મિત્ર પક્ષથી જય કરે છે. ॥ ૩ ॥

चतुर्थेकुजोवह्निपीडाव्रणार्तिःपशोःपीडनंव्यग्रतांक्लेशकष्टम् ॥
कृषेःकर्मणांहानिमप्येवकुर्यात्क्रयेविक्रयेचाब्दमध्येतथैव ॥ ४ ॥

અર્થ:—મંગળ ચોથા સ્થાનમાં હોયતો તે વર્ષમાં અગ્નિનો ભય, વ્રણ (ઘા, ફોલ્લા)નો રોગ, પશુઓને પીડા, વિકળતા, કલેશ, કષ્ટ, ખેતી તથા વ્યાપારમાં હાની કરે છે. ॥ ૪ ॥

सुतानांप्रपीडाकुजेपंचमस्थेरिपूणांविवादोभवेद्व्यग्रताच ॥
स्वबुद्धेर्विनाशोभवेच्चाग्निघातःसशोकोदरेगुप्तपीडाब्दमध्ये ॥ ५ ॥

અર્થઃ—મંગળ પાંચમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં પુત્રોના શરીરમાં પીડા, શત્રુઓથી વિવાદ, વિકળતા, પોતાની બુદ્ધિનો નાશ, અગ્નિથી ભય, શોક અને પેટમાં ગુપ્ત પીડા કરે છે. ॥૫॥

कुजःषष्ठगःशत्रुनाशंकरोतिस्वभूपाज्जयंमित्रपक्षाच्चलाभम् ॥
हयानांचसौख्यंभवेदंगनानांसुखंहायनेस्मिन्दशायांचतस्य ॥ ६ ॥

અર્થઃ—મંગળ છઠ્ઠા સ્થાનમાં હોયતો તે વર્ષમાં અને તેની દશામાં શત્રુઓનો નાશ, પોતાના રાજાથી જય, મિત્રપક્ષથી લાભ, ઘોડાનું સુખ તથા સ્ત્રીઓનું સુખ મળે છે. ॥ ૬ ॥

कलत्रेस्थितेस्यात्सुतस्त्रीषुरोगस्तथाचात्मनोमार्गतःक्लेशकष्टम् ॥
तथावैरिपूर्णाविवादोजनानांदशानेष्टकारीभवेद्धायनेऽस्मिन् ॥ ७ ॥

અર્થઃ—મંગળ સાતમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં પુત્ર અને સ્ત્રીના શરીરમાં રોગ, માર્ગમાં ક્લેશ અને સંકટ, શત્રુઓની સાથે વિવાદ કરે છે. અને મનુષ્યોને તેની દશા પણ અશુભ ફળ આપે છે.૭

कुजेचाष्टमेशत्रुपीडांगकष्टंव्रणस्योदयश्चांगनानांचरोगः ॥
धनानांविनाशोभवेच्छस्त्रघातस्तथाव्यग्रतागुप्तचिंतानरस्य ॥ ८ ॥

અર્થઃ—મંગળ આઠમા સ્થાનમાં હોયતો તે શત્રુ તરફની પીડા, શરીરને વિષે કષ્ટ, વ્રણરોગની ઉત્પત્તિ, સ્ત્રી શરીરે રોગ, ધનનો નાશ, શસ્ત્રઘાત, વિકળતા તથા ગુપ્ત (માનસીક) ચિંતા કરાવેછે. ૮

धर्मस्थितेभूमिसुतेचवर्षेपुण्योदयोवित्तसमागमश्च ॥
भाग्योदयोमानविवर्द्धनंच महाप्रतिष्ठाबहुलश्चलाभः ॥ ९ ॥

અર્થઃ—મંગળ નવમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં પુણ્યનો ઉદય, ધનનો લાભ, ભાગ્યનો ઉદય, માનનો વધારો, મોટી પ્રતિષ્ઠા અને ઘણોજલાભ કરે છે. ॥ ૯ ॥

कर्मस्थितोभूतनयोऽब्दमध्येकर्मोदयंचार्थसमागमंच ॥
राज्यार्थलाभंचमहाप्रतिष्ठांकरोतिमानंसुखसंपदश्च ॥ १० ॥

અર્થઃ—મંગળ દશમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં કર્મ અથાત્

ભાગ્યનો ઉદય, ધનની પ્રાપ્તિ, રાજ્ય તરફથી દ્રવ્યનો લાભ, અધિક પ્રતિષ્ઠા, માન, સુખ અને સંપત્તિની પ્રાપ્તિ કરે છે. ॥ ૧૦ ॥

अवनितनयलाभेराज्यसौख्यागमश्चभवतिरिपुविनाशोमित्रपक्षाज्जयश्च॥
हयगजसुहिरण्यंप्राप्यतेचांबराणितनयसुखविलासोजायतेस्मिंश्चवर्षे॥११

અર્થઃ—મંગળ અગીઆરમા સ્થાનમાં હોય તો રાજ્યથી સુખની પ્રાપ્તિ, શત્રુઓનો નાશ, મિત્ર પક્ષથી જય, ઘોડા, હાથી, સુવર્ણ તથા વસ્ત્રની પ્રાપ્તિ અને પુત્રનું સુખ કરે છે. ॥ ૧૧ ॥

व्ययश्चापदाभूमिपुत्रेव्ययस्थेभवेन्नेत्रपीडाचकर्णेविकारः ॥
शिरोर्तिर्जनानांविवादस्तथास्यात्कलत्रांगचिंताभवेत्तत्रवर्षे ॥ १२ ॥

અર્થઃ—જે વર્ષમાં મંગળ બારમાસ્થાનમાં હોય તે વર્ષમાં આપત્તિ, નેત્રોમાં પીડા, કાનમાં રોગ, માથામાં પીડા, મનુષ્યોની સાથે લડાઇ તથા સ્ત્રીના શરીરમાં ચિંતા કરે છે. ॥ ૧૨ ॥

बुधफलम्.

रजनिकरसुतःस्याल्लग्नगोहायनेस्मिनबहुलबलवृ-
द्धियोंषितांचापिसौख्यम् ॥ भवतिरिपुविनाशोभूपप-
क्षाच्चलाभोधनजयसुखकारोमित्रलाभंकरोति ॥ १ ॥

અર્થઃ—જે વર્ષમાં લગ્નસ્થાનમાં બુધ હોયતો તે બળનો વધારો કરે, સ્ત્રીઓનું સુખ, શત્રુઓનો નાશ, રાજ્ય તરફથી લાભ, ધનની વૃદ્ધિ, જય, સુખ અને મિત્રલોકો તરફથી લાભ કરે છે. ૧

धनस्थोयदिस्यात्सुतःशीतरश्मेर्भवेद्द्रव्यलाभःकुटुंबाज्जयश्च ॥
रिपोर्नाशनंमानकीर्त्योश्चवृद्धिःप्रतिष्ठाधिकाहायनेस्मिन्सुखंच ॥२॥

અર્થઃ—જો ધનસ્થાનમાં બુધ હોય તો દ્રવ્યનો લાભ,કુટુંબથી જયની પ્રાપ્તિ, શત્રુનો નાશ, માન અને કીર્તિનો વધારો, અધિક પ્રતિષ્ઠા, અને સુખની પ્રાપ્તિ આ સર્વ ફળ આ વર્ષમાં કરે છે. ॥ ૨ ॥

शशिसुतश्चतृतीयगतोयदासकलतापविनाशकरस्तदा ॥
भवतिमानविवृद्धिरथोयशःसुतसुखंप्रकरोतिधनागमम् ॥ ३ ॥

અર્થ:—બુધ ત્રીજા સ્થાનમાં હોય તો તે સંપૂર્ણ સંતાપને દૂર કરે છે. અને એ વર્ષમાં માન અને યશની વૃદ્ધિ, તથા પુત્રનું સુખ અને ધનનો લાભ કરે છે. ॥ ૩ ॥

बुधश्चतुर्थःप्रकरोतिसौख्यंद्रव्यागमंमित्रसमागमंच ॥
गोभूहिरण्यादिसमागमंचमहासुखंवाहनमत्रवर्षे ॥ ४ ॥

અર્થ:—જે વર્ષમાં બુધ ચોથાસ્થાનમાં પડ્યો હોય તો તે સુખની પ્રાપ્તિ, ધનનો આગમન, મિત્રનો સમાગમ, ગાય, પૃથ્વી, સુવર્ણ આદિનો લાભ, તથા વાહનાદિકથી અધિક સુખ મળે છે. ॥ ૪ ॥

सुतभवनगतश्चेत्सोमपुत्रःसुतानांप्रसवसुखकरःस्यादर्थलाभप्रदश्च ॥
भृतकजनसुखंस्याद्धेमसस्यांबराणांसुखमपिनृपपक्षान्मित्रपक्षाज्जयश्च ५

અર્થ:—બુધ પાંચમા સ્થાનમાં હોય તો તે પુત્રોત્પત્તિ અને સુખ કરે છે, ધનનો લાભ કરે, ભૃત્ય અર્થાત્ સેવકોથી સુખની પ્રાપ્તિ, સુવર્ણની પ્રાપ્તિ, ખેતીમાં લાભ, વસ્ત્રોનો લાભ, તથા મિત્રો તરફથી જયની પ્રાપ્તિ કરે છે. ॥ ૫ ॥

रिपुस्थानसंस्थोरिपूणांविवादोभवेदंगनानांचकष्टंकरोति ॥
व्ययंव्यग्रतांस्वेशरीरेचरोगंकफार्तिमहत्कष्टमप्यत्रवर्षे ॥ ६ ॥

અર્થ:—બુધ છઠ્ઠાસ્થાનમાં હોય તો તે શત્રુઓથી વિવાદ, સ્ત્રીઓને કષ્ટ, અને આ વર્ષમાં ખર્ચનો વધારો, ચિત્તમાં ગભરાટ; શરીરમાં રોગ, કફની પીડા તથા મહાન્ કષ્ટ કરે છે. ॥ ૬ ॥

शशांकात्मजेसप्तमस्थेंगनानांविलासादिसौख्यंभवत्यत्रवर्षे ॥
प्रतिष्ठाधिकारोहिरण्यांबराप्तिर्जयः सर्वदातद्दशायांतथैव ॥ ७ ॥

અર્થ:—બુધ સાતમા સ્થાનમાં રહેલો હોય તો તે વર્ષમાં સ્ત્રીઓની સાથે ભોગ વિલાસનું સુખ, પ્રતિષ્ઠાનો વધારો, સુવર્ણ અને વસ્ત્રોનો લાભ, તથા સર્વદા જય કરે છે. ॥ ૭ ॥

निशानाथपुत्रोयदारंध्रसंस्थोनरंमृत्युतुल्यंकफार्तिंकरोति ॥
ज्वराणांप्रकोपोभवेन्नेत्रपीडाभयंव्यग्रताहायनेतद्दशायाम् ॥ ८ ॥

અર્થઃ—જો બુધ આઠમાસ્થાનમાં હોયતો તે વર્ષમાં તથા તેની દશામાં તે મનુષ્ય કફની પીડાથી યુક્ત મૃત્યુ તુલ્ય થાય છે. જવર (તાવ) નો પ્રકોપ; નેત્રને વિષે પીડા, તથા ચિત્તને વિષે વિકળતા કરે છે. ॥ ૮ ॥

धर्मस्थितःशशिसुतःसुतलाभसौख्यमर्थागमंसततमंगलमाशुकुर्यात् ॥
भूपाज्जयोभवतिकीर्तिविवर्द्धनंचभाग्योदयोरिपुविनाशमपीहवर्षे ॥९॥

અર્થઃ—બુધ નવમા સ્થાનમાં હોય તો તે પુત્રનો લાભ તથા સુખ કરે છે. ધનનો લાભ, સર્વદા મંગળ કાર્યની પ્રાપ્તિ, રાજ્યથી જય, યશનો વધારો, ભાગ્યનો ઉદય, તથા શત્રુનો નાશ પણ કરે છે.

गगनगःशशिजोयदिहायनेभवतिवाहनसौख्यकरस्तदा ॥
सुतविवृद्धिरथापिधनागमोविलसनंचतथानृपतेर्जयः ॥ १० ॥

અર્થઃ—જે વર્ષમાં બુધ દશમા સ્થાનમાં હોય તો તે વાહનનું સુખ, સંતાનનો વધારો, ધનનો લાભ, સ્ત્રીઓથી ભોગવિલાસ, તથા રાજ્યથી જય કરે છે. ॥ ૧૦ ॥

लाभाश्रितःशशिसुतोजयसंपदश्चधान्यांबराणिबहुलानिकरोत्यवश्यम्॥
कीर्तेर्विवर्द्धनमनोर्थसमागमश्चस्याद्धायनेपशुविवर्द्धनमत्रलाभः॥११॥

અર્થઃ—જે વર્ષમાં બુધ અગીઆરમાં સ્થાનમાં પડયો હોય તો તે વર્ષમાં વિજયની પ્રાપ્તિ, સંપત્તિ, ધાન અને વસ્ત્રની વિશેષ પ્રાપ્તિ તથા લાભ કરે છે. કીર્તિનો વધારો, મનોરથ સિદ્ધ, તથા પશુઓ-નો વધારો અને લાભ કરે છે. ॥ ૧૧ ॥

बुधेद्वादशस्थेरिपूणां विवादोव्ययेगुप्तचिंताचकर्णेविकारः ॥
दशानेष्टकारीभवेन्नेत्रपीडाकफार्तिश्चकष्टंतथाहायनेस्मिन् ॥ १२ ॥

અર્થઃ—બુધ બારમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં શત્રુઓથી

વિવાદ, ખર્ચનો વધારો, ગુપ્ત ચિંતા, કાનમાંરોગ, નેત્રને વિષે પીડા, કફથી વ્યાધિ, તથા કષ્ટ કરે છે. ॥ ૧૨ ॥

गुरुफलम्

जीवेलग्नगतेहयांबरसुखंप्राप्नोतिवृद्धिपरां
राज्यात्सौख्यसमागमंचबहुलव्यापारतश्चोदयः ॥
कीर्तिश्चापिविवर्धनंरिपुजनोनश्यंत्यवश्यंतथा
जायासौख्यमथापिमौक्तिकधनंहेम्नश्चलाभोभवेत् ॥ १ ॥

અર્થ:—લગ્નસ્થાનમાં ગુરૂ પડેલો હોયતો તે ઘોડા તથા વસ્ત્રોની પ્રાપ્તિ, રાજાથી સુખ અને સમાગમ, વ્યાપારનો વધારો, કીર્તિનો વધારો, શત્રુઓનો નાશ, સ્ત્રીનું સુખ, મોતી, ધન અને સુવર્ણનો લાભ કરે છે. ॥ ૧ ॥

कुटुंबराशौचगतेसुरेज्येधनादिभोगाँल्लभतेमनुष्यः ॥
चतुष्पदानांचसमागमःस्यात्तद्धायनेभूपजनाच्चलाभः ॥ २ ॥

અર્થ:—જેના ધન (બીજા) સ્થાનમાં ગુરૂ હોયતો તે વર્ષમાં તે માણસ ધન ધાન્યાદિકનો લાભ પામે, ચોપગાં પશુઓની પ્રાપ્તિ, તથા રાજાથી લાભ પામે છે. ॥ ૨ ॥

तृतीयसंस्थःसुरराजमंत्रीभूपाज्जयंकीर्तिविवर्द्धनंच ॥
सस्यांबराणांचतथाधनानांकरोतिवृद्धिंमहतींचवर्षे ॥ ३ ॥

અર્થ:—ગુરૂ ત્રીજાસ્થાનમાં હોય તો તે રાજાથી જયની પ્રાપ્તિ, યશની વૃદ્ધિ, ખેતી, વસ્ત્ર તથા ધન આ સર્વની એ વર્ષમાં અધિક વૃદ્ધિ કરે છે. ॥ ૩ ॥

सुरेज्येःसुखस्थेसुखंवाहनानांक्रयेविक्रयेलाभकारीजनस्य ॥
भवेद्भूपपक्षाज्जयोहायनेऽस्मिन्महालाभदःस्यात्कृषेःकर्मणश्च ॥४॥

અર્થ:—ચોથાસ્થાનમાં ગુરૂ હોયતો તે વર્ષમાં મનુષ્યને

વાહનોનું સુખ, વ્યાપારને વિષે લાભ, રાજાથી જય, અને ખેતીના કામમાં અધિક લાભ મળે છે. ॥ ૪ ॥

सुतस्थानगोदेवमंत्रीसुतानांविवृद्धिःस्वबुद्ध्याजयोहायनेस्मिन् ॥
रिपूणांविनाशःसुखंचेष्टभोगांस्तथागोहिरण्याम्बराप्तिंकरोति ॥५॥

અર્થઃ—ગુરૂ પાંચમા સ્થાનમાં હોયતો તે વર્ષમાં પુત્રોની વૃદ્ધિ, પોતાની બુદ્ધિના બળથી સર્વ જગાએ જય, શત્રુઓનો નાશ, સુખ, મનોવાંછીત ભોગ તથા ગાય, સુવર્ણ અને સારાં સારાં વસ્રોનો લાભ કરે છે. ॥ ૫ ॥

कष्टंरिपूणांरिपुगःसुरेज्योभयार्तिदोषान्कुरुतेनराणाम् ॥
भार्यांगपीडामथनेत्ररोगज्वरातिसारंप्रकरोतिवर्षे ॥ ६ ॥

અર્થઃ—ગુરૂ છઠ્ઠાસ્થાનમાં હોય તો તે મનુષ્યને શત્રુઓનું દુઃખ, ભયની પીડા, સ્રીના શરીરમાં પીડા, નેત્રને વિષેરોગ, જ્વર અને અતિસાર કરેછે. ॥ ૬ ॥

कलत्रेसुरेज्येकलत्राज्जनस्यसुखंनिर्भयंशत्रुनाशंकरोति ॥
सुखंवाहनानांविलासादिकंचनृपाल्लब्धलक्ष्मीर्भवेद्धायनेस्मिन् ॥७॥

અર્થઃ—ગુરૂ સાતમા સ્થાનમાંહોયતો તે મનુષ્યને સ્રીનાસુખની પ્રાપ્તિ, નિર્ભયતા, શત્રુનો નાશ. વાહનોનું સુખ. ભોગવિલાસાદિ તથા રાજાથી લક્ષ્મીની પ્રાપ્તિ કરેછે. ॥ ૭ ॥

ज्वरवमनकफार्तिर्नैधनस्थेसुरेज्येबहुलकठिनरोगःकर्णयोर्नेत्रयोश्च ॥
भवतिभयमरीणामंगनांगेषुकष्टंव्रणकृतबहुपीडाहायनेस्मिन्नराणाम्॥८॥

અર્થઃ—ગુરૂ આઠમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં જ્વરની પીડા, વમન (ઊલટી) અને કફની પીડા કરે છે. કાન અને નેત્રોને વિષે વધારે પીડા, શત્રુઓનો ભય, સ્રીઓના શરીરમાં કષ્ટ, વ્રણ અર્થાત્ ઘા, ફોલ્લા આદિની મનુષ્યને અધિક પીડા કરે છે. ॥૮॥

वाचस्पतिर्धर्मगतोनराणांकरोतिधर्मं बहुलंसुखंच ॥
भाग्योदयंचार्थसमागमंचतीर्थाटनंपुण्यमतिंप्रकुर्यात् ॥ ९ ॥

અર્થ:—ગુરૂ નવમાસ્થાનમાં હોય તો તે માણસોને ધર્મનો વધારો, સુખનો વધારો, ભાગ્યનો ઉદય, ધનનો લાભ, તીર્થાટન આ સર્વનો લાભ કરેછે તથા પુણ્ય કરવાની બુદ્ધિ થાયછે. ॥૯॥

व्योम्निस्थितश्चेत्सुरराजमंत्रीहेमांबराप्तिंचजयंकरोति ॥
भूपप्रसादात्क्षितिगोधनाप्तिःस्याद्वायनेशत्रुविनाशनंच ॥ १० ॥

અર્થ:—ગુરૂ દશમાસ્થાનમાં હોય તો તે વર્ષમાં સુવર્ણ અને વસ્ત્રની પ્રાપ્તિ, અને જય કરેછે, રાજાની પ્રસન્નતાથી પૃથ્વી, ગાય અને ધનનો લાભ તથા શત્રુઓનો નાશ થાય છે. ॥૧૦॥

जयोनानमानांसुरेज्येचलाभेभवेद्गजजानांहयानांचलाभः ॥
सुतस्योदयोजायतेशत्रुनाशःप्रतिष्ठाविवृद्धिःसुतस्यापिसौख्यम् ॥११॥

અર્થ:—અગીઆરમા સ્થાનમાં ગુરૂ હોય તો તે માણસને જય તથા હાથી ઘોડાનો લાભ, પુત્રની ઉત્પત્તિ, શત્રુઓનો નાશ, પ્રતિષ્ઠાનો વધારો અને પુત્રનું સુખ આ સર્વ ફળ મળે છે. ॥૧૧॥

रिःफेस्थितःसुरगुरुर्बहुलव्ययथाकृत्कष्टप्रवादनृपभीतिकरोतिवर्षे ॥
नेत्रांगपीडनकफार्तिजनप्रवादंहानिर्भयंभवतिशोकविकारकारी ॥१२॥

અર્થ:—ગુરૂ બારમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં ઘણીજ આપત્તિ, કષ્ટ, રાજાનો ભય, નેત્ર અને શરીરને વિષે પીડા, કફનો રોગ, માણસો સાથે લડાઇ, હાની, ભય, શોક અને વિકાર ઇત્યાદિ થાય છે. ॥ ૧૨ ॥

शुक्रफलम्.

तनुस्थानगोभार्गवश्चेदिहस्यात्प्रतिष्ठाविशेषंसमृद्ध्यागमंच ॥
रिपूणांविनाशंतथाभूपमानंजयंभूषणादीन्नराणांकरोति ॥ १ ॥

અર્થ:—વર્ષ કુંડળીમાં જો પહેલા સ્થાનમાં શુક્ર પડેલો હોય તો તે પ્રતિષ્ઠાનો વધારો, સંપત્તિનો લાભ, શત્રુઓનો નાશ, રાજાથી સન્માન, વિજય તથા આભૂષણોની પ્રાપ્તિ કરેછે. ॥૧॥

धनस्थेकवौधान्यलाभोधनाप्तिर्भवेन्म्लेच्छजात्याःसुखंसंपदश्च ॥
नरोराजतुल्योभवत्यत्रवर्षेपशूनांहयानांगृहेस्यात्सुखंच ॥ २ ॥

અર્થઃ—બીજા સ્થાનમાં શુક્ર હોય તો તે વર્ષમાં ધાનનો લાભ, ધનની પ્રાપ્તિ, મ્લેચ્છ (યવનાદિ) જાતીથી સુખ અને સંપત્તિની પ્રાપ્તિ તે મનુષ્ય રાજાની બરોબર અર્થાત્ જ્ઞાતી અને દેશમાં અધિક પ્રતિષ્ઠાવાળો તથા પશુ અને ઘોડાનું સુખ કરે છે. ॥ ૨ ॥

भृगुस्तृतीयश्चसहोदराणांसुखंप्रकुर्याद्विविधैःप्रकारैः ॥
अर्थागमंकीर्तिविवर्द्धनश्चजनोपकारंचकरोतिवर्षे ॥ ३ ॥

અર્થઃ—ત્રીજા સ્થાનમાં શુક્ર હોય તો તે વર્ષમાં અનેક પ્રકારની ભાઇઓનું સુખ, ધનનો લાભ, કીર્તિનો વધારો, તથા બીજા માણસોના ઉપકાર કરેછે. ॥ ૩ ॥

प्रथमदैत्यगुरुःसुखगोयदासुखकरःकृषिवाहनयोस्तदा ॥
धरणिलब्धिसुवर्णसमागमोभवतिभूपसमोमनुजस्तदा ॥ ४ ॥

અર્થઃ—ચોથા સ્થાનમાં શુક્ર હોય તો તે ખેતી અને વાહનોનું સુખ, ભૂમિનો લાભ, સુવર્ણનો લાભ, તથા રાજાની સમાન સુખ આપે છે. ॥ ૪ ॥

सुतानांविवृद्धिर्भृगुःपंचमस्थोभयक्लेशचितापदानांविनाशः ॥
रिपूणांविनाशतथावर्षलग्नेमहाभोगवंतंधनाढ्यंकरोति ॥ ५ ॥

અર્થઃ—વર્ષ લગ્નમાં પાંચમા સ્થાનમાં શુક્ર હોય તો તે પુત્રોનો વધારો, ભય, ક્લેશ, ચિંતા, આપત્તિઓ (દુઃખ) તથા શત્રુઓનો નાશ કરેછે. અને નાના પ્રકારના ભોગ વિલાસ તથા ધનવાન્ કરે છે. ॥ ૫ ॥

अरिस्थानगोह्यायनेदैत्यमंत्रीजनानांविवादंरिपोर्भीतिकष्टम् ॥
भवेद्गुप्तचिंताङ्गरोगप्रपीडाशिरोर्तिश्चनेत्रोदरेपीडनंच ॥ ६ ॥

અર્થઃ—જે વર્ષમાં છઠ્ઠા સ્થાનમાં શુક્ર હોશ તો તે માણસોથી વિવાદ કરાવે, શત્રુઓથી ભય અને દુઃખ, માનસીક ગુપ્ત

ચિંતા, શરીરમાં રોગ તથા માથામાં, નેત્રોમાં અને પેટમાં પીડા કરેછે. ॥ ६ ॥

कलत्रकविश्चेत्स्थितोवर्षलग्नेकलत्रांगसौख्यंविलासादिकंच ॥
रिपोर्नाशनंमानवानांचसौख्यंभवेद्वस्त्रहेमादिलाभंकरोति ॥ ७ ॥

અર્થ:—વર્ષ લગ્નમાં શુક્ર સાતમા સ્થાનમાં હોય તો તે સ્ત્રીનું સુખ તથા ભોગ વિલાસાદિ સુખ આપે છે. શત્રુઓનો નાશ, સુખની પ્રાપ્તિ, તથા વસ્ત્ર અને સુવર્ણનો લાભ કરે છે. ॥ ७ ॥

मृत्युस्थितोमृत्युसमंमनुष्यंशुक्रःकरोतीहजनापवादम् ॥
ज्वरादिपीडामथभीतिकष्टंनेत्रेचरोगोरिपुभिर्विवादम् ॥ ८ ॥

અર્થ:—આઠમા સ્થાનમાં શુક્ર હોય તો તે માણસને મૃત્યુની બરોબર દુઃખ કરે છે. બીજા માણસો તેની નિંદા કરે, જ્વરાદિની પીડા, ભય, દુઃખ, નેત્રોમાં રોગ તથા શત્રુઓથી વિવાદ કરે છે. ॥ ८ ॥

धर्मस्थितोधर्मकरःकविःस्यान्नरेंद्रतुल्यंचनरंकरोति ॥
सुखप्रदोभूषणवाहनादेर्गोभूहिरण्याम्बरलाभदःस्यात् ॥ ९ ॥

અર્થ:—નવમા સ્થાનમાં શુક્ર હોયતો તે ધર્મનો વધારો, રાજાની બરોબર સુખ, આભૂષણ, વાહન, ગાય, ભૂમિ, સુવર્ણ અને નાના પ્રકારના વસ્ત્રોનો લોભ કરે છે. ॥ ९ ॥

गगनगेभृगुनंदनसंज्ञकेनपसमोमनुजोथमहाजयः ॥
भवतिगोधनधान्यसमागमोबहुसुखंकृषिवाहनयोर्मतम ॥ १० ॥

અર્થ:—દશમા સ્થાનમાં શુક્ર હોય તો તે માણસને રાજાની બરોબર સુખી, મહાન્ જયની પ્રાપ્તિ, ગાય, ધન, અને ધાનનો લાભ, તથા ખેતી અને વાહનોનું અધિક સુખ કરે છે. ॥ १० ॥

कविर्लाभगोलाभकृत्स्वर्णकस्यजयंमानवानांकरोतीहवर्षे ।
सुतानांविवृद्धिःसुखंराजपक्षाद्रिपूणां विनाशंतथामित्रवृद्धिः ॥ ११ ॥

અર્થ:—જેના લાભસ્થાન અર્થાત્ અગીઆરમા સ્થાનમાં

શુક્ર હોય તો તે વર્ષમાં તે માણસને સુવર્ણનો લાભ, વિજય, પુત્રોનો વધારો, રાજ્યદ્વારથી સુખની પ્રાપ્તિ શત્રુઓનો નાશ અને મિત્રોનો વધારો કરેછે. ॥ ૧૧ ॥

व्ययगतभृगुजेस्यात्सद्व्ययोवातपीडारिपुजनमतिवादोनत्रयोश्चापिरोगः।
भवतिनृपभयंवैशोकमोहादिकष्टंज्वरवमनविकारीमृत्युतुल्योनरश्च १२

અર્થ:—બારમા સ્થાનમાં શુક્ર હોય તો તે શુભમાર્ગમાં ખર્ચ, વાયુની પીડા, શત્રુઓની સાથે વિવાદ, નેત્રોમાં રોગ, રાજાથી ભય, શોક, મોહ, દુઃખ, જ્વર અર્થાત્ તાવ, વમન, તથા મૃત્યુની સમાન રોગ કરેછે. ॥ ૧૨ ॥

शनिफलम्

मूर्तिस्थितोरविसुतःसुतलाभकारीह्युच्चस्थितःस्वभवनस्यकरोतिवृद्धिम्
शेषेषुवैरिभयमाशुसवायुपीडांजायागकष्टमथशोकविकारकारी ॥ १ ॥

અર્થ:—શનિ ઉચ્ચની રાશિનો અર્થાત્ તુળા રાશિનો થઇને લગ્ન સ્થાનમાં પડેલો હોયતો પુત્રનો લાભ તથા પોતાના ઘરનો અર્થાત્ મકર અને કુંભ રાશિનો હોય તો વધારો કરે છે. આ રાશિ વિના બીજી કોઇ રાશિનો થઇને લગ્નમાં પડેલો હોયતો તે શત્રુનો ભય, વાયુની પીડા, સ્ત્રીના શરીરમાં કષ્ટ, શોક, અને વિકાર કરેછે. ॥ ૧ ॥

दिशानाथपुत्रोधनस्थोधनानांविनाशंविधत्तेकुटुंबाद्विरोधम् ॥
प्रकुर्याच्चनेत्रोदरेषुप्रपीडांकफार्तिश्चवर्षेभवेत्सर्वदेहे ॥ २ ॥

અર્થ:—શનિ બીજા સ્થાનમાં હોયતો તે વર્ષમાં ધનનો નાશ, કુટુંબથી વિરોધ, નેત્ર અને પેટમાં પીડા, તથા શરીરમાં કફનો વિકાર કરે છે. ॥ ૨ ॥

रविसुतोभवतीहतृतीयगोरिपुविनाशकरोजयकृन्नृपात् ॥
भवतिभूधनलाभकरस्तदा स्वजनबंधुविरोधकरस्तथा ॥ ३ ॥

અર્થ:—શનિ ત્રીજા સ્થાનમાં હોય તો તે શત્રુનો નાશ,

રાજાથી વિજય, ભૂમિ તથા ધનનો લાભ, અને પોતાના ભાઇઓથી વિરોધ કરે છે. ॥ ૩ ॥

बंधुस्थानगतोदिवाकरसुतःस्याद्वायनेकष्टदो
भीतिहानिमुपक्रमेचकुरुतेनेत्रोदरेर्पीडनम् ॥
बंधूनामपताडनंप्रकुरुतेलोकापवादंतथा
लोहाग्नेश्चभयंपशोश्चमरणंहानिःकृषीणांतथा ॥ ४ ॥

અર્થ:—શનિ ચોથા સ્થાનમાં હોય તો તે વર્ષમાં કષ્ટ, ભય તથા હાની થાય, નેત્ર અને પેટને વિષે પીડા, ભાઇઓને દુઃખ, લોકાપવાદ, લોઢા તથા અગ્નિથી ભય, પશુઓના મરણ, અને ખેતીના કામમાં હાની થાય છે. ॥ ૪ ॥

सुतगतःसुतहानिकरःशनिर्भवतिचोदरपीडनकष्टदः ॥
विकलताबहुतापकरोभवेन्नृपभयंप्रकरोतिजनेषुच ॥ ५ ॥

અર્થ:—શનિ પાંચમાં સ્થાનમાં હોયતો તે પુત્રની હાની, હૃદયમાં પીડા, શરીરમાં કષ્ટ, વિકળતા, અધિક સંતાપ અને રાજાથી ભય કરે છે. ॥ ૫ ॥

षष्ठस्थितोभूधनलाभकर्तासूर्यात्मजोन्नृपसमंपुरुषंप्रकुर्यात् ॥
धान्यांबराणिबहुलानिददातिनित्यंकीर्तेर्विवर्धनमथार्तिविनाशनंच ।६।

અર્થ:—શનિ છઠ્ઠા સ્થાનમાં હોય તો ભૂમિ અને ધનનો લાભ, રાજાની બરોબર સુખી, ધાન અને નાના પ્રકારના વસ્ત્રોનો લાભ, યશનો વધારો તથા રોગનો નાશ કરેછે. ॥ ૬ ॥

जायास्थानगतोदिवाकरसुतःस्यादंगनापीडको
मार्गाद्भीतिकरःपशोश्चमरणंराज्याद्भयंव्यग्रता ॥
क्लेशानांचविवर्द्धनं प्रकुरुतेमिथ्यापवादंतथा
देहेवायुसमुद्भवाथजठरेर्पीडाभवेद्वायने ॥ ७ ॥

અર્થઃ—શનિ સાતમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં સ્ત્રી શરીરે પીડા, માર્ગમાં ભય, પશુઓનું મરણ, રાજાથી ભય, ચિત્તમાં વિકળતા, ક્લેશનો વધારો, મિથ્યા કલંક(અપવાદ), શરીરમાં વાયુની પીડા તથા પેટમાં પીડા કરેછે. ॥ ૭ ॥

निधनगोनिधनंकुरुतेशनिर्ज्वररविमर्द्दकफार्तिजनापदम् ॥
नृपभयंधनहानिमरेर्भयंभवतितापकरःपवनोदयः ॥ ८ ॥

અર્થઃ—શનિ આઠમા સ્થાનમાં હોય તો તેને નિર્ધન, જ્વરની પીડા, કફનો રોગ,મનુષ્યોથી અપવાદ, રાજાથી ભય, ધનની હાની, શત્રુથી ભય, ચિત્તમાં સંતાપ તથા વાયુની પીડા કરેછે. ॥ ૮ ॥

भाग्योदयोभाग्यगतःशनिश्चेद्भूपार्थदःशत्रुविनाशनश्च ॥
कीर्तिंश्रियंमानमथापिदद्यात्सहोदराणांचभयार्तिकारी ॥ ९ ॥

અર્થઃ—શનિ નવમા સ્થાનમાં હોય તો તે ભાગ્યનો ઉદય, રાજાથી લાભ, શત્રુનો નાશ કરે છે. કીર્ત્તિ, લક્ષ્મી અને માનનો વધારો તથાસગાભાઇઓને ભય અને દુઃખ કરેછે. ॥ ૯ ॥

गगनगःकृषिहानिकरःशनिर्पशुभयंस्वजनोदरपीडनम् ॥
नृपसमंमनुजंचधनागमंप्रकुरुतेक्रयविक्रयलाभकृत् ॥ १० ॥

અર્થઃ—શનિ દશમાસ્થાનમાં હોય તો તે ખેતીની હાની, પશુઓથી ભય, પોતાના કુટુંબીઓના પેટમાં પીડા, રાજાની સમાન સમૃદ્ધિ, તથા વ્યાપાર રોજગારને વિષેધનનો લાભ કરેછે. ॥૧૦॥

लाभस्थितोभास्करसूनुरत्रहिरण्यगोभूमिरथाश्वलाभम् ॥
अर्थागमंकीर्तिविवर्द्धनंचसंतानपीडांचकरोतिवर्षे ॥ ११ ॥

અર્થઃ—શનિ અગીઆરમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં સુવર્ણ ગાય. ભૂમિ રથ અને ઘોડાનો લાભ, ધનની પ્રાપ્તિ, યશનો વધારો તથા સંતાન પીડા કરેછે. ॥ ૧૧ ॥

व्ययस्थानगोजायतेचार्कपुत्रोव्ययोव्यग्रताक्लेशचिंतादिकष्टम् ॥
रिपूणांविनाशोभवेदर्थनाशःशिरोत्यंक्षिपीडातदाहायनेस्मिन् ॥१२॥

અર્થ:—શનિ બારમા સ્થાનમાં હોય તો તે વર્ષમાં ખર્ચ, વિકળતા ક્લેશ અને ચિંતાદિ કષ્ટ, શત્રુ અને ધનનો નાશ, તથા માથામાં અને નેત્રોમાં પીડા કરેછે. ॥ ૧૨ ॥

राहुफलम्.

तमोलग्नगोकामिनीनांचपीडारिपोर्भीतिर्चितान्व्ययंव्यग्रताच ॥
शिरोर्तिंचभूपाद्भयंमानभंगंतथानेत्ररोगंकरोतीहवर्षे ॥ १ ॥

અર્થ:—વર્ષપ્રવેશમાં લગ્નસ્થાનમાં રાહુ હોય તો તે સ્ત્રીઓને પીડા, શત્રથી ભય, ચિંતાનો વધારો ચિત્તમાં વિકળતા અર્થાત ઘભરાટ, માથામાં પીડા, રાજાથી ભય, માન ભંગ તથા નેત્રને વિષે રોગ કરે છે. ॥ ૧ ॥

जनापवादंचकुटुंबगश्चेत्तमस्तदाभूपभयंकरोति ॥
नेत्रोदरव्याधिभयार्तिदोषान्धनापहारंचभयंतथाब्दे ॥ २ ॥

અર્થ:—બીજા સ્થાનમાં રાહુ હોય તો તે વર્ષમાં તે માણુસની લોકોમાં નિંદા, રાજાથી ભય, નેત્ર અને પેટમાં પીડા, ભયથી પીડા, દોષ, તથા ધનની ચોરીનો ભય કરે છે. ॥ ૨ ॥

शशिविमर्दकरश्चतृतीयगोधनसुतंनरराजसमंनरम् ॥
प्रकुरुतेपशुवाहनजंसुखंस्वजनपीडनमाशुकरोत्यसौ ॥ ३ ॥

અર્થ:—ત્રીજા સ્થાનમાં રાહુ હોય તો તે ધન અને પુત્રનો લાભ, રાજાની બરાબર સુખી, પશુ અને વાહનનું સુખ, તથા સગા સબંધીઓમાં પીડા કરે છે. ॥ ૩ ॥

हिमांशोरिपुस्तुर्यगोवाहनानांविनाशंतथाभूपपक्षाद्भयंच ॥
कफार्तिंचकष्टंतथावायुपीडांविदेशेभ्रमंहायनेऽसौकरोति ॥ ४ ॥

અર્થ:—ચોથા સ્થાનમાં રાહુ હોય તો તે વર્ષમાં વાહનનો

નાશ, રાજ્યપક્ષથી ભય, કફની પીડા, કષ્ટ, વાયુની પીડા તથા વિદેશમાં ભ્રમણ કરે છે. ॥ ૪ ॥

स्वबुद्धेर्विनाशंसुखस्थानगश्चेद्धिमांशोरिपुःसंततेपीडनंच ॥
स्वकीयोदरेवायुभीतिंभयाप्तिंतथासर्वदाक्लेशचिंतांकरोति ॥ ५ ॥

અર્થઃ—પાંચમા સ્થાનમાં રાહુ હોય તો તે પોતાની બુદ્ધિનો નાશ, સંતાનને પીડા, પોતાના પેટમાં વાયુની પીડા, ભયની પ્રાપ્તિ તથા હમ્મેશાં ક્લેશ અને ચિંતાનો વધારો કરેછે. ॥ ૫ ॥

रिपोर्विनाशोयदिसैंहिकेयःषष्ठस्थितःस्यान्नृपतुल्यकारी ॥
गोभूहिरण्याम्बरलाभकारीधनाप्तिकृद्दुःखविनाशकश्च ॥ ६ ॥

અર્થઃ—રાહુ છઠ્ઠા સ્થાનમાં હોય તો તે શત્રુઓનો નાશ, રાજાની બરાબર પ્રતાપી, ગાય, ભૂમિ, સુવર્ણ અને વસ્ત્રોનો લાભ, ધનની પ્રાપ્તિ તથા દુઃખનો નાશ કરે છે. ॥ ૬ ॥

वातप्रमेहादिरथोनराणांगुह्येंद्रियार्तिंचतमोमुनिस्थः ॥
विषाग्निपीडांचतथांगनानांकष्टंकरोतीहभयंनराणाम् ॥ ७ ॥

અર્થઃ—સાતમા સ્થાનમાં રાહુ હોય તો તે માણસને વાતપ્રમેહાદિનો ગુદા અને ઇંદ્રિયમાં ગુહ્ય રોગ, વિષ અર્થાત્ ઝેર અને અગ્નિથી પીડા, સ્ત્રીઓને દુઃખ તથા ભય કરેછે. ॥ ૭ ॥

छिद्रस्थितोमृत्युसमंमनुष्यंतमस्तथाभूपभयंकरोति ॥
ज्वरातिसारंचकफार्त्तिदोषंविषूचिकांवायुभयंनराणाम् ॥ ८ ॥

અર્થઃ—આઠમા સ્થાનમાં રાહુ હોયતો તે માણસને મૃત્યુની બરોબર કષ્ટ, રાજાથી ભય, જ્વર, અતિસાર, કફનો રોગ તથા વિષૂચિકાનો અને વાયુનો ભય કરેછે. ॥ ૮ ॥

धर्मस्थितोधर्मविवर्द्धनंस्याज्जयंनृपाच्छत्रुविनाशनंच ॥
भाग्योदयोधान्यधनागमंचकरोतिपीडांपशुबांधवेषु ॥ ९ ॥

અર્થઃ—નવમા સ્થાનમાં રાહુ હોય તો તે ધર્મનો વધારો,

રાજાથી જય, શત્રુનો નાશ, ભાગ્યનો ઉદય, ધન અને ધાનનો લાભ તથા પશુ અને ભાઈઓમાં પીડા કરેછે. ॥ ૯ ॥

सिंहीसुतोदशमगःक्रयविक्रयेषुलाभंनरंनृपसमंचकरोतिवर्षे ॥
भूपाज्जयंसततमंगलमाशुकुर्यात्कीर्तिश्रियंभवतिवाहनहानिकारी॥१०॥

અર્થ:—દશમા સ્થાનમાં રાહુ હોય તો તે વર્ષમાં વેપારમાં લાભ કરેછે તથા તે માણસને રાજાની બરોબર કરેછે. રાજાથી જયની પ્રાપ્તિ, નિરંતર મંગળકાર્ય, કીર્તિ અને લક્ષ્મીનો લાભ તથા વાહનોની હાની કરેછે. ॥ ૧૦ ॥

लाभस्थितश्चेत्खलुसैंहिकेयोनरंनरेंद्रेणसमंकरोति ॥
हिरण्यगोभूधनसंचयंचशत्रुक्षयंपुत्रभयंतथैव ॥ ११ ॥

અર્થ:—અગીઆરમા સ્થાનમાં રાહુ હોય તો તે માણસને રાજાની બરાબર સુખી, સુવર્ણ, ગાય, ભૂમિ અને ધનનો વધારો, શત્રુનો નાશ તથા પુત્રને ભય કરે છે. ॥ ૧૧ ॥

स्थानभ्रंशोभवतिपवनस्योदयश्चेद्व्ययस्थः
सिंहीपुत्रोरिपुभयमथोमर्त्यमृत्युंविधत्ते ॥
शीर्षेकर्णेव्यथनमुदरेनेत्ररोगंनराणां
लक्ष्मीहानिःस्वजनकलहोकामिनीनांचपीडा ॥ १२ ॥

અર્થ:—બારમા સ્થાનમાં રાહુ હોય તો તે સ્થાનથી ભ્રષ્ટ, વાયુની પીડા, શત્રુથી ભય, મૃત્યુ તુલ્ય કષ્ટ, માથામાં અને કાનોમાં પીડા, પેટમાં અને નેત્રોમાં રોગ, લક્ષ્મીની હાનિ, પોતાના માણસોની સાથે ક્લેશ તથા સ્ત્રીઓને પીડા કરેછે. ॥ ૧૨ ॥

केतुफलम्,

शिखीलग्नगःस्याद्भयंव्यग्रताचरिपोर्भीश्चचिन्ताभवेत्राज्यकष्टम्
शिरोर्तिस्तथामानभंगोजनस्यकरोत्येवनेत्रेचयोषित्सुपीडा ॥ १ ॥

અર્થ:—લગ્ન સ્થાનમાં કેતુ હોય તો તે માણસને ભય, વિક-

ળતા, શત્રુથી ભય, ચિંતા, રાજાથી કષ્ટ, માથામાં પીડા, માનભંગ તથા નેત્ર અને સ્ત્રી શરીરે પીડા કરે છે. ॥ ૧ ॥

कुटुम्बगश्चेद्यदिकेतुरब्देभूपाद्भयंहानिकरोधनानाम् ॥
नेत्रोदरव्याधिभयार्तिदोषान्जनापवादंप्रकरोतिदुःखम् ॥ २ ॥

અર્થઃ—બીજા સ્થાનમાં કેતુ હોય તો તે વર્ષમાં રાજાથી ભય, ધનની હાની, નેત્ર તથા પેટમાં વ્યાધિ, ભય, દુઃખ અને માણસોમાં અપવાદ કરે છે. ॥ ૨ ॥

यदिशिखीचतृतीयगृहस्थितःप्रकुरुतेपशुवाहनजंसुखम् ॥
धनसुतंनरराजसमंजनंस्वजनपीडनमाशुकरोतिवै ॥ ३ ॥

અર્થઃ—ત્રીજા સ્થાનમાં કેતુ હોય તો પશુ અને વાહનનું સુખ, ધન અને પુત્રનો લાભ, રાજાની બરાબર સુખી, તથા પોતાના માણસોમાં અર્થાત્ ભાઈઓમાં પીડા કરે છે. ॥ ૩ ॥

चतुर्थेशिखीमानसेव्यग्रतास्यात्कफार्तिस्तथावायुपीडाचदुःखम् ॥
भयंवाहनेभ्यस्तथाभूपपक्षाद्विदेशेभ्रमंवत्सरेऽसौकरोति ॥ ४ ॥

અર્થઃ—ચોથા સ્થાનમાં કેતુ હોય તો તે વર્ષમાં ચિત્તમાં વિકળતા, કફ તથા વાયુની પીડા, દુઃખ, વાહન તથા રાજ્ય પક્ષથી ભય, વિદેશમાં ભ્રમણ કરેછે. ॥ ૪ ॥

सुबुद्धेर्विनाशंसुतस्थानगश्चेच्छिखीसन्ततेःपीडनंहायनेऽस्मिन् ॥
तथासर्वदाक्लेशचिन्तांभयाप्तिस्वकीयोदरेवायुभीतिंविधत्ते ॥ ५ ॥

અર્થઃ—પાંચમા સ્થાનમાં કેતુ હોય તો તે વર્ષમાં બુદ્ધિનો [illegible]

ટમાં વાયુની પીડા કરે છે. ॥ ૫ ॥

केतुर्यदाषष्ठगतस्तदास्यात्रिपोर्विनाशोनृपतुल्यकारी ॥
गोभूहिरण्याम्बरलाभदायीधनाप्तिकृद्दुःखसमूहहारी ॥ ६ ॥

અર્થઃ—છઠ્ઠા સ્થાનમાં કેતુ હોય તો તે શત્રુનો નાશ, તે માણસને રાજાની સમાન સુખી, ગાય, ભૂમિ, સુવર્ણ, વસ્ત્ર અને ધનનો લાભ તથા દુઃખના સમૂહને નાશ કરેછે. ॥ ૬ ॥

केतुर्यदासप्तमगेहसंस्थितोवातप्रमेहादिविषाग्निपीडाम् ॥
गुह्येन्द्रियार्तिंभयमङ्गनानांकरोतिपुंसास्वदशागतेऽपि ॥ ७ ॥

અર્થઃ—સાતમા સ્થાનમાં કેતુ હોયતો તે વાયુ, પ્રમેહ, વિષ તથા અગ્નિથી પીડા, ગુદા અને ઇંદ્રિયમાં ગુહ્ય પીડા, તથા સ્ત્રીઓને પીડા આ સર્વ ફળ પોતાની દશામાં કરે છે. ॥ ૭ ॥

मृत्युस्थितोमृत्युसमंमनुष्यंकेतुर्यदाभूपभयंकरोति ॥
ज्वरातिसारंचकफार्तिदोषंविषूचिकांवायुभयंनराणाम् ॥ ८ ॥

અર્થઃ—આઠમા સ્થાનમાં કેતુ હોયતો તે માણસને મૃત્યુ તુલ્ય અરિષ્ટ, રાજાથી ભય, જ્વર, અતિસાર, અને કફની પીડા, વિષૂચિકાનો દોષ તથા વાયુની પીડા કરે છે. ॥ ૮ ॥

धर्मस्थितोधर्मविनाशकारीजयंनृपाच्छत्रुविनाशनाञ्च ॥
करोतिपीडांपशुबांधवेषुभाग्योदयंधान्यधनागमंशिखी ॥ ९ ॥

અર્થઃ—નવમા સ્થાનમાં કેતુહોયતો તે ધર્મનો નાશ, રાજાથી જય, શત્રુનો નાશ, પશુ અને બાંધવોમાં પીડા, ભાગ્યનો ઉદય તથા ધાન અને ધનનો લાભ કરે છે. ॥ ૯ ॥

शिखीयदाराज्यगृहेस्थितःस्यात्व्यापारलाभंचकरोतिवर्षे ॥
कीर्तिर्भवेद्वाहनहानिकारीभूपाज्जयंमङ्गलमाशुकुर्यात् ॥ १० ॥

અર્થઃ—દશમા સ્થાનમાં કેતુ હોયતો તે વર્ષમાં વ્યાપારથી લાભ, કીર્તિનો વધારો, વાહનની હાની, રાજાથી જય તથા મંગળકાર્ય કરે છે. ॥ ૧૦ ॥


लाभस्थितश्चेत्खलुकेतुखेचरोनरंनरेन्द्रेणसमंकरोति ॥
शत्रुक्षयंपुत्रभयंतथास्यात्हिरण्यगोभूधनसंचयंच ॥ ११ ॥

અર્થઃ—અગીઆરમા સ્થાનમાં કેતુ હોયતો તે માણસને રાજાની બરાબર સુખી, શત્રુનો નાશ, પુત્રનો ભય, તથા સુવર્ણ, ગાય અને ધનનો સંગ્રહ કરે છે. ॥ ૧૧ ॥

व्ययस्थःशिखीव्यग्रतांसंप्रधत्तेभयंशत्रुतोकामिनीनांचपीडा ॥
भवेत्पीडनंकर्णनेत्रोदरेषुविवादंजनैःसार्द्धमब्देकरोति ॥ १२ ॥

અર્થ:—બારમા સ્થાનમાં કેતુ હોયતો તે વર્ષમાં વિકળતા, શત્રુથી ભય, સ્ત્રીઓને પીડા, કાન નેત્ર અને પેટમાં પીડા તથા માણસોની સાથે વિવાદ કરે છે. ॥ ૧૨ ॥

॥ इतिश्री गुर्जरमण्डलान्तर्वर्ति अमदावाद निवासि भट्टोपाव्ह माणेकलालसुत ज्योतिर्विद् वृन्दावन विरचिते ताजिकसारसंग्रहे द्वितीयो भावाध्यायः ॥ २ ॥



॥ ॐ श्री गणेशाय नमः ॥

॥ ताजिकसारसंग्रहः ॥

(वर्षपत्रिकानिबंध)

॥ गुर्जर भाषानुवाद संवलितः ॥

ફળાધ્યાય ૩ જો.

मंगलाचरणम्.

स्वस्वाभिलापंनहिलब्धुमीशानिर्विघ्नमीशानमखाःसुरौघाः ॥
विनाप्रसादंकिलयस्यनौमितंढुण्ढिराजंमतिलाभहेतुम ॥ १ ॥

અર્થઃ—જેમના અનુગ્રહ વિના મહાદેવને આદિ લઇને દેવ સમૂહો પતપોતાના મનોરથોને નિર્વિઘ્નતાથી પામવાને સમર્થ નથી એવા ઢુંઢિરાજ ગણપતિને સદ્બુદ્ધિની પ્રાપ્તિના અર્થે નમસ્કાર કરૂં છું. ॥ ૧ ॥

जातकोदितदशाफलंयतःस्थूलकालफलदंस्फुटंनृणाम ॥
तत्रनस्फुरतिदैवविन्मतिस्तद्ब्रुवेऽब्दफलमादिताजिकात् ॥ २ ॥

અર્થ—જાતકશાસ્ત્રને વિષે કહેલી દશાઓનું શુભાશુભ ફળ માણસોને સ્થૂળકાળ અર્થાત્ ઘણાકાળ પર્યંત એકજ ફળ આપ-

નારૂં કહ્યું છે, તેથી કરીને દૈવજ્ઞની બુદ્ધિ સ્ફુરિત થતી નથી તેટલા માટે સમયાવધિવાળું વર્ષનું સૂક્ષ્મ શુભાશુભ ફળ પ્રાચીન તાજિક ગ્રંથોના આધારથી કહું છું. ॥ ૨ ॥

वर्षेशानिर्णयः

जन्मलग्नपतिरब्दलग्नपोमुंथहाधिपइतस्त्रिराशिपः ॥
सूर्यराशिपतिरन्हिचन्द्रभाधीश्वरोनिशिविमृश्यपंचकम् ॥ ३ ॥

અર્થ:—જન્મ લગ્નપતિ ૧, વર્ષલગ્નપતિ ૨, મુંથાપતિ ૩, ત્રિરાશિપતિ, અને દિવસે વર્ષપ્રવેશ હોયતો સૂર્યરાશિપતિ તથા રાત્રિએ વર્ષપ્રવેશ હોયતો ચંદ્રરાશિપતિ ૫, આ પાંચ વર્ષમાં અધિકારી કહેવાય છે. ॥ ૩ ॥

बलीयएषांतनुमीक्षमाणःसवर्षपोलग्नमनीक्षमाणः ॥
नैवाब्दपोदृष्ट्यतिरेकतःस्याब्दलस्यसाम्येविदुरेवमाद्याः ॥ ४ ॥

અર્થ:—આ પ્રમાણે પંચાધિકારીઓ મધ્યે જે ગ્રહ બૃહત્પંચવર્ગીચક્રને વિષે બળથી અધિક હોય અને લગ્નને જોતો હોયતો તે વર્ષનો રાજા થાય છે. પણ બળથી અધિક હોય અને લગ્નને ના જોતો હોય તો વર્ષનો રાજા થતો નથી. જો વર્ષપ્રવેશને વિષે સર્વ ગ્રહો અથવા બે ગ્રહો સમ અર્થાત્ બરાબર બળવાન હોય તે ગ્રહોને વિષે જે ગ્રહની દૃષ્ટિ લગ્ન ઉપર અધિક હોય તે વર્ષનો રાજા થાય છે. જે ગ્રહ લગ્નને જોતો ના હોય તેજ ગ્રહ બળથી અધિક હોય તોપણ વર્ષનો રાજા થતો નથી. ॥૪॥

दृगादिसाम्येप्यथनिर्बलत्वेत्ववर्षाधिपःस्यान्मुथहेश्वरस्तु ॥
पंचापिनोचेत्तनुमीक्षमाणावीर्याधिकोऽब्दस्यविभुर्विचिंत्यः ॥ ५ ॥

અર્થ:—જો પંચાધિકારીઓને વિષે સર્વ ગ્રહોની દૃષ્ટિ લગ્ન ઉપર બરાબર હોય તથા સર્વ ગ્રહો બળવાન પણ બરાબર હોય અથવા (**हीनबलः शरोनः**) ઈત્યાદિથી હીનબળ હોયતો મુંથા રાશિપતિ અર્થાત્ મુંથેશ વર્ષનો રાજા થાય છે. તથા પંચાધિકારીઓમાંથી કોઈપણ ગ્રહો લગ્નને ના જોતા હોયતો તેઓમાં જે

ગ્રહ બૃહત્પંચવર્ગીમાં બળથી અધિક હોય તે વર્ષનો રાજા થાય છે. ॥ ૫ ॥

बलादिसाम्येरविराशिपोऽन्हिनिशींदुराशींडितिकेचिदाहुः ॥
येनेत्थशालोऽब्दविभुःशशीसवर्षाधिपश्चंद्रभपोन्यथात्वे ॥ ६ ॥

અર્થ:—કેટલા આચાર્યોનો મત એવો છે કે પંચાધિકારીઓ બળ તથા દૃષ્ટિથી બરાબર હોય તથા દિવસે વર્ષપ્રવેશ હોય તો સૂર્યરાશિપતિ તથા રાત્રિએ વર્ષપ્રવેશ હોયતો ચંદ્રરાશિપતિ વર્ષનો રાજા જાણવો. પૂર્વોક્ત પ્રકારથી ચંદ્રમા વર્ષનો રાજા થયો હોયતો તેને વર્ષનો રાજા કરવો નહીં. પણ પંચાધિકારીઓમાં જે ગ્રહની સાથે ઈત્થશાલ કરતો હોય તે ગ્રહને વર્ષનો રાજા જાણવો. જ્યારે કોઈ પણ ગ્રહની સાથે ઇત્થશાલ કરતો ના હોય ત્યારે ચંદ્રરાશિપતિને વર્ષનો રાજા જાણવો. જો ચંદ્રમા કર્ક રાશિનો હોય તો ચંદ્રરાશિપતિ ચંદ્રમા થયો તેજ વર્ષનો રાજા જાણવો. ॥ ૬ ॥

अब्दाधिपोव्ययषडष्टमभिन्नसंस्थोलब्धोदयोब्दजनुषोःसदृशोबलेन॥
निःशेषमुत्तमफलंविदधातिकायेनैरुज्यराज्यबललब्धिरतीवसाख्यम् ॥

અર્થ:—વર્ષનો રાજા વ્યય ૧૨, ષષ્ઠ ૬, અષ્ટ ૮ આ સ્થાનોમાં ના હોય તથા જન્મને વિષે અને વર્ષપ્રવેશને વિષે ઉદયી હોય, અસ્તંગત ના હોય, બળથી પરિપૂર્ણ હોય તથા જન્મને વિષે અને વર્ષ પ્રવેશને વિષે બળવાન હોય તો નિઃસંદેહ ઉત્તમ ફળ આપેછે. શરીરને વિષે નિરોગીતા, કુળાનુમાન રાજસુખ, બળ અને અતિ સુખ આપેછે. ॥ ૭ ॥

प्रश्नागपोवर्षपतिःप्रकल्प्यस्तुर्येश्वरोजन्मविलग्ननाथः ॥
मुंथाधिपःप्रश्नविलग्नतश्चत्रिराशिपोघस्रपतिःपुरावत् ॥ ८ ॥

અર્થ:—પ્રશ્નઉપરથી વર્ષનો રાજા કહાડવો હોય તો પ્રશ્ન લગ્નનો સ્વાથી તેજ વર્ષ લગ્નનો સ્વામી સમજવો. પ્રશ્ન લગ્નથી ચોથા સ્થાનના સ્વામીને જન્મ લગ્નનો સ્વામી સમજવો. પ્રશ્ન ઉપરથી

જે મુંથા આવી હોય તેનો સ્વામી, ત્રિરાશિનો સ્વામી તથા દિવસે પ્રશ્ન હોય તો સૂર્યરાશિનો સ્વામી. અને રાત્રિએ પ્રશ્ન હોય તો ચંદ્રરાશિનો સ્વામી આ પ્રમાણે પ્રથમ રીતે સમજી લેવું ॥૮॥

वर्षेशफलम्.

सूर्येब्दपेबलिनिराज्यसुखात्मजार्थलाभःकुलोचित
विभुःपरिवारसौख्यम् ॥ पुष्टंयशोगृहसुखंविविधा
प्रतिष्ठाशत्रुर्विनश्यतिफलेजनिखेटयुक्त्या ॥ ९ ॥

અર્થ:—સૂર્ય ઉત્તમ બળવાન થઈએ વર્ષનો રાજા થયો હોય તો રાજ્યનું સુખ, પુત્ર તથા ધનનો લાભ, કુળાનુસાર પ્રભુતા, કુટુંબનું સુખ, શરીરની પુષ્ટતા, યશનો વધારો, ઘરનું સુખ, અનેક પ્રકારની પ્રતિષ્ઠાનો વધારો, તથા શત્રુનો નાશ કરે છે. આ સર્વ ફળ જન્મકાળમાં સ્વોચ્ચ સ્વગૃહાદિ સ્થાનમાં ઉત્તમ બળવાન હોય તો આપેછે. ॥ ૯ ॥

मध्येरवौफलमिदंनिखिलंतुमध्यं स्वल्पंसुखंस्वज
नतोपिविवादमाहुः ॥ स्थानच्युतिर्नचसुखंकृशता
पिदेहेभीतिर्नृपान्मुथशिलोनशुभेनचेत्स्यात् ॥ १० ॥

અર્થ:—સૂર્ય મધ્યમ બળવાન થઈને વર્ષનો રાજા થયો હોય તો પૂર્વોક્ત ઉત્તમ બળવાનનું ફળ મધ્યમ આપેછે. પોતાના માણસોથી વિવાદ સ્થાન અર્થાત્ નોકરીથી ભ્રષ્ટ, સુખનો નાશ, શરીરને વિષે દુર્બળતા તથા રાજાનો ભય કરાવે છે. પરંતુ આ સૂર્ય શુભગ્રહથી ઈત્થશાલ કરતો હોય તો પૂર્વોક્ત ઉત્તમ ફળ આપે છે. ॥ ૧૦ ॥

सूर्येबलेनरहितेब्दपतौविदेशयानंधनक्षयशुचोरिभयंचतन्द्रा ॥
लोकापवादभयमुग्ररुजोतिदुःखं पित्रादितोपिनसुखंसुतमित्रभीतिः ११

અર્થ:—સૂર્ય નેષ્ટ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તો વિદેશ ગમન, ધનનો નાશ, મનને વિષે ચિંતા, શત્રુનો ભય

તંદ્રા (આળસથી) અર્દ્ધનિદ્રા, લોકોમાં અપવાદ, મોટો ભય, દુઃખનો પિતાનું પણ સુખ ન મળે તથા મિત્ર અને પુત્રથી પણ ભય કરાવે છે. ॥ ૧૧ ॥

वीर्यान्वितेशशिनिवित्तकलत्रपुत्रमित्रालयादिविवि
धंसुखमाहुरार्याः॥ स्रग्गंधमौक्तिकदुकुलसुखानिभूति
र्लाभःकुलोचितपदस्यनृपैःसखित्वम् ॥ १२ ॥

અર્થ:—ચંદ્રમા ઉત્તમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો ધન, સ્ત્રી પુત્ર, મિત્ર અને ઘરાદિક અનેક પ્રકારનું સુખ આપે છે. એમ શ્રેષ્ઠ મુનીઓ કહે છે. તથા શૃંગારી વસ્તુ, માળા, ચંદન, મોતી, વસ્ત્રાદિકનું સુખ આપે છે. ઐશ્વર્ય, લાભ, કુળાનું-માન અધિકાર અને રાજાની સાથે મૈત્રી કરાવે છે. ॥ ૧૨ ॥

वर्षाधिपेशशिनिमध्यबलेफलानि मध्यान्यमूनिरि-
पुतासुतमित्रवर्गैः ॥ स्थानान्तरेगतिरथोकृशताशश-
रीरेश्लेष्मोद्भवश्चयदिपापकृतेसराफः ॥ १३ ॥

અર્થ:—ચંદ્રમા મધ્યમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો તેનું મધ્યમ ફળ જાણવું, તથા પુત્ર અને મિત્ર વર્ગથી શત્રુતા, એક સ્થાનથી બીજા સ્થાનમાં ગમન, અને શરીરને વિષે દુર્બળતા રખાવે છે. આ ચંદ્રમાની સાથે પાપગ્રહ ઇસરાફ-યોગ કરતો હોયતો શ્લેષ્મ વિકારથી ક્લેશ કરાવેછે. ॥ ૧૩ ॥

नष्टेब्दपेशशिनिशीतकफादिरोगश्चौर्यादिभिःस्वज-
नविग्रहमप्युशन्ति॥ दूरेगतिःसुतकलत्रसुखात्ययश्च
स्यान्मृत्युतुल्यमतिहीनबलेशशांके ॥ १४ ॥

[illegible]

હોયતો શીત તથા કફ આદિક રોગનો ભય, ચોર ઠગ આદિકથી ભય, પોતાના માણસોથી ક્લેશ, દૂરદેશ ગમન તથા પુત્ર અને સ્ત્રીના સુખનો નાશ કરે છે. અને જો અતિહીન બળવાન હોયતો શીત કફાદિ રોગોથી મૃત્યુ સમાન કષ્ટ આપેછે. ॥ ૧૪ ॥

भौमेब्दपेबलिनिकीर्त्तिजयारिनाशःसेनापतित्वरणनायकताप्रतिष्ठा ॥ लाभःकुलोचितधनस्यनमस्यताच
लोकेषुमित्रसुतवित्तकलत्रसौख्यम् ॥ १५ ॥

અર્થ:—મંગળ ઉત્તમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો કીર્તિનો વધારો, શત્રુથી જય મળે તથા શત્રુનો નાશ થાય, સેનાપતિનો અધિકાર તથા રણમાં પ્રતિષ્ઠાની પ્રાપ્તિ, કુળને ઉચીત ધનનો લાભ, સંસારને વિષે સાધારણ માણસોથી નમસ્કાર કરવા યોગ્ય થાય, તથા મિત્ર પુત્ર ધન અને સ્ત્રીનું સુખ મળે છે. ॥ ૧૫ ॥

मध्येब्दपेवनिसुतेरुधिरस्रुतिश्चकोपोधिकोझकटशस्त्रहतिक्षतानि ॥ स्वामित्वमात्मगणतोबलगौरवंच
मध्यंसुखंनिखिलमुक्तफलंविचिंत्यम् ॥ १६ ॥

અર્થ:—મંગળ મધ્યમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો કોઈ પણ પ્રકારથી લોહીનો પ્રકોપ થાય, ક્રોધનો વધારો થાય, શસ્ત્રના વાગવાથી ઘા પડે, પોતાના માણસોમાં પ્રધાનતા, બળ અને ગૌરવતા મળે તથા મધ્યમ સુખ મળે છે, આ પ્રમાણે કહેલું ફળ મધ્યમ બળવાનમાં મધ્યમજ વિચારવું. ॥ ૧૬ ॥

हीनेब्दपेसृजिभयंरिपुतस्कराग्निलोकापवाद
भयमात्मधियाविनाशः ॥ कार्यस्यविघ्नमतिरोग
भयंविदेशयानंक्षयोपनयतोगुरुदृष्ट्यभावे ॥ १७ ॥

અર્થ:—મંગળ નેષ્ટ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો શત્રુ ચોર અને અગ્નિથી ભય, જુઠા કલંકનો ભય, પોતાનીજ બુદ્ધિથી વસ્તુનો નાશ તથા કાર્યને વિષે વિઘ્ન, ઘણા રોગનો ભય, પરદેશગમન, તથા ઉદ્ધતપણાથી ધન અને કાર્યનો નાશ થાય છે. તથા ગુરૂની દૃષ્ટિ હોયતો સર્વ શુભ ફળ આપે છે. ॥ ૧૭ ॥

सौम्येब्दपेबलवतिप्रतिवादलेख्यसच्छास्त्रसद्व्य-
वहृतौविजयोऽर्थलाभः ॥ ज्ञानंकलागणितवैद्यभवं
गुरुत्वंराजाश्रयेणनृपतानृपमंत्रीतावा ॥ १८ ॥

અર્થ:—બુધ ઉત્તમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો વિવાદમાં તથા લખવાના કામથી અને શુભ શાસ્ત્ર શુભ વ્યવહારથી વિજય અને ધનનો લાભ હોય, જ્ઞાનનો વધારો મંત્રાદિકળા ગણિત અને વૈદ્યત્વ શાસ્ત્રથી ગૌરવંતા મળે તથા રાજાના આશ્રયથી રાજ મળે અથવા રાજ મંત્રીત્વ મળેછે. ॥ ૧૮ ॥

अब्दाधिपेशशिसुतेखलुमध्यवीर्येस्यान्मध्यमंनिखिल
मेतदथाध्वयानम् ॥ वाणिज्यवर्त्तनमथात्मजमित्रसौख्यं
सौम्येत्थशालवशतोऽपरथानसम्यक् ॥ १९ ॥

અર્થ:—બુધ મધ્યમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો પૂર્વોક્ત ઉત્તમ બળવાનનું ફળ સર્વ મધ્યમ આપે છે. માર્ગને વિષે ચાલવું પડે છે, વ્યાપાર તથા પુત્ર અને મિત્રનું સુખ મળે છે, પરંતુ શુભ ગ્રહથી ઈત્થશાલી હોયતો ઉક્ત ફળ મળે છે. અન્યથા અશુભ ફળ મળે છે. ॥ ૧૯ ॥

सौम्येब्दपेऽधमबलेबलबुद्धिहानिर्द्धर्मक्षयः परिभवो
निजवाक्यदोषात् ॥ निक्षेपतोविपदतीवमृषैवसाक्ष्यं
हानिःपरव्यवहृतेःसुतवित्तमित्रैः ॥ २० ॥

અર્થ:—બુધ નેષ્ટ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તો બળ તથા બુદ્ધિની હાની, ધર્મનો ક્ષય, પોતાના વચનથી અપમાનની પ્રાપ્તિ. નિક્ષેપ નિધાનથી ઘણીજ વિપત્તિ, જુઠી સાક્ષી પુરવાથી વિપત્તિ તથા બીજાના વ્યાપારમાં પોતાના ધનની હાની અને પુત્ર મિત્ર તથા ધનની હાની થાય છે. ॥ ૨૦ ॥

जीवेऽब्दपेबलयुतेपरिवारसौख्यंधर्मोगुणग्रहिलता
धनकीर्तिपुत्राः ॥ विश्वास्यताजगतिसन्मतिविक्र-

माप्तिर्लाभोनिर्धनैर्नृपतिगौरवमप्यरिघ्नम् ॥ २१ ॥

અર્થ:—ગુરૂ ઉત્તમ બળવાન જઈને વર્ષનો રાજા થયો હોયતો કુટુંબનું સુખ, ધર્મનો વધારો, શૌર્યાદિ ગુણોનો આગ્રહ, ધન, યશ અને પુત્રની પ્રાપ્તિ મળે, સંસારમાં સર્વ વિશ્વાસમાને, શ્રેષ્ટ બુદ્ધિની પ્રાપ્તિ, પરાક્રમની પ્રાપ્તિ, ધનનો લાભ, રાજાથી ગૌરવની પ્રાપ્તિ તથા શત્રુનો નાશ થાય છે. ॥ ૨૧ ॥

अब्दाधिपेसुरगुरौकिलमध्यवीर्येस्पान्मध्यमंफल
मिदंनृपसंगमश्च॥विज्ञानशास्त्रपरताप्यशुभसराफे
दारिद्र्यमर्थविलयश्चकलत्रपीडा ॥ २२ ॥

અર્થ:—ગુરૂ મધ્યમ બળવાન થઈને વર્ષનો રાજા થયો હોયનો પૂર્વોક્ત ઉત્તમ બળવાનનું ફળ મધ્યમ આપે છે. તથા શુભ ગ્રહથી ઈત્થિશાલ કરતો હોયતો રાજાનો સંગમ કરે છે, જ્ઞાન તથા શાસ્ત્રમાં તત્પર રહે છે, અને જો પાપ ગ્રહથી ઈત્થિશાલ કરતો હોયતો દરિદ્ર, ધનનો નાશ અને સ્ત્રીના શરીરે પીડા કરેછે.

जीवेब्दपेऽधमबलेधनधर्मसौख्यहानिस्त्यजन्तिसुत
मित्रजनाःसभार्याः॥ लोकापवादभयमाकुलतातिकष्टंवृत्तिस्तनौकफरुजोरिपुभिःक्लिश्च ॥ २३ ॥

અર્થ:—ગુરૂ નેષ્ટ બળવાન થઈને વર્ષનો રાજા થયો હોય તો ધન, ધર્મ અને સુખની હાની કરે છે, પુત્ર, મિત્ર, બીજા લોકો તથા સ્ત્રી તે પુરૂષનો ત્યાગ કરે છે. સંસારમાં લોકાપવાદનો ભય, ચિત્તને વિષે વ્યાકુળતા, અતિ કષ્ટથી આજીવિકા, શરીરને વિષે કફનો રોગ, શત્રુનો ભય તથા કલેશ પણ કરે છે. ॥૨૩॥

शुक्रेऽब्दपेबलिनिनीरुजताविलाससच्छास्त्ररत्न
मधुराशनभोगतोषाः ॥ क्षेमप्रतापविजयोवनि-
ताविलासोहास्यंनृपाश्रयवशेनधनसुखंच॥२४॥

અર્થ:—શુક્ર ઉત્તમ બળવાન થઈને વર્ષનો રાજા થયો હોય

તો શરીર નિરોગ રહે, નિત્ય સુખથી વિલાસ કરે, શુભ શાસ્ત્ર, રત્ન તથા મિષ્ટાન્ન ભોજનાદિ ભોગોથી પ્રસન્નતા રહે, સર્વથા કુશળ, પ્રતાપનો વધારો, શત્રુથી જય, સ્ત્રી વિલાસ (સંભોગ) નું સુખ રહે. પ્રસન્નતા રહે, તથા રાજાના આશ્રયથી ધન અને સુખ મળે છે. ॥ ૨૪ ॥

अब्दाधिपेभृगुसुतेखलुमध्यवीर्येस्यान्मध्यमंनिखिल
मतदथाल्पवृत्तिः॥ गुप्तंचदुःखमखिलंसुनिबद्धवृत्तिः
पापारिवीक्षितयुतविपदोऽर्थनाशः ॥ २५ ॥

અર્થ:—શુક્ર મધ્યમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો પૂર્વોક્ત ઉત્તમ બળવાનનું ફળ મધ્યમ આપે છે. આજીવિકા માટે થોડું ધન મળે છે. ગુપ્ત પ્રકારનું દુઃખ થાય છે. બંધાયેલી વૃત્તિવાળો થાય છે. અથવા પાપ ગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ હોયતો વિપત્તિ અને ધનનો નાશ થાય છે. ॥ ૨૫ ॥

शुक्रेऽब्दपेधमबलेमनसोऽतितापोलोकोपहासविप-
दोनिजवृत्तिनाशः ॥ द्वेपःकलत्रसुतमित्रजनेषुकष्टा
दन्नाशनंचविफलक्रियतानसौख्यम् ॥ २६ ॥

અર્થ:—શુક્ર નેષ્ટ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તો મનમાં ઘણોજ સંતાપ રહે, લોકોથી ઉપહાસ (મશ્કરી) હોય, નાના પ્રકારનું દુઃખ, પોતાની આજીવિકાની વૃત્તિનો નાશ, સ્ત્રી, પુત્ર અને મિત્રાદિકથી વૈર હોય, ભોજન પણ અતિ કષ્ટથી પ્રાપ્ત થાય, સારા માટે કાંઇ કામ કરેતો તે નિષ્ફળ થાય તથા સુખનો પણ નાશ થાય છે. ॥ ૨૬ ॥

मंदेऽब्दपेबलिनिनूतनभूमिवेश्मक्षेत्राप्तिरर्थनिचयो
यवनावनिशात् ॥ आरामनिर्मितजलाशयसौख्य
मंगपुष्टिःकुलोचितपदाप्तिगुणाग्रणित्वम् ॥ २७ ॥

અર્થ:—શનિ ઉત્તમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો નવિન ભૂમિ, ઘર અને ખેતરની પ્રાપ્તિ, યવનાદિક (મુસ-

લમાન) થી ધનની પ્રાપ્તિ, બગીચાને વિષે જળાશયનું સુખ, શરીરની પુષ્ટિ, પોતાના કુળને યોગ્ય અધિકાર, તથા ગુણોને વિષે અગ્રણી થાય છે. ॥ ૨૭ ॥

अब्दाधिपेरविसुतेखलुमध्यवीर्येस्यान्मध्यमंनिखि-
लमन्नभुजिस्तुकष्टात् ॥ दासोष्ट्रमाहिषकुलान्यरत-
स्तुलाभःपापंफलंभवतिपापयुगोक्षणेन ॥ २८ ॥

અર્થ:—શનિ મધ્યમ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોયતો પૂર્વોક્ત ઉત્તમ બળવાનનું ફળ મધ્યમ આપે છે. અન્ન ખાવાથી અરૂચી રહે, દાસ, ઊંટ, ભેંશ તથા પોતાથી હીન કુળમાં પ્રીતિ રહે તથા લાભ મળે, અને જો પાપ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોયતો અશુભ ફળ તથા શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોયતો શુભ ફળ મળે છે. ॥ ૨૮ ॥

मंदेबलेनरहितेऽब्दपतौक्रियाणांवंध्यत्वमर्थविलयोविपदोरिभीतिः॥
स्त्रीपुत्रमित्रजनवैरकदन्नभुक्तंसौम्येत्थशालयुजिसौख्यमपीषदाहुः२९

અર્થ:—શનિ નેષ્ટ બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તો સર્વ કામોમાં નિષ્ફળતા, ધનનો નાશ, વિપત્તિ અર્થાત્ નાના પ્રકારનું દુઃખ, શત્રુનો ભય, તથા સ્ત્રી, પુત્ર અને મિત્રાદિકથી વૈર થાય છે. અને જો શુભ ગ્રહથી ઈત્થશાલી હોયતો થોડું સુખ મળે છે એમ પંડિતો કહે છે. ॥ ૨૯ ॥

मुंथाफलम्

स्वजन्मलग्नात्प्रतिवर्षमेकैकराशिभोगान्मुथहाभ्रमेण ॥
स्वजन्मलग्नंरविष्टतयातंशरच्युतंसाभमुखेन्थिहास्यात् ॥ ३० ॥

અર્થ:—જન્મ વખતે જે લગ્ન હોય તેજ મુંથા જાણવી. તે મુંથા પોતાના જન્મ લગ્નથી પ્રતિવર્ષ એક એક રાશિ ભોગવવાના ક્રમથી ભ્રમણ કરે છે. પોતાના જન્મ લગ્નમાં ગત વર્ષ યુક્ત કરી બારનો ભાગ આપતાં જે શેષ રહે તે રાશ્યાદિ મુંથા જાણવી. ૩૦

वर्षेणभुंक्तेमुंथहैकराशिमासेनभागद्वितयंदलाढ्यम ॥
कलाश्चपंचवदिनेननूनंतद्राशिनाथोमुथहाधिपःस्यात् ॥ ३१ ॥

અર્થ:—મુંથા એક વર્ષમાં એક રાશિ ભોગવે છે. એક માસમાં અઢી અંશ ભોગવે છે. તથા એક દિવસમાં પાંચ કળા ભોગવે છે. જે રાશિમાં મુંથા રહેલી હોય તેજ રાશિનો સ્વામી મુંથાનો સ્વામી અર્થાત્ મુંથેશ કહેવાય છે. ॥ ૩૧ ॥

प्रश्नांगराशिपरिहायशेषंकलीकृतंखेषुधराविभक्तम ॥
राश्यादिकंतत्फलमत्रधार्यंस्फुटेतिमुंथाप्रमुखाभवेद्वै ॥ ३२ ॥

અર્થ:—પ્રશ્ન ઉપરથી મુંથા બનાવવાની રીત. પ્રશ્ન લગ્નની રાશિને ત્યાગ કરીને અંશાદિકની કળા કરી ૧૫૦ નો ભાગ આપતાં જે ફળ આવે તે રાશ્યાદિક સ્પષ્ટ મુંથા જાણવી. ॥ ૩૨ ॥

वर्षलग्नात्सुखास्तान्त्यरिपुरंध्रेष्वशोभना ॥
पुण्यकर्मायगासौख्यंदत्तेऽन्यत्रोद्यमाद्धनम ॥ ३३ ॥

અર્થ:—મુંથા વર્ષ લગ્નથી સુખ ૪, અસ્ત ૭, અંત્ય ૧૨, રિપુ ૬, અને રંધ્ર ૮ સ્થાનોમાં હોયતો અશુભ જાણવી. પુણ્ય ૯, કર્મ ૧૦, આય ૧૧ સ્થાનોમાં હોયતો સુખને આપે છે તથા ૧, ૨, ૩, ૫ સ્થાનોમાં હોયતો ઉદ્યમ કરવાથી ધન આપેછે. ૩૩

शत्रुक्षयंमानसतुष्टिलाभंप्रतापवृद्धिंनृपतेःप्रसादम ॥
शरीरपुष्टिंविविधोद्यमांश्चददातिवित्तंमुथहातनुस्था ॥ ३४ ॥

અર્થ:—પહેલા સ્થાનમાં મુંથા હોય તો શત્રુનો નાશ, મન વાંછિત સિદ્ધિ, લાભ, પ્રતાપનો વધારો, રાજાની મહેરબાની, શરીરની પુષ્ટિ, અનેક પ્રકારનો ઉદ્યમ તથા ધનનીપ્રાપ્તિ કરે છે.

उत्साहतोर्थागमनंयशश्चस्वबंधुसन्माननृपाश्रयाच्च ॥
मिष्टान्नभोगोबलपुष्टिसौख्यंस्यादर्थभावेमुथहायदाद्धे ॥ ३५ ॥

અર્થ:—બીજા સ્થાનમાં મુંથા હોય તો ઉત્સાહથી ધનની પ્રાપ્તિ, યશની પ્રાપ્તિ, સ્વબંધુ અર્થાત્ પોતાની જાતીમાં સન્માન,

રાજા તરફથી આશ્રય, મિષ્ટાન્ન ભોજન, શરીરમાં બળ અને પુષ્ટતા તથા સુખની પ્રાપ્તિ કરે છે. ॥ ૩૫ ॥

पराक्रमाद्वित्तयशःसुखानिसौंदर्यसौख्यं द्विजदेवभक्तिः ॥
सर्वोपकारास्तनुपुष्टिकांतिर्नृपाश्रयश्चेन्मुथहातृतीये ॥ ३६ ॥

અર્થઃ—ત્રીજા સ્થાનમાં મુંથા હોય તો પરાક્રમથી ધન, યશ અને સુખની પ્રાપ્તિ, સુંદરતા, સુખ, બ્રાહ્મણ અને દેવની ભક્તિ, સર્વ ઉપર ઉપકાર, શરીરને પુષ્ટિ અને કાંતિ તથા રાજા તરફથી આશ્રય મળે છે. ॥ ૩૬ ॥

शरीरपीडारिपुभीःस्ववर्गैर्वैरंमनस्तापविरोधताच ॥
स्यान्मुंथहायांसुखभावगायांजनापवादोभयदुःखवृद्धिः ॥३७॥

અર્થઃ—ચોથા સ્થાનમાં મુંથા હોયતો શરીરને વિષે પીડા, શત્રુઓથી તથા પોતાના માણસોથી વૈર, મનને વિષે સંતાપ, વિરોધતા, માણસોમાં નિંદા, ભય તથા દુઃખનો વધારો કરેછે. ૩૭

यदीथिहापंचमगाब्दवेशेसदबुद्धिसौख्यात्मजवित्तलाभः ॥
प्रतापवृद्धिर्विविधोविलासोदेवद्विजार्चानृपतेःप्रसादः ॥ ३८ ॥

અર્થઃ—જો વર્ષપ્રવેશમાં પાંચમા સ્થાનમાં મુંથા હોયતો સારી બુદ્ધિ, સુખ, પુત્ર અને ધનનો લાભ, પ્રતાપનો વધારો, અનેક પ્રકારના ભોગ વિલાસ, દેવતા અને બ્રાહ્મણની પૂજા તથા રાજાની મહેરબાની મળે છે. ॥ ૩૮ ॥

कृशत्वमंगेषुरिपूदयश्चभयंरुजस्तस्करतोनृपाद्वा ॥
कार्यार्थनाशोमुथहारिगाचेद्दुर्बुद्धिवृद्धिःसुकृतानुतापः ॥ ३९ ॥

અર્થ—છઠ્ઠા સ્થાનમાં મુંથા હોય તો શરીરને વિષે દુર્બળતા, શત્રુનો ઉદય, રોગનો વધારો, ચોર અથવા રાજાથી ભય, કાર્ય અને અર્થનો નાશ, નઠારી બુદ્ધિનો વધારો, તથા સુકૃત (પુણ્ય)નો નાશ કરે છે. ॥ ૩૯ ॥

कलत्रबंधुव्यसनारिभीतिरुत्साहभंगोधनधर्मनाशः ॥
द्यूनोपगाचेन्मुथहातनौस्याद्रुजोमनोमोहविरुद्धचेष्टा ॥ ४० ॥

અર્થ—સાતમા સ્થાનમાં મુંથા હોય તો સ્ત્રી અને ભાઇને કષ્ટ, નઠારા વ્યસન અને શત્રુથી ભય, ઉત્સાહનો ભંગ, ધન અને ધર્મનો નાશ, શરીરને વિષે રોગ, તથા મનને વિષે મોહ હોવાથી વિપરીત આચરણ કરે છે. ॥ ૪૦ ॥

भयंरिपोस्तस्करतोविनाशोधर्मार्थयोर्दुर्व्यसनामयश्च ॥
मृत्युस्थिताचेन्मुथहानराणांबलक्षयंस्याद्गमनंचदूरे ॥ ४१ ॥

અર્થ:—આઠમા સ્થાનમાં મુંથા હોયતો શત્રુ અને ચોરથી ભય, ધર્મ અને ધનનો નાશ, નઠારા વ્યસનથી પીડા, બળની હાની તથા દૂર દેશ ગમન કરે છે. ॥ ૪૧ ॥

स्वामित्वमर्थोपगमोनृपेभ्योधर्मोत्सवंपुत्रकलत्रसौख्यम् ॥
देवद्विजार्चापरमंयशश्चभाग्योदयोभाग्यगतेमुथहायाम् ॥ ४२ ॥

અર્થ:—નવમા સ્થાનમાં મુંથા હોયતો રાજાથી અધિકાર અને અર્થની પ્રાપ્તિ, ધર્મનો ઉત્સવ, પુત્ર અને સ્ત્રીનું સુખ, દેવ અને બ્રાહ્મણોની સેવા, યશનો વધારો અને ભાગ્યનો ઉદય કરેછે.

नृपप्रसादंस्वजनोपकारंसत्कर्मसिद्धिंद्विजदेवभक्तिम् ॥
यशोभिवृद्धिंविविधार्थलाभंदत्तेम्बरस्थामुथहापदाप्तिम् ॥ ४३ ॥

અર્થ:—દશમા સ્થાનમાં મુંથા હોયતો રાજાની મહેરબાની પોતાના માણસો ઉપર ઉપકાર, સારા કામની સિદ્ધિ, બ્રાહ્મણ અને દેવતાના ભક્તિ, યશની વૃદ્ધિ, નાના પ્રકારના ધનનો લાભ તથા પદવી (અધિકાર) ની પ્રાપ્તિ કરે છે. ॥ ૪૩ ॥

यदींथिहालाभगताविलाससौभाग्यनैरुज्यमनःप्रसादाः ॥
भवंतिराजाश्रयतोधनानिसन्मित्रपुत्राभिमतागमश्च ॥ ४४ ॥

અર્થ:—જો અગીયારમા સ્થાનમાં મુંથા હોય તો ભોગવિલાસનું સુખ, સૌભાગ્ય, નીરોગિતા. મનને વિષે પ્રસન્નતા, રાજાના આશ્રયથી ધનનો લાભ; સારા મિત્રો અને પુત્રોનો લાભ તથા મનોવાંછિત ફળ મળે છે. ॥ ૪૪ ॥

व्ययोधिकोदुष्टजनैश्वसंगोरुजातनौविक्रमतोप्यसिद्धिः ॥
धर्मार्थहानिर्मुथहाव्ययस्थायदाभवेत्सज्जनतोऽपिवैरम् ॥ ४५ ॥

અર્થ:—બારમા સ્થાનમાં મુંથા હોયતો ખર્ચનો વધારો, નઠારા માણસોનો સંગ, શરીરમાં રોગ, પરાક્રમથી વ્યર્થ, ધર્મ અને ધનની હાનિ, તથા સારામાણસોથી વૈર કરાવે છે. ॥૪૫॥

क्रूरैर्दृष्टःक्षुतदृशायोभावोमुथहाऽत्रचेत् ॥
शुभंतद्भावजंनश्येदशुभंचापिवर्द्धते ॥ ४६ ॥

અર્થ:—મુંથાનું વિષેશ ફળ કહે છે—જે ભાવ પાપ ગ્રહોથી દૃષ્ટ હોય તથા શત્રુ ગ્રહોથી દૃષ્ટ હોય તેજ ભાવમાં મુંથા શુભસ્થાનને પામેલી હોય તો પણ તે ભાવ સબંધી શુભ ફળ આપતી નથી પરંતુ અશુભ ફળનો વધારો કરે છે. ॥ ૪૬ ॥

जनुर्लग्नतोऽस्तांत्यषण्मृत्युबंधुस्थिताब्देहताक्रूरखेटस्तुसाचेत् ॥
विनश्येत्सायत्रेन्थिहाभावएवंशुभस्वामिदृष्टौननाशःशुभच॥ ४७॥

અર્થ:—મુંથા જન્મ લગ્નથી સાતમા, બારમા, છઠ્ઠા, આઠમા અને ચોથા સ્થાનમાં હોય તથા વર્ષ પ્રવેશમાં પાપ ગ્રહોથી યુક્ત મુંથા હોય અને તે જે ભાવમાં રહેલી હોય તે ભાવનો નાશ કરે છે. પરતુ વર્ષમાં પોતાના સ્વામી અને શુભ ગ્રહોથી દૃષ્ટ હોયતો શુભ ફળ આપે છે. ॥ ૪૭ ॥

शुभस्वामियुक्तेक्षिताबीर्ययुक्चेन्थिहास्वामिसौम्येत्थशालंप्रपन्ना ॥
शुभंभावजंपोषयेन्नाशुभंसाऽन्यथात्वेन्यथाभावऊह्योविमृश्य ॥४८॥

અર્થ:—મુંથા પોતાના સ્વામી અથવા શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય અથવા પોતાના સ્વામી કે શુભ ગ્રહથી ઇત્થશાલિની હોય તો જે ભાવમાં હોય તે ભાવ સબંધી શુભ ફળનો વધારો કરે છે, આનાથી વિપરીત અર્થાત્ શુભ ગ્રહ કે પોતાના સ્વામીથી યુક્ત અથવા દૃષ્ટ ના હોવાથી નિર્બળી હોય અથવા પાપ ગ્રહથી ઇસરાફ યોગ કરતી હોય તો તે ભાવ સબંધી શુભ

ફળનો નાશ કરીને અશુભ ફળનો વધારો કરે છે. આ પ્રમાણે ભાવ સબંધી શુભ અથવા અશુભ ફળનો મુંથાના બળ ઉપરથી વિચાર કરવો. ॥ ૪૮ ॥

वर्षेप्यनिष्टगेहस्थायद्भावेजनिषुस्थिता ॥
क्रूरोपघातात्तंभावंनाशयेच्छुभयुक्छुभा ॥ ४९ ॥

અર્થ:—જન્મલગ્નથી ૪-૬-૮-૧૨ આ ખરાબ સ્થાનોમાં તથા વર્ષ પ્રવેશમાં એ ખરાબ સ્થાનોમાં હોય તથા પાપ ગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો તે ભાવનો નાશ કરે છે અને જો તે શુભ ગ્રહોથી યુક્ત હોયતો શુભ ફળને આપે છે. ॥ ૪૯ ॥

जनुर्लग्नतस्तुर्यगासौम्ययुक्ताब्दकेशोपितुर्द्रव्यलाभंविधत्ते ॥
नृपाद्भीतिदापापयुक्तातिकष्टाष्टमादावपीत्थंविमर्शोत्रिधेयः ॥ ५० ॥

અર્થ:—જન્મલગ્નથી મુંથા ચોથા સ્થાનમાં શુભ ગ્રહથી યુક્ત હોયતો પિતાના ધનનો લાભ કરે છે, આ પ્રમાણે પાપ ગ્રહથી યુક્ત હોયતો રાજાથી ભય અને બહુ કષ્ટથી આજીવિકા ચલાવનાર થાય છે. આજ પ્રમાણે જન્મથી આઠમા સ્થાનમાં શુભ ગ્રહથી યુક્ત હોયતો શુભ તથા પાપ ગ્રહથી યુક્ત હોયતો અશુભ ફળ આપે છે. આ પ્રમાણે બુદ્ધિથી મુંથાનો વિચાર કરીને ફળ કહેવું.

यस्मिन्भावेस्वामिसौम्येक्षिताश्चेद्भावोजन्मन्येपयस्तस्यवृद्धिः ॥
एवंपापैर्नाशउक्तस्तुतस्येत्यूह्यंवीर्याद्वर्षपःसौख्यमेव ॥ ५१ ॥

અર્થ:—વર્ષ લગ્નમાં મુંથા પોતાના સ્વામીથી અથવા શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ જન્મલગ્નથી જે ભાવમાં હોય તે ભાવનો વધારો કરેછે. જેવી રીતે વર્ષપ્રવેશમાં મુંથા ચોથા સ્થાનમાં શુભ ગ્રહથી તથા પોતાના સ્વામીથી યુક્ત અથવા દૃષ્ટ છે અને તે જન્મ લગ્નથી ગણતાં તે ભાવ ત્રીજો છે તો આ વર્ષમાં ભાઇ સબંધી શુભ ફળ મળે છે. તથા પાપગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ જન્મલગ્નથી ગણતાં જે ભાવમાં હોય તે ભાવનો નાશ કરે છે. પરંતુ વર્ષનો

રાજા બળવાન તથા શુભ ગ્રહ હોય તો મુંથા પાપ ગ્રહ યુક્ત દૃષ્ટનું ફળ આપતી નથી. ॥ ૫૧ ॥

ग्रहयुक्तदृष्टमुंथाफलम्

यदीन्थिहासूर्यगृहेयुतावासूर्येणराज्यंनृपसंगमंच ॥
दत्तेगुणानांपरमामवाप्तिस्थानांतरस्येतिफलंदृशोपि ॥ ५२ ॥

અર્થઃ—મુંથા સૂર્યની (સિંહ) રાશિની હોય. અથવા સૂર્યથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો ફળાનું માન રાજ અને રાજાથી મેળાપ તથા ગુણો અને ભોગવિલાસાદિનું સુખ કરાવે છે. ॥૫૨॥

चन्द्रेणयुक्तेन्दुगृहेऽथदृष्टेन्दुनापिवाधर्मयशोभिवृद्धिम्॥
नैरुज्यसंतोषमतिप्रवृद्धिंददातिपापेक्षणतोऽतिदुःखम् ॥ ५३ ॥

અર્થઃ—મુંથા ચંદ્રમાથી યુક્ત હોય અથવા ચંદ્રમાની (કર્ક) રાશિની હોય અથવા ચંદ્રમાથી દૃષ્ટ હોય તો ધર્મ અને યશનો વધારો કરે છે. અને શરીરને વિષે આરોગ્ય તથા સંતોષનો વધારો કરે છે. અને જો તે પાપ ગ્રહથી દૃષ્ટ હોય તો તે અત્યંત દુઃખને આપે છે. ॥ ૫૩ ॥

कुजेनयुक्ताकुजभेकुजेनदृष्टाचपितोष्णरुजंकरोति ॥
शस्त्राभिघातंरुधिरप्रकोपंसौरीक्षितासौरिगृहेविशेषात् ॥ ५४ ॥

અર્થઃ—મુંથા મંગળથી યુક્ત હોય અથવા મંગળની (મેષ–વૃશ્ચિક) રાશિની હોય અથવા મંગળથી દૃષ્ટ હોય તો પિત્તનો વિકાર, ઉષ્ણ રોગ, શસ્ત્રથી ઘા અને રૂધિર કોપથી પીડા પણ કરે છે, અને જો તે શનિથી દૃષ્ટ અથવા શનિની રાશિની હોય તો વિશેષ કરીને પૂર્વોક્ત ફળને આપે છે. ॥ ૫૪ ॥

बुधेनशुक्रेणयुतेक्षितावातद्भेपिवास्त्रीमतिलाभसौख्यम् ॥
धर्मंयशश्चाप्यतुलंविधत्तेकष्टंचपापेक्षणयोगतःस्यात् ॥ ५५ ॥

અર્થઃ—મુંથા બુધ અને શુક્રની (મિથુન–કન્યા–વૃષભ–

તુલા) રાશિની હોય અથવા બુધ અને શુક્રથી યુક્ત અથવા દ્દષ્ટ હોય તો સ્ત્રી, બુદ્ધિનો લાભ, સુખ, ધર્મ અને યશનો વધારો કરે છે. અને જો તે પાપ ગ્રહોથી યુક્ત અથવા દ્દષ્ટ હોય તો કષ્ટને આપે છે. ॥ ૫૫ ॥

युतेक्षितावागुरुणागुरुर्भेयदीन्थिहापुत्रकलत्रसौख्यम् ॥
ददातिहेमाम्बररत्नभोगंशुभेत्थशालादिहराज्यलाभः ॥ ५६ ॥

અર્થઃ—મુંથા ગુરૂથી યુક્ત અથવા દ્દષ્ટ હોય અથવા ગુરૂની (ધન–મીન) રાશિની હોય તો પુત્ર અને સ્ત્રીનું સુખ તથા સુવર્ણ, વસ્ત્ર, રત્ન અને નાનાપ્રકારના ભોગવિલાસો આપે છે. અને જો તે શુભ ગ્રહથી ઇત્થશાલિની હોય તો રાજ્યનો લાભ આપે છે.

शनेर्गृहेतेनयुतेक्षितावायदीन्थिहावातरुजंविधत्ते ॥
मानक्षयंवन्हिभयंधनस्यहानिंचजीवेक्षणतःशुभाप्तिम् ॥ ५७ ॥

અર્થઃ—મુંથા શનિની (મકર–કુંભ) રાશિની હોય અથવા શનિથી યુક્ત અથવા દ્દષ્ટ હોય તો વાયુ સબંધી રોગ ઉત્પન્ન કરે છે. માનની હાનિ, અગ્નિથી ભય, તથા ધનનો નાશ કરે છે. અને જો તે ગુરૂથી દ્દષ્ટ હોય તો શુભ ફળ આપે છે. ॥ ૫૭ ॥

तमोमुखेचेन्मुथहाधनाप्तियशःसुखंधर्मसमुन्नतिंच ॥
सितेज्ययोगेक्षणतःपदाप्तिंसुवर्णरत्नाम्बरलब्धयश्च ॥ ५८ ॥

અર્થઃ—મુંથા રાહુના મુખમાં હોયતો ધનની પ્રાપ્તિ, યશ, સુખ અને ધર્મની વૃદ્ધિ કરે છે. અને તે જો શુક્ર અને ગુરૂથી યુક્ત અથવા દ્દષ્ટ હોયતો પદ અર્થાત્ અધિકારની પ્રાપ્તિ, સુવર્ણ રત્ન અને વસ્ત્રનો લાભ કરે છે. ॥ ૫૮ ॥

भोग्यराहोर्लवास्तस्यमुखंपृष्ठंगतालवाः ॥
ततःसप्तमभंपुच्छंविमृश्येतिफलंवदेत् ॥ ५९ ॥

અર્થઃ—રાહુના ભોગ્ય અંશને મુખ અને ભુક્ત અંશને પૃષ્ઠ કહે છે અને તેનાથી સાતમી રાશિને પુચ્છ અર્થાત્ કેતુ કહે

છે. આ પ્રમાણે વિચાર કરીને ફળ કહેવું. ॥ ૫૯ ॥

तत्पृष्ठभागेनशुभप्रदास्यात्तत्पुच्छभागाद्रिपुभितिकष्टम् ॥
पापेक्षणादर्थसुखस्यहानिश्चेज्जन्म*नीत्थंगृहवित्तनाशः ॥ ६० ॥

અર્થઃ—મુંથા રાહુના પૃષ્ઠ ભાગમાં હોયતો શુભ ફળને આપતી નથી અને જો પુચ્છ ભાગમાં અર્થાત્ કેતુની સાથે હોય તો શત્રુથી ભય અને દુઃખ કરે છે. અને જો પાપ ગ્રહથી દૃષ્ટ હોયતો ધન અને સુખની હાની કરે છે. આ પ્રમાણે જન્મકાળમાં મુંથા હોયતો ઘર અને ધનનો નાશ કરે છે. ॥ ૬૦ ॥

मुंथेशफलम्

मुंथाधिपोव्ययरसाष्टगतोविवीर्योदुष्टग्रहस्त्वशुभवर्गगतोऽब्दकाले ॥
कष्टंनृणांपरिकरोतिभयंविवादंलोकैस्तथानिजजनैःकलहंनितांतं ६१

અર્થઃ—મુંથાનો સ્વામી વ્યય ૧૨, રસ ૬, અષ્ટ ૮ સ્થાનમાં બળથી રહિત હોય તથા પાપ ગ્રહ હોય પાપ ગ્રહના વર્ગમાં હોય તો તે વર્ષમાં માણસોને કષ્ટ, ભય, માણસોની સાથે વિવાદ તથા પોતાના માણસોથી હમેશાં અત્યંત ક્લેશ કરેછે. ૬૧

भाग्येचलाभेसहजेचकेन्द्रेचेद्वर्षकालेमुथहाधिनाथः ॥
करोतिपुंसांविपुलंप्रतापंमैत्रीनृपैःसन्मतिवर्द्धनंच ॥ ६२ ॥

અર્થઃ—મુંથાનો સ્વામી નવમા, અગીઆરમા, ત્રીજા અને કેન્દ્ર (૧-૪-૭-૧૦) સ્થાનમાં હોયતો માણસોને પ્રતાપનો વધારો, રાજાની સાથે મિત્રતા, તથા સારી બુદ્ધિનો વધારો કરેછે. ૬૨

अरिष्टयोगाः

शुक्रेज्यौयदिचास्तगौहिमरुचिर्नीचानुगश्चेत्तदा
कुर्याद्व्याधिभयंवियोगमशिवंकष्टंमहद्दारुणम् ॥

---

* જન્મકાળમાં પણ મુંથાનું ફળ જોવાય છે એમ કેટલાકનો મત છે.

छिद्रेशोयदिलग्नगस्तनुपतिश्छिद्रानुगश्चेत्तदा
दृष्टौतौखलखेचरैर्निधनदौशस्त्राद्भयंस्यात्ततः ॥ ६३ ॥

અર્થઃ—મનુષ્યોને વર્ષકાળને વિષે જો શુક્ર અને ગુરૂ અસ્તના હોય તથા ચંદ્રમા નીચની વૃશ્ચિક રાશિનો હોય તો વ્યાધિનો ભય, વિયોગ, અશુભ, કષ્ટ, અને મોટું દારૂણ દુઃખ હોય છે. અથવા આઠમા સ્થાનનો સ્વામી લગ્નમાં પડેલો હોય અને લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં પડેલો હોય તેને પાપ ગ્રહો જોતા હોય તો મૃત્યુ કરે છે, અથવા શસ્ત્રથી ભય કરે છે. ॥૬૩॥

मुंथाजन्मविलग्नपौयदिततःसूर्यस्यबिम्बानुगौ
दृष्टौसूर्यसुतेनताजिकमतेसर्वार्थनाशोमृतिः ॥
जन्माङ्गाद्यदिहायनोद्भवतनुःस्यादष्टमेसंयुतो
दृष्टोवामुथहेश्वरेणसततंकुर्याद्विनाशंभयम् ॥ ६४ ॥

અર્થઃ—જ્યારે મુંથાનો સ્વામી અને જન્મ લગ્નનો સ્વામી સૂર્યના બિંબને અર્થાત્ અસ્તને પામેલા હોય તેને શનિ જોતો હોય તો તાજિક શાસ્ત્રના મતથી સર્વ પ્રકારના અર્થનો નાશ અને મૃત્યુ થાય છે. અથવા જન્મ લગ્નથી જો વર્ષલગ્ન આઠમું હોય તેમાં મુંથાનો સ્વામી યુક્ત હોય અથવા તેને જોતો હોય તો હમેશાં વિનાશ અને ભય કરે છે. ॥ ૬૪ ॥

लग्नास्तांत्यषडष्टगोहिमरुचिर्दृष्टःखलैःसंयुतः
स्याद्रिष्टंप्रकरोत्यसौचगुरुणानोवीक्षितःसंयुतः ॥
कष्टंस्याच्छनिनाकुजेनदहनाच्छस्त्राद्भयंवारुजः
संदृष्टःप्रकरोतिसौम्यखचरैःसौख्यप्रदःशोभनः ॥ ६५ ॥

અર્થઃ—ચંદ્રમા લગ્ન ૧, અસ્ત ૭, અંત્ય ૧૨, ષષ્ઠ ૬, અને અષ્ટ ૮ સ્થાનમાં હોય તેને ગુરૂ જોતો ના હોય અથવા તેમાં યુક્ત ના હોય અને પાપગ્રહો જોતા હોય અથવા યુક્ત હોય તો રિષ્ટ જાણવું. તથા શનિથી યુક્ત પૂર્વોક્ત સ્થાનોને વિષે રહેલો

ચંદ્રમા હોય તો કષ્ટ કરે છે. અને મંગળથી યુક્ત હોય તો અગ્નિ અને શસ્ત્રથી ભય અને રોગનો પ્રકોપ કરે છે. અને જો શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો સુખપ્રદ અને શ્રેષ્ઠ જાણવું. ૬૫

लग्नेशोयदिचाष्टगःक्षितिसुतेनालोकितोरिष्टदः
सौम्येज्यौयदिचास्तगौतुविविधापीडाभयंशस्त्रतः ॥
लग्नंपापखगान्तरेयदिगतंघ्नंतथामृत्युकृत्
पापैर्मृत्युसुखांत्यवैरिभगतैःस्याद्देहिनांसंक्षयम् ॥ ६६ ॥

અર્થ:—જો લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં પડેલો હોય તેને મંગળ જોતો હોયતો રિષ્ટપ્રદ જાણવું. અથવા બુધ અને ગુરૂ અસ્તના થઈને આઠમા સ્થાનમાં પડેલા હોય તો નાના પ્રકારની પીડા અને શસ્ત્રથી ભય કરે છે. લગ્ન તથા સાતમું સ્થાન પાપગ્રહોની વચ્ચે હોય તો મૃત્યુ કરે છે. પાપગ્રહો મૃત્યુ ૮, સુખ ૪, અંત્ય ૧૨, અને વૈરિ ૬ સ્થાનમાં હોય તો તે માણસનો નાશ થાય છે. ॥ ૬૬ ॥

मुंथादुष्टयुताषडंत्यवसुगाशस्त्राग्निभीतिप्रदा
दृष्टासूर्यसुतेनसाब्दसमयेवातार्तिदाप्राणिनाम् ॥
सप्ताष्टारिसुखांत्यगाजननभाच्छिद्रोपगाब्देन्थिहा
दृष्टासाखलखेचरैर्निधनकृत्स्यात्संयुतावाध्रुवम् ॥ ६७ ॥

અર્થ:—મુંથા પાપગ્રહથી યુક્ત થઈને ષડ્ ૬, અંત્ય ૧૨ અને વસુ ૮ સ્થાનમાં હોય તો શસ્ત્ર અને અગ્નિનો ભય કરે છે. તથા શનિ તેને જોતો હોય તો તે માણસને વર્ષપ્રવેશને વિષે વાયુની પીડા કરે છે. વર્ષ પ્રવેશને વિષે મુંથા સપ્ત ૭, અષ્ટ ૮, અરિ ૬, સુખ ૪, અને અંત્ય ૧૨ સ્થાનમાં હોય અને તે જન્મ લગ્નથી વર્ષપ્રવેશ વિષે આઠમી હોય તેને પાપગ્રહો જોતા હોય અથવા યુક્ત હોયતો મૃત્યુ કરે છે. ॥ ૬૭ ॥

चन्द्रेशस्तनुपोऽथवाष्टमपतिर्लग्नाद्व्ययांगाष्टगः
कुर्यान्मृत्युरुजार्तिभीतिकलहान्जन्मेशमुंथाधिपौ ॥

लग्नाच्चाष्टमगौ रुजार्तिजननौ पापेक्षितौ मृत्युदौ
लग्नेशो यदि चाष्टगस्तनुगतश्छिद्राधिपो रिष्टदः ॥ ६८ ॥

અર્થ:—ચંદ્રરાશિનો સ્વામી, લગ્નનો સ્વામી અને આઠમા સ્થાનનો સ્વામી લગ્નથી વ્યય ૧૨, અંગ ૬ અને અષ્ટ ૮ સ્થાનમાં હોયતો મૃત્યુ, રોગની પીડા, ભય અને ક્લેશ કરે છે. અથવા જન્મ લગ્નનો સ્વામી તથા મુંથાનો સ્વામી લગ્નથી આઠમા સ્થાનમાં હોય તો રોગની પીડા ઉત્પન્ન કરે છે. અને તેને પાપગ્રહો જોતા હોય તો મૃત્યુ કરે છે. અથવા લગ્નનો સ્વામી આઠમાને વિષે હોય અને આઠમાનો સ્વામી લગ્નને વિષે હોય તો રિષ્ટ કરે છે. ॥૬૮॥

रंध्रेशोऽथ विलग्नपो यदि विधोर्लग्नाद्व्ययाष्टारिगो
नो सौम्यैरवलोकितो निधनकृन्मुंथाधिपो वा तथा ॥
एते रिष्टकरा बुधैर्निगदिता योगाः स्वशास्त्रोद्भवा
अन्ये ताजिकशास्त्रतो निजधिया ज्ञेयाः समादौ सदा ॥ ६९ ॥

અર્થ:—જો ચંદ્રમાથી અથવા લગ્નથી આઠમાનો સ્વામી, લગ્નનો સ્વામી તથા મુંથાનો સ્વામી વ્યય ૧૨, અષ્ટ ૮ અને અરિ ૬ સ્થાનમાં હોય તેને શુભ ગ્રહો ના જોતા હોય તો મૃત્યુ કરે છે. આ પ્રમાણે પોતાના શાસ્ત્રોથી ઉત્પન્ન થયેલા રિષ્ટ કરનારા યોગો પંડિતોએ કહેલાં છે, આ સિવાય રિષ્ટ કરનારા બીજા યોગો વર્ષપ્રવેશને વિષે તાજિક શાસ્ત્રથી પોતાની બુદ્ધિથી હમ્મેશાં જાણી લેવાં. ॥ ૬૯ ॥

अरिष्टभंगयोगाः

देवेज्यः खलु केन्द्रगः शुभखगैर्युक्तोऽथ वाऽऽलोकितो
हन्यात्तन्निखिलं पुरा निगदितं रिष्टं शशांकोद्भवम् ॥
सौम्याः कंटकगास्त्रिकोणभवगा लग्नं निहन्युर्ध्रुवं
रिष्टं यद्ग्रहजं नृणां तनुपतिः केन्द्रानुगो वा तथा ॥ ७० ॥

અર્થઃ—કેંદ્રસ્થાનમાં ગુરૂ પડેલો હોય તેમાં શુભ ગ્રહો યુક્ત હોય અથવા દૃષ્ટ હોય તો પ્રથમ કહેલા ચંદ્રમાથી ઉત્પન્ન થયેલા સર્વરિષ્ટનો નાશ કરે છે. અથવા લગ્નથી કેંદ્રસ્થાન, ત્રિકોણુસ્થાન અને અગીઆરમા સ્થાનમાં શુભ ગ્રહો રહેલા હોય અથવા લગ્નનો સ્વામી કેંદ્રસ્થાનમાં હોયતો માણુસોને જે ગ્રહથી રિષ્ટ થયેલું હોય તે ગ્રહના રિષ્ટનો નાશ કરે છે. ॥ ૭૦ ॥

पापोवर्षविलग्नतोहिमरुचेर्वारिरित्रिलाभस्थितो
हन्यात्सौम्ययुतेक्षितोहिसकलंरिष्टंपुराभाषितम् ॥
वीर्याढ्योऽपिविलग्नपःशुभयुतःकेंद्रानुगोसौहरे
द्रिष्टंसौम्ययुतेक्षितोऽब्दसमयेजीवस्तथाविद्भृगुः ॥ ७१ ॥

અર્થઃ—વર્ષલગ્નથી અથવા ચંદ્રમાથી પાપ ગ્રહો અરિ ૬, ત્રિ ૩ અને લાભ ૧૧ સ્થાનમાં હોય તેમાં શુભ ગ્રહો યુક્ત અથવા દૃષ્ટ હોય તો પહેલા કહેલા સર્વરિષ્ટનો નાશ કરે છે. વર્ષ લગ્નને વિષે લગ્નનો સ્વામી બળવાન તથા શુભ ગ્રહોથી યુક્ત થઈને કેંદ્રસ્થાનમાં હોય અને તેમાં શુભ ગ્રહો યુક્ત અથવા દૃષ્ટ હોય તો રિષ્ટનો નાશ કરે છે. આ પ્રમાણે કેંદ્રસ્થાનમાં ગુરૂ, બુધ કે શુક્ર હોય તોપણ રિષ્ટનો નાશ કરે છે. ॥ ૭૧ ॥

केन्द्रत्रिकोणोपगतेब्दनाथेशुभंचरम्यंसकलंतदाब्दम् ॥
शत्रोर्विनाशंधनधान्यलाभंयशःप्रदंवाखलुरिष्टनाशम् ॥ ७२ ॥

અર્થઃ—વર્ષનો રાજા કેંદ્રસ્થાન અથવા ત્રિકોણુ સ્થાનમાં હોય તો આખું વર્ષ શુભ અને રમણિય જાણવું તથા શત્રુનો નાશ, ધન અને ધાનનો લાભ, કીર્તિનો વધારો અને રિષ્ટનો નાશ પણ કરે છે. ॥ ૭૨ ॥

राजयोगाः

वागीशोऽब्दविलग्नगस्त्रिभगतोजन्माधिपश्चाम्बुगो
हन्याद्वैरिगणांस्तदाबलयुतोदद्याच्चवित्तंबहु ॥

वेश्मेशोयदिवेश्मगोबलयुतश्चेत्सौम्यखेटैर्युतो

दृष्टोवाप्रददातिसौख्यमतुलंजायादिमित्रोद्भवम् ॥ ७३ ॥

અર્થ:—વર્ષકાળમાં ગુરૂ પહેલા અથવા ત્રીજા સ્થાનમાં હોય તથા જન્મ લગ્નનો સ્વામી ચોથાસ્થાનમાં બળથી યુક્ત હોય તો શત્રુઓના સમૂહનો નાશ કરીને ઘણુંજ ધન પામે છે. ચોથાનનો સ્વામી ચોથા સ્થાનને પામેલો હોય અને તે બળથી યુક્ત તથા શુભ ગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો સ્ત્રી પુત્રાદિક તથા મિત્ર વર્ગથી ઉત્પન્ન થયેલું ઘણું સુખ પામે છે. ॥ ૭૩ ॥

पुण्येशोबलसंयुतोधनपतौवीर्यान्वितेसद्ग्रहै

र्दृष्टेवापियुतेविलग्नभगतेज्ञेयंगजान्तंफलम् ॥

राज्यंवाविपुलंधनंशुभगजैरश्वैर्विलासःसुखं

जायेशेतनुभावगेचगुरुणायुक्तेऽथवालोकिते ॥ ७४ ॥

અર્થ:—બળથી યુક્ત નવમા સ્થાનનો સ્વામી તથા બળથી યુક્ત ધનસ્થાનનો સ્વામી શુભ ગ્રહથી દૃષ્ટ અથવા યુક્ત લગ્નની રાશિને પામેલો હોય તો હાથીને આરંભીને રાજ્યનું ફળ જાણવું. ગુરૂથી યુક્ત અથવા દૃષ્ટ સાતમા સ્થાનનો સ્વામી લગ્નને પામેલો હોય તો રાજ્ય, ઘણું ધન તથા સારા હાથી અને ઘોડાના વૈભવનું સુખ પામે છે. ॥ ૭૪ ॥

तन्वंतिक्षितिजार्कसूर्यतनयावित्तंहिलाभोपगा

राज्यंबाहुबलेनतेभुवितलेदद्युर्हिशत्रूज्झितम् ॥

विद्देवेज्यसितैःकृतोऽब्दसमयेचेदित्थशालस्तदा

राज्यंसंप्रददातिवैरिरहितंभोगैरनेकैर्युतम् ॥ ७५ ॥

અર્થ:—મંગળ, સૂર્ય અને શનિ અગીઆરમા સ્થાનમાં રહેલા હોય તો ધનનો વધારો કરે છે, તથા પોતાના પરાક્રમથી પૃથ્વી ઉપર શત્રુથી રહિત રાજ્યને પામે છે. વર્ષપ્રવેશને વિષે બુધ, ગુરૂ અને શુક્ર પરસ્પર ઈત્થશાલ યોગ કરતા હોય તો શત્રુથી રહિત તથા નાના પ્રકારના ભોગથી યુકત રાજ્યને પામે છે. ॥૭૫॥

सौम्यैश्चेद्रहितोऽप्यसौखलखगैस्तर्केत्रिलाभोपगै
र्हन्याद्वैरिगणंहिहस्तितुरगैर्युक्तंचराज्यंपुनः ॥
दद्युर्मंदसितौनिजोच्चभगतौवीर्यान्वितौयच्छतो
राज्यंम्लेच्छजनप्रसादजनितंसौख्यार्थभोगैर्युतम् ॥७६॥

અર્થ:—વર્ષલગ્નને વિષે શુભ ગ્રહોથી રહિત પાપ ગ્રહો છઠ્ઠા, ત્રીજા અને અગીઆરમા સ્થાનને પામેલા હોય તો શત્રુ પક્ષનો નાશ કરીને હાથી અને ઘોડાથી યુકત રાજ્ય ફરીથી પામે છે. બળથી યુકત શનિ અને શુક્ર પોતાની ઉચ્ચરાશિને પામેલા હોય તો મ્લેચ્છ અર્થાત્ યવન રાજાએ અર્પણ કરેલું તથા સુખ ધન અને ભોગથી યુકત રાજ્યને પામે છે. ॥ ૭૬ ॥

सकलसौम्यखगायदिकेन्द्रगाभवपराक्रमशत्रुगताःखलाः ॥
सुखधनंबहुलंमणिकांचनंरतिसुखंविसृजन्तितदानृणाम् ॥ ७७ ॥

અર્થ:—જો સર્વ શુભ ગ્રહો કેંદ્ર અર્થાત્ પહેલા, ચોથા, સાતમા અને દશમા સ્થાનને પામેલા હોય તથા પાપગ્રહો અગીઆરમા, ત્રીજા અને છઠ્ઠા સ્થાનને પામેલા હોય તો તે માણસ સુખ, ધન, મણિ, સુવર્ણ તથા રતિ સુખ અર્થાત્ સ્ત્રી સંભોગાદિ સુખને પામે છે. ॥ ૭૭ ॥

राजभंगयोगाः

नीचोपगावैरिगृहोपयाताःपापैर्युताश्चास्तगताग्रहेंद्राः ॥
हरंतिराज्यंविपुलंनराणां तदासुखंनाल्पतरंहिवर्षे ॥ ७८ ॥

અર્થ:—રાજયોગકર્તા ગ્રહો નીચની રાશિને અથવા શત્રુની રાશિને પામેલા હોય અથવા પાપગ્રહથી યુક્ત અથવા અસ્તને પામેલા હોય તો તે વર્ષને વિષે રાજ્યયોગનો ભંગ કરે છે તથા તે માણસને દુઃખી પણ કરે છે. ॥ ૭૮ ॥

दुष्टवर्गोपगाःपापाःसौम्याश्चेद्बलवर्जिताः ॥
अपाकुर्वंतितराज्यंकष्टंकुर्वंतिदेहिनाम् ॥ ७९ ॥

અર્થ:—પાપ ગ્રહો પાપ ગ્રહના નવમાંશને પામેલા હોય તથા શુભ ગ્રહો બળથી રહિત હોય તો રાજ્યયોગનો ભંગ કરે છે તથા તે માણસને દુઃખી પણ કરે છે. ॥ ૭૯ ॥

दिप्तांशकाः

रविःशराब्जैस्तपनैशशाङ्कोलवैर्महीजोवसुभिश्चभागैः ॥
सभार्गवौसप्तलवैर्नभोगैर्देवेज्यमंदौप्रयुतिंकरोति ॥ ८० ॥

અર્થ:—સૂર્યના ૧૫, ચંદ્રમાના ૧૨, મંગળના ૮, બુધના, ૭, ગુરૂના ૯, શુક્રના, ૭ અને શનિના ૯ દીપ્તાંશ જાણવા. ॥ ૮૦ ॥

इक्कवालेंदुवारयोगमाह.

चेत्कंटकेपणफरेचरवगाःसमस्ताःस्यादिक्कवालइतिरा-
ज्यसुखाप्तिहेतुः॥ आपोक्लिमेयदिखगाःसकिलेंदुवारो
नस्याच्छुभःक्वचनताजिकशास्त्रगीतः ॥ ८१ ॥

અર્થ:—સૂર્યાદિ સર્વ ગ્રહો કેંદ્ર (૧-૪-૭-૧૦) સ્થાન અને પણફર (૨-૫-૮-૧૧) સ્થાનમાં હોય તો ઇક્કવાલ યોગ થાયછે. આયોગ રાજ્યસુખની પ્રાપ્તિ કરનારો જાણવો તથા આયોગથી રિષ્ટયોગનો પણ ભંગ થાય છે. જો આપોક્લિમ (૩-૬-૯-૧૨) સ્થાનમાં સૂર્યાદિ સર્વ ગ્રહો રહેલા હોય તો ઇંદુ-વાર નામનો યોગ તાજિક શાસ્ત્રને વિષે કહેલો છે આ યોગ વર્ષ માસ પ્રવેશાદિને વિષે અશુભ જાણવો. ॥ ૮૧ ॥

इत्थशालयोगः

शीघ्रोऽल्पभागैर्घनभागमंदेग्रस्थेनिजंतेजउपाददीत ॥
स्यादित्थशालोऽयमथोविलिप्तालिप्तार्द्धहीनोयदिपूर्णमेतत् ॥८२॥

અર્થ:—મંદગતિ વાળો ગ્રહ અધિક અંશવાળો થઇને આગળ બેઠો હોય અને શીઘ્રગતિવાળો ગ્રહ અલ્પ અંશ વાળો થઇને પાછળ બેઠો હોય અને બન્નેની દષ્ટિ દીપ્તાંશની

અંદર હોય તો શીઘ્રગતિવાળો ગ્રહ પોતાનું તેજ આગળ બેઠેલા મંદગતિવાળા ગ્રહને આપેછે. આને ઇત્થશાળ યોગ કહેછે. આ યોગ ચાર પ્રકારનાં છે. ૧—વર્ત્તમાન મુથશીળ, ૨—પરિપૂર્ણ મુથશિળ, ૩—રાશ્યંત રાશ્યાદિમુથશિળ, ૪—ભવિષ્યમુથશિળ. અહીં પ્રથમ વર્ત્તમાન મુથશિળ કહેછે. શીઘ્રગતિવાળો ગ્રહ મંદગતિવાળા ગ્રહથી ન્યૂન અંશ ઉપર હોય અર્થાત્ શીઘ્રગતિવાળા ગ્રહના દીપ્તાંશની અંદર હોય અને બન્નેની પરસ્પર નવમ પંચમાદિ દૃષ્ટિ હોય તો શીઘ્ર અર્થાત્ પૃષ્ટ ગત ગ્રહ પોતાનું તેજ મંદ ગતિવાળા ગ્રહને આપેછે આને વર્ત્તમાન મુથશિળ (ઇત્થશાલ) યોગ કહેછે. બીજો પરિપૂર્ણ મુથશિળ—શીઘ્રગતિવાળો ગ્રહ મંદગતિવાળા ગ્રહથી એક વિકળા માત્ર અથવા ૩૦ વિકળા માત્ર ન્યૂન (ઓછો) હોય તો પરિપૂર્ણ મુથશિળ યોગ થાય છે. ॥ ૮૨ ॥

शीघ्रोयदाभांत्यलवस्थितःसन् मंदेऽग्र्यभस्थेनिदधातितेजः ॥
स्यादित्थशालोयमथैशशीघ्रदीप्तांशकांशैरिहमंदपृष्ठे ॥ ८३ ॥
तदाभविष्यद्गणनीयमित्थशालंत्रिधैवंमुथशीलमाहुः ॥
लग्नेशकार्याधिपयोर्यथैशयोगस्तथाकार्यमुशंतिसंतः ॥ ८४ ॥

અર્થઃ—શીઘ્રગતિવાળો ગ્રહ ૨૯ અંશ ઉપર અર્થાત્ રાશ્યંતમાં હોય અને મંદ ગતિવાળો ગ્રહ આગળની રાશિમાં શીઘ્ર ગતિવાળા ગ્રહના દિપ્તાંશની અંદર હોય તો શીઘ્ર ગતિવાળો ગ્રહ મંદ ગતિવાળા ગ્રહને પોતાનું તેજ આપેછે, આ પણ વર્ત્તમાન મુથશિળયોગ છે. આને રાશ્યંત રાશ્યાદિસ્થ મુથશિળ કહે છે. ચોથો ભવિષ્ય મુથશિળ–શીઘ્રગતિવાળો ગ્રહ પોતાના દીપ્તાંશાથી અધિક અંશવાળો થઇને મંદગતિવાળા ગ્રહની પાછળ હોય તો ભવિષ્ય મુથશિળ યોગ થાય છે. ઇત્થશાળના પ્રકારતો ત્રણજ છે. વર્ત્તમાન, પૂર્ણ અને ભવિષ્ય પરંતુ વર્ત્તમાન મુથશિળના બે પ્રકાર હોવાથી અહીં ચાર પ્રકાર કહેલાછે. મુથશિળ, મુત્થશિળ, મુત્થશીળ અને મૂથશીળ આ ચાર નામ ઇત્થશાળનાજ છે. લગ્નેશ અને કાર્યેશનો

પરસ્પર જેવો મુથશિળ યોગ થયો હોય તેવું તેનું ફળ કહેવું. વર્ત્તમાન મુથશિળ યોગ થયો હોય તો તે ભાવ સબંધી સુખ વર્ત્તમાન જાણવું. પરિપૂર્ણ મુથશિળ યોગ થયો હોય તો તે સંબંધી સંપૂર્ણ સુખજ જાણવું અને ભવિષ્ય મુથશિળ યોગ થયો હોય તો તે ભાવ સબંધી સુખ આગળ મળશે. આ પ્રમાણે જ્યોતિર્વિદો પ્રશ્નાદિકને વિષે ફળ કહેછે. ॥ ૮૩ ॥ ૮૪ ॥

लग्नेशकार्याधिपतत्सहायायत्रस्युरस्मिन्पतिसौम्यदृष्टे ॥

तदाबलाढ्यंकथयंतियोगंविशेषतःस्नेहदृशापिसन्तः ॥ ८५ ॥

અર્થઃ—લગ્નેશ અને કાર્યેશના મિત્ર ગ્રહો પણ તેમની બરાબર ફળ આપેછે. લગ્નેશાદિ પૂર્વોક્ત ગ્રહો જે ભાવોમાં બેઠેલા હોય તે ભાવો પોતાના સ્વામી અને શુભ ગ્રહોથી દૃષ્ટ હોય તો પૂર્વોકત યોગ બળવાન થાયછે. અને તે ઘણુંજ (ઉત્કૃષ્ટ) ફળ આપેછે. પંડિત લોકો સ્નેહ દૃષ્ટિ (મિત્ર દૃષ્ટિ) થી ફળની વિશેષતા કહેછે. ઇત્થશાળ યોગમાં આટલું યાદ રાખવું કે ઇત્થશાળી મંદ ગતિવાળો ગ્રહ વક્રગતિનો હોય તો પૂર્વોકત ફળ અધિક આપે છે.

स्वर्क्षादिसत्स्थानगतशुभैश्चेद्युतेक्षितोभूद्भविताऽथवास्ते ॥

तदाशुभंप्रागभवत्सुपूर्णमग्रेभविष्यत्यथवर्त्ततेच ॥ ८६ ॥

અર્થઃ—ઇત્થશાળ યોગ કર્ત્તા લગ્નેશ અને કાર્યેશ પોતાની રાશિને પામી ગયા હોય તથા શુભ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ થઈ ગયા હોય તો ઇત્થશાળોકત શુભ ફળ થઇ ગયુંછે. લગ્નેશ અને કાર્યેશ પોતાના સ્વગૃહોચ્ચાદિ શુભ સ્થાનમાં તથા શુભ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ થવાના હોય તો ભવિષ્યકાળમાં શુભ ફળ મળશે. તથા લગ્નેશ અને કાર્યેશ પોતાના સ્વગૃહોચ્ચાદિ શુભ સ્થાનમાં તથા શુભ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ હાલ હોય તો શુભ ફળ તત્કાળ મળશે એમ વર્ષ અને પ્રશ્નાદિકમાં બુદ્ધિ બળથી વિચારીને ફળ કહેવું. ॥ ૮૬ ॥

व्यत्यस्तमस्माद्विपरीतभावेस्वेष्टर्क्षतोनिष्टगृहंप्रपन्नः ॥

अभूच्छुभंप्रागशुभंत्विदानींसंयातुकामेनचभाविवाच्यम् ॥ ८७ ॥

અર્થ:—લગ્નેશ અને કાર્યેશ શત્રુ, નીચ, શત્રુહદ્દા, શત્રુત્રેશાધિપ, શત્રુ મુશલ્લહ અથવા પાપગ્રહની રાશિને પામી ગયા હોય તથા પાપગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ થઇ ગયા હોય તો અશુભ ફળ પહેલાં થઇ ગયું છે. લગ્નેશ અને કાર્યેશ પોતાના શત્રુ આદિ અશુભ સ્થાનમાં તથા પાપ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ થવાના હોય તો ભવિષ્યમાં અશુભ ફળ મળશે તથા લગ્નેશ અને કાર્યેશ પોતાના શત્રુઆદિ અશુભ સ્થાનમાં તથા પાપ ગ્રહોથી દૃષ્ટ અથવા યુક્ત હાલ હોયતો અશુભ ફળ તત્કાળ મળશે. જો લગ્નેશ અને કાર્યેશ મિત્રની રાશિને પામીને આગળ શત્રુની રાશિને પામેલા હોય તો પહેલાં શુભ ફળ થઇ ગયું છે અને હાલ અશુભ ફળ ચાલે છે તથા લગ્નેશ અને કાર્યેશ શત્રુની રાશિને પામીને આગળ મિત્રની રાશિને પામેલા હોય તો પહેલાં અશુભ ફળ થઇ ગયું છે અને હાલ શુભ ફળ ચાલે છે. આ પ્રમાણે વિચારીને કહેવું. ॥ ૮૭ ॥

इसराफयोगः

शीघ्रोयदामंदगतेरथैकमप्यंशमभ्येतितदेसराफः ॥
कार्यक्षयोमूसरिफेखलोत्थेसौम्येनहिल्लाजमतेनचिंत्यम् ॥ ८८ ॥

અર્થ:—પૂર્વોક્ત ઇત્થશાલયોગનો વિપરીત ઇસરાફ યોગ કહે છે. શીઘ્રગતિવાળો ગ્રહ જો મંદગતિવાળા ગ્રહ કરતાં એક અંશ આગળ હોય તો ઇસરાફયોગ થાય છે. આને મૂસરિફપણ કહે છે. આ ઇસિરાફ યોગ પાપ ગ્રહના સબંધથી થયો હોય તો કાર્યનો નાશ કરે છે અને શુભ ગ્રહના સબંધથી થયો હોય તો નાશ નથી કરતો આ પ્રમાણે હિલ્લાજ મતથી વિચાર કરવો. ॥૮૮॥

प्रथमभावविचारः

तनुसुखमदनाज्ञाराशयःकेंद्रसंज्ञाः
पणफरभवनानिस्वायपुत्राष्टमानि ॥
व्ययरिपुगुरुदुश्चिक्यानिचापोक्लिमानि
प्रभवतिचतुरस्रंमृत्युबंधुद्वयंच ॥ ८९ ॥

અર્થ:—૧-૪-૭-૧૦ સ્થાનને કેન્દ્રસંજ્ઞક કહે છે. ૨-૫ ૮-૧૧ સ્થાનને પણફરસંજ્ઞક કહે છે. ૩-૬-૯-૧૨ સ્થાનને આપોકિલમ કહે છે. તથા ૮-૪ ને ચતુરસ્ત્ર સંજ્ઞક કહેછે. ॥૮૯॥

धीधर्मर्क्षेत्रिकोणंभवतिनवमभंत्रित्रिकोणाव्हयंच
लाभारिभ्रातृमध्यान्युपचयभवनान्याहुरित्येवमार्याः ॥
योभावःस्वामिसौम्यैर्भवतियुतिगतोवीक्षितोवापियत्र
तद्भावस्यप्रवृद्धिर्भवतिचसुतरांपापखेटैस्तुहानिः ॥ ९० ॥

અર્થ:—૩-૫ સ્થાનને ત્રિકોણ સંજ્ઞક કહે છે. એકલા નવમા સ્થાનને ત્રિત્રિકોણસંજ્ઞક કહેછે. ૧૧-૬-૩-૧૦ સ્થાનને ઉપચય સંજ્ઞક કહે છે. આ પ્રમાણે શ્રેષ્ટ મુનીઓ કહે છે. જે ભાવ પોતાના સ્વામીથી તથા શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો તે ભાવની વૃદ્ધિ જાણવી. અને પાપ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો તે ભાવની અત્યંત હાની જાણવી તથા શુભ ગ્રહો અને પાપ ગ્રહોથીયુક્ત અથવા દૃષ્ટ હોય તો તે ભાવનું ફળ મધ્યમ જાણવું. ॥૯૦॥

लग्नाधिपेर्वीर्ययुतेसुखानिनैरुज्यमर्थागमनंविलासः ॥
स्यान्मध्यवीर्येल्पसुखार्थलाभःक्लेशाधिकत्वंविपदल्पवीर्ये ॥ ९१ ॥

અર્થ:—લગ્નનો સ્વામી બૃહત્પંચવર્ગી ચક્રમાં ઉત્તમ બળવાન હોય તો સુખ, નીરોગતા, ધનની પ્રાપ્તિ અને હાસ્ય વિલાસાદિ સુખ આપે છે. મધ્યમ બળવાન હોયતો સુખ અને ધનનો લાભ થોડો આપેછે. તથા હીન બળવાન હોયતો અધિક કલેશ અને વિપત્તિ આપેછે. ॥ ૯૧ ॥

जन्माद्वाङ्गपतींथिहापतिसमानाथाद्यधीकारवान्
सूर्योनष्टबलस्तत्रगक्षिविलयंकुर्यान्निरुत्साहताम् ॥
नीचत्वंपितृमातृतोऽप्यभिभवश्चंद्रेक्षिकार्यक्षयो
दारिद्र्यंचपराभवोगृहकलिर्व्याध्यादिभीतिस्तथा ॥ ९२ ॥

અર્થ:—જન્મલગ્નેશ, વર્ષલગ્નેશ, મુંથેશ અથવા વર્ષેશ બૃહત્પંચવર્ગી ચક્રમાં હીન બળવાન અર્થાત્ પાંચથી ન્યૂન હોય

તો નીચે પ્રમાણે ફળ આપે છે, સૂર્ય હોયતો નેત્રરોગથી દૃષ્ટિની હાની, કોડ, કરોળીઆ દાદર આદિ ત્વચારોગ, ઉત્સાહનો ભંગ, નીચ કર્મ ઉપર વૃત્તિ, તથા માતાપિતાથી પરાભવ કરેછે. ચંદ્રમા હોયતો નેત્રનો ક્ષય, કાર્યની હાની, દરિદ્રતા, અપમાન; ઘરમાં કલેશ, માનસીવ્યથા તથા રોગનો ભય કરે છે. ॥ ૯૨ ॥

भौमेऽबलत्वंभीरुत्वंबुधेमोहपराभवौ ॥
जीवेधर्मक्षयःकष्टफलाजीवनवृत्तयः ॥ ९३ ॥

અર્થઃ—મંગળ હોય તો શરીરમાં નિર્બળતા તથા ભયની પ્રાપ્તિ કરે છે. બુધ હોય તો મોહ અને પરાભવ કરે છે. ગુરૂ હોય તો ધર્મનો નાશ તથા કષ્ટથી જીવિકાની વૃત્તિકરેછે.॥૯૩॥

शुक्रेविलाससौख्यानांनाशःस्त्रीभिःसमंकलिः ॥
सौरेभृत्यजनाद्दुःखंरुजोवातप्रकोपतः ॥ ९४ ॥

અર્થઃ—શુક્ર હોય તો વિલાસ અને સુખનો નાશ તથા સ્ત્રીઓથી કલેશ કરે છે. શનિ હોય તો નોકર ચાકરથી દુઃખ તથા વાયુ પ્રકોપથી રોગની ઉત્પત્તિ કરેછે. ॥ ૯૪ ॥

लग्नंयदापापखगैःसमेतंसौम्यग्रहैर्नोसहितंचदृष्टम् ॥
ददातिमांद्यंबहुलंसमान्तेतथाविवादंकुजनैर्नराणाम् ॥ ९५ ॥

અર્થઃ—જ્યારે વર્ષને વિષે લગ્ન પાપ ગ્રહોથી યુકત હોય અને તે શુભ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ ના હોય તો માણસને મંદપણું તથા નઠારા માણસોથી વિવાદ થાય છે. ॥ ૯૫ ॥

सौम्यग्रहैरुपचयोपगतैःसमस्तैर्लग्नात्तथाहिमकरात्सबलैर्नराणाम् ॥ दद्युर्धनानिविविधानिविलासहास्यं सौख्यागमंनिखिलयोगजनात्पृथिव्याम् ॥ ९६ ॥

અર્થ—લગ્ન તથા ચંદ્રમાથી સર્વ શુભ ગ્રહો બળવાન થઈને ઉપચય ૩–૬–૧૦–૧૧ સ્થાનને પામેલાં હોય તો ધન, નાના પ્રકારના વિલાસ, હાસ્ય તથા સર્વ માણસોથી સુખની પ્રાપ્તિ પૃથ્વી ઉપર થાય છે. ॥ ૯૬ ॥

जन्माब्दांगपरंध्रपाब्दमुथहानाथाबलाढ्यास्तदा
रम्यंवर्षमुशन्तिसर्वमतुलंसौख्यंयशोर्थागमः ॥
षष्ठाष्टांत्यगतानचेदिहपुनस्तेदुःखभीतिप्रदा
निर्वीर्यायदिवर्षमेतदशुभंवाच्यंशुभेक्षांविना ॥ ९७ ॥

અર્થ:—જન્મલગ્નેશ, વર્ષલગ્નેશ, અષ્ટમેશ અને મુંથેશ બળવાન હોય તથા છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનને પામેલા ના હોય તો આખા વર્ષમાં જ્યોતિર્વિદ્ શુભ ફળ કહેછે. અને તે વર્ષમાં અગણિત સુખ, યશ અને ધનની પ્રાપ્તિ પણ થાયછે. જો ઉપર કહેલા ગ્રહો બળવાન થઈને છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનને પામેલા હોય તો દુઃખ દાયક જાણવા તથા ઉપર કહેલા ગ્રહો હીન બળવાન હોય અને છઠ્ઠા આઠમા તથા બારમા સ્થાનને પામેલા હોય તો તે દુઃખ તથા ભયકારક જાણવા. જો એ ચારે ને શુભગ્રહો જોતા ના હોય તો આખું વર્ષ અશુભ જાણવું. ॥ ૯૭ ॥

लग्नेशोवीक्ष्यतेलग्नंवीक्ष्यन्तेचशुभग्रहाः ॥
तदादेहसुखंविद्याल्लग्नेलग्नेश्वरोऽथवा ॥ ९८ ॥

અર્થ:—લગ્નનો સ્વામી લગ્નને જોતો હોય તથા સર્વ શુભગ્રહો લગ્નને જોતા હોય અથવા લગ્નનો સ્વામી લગ્નમાં બેઠો હોય ત્યારે દેહનું સંપૂર્ણ સુખ જાણવું. ॥ ૯૮ ॥

केंद्रगोयदिलग्नेशःशुभादृष्टःशुभैरपि ॥
त्रिकोणलाभगोस्याच्चेत्तदादेहसुखंभवेत् ॥ ९९ ॥

અર્થ:—લગ્નનો સ્વામી શુભ ગ્રહ થઈને કેંદ્ર ત્રિકોણ તથા લાભ સ્થાનને પામેલો હોય તથા શુભ ગ્રહો તેને જોતા હોય તો દેહનુ સુખ સારૂં જાણવું. ॥ ૯૯ ॥

धनभावविचारः

वित्ताधिपोजन्मनिवित्तगोब्देजीवोयदालग्नपतीत्थशाली ॥
तदाधनाप्तिःसकलेपिवर्षेक्रूरेसराफेधनधान्यहानिः ॥ १०० ॥

અર્થ:—જન્મકાળને વિષે ગુરૂ ધન સ્થાનનો સ્વામી હોય અને તે વર્ષમાં ધનસ્થાનમાં પડેલો હોય તથા વર્ષલગ્નના સ્વામી સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો આખા વર્ષમાં ધનની પ્રાપ્તિ થાય. તથા ઉપર કહેલો ગુરૂ પાપગ્રહ સાથે ઈસરાફ યોગ કરતો હોય તો ધન અને ધાન્યનો નાશ કરે છે. ॥ ૧૦૦ ॥

जन्मन्यर्थावलोकीज्योब्देन्देशोबलवान्यदा ॥
तदाधनाप्तिर्बहुलाविनायासेनजायते ॥ १०१ ॥

અર્થ:—જન્મકાળમાં ધન સ્થાનને ગુરૂ જોતો હોય અને વર્ષમાં બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તો પરિશ્રમ (મહેનત) વિના ઘણા ધનની પ્રાપ્તિ થાય છે. ॥ ૧૦૧ ॥

गुरुर्वित्तेशुभैर्दृष्टोयुतोवाराज्यसौख्यदः ॥
जन्मन्यब्देचमुथहाराशिपश्यन्विशेषतः ॥ १०२ ॥

અર્થ:—ધન સ્થાનમાં ગુરૂ શુભ ગ્રહોથી યુક્ત અથવા દ્રષ્ટ હોય તો રાજ્યદ્વારથી સુખ મળે છે. જન્મકાળ અને વર્ષમાં મુંથારાશિને ગુરૂ જોતો હોય તો વિશેષ કરીને રાજ્યદ્વારથી સુખ મળે છે. ॥ ૧૦૨ ॥

एवंसितेब्दपेभूरिद्रव्यंधान्यंचजायते ॥
वित्तलग्नेशसंयोगोवित्तसौख्यविनाशदः ॥ ॥ १०३ ॥

અર્થ:—ગુરૂની પેઠે ધન સ્થાનમાં શુક્ર શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય અને તે વર્ષનો રાજા પણ થયો હોય તો ઘણાજ ધન અને ધાન્યની પ્રાપ્તિ કરેછે. ધન સ્થાનનો સ્વામી અને લગ્નનો સ્વામી એકજ સ્થાનમાં પડેલા હોય તો ધન અને સુખનો નાશ કરે છે. પરંતુ તે બન્નેનો ઇત્થશાલ યોગ થતો હોય તો ધન સુખ સારૂં મળે છે. ॥ ૧૦૩ ॥

एवंबुधेसवीर्येस्याल्लिपिज्ञानोद्यमैर्धनम् ॥
जन्मलग्नगताःसौम्यावर्षेर्थेधनलाभदाः ॥ १०४ ॥

અર્થ:—આજ પ્રમાણે બુધ બળવાન થઈને ધનસ્થાનમાં શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય અને વર્ષનો રાજા પણ થયો હોય તો લખવાના કામ તથા જ્ઞાન શાસ્ત્ર અને ઉદ્યમથી ધનની પ્રાપ્તિ થાય છે. જન્મકાળમાં લગ્નને વિષે જે શુભ ગ્રહ હોય તેજ વર્ષમાં ધનસ્થાનમાં પડેલો હોય તો ધનનો લાભ આપેછે. ॥ ૧૦૪ ॥

वित्तेशोजन्मनिगुरुर्वर्षेत्रर्षेशतांदधन् ॥
यद्भावगस्तमाश्रित्यलाभदोलग्नआत्मनः ॥ १०५ ॥

અર્થ:—જન્મકાળમાં ધનસ્થાનનો સ્વામી ગુરૂ હોય અને તે વર્ષમાં વર્ષનો રાજા થયો હોય અને તે જે ભાવમાં બેઠો હોય તે ભાવ સબંધી લાભ આપે છે. આ પ્રમાણે પૂર્વોક્ત ગુરૂ લગ્નમાં પડેલો હોય તો પોતાના પુરૂષાર્થથી લાભ આપે છે અને શરીરને પણ સુખ આપે છે. ॥ ૧૦૫ ॥

वित्तेसुवर्णरूप्यादेर्भ्रात्रादेःसहजर्क्षगः ॥
पितृमातृक्षमादिभ्योवित्तंसुहृदिपंचमे ॥ १०६ ॥
सुहृत्तनयतःषष्ठेरिवर्गाद्धानिर्भीतिदः ॥
स्त्रीभ्योद्यूनेष्टमेमत्युरर्थहेतुस्तथांकगे ॥ १०७ ॥

અર્થ:—પૂર્વોક્ત ગુરૂ ધનસ્થાનમાં હોય તો સુવર્ણ રૌપ્યાદિ લાભ હોય, ત્રીજા સ્થાનમાં હોય તો ભ્રાત્રાદિ (ભાઈઓ) વિગેરેથી લાભ હોય, ચોથા સ્થાનમાં હોય તો પિતા માતા આદિથી લાભ હોય, પાંચમા સ્થાનમાં હોય તો મિત્ર અથવા પોતાના પુત્રથી ધન લાભ હોય, છઠ્ઠા સ્થાનમાં હોય તો શત્રુ સ્વર્ગથી ધનની હાની તથા ભય હોય, સાતમા સ્થાનમાં હોય તો સ્ત્રીઓથી ધનનો લાભ હોય. આઠમા સ્થાનમાં હોય તો મૃત્યુ હોય, નવમા સ્થાનમાં હોય ધનનો સંગ્રહ કરનાર હોયછે. ॥૧૦૬-૧૦૭ ॥

खेनृपादेर्नृपकुलादायेन्त्येव्ययदोभवेत् ॥
इत्थंविमृश्यसुधियावाच्यमित्थंपरेजगुः ॥ १०८ ॥

અર્થઃ—દશમા સ્થાનમાં હોય તો રાજા તથા મંત્રી આદિથી લાભ હોય. અગીઆરમા સ્થાનમાં હોય તો રાજકુળથી ધનનો લાભ હોય, તથા બારમા સ્થાનમાં હોય તો ખર્ચ કરાવે છે. બુદ્ધિમાનોએ આ પ્રમાણે વિચાર કરીને ફળ કહેવું. આ પ્રમાણે બીજા આચાર્યો પણ કહે છે. ા ૧૦૮ ા

सहजभावविचारः

अब्देशेर्केसितेवापिसवलेपापवर्जिते ॥
सौख्यंमिथःसोदराणांव्यत्ययाव्द्यत्ययंवदेत् ॥ १०९ ॥

અર્થઃ—સૂર્ય અથવા શુક્ર બળવાન થઇને વર્ષનો રાજા થયો હોય તથા પાપ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ ના હોય તો પરસ્પર ભાઇઓનું સુખ હોય. તથા પાપગ્રહોથી યુકત અથવા દૃષ્ટ હોય તો વિપરીત ફળ કહેવું અર્થાત્ ભાઇઓની સાથે પરસ્પર કલેશાદિ ઉપદ્રવ કહેવો. ા ૧૦૯ ા

दग्धकलिःसहजपेब्दपतौतयोर्वार्जाविबलेनरहितेसहजेसहोत्थैः ॥
वैरंतृतीयभवनाधिपतीसराफेमांद्यंकलिस्वजनसोदरतश्चविंद्यात् ११०

અર્થઃ—ત્રીજા સ્થાનનનો સ્વામી વર્ષનો રાજા થઇને દગ્ધ અર્થાત્ દુષ્ટ સ્થાન અસ્તંગતાદિ દોષ સહિત હોય તો ભાઇઓની સાથે કલેશ થાય. શુક્ર અથવા સૂર્ય વર્ષનો રાજા થઇને દગ્ધ હોય તોપણ આ ફળ કહેવું. અને વર્ષનો રાજા ત્રીજા સ્થાનના સ્વામી સાથે ઇસરાફ યોગ કરતો હોય તો ભાઈ તથા પોતાના માણસોથી કલેશ તથા તેમના શરીરે દુઃખ પણ આપેછે. ા૧૧૦ા

यदेत्थशालःसहजेश्वरेणगुरुस्तृतीयेसहजात्सुखाप्तिः ॥
सारेविधौस्यात्कलहस्तृतीयेदृष्टौयुतौनोगुरुणायदातौ ॥१११॥

અર્થઃ—જ્યારે વર્ષલગ્નનો સ્વામી ત્રીજા સ્થાનના સ્વામી સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો ભાઈઓથી સુખની પ્રાપ્તિ હોય, અથવા (બળવાન) ગુરૂ ત્રીજા સ્થાનમાં હોય તો પણ ભાઇઓથી સુખની પ્રાપ્તિ હોય. મંગળસહિત ચંદ્રમા ત્રીજા સ્થાન

માં હોય તો ભાઇઓની સાથે કલેશ હોય. પરંતુ ગુરૂ યુકત અ-થવા દૃષ્ટ ના હોય તો આ ફળ છે. ॥ ૧૧૧ ॥

सहजे सहजाधीशेधिकारिणिसमापते: ॥
लग्नपेवामुथशिलेमिथःसौख्यंसहोत्थयोः ॥ ११२ ॥

અર્થ:--ત્રીજા સ્થાનનો સ્વામી ત્રીજા સ્થાનમાં અધિકાર યુક્ત હોય તથા વર્ષના રાજાથી અથવા લગ્નના સ્વામીથી ઈત્થ-શાલયોગ કરતો હોય તો પરસ્પર ભાઇઓનું સુખ કરે છે.॥૧૧૨॥

क्रूरेसराफेकलहःशनौभौमर्क्षगेरुजः ॥
ज्ञर्क्षेभौमेनुजेमांद्यंवदेत्सहजगेस्फुटम् ॥ ११३ ॥

અર્થ:—ત્રીજા સ્થાનના સ્વામી સાથે પાપ ગ્રહનો ઈસરાફ યોગ હોય તો પરસ્પર ભાઇઓને કલેશ થાય, મંગળની વૃશ્ચિક અને મેષ રાશિમાં શનિ ત્રીજા સ્થાનમાં હોય તો ભાઇઓને રોગ ઉત્પન્ન કરે. તથા બુધની કન્યા અને મિથુન રાશિમાં મંગળ ત્રીજા સ્થાનમાં હોય તો નિઃશંક ભાઇઓને રોગાદિ કરેછે. ॥૧૧૩॥

मंदर्क्षगेसृजिबुधेकुजर्क्षेसहजेशुभैः ॥
युतेक्षितेसोदराणांमिथःसौख्यंसुखंबहु ॥ ११४ ॥

અર્થ:—શનિની મકર અને કુંભ રાશિમાં મંગળ ત્રીજા સ્થાનમાં હોય અથવા મંગળની મેષ અને વૃશ્ચિક રાશિમાં બુધ ત્રીજા સ્થાનમાં શુભ ગ્રહોથી યુકત અથવા દૃષ્ટ હોય તો ભાઇઓને પરસ્પર ઘણુંજ સુખ અને સ્નેહની પ્રાપ્તિ કરે છે. ॥ ૧૧૪ ॥

पापान्वितेतुसहजेसहमेशभावनाथेक्षणेनरहितेसहजस्यदुःखम् ॥
एवंसहोत्थसहमेपिवदेत्तदीशौदग्धौयदासहजनाशकरौविचिंत्यौ ११५

અર્થ:—ત્રીજો ભાવ પાપ ગ્રહોથી યુકત હોય તેના ઉપર ત્રીજા ભાવના સ્વામીની તથા ભ્રાતૃસહમેશની દૃષ્ટિ ના હોય તો ભાઈઓને દુઃખ હોય, આજ પ્રમાણે ભ્રાતૃ સહમમાં પણ ફળ ક-હેવું. તથા ત્રીજા સ્થાનનો સ્વામી અને ભ્રાતૃ સહમનો સ્વામી દુ-

ષ્ટ (૬-૮-૧૨) સ્થાનને પામીને અસ્તંગતાદિ દોષ સહિત હોય તો ભાઇઓનો નાશ કરનાર જાણવો ॥૧૧૫॥

तृतीयपादब्दपतौद्युनस्थेलग्नेश्वरेवासहजैर्विवादः ॥
तृतीयपोजन्मनिताद्दगब्देशुभेक्षितस्तत्रसहोत्थतुष्ट्यै ॥ ११६ ॥

અર્થઃ—ત્રીજા ભાવના સ્વામીથી વર્ષનો રાજા અથવા વર્ષ લગ્નનો સ્વામી સાતમા સ્થાનમાં હોય તો ભાઇઓથી વિવાદ હોય જન્મકાળ તથા વર્ષકાળમાં પણ ત્રીજા ભાવનો સ્વામી ત્રીજા ભાવને પામેલો હોય અને તેના ઉપર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો પરસ્પર ભાઇઓને આનંદ મળેછે. ॥૧૧૬॥

सुखभावविचारः

तुर्येरवींदूपितृमातृपीडापापान्वितौपापनिरीक्षितौच ॥
जन्मस्थसूर्येक्षगतेऽर्कपुत्रेऽवमाननावैरकलीचपित्रा ॥ ११७ ॥

અર્થઃ—ચોથા સ્થાનમાં પાપ ગ્રહ યુકત અથવા પાપ ગ્રહ દૃષ્ટ સૂર્ય હોય તો પિતાને પીડા કારક જાણવો, આજ પ્રમાણે ચંદ્રમા પાપ ગ્રહ યુકત અથવા પાપ ગ્રહ દૃષ્ટ ચોથા સ્થાનમાં હોય તો માતાને પીડા કારક જાણવો. સૂર્ય અને ચંદ્રમા સાથેજ પાપ ગ્રહ યુકત અથવા દૃષ્ટ ચોથા સ્થાનમાં હોય તો માતા પિતા બન્નેને પીડા કારક જાણવા. જન્મકાળમાં સૂર્ય જે રાશિનો હોય તેજ રાશિનો શનિ વર્ષકાળમાં હોય તો અપમાન તથા પિતાની સાથે વૈર અને કલેશ કરાવે છે. ॥૧૧૭॥

चन्द्रेजनन्येवमुशंतिवंशौसुखाधिपेप्रीतिमुखानिपित्रोः ॥
तुर्याधिपेलग्नपतीत्थशालेवीर्यान्वितेसौख्यमुशंतिपित्रोः ॥११८॥

અર્થ;—જન્મકાળમાં ચંદ્રમા જે રાશિનો હોય તેજ રાશિનો શનિ વર્ષકાળમાં હોય તો માતાની સાથે વૈર અને કલેશ હોયછે. ચોથા સ્થાનનો સ્વામી ચોથા સ્થાનમાં હોય તો માતા પિતાની સાથે પ્રીતિ અને તેમનું સુખ થાયછે. ચોથા સ્થાનનો સ્વામી બ-

ળવાન થઇને લગ્નના સ્વામીની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો માતા અને પિતાનું સુખ પંડિતો કહેછે. ॥ ૧૧૮ ॥

सौख्याधिपोजनुषिनष्टबलोब्दसूत्योःपित्रोरनिष्ट
कृदथोसहमेतयोस्तु ॥ दग्धेतुरीयगृहगेचयदीथि-
हायानाशस्तयोःसहमयोरपिदग्धयोःस्यात् ॥११९॥

અર્થ:—જન્મકાળમાં ચોથા સ્થાનનો સ્વામી વર્ષ તથા જન્મ કાળમાં બળથી રહીત હોય તો માતા પિતાને અશુભ ફળ આપે છે. આજ પ્રમાણે માતૃપિતૃ સહમમાં પણ વિચાર કરવો. તથા આ સહમમાં દગ્ધ પાપ ગ્રહ હોય અને તે મુંથાથી ચોથા સ્થાનમાં પડેલો હોય તો માતાપિતાનો નાશ કરેછે. તથા માતૃપિતૃ સહમોના સ્વામી બળ રહિત અથવા પાપાક્રાન્ત અને અસ્તંગત હોય તો આજ ફળ આપે છે. સુખ સ્થાનનો સ્વામી અને પૂર્વોક્ત સહમોના સ્વામીઓ બળવાન હોય તો માતા પિતાને શુભ ફળ આપેછે. ॥ ૧૧૯ ॥

जन्मन्यंबुगृहंयच्चतत्पतिस्तत्पदोपगौ ॥
शन्यारौक्लेशदौपित्रोर्नचेत्सौम्यनिरीक्षितौ ॥ १२० ॥

અર્થ:—જન્મ કાળમાં ચોથા ભાવ અને ચોથા ભાવના સ્વામીની આશ્રિત રાશિઓમાં શનિ અને મંગળ પડેલો હોય અને તેના ઉપર શુભ ગ્રહની દૃષ્ટિ ના હોય તો માતા અને પિતાને કલેશ આપે છે. ॥ १२० ॥

मातुःपितुश्चसहमेतनुपेत्थशालेतुर्येपिचेत्थमवगच्छसुखानिपित्रोः॥
चेदष्टमाधिपतिनाकृतमित्थशालंपित्रोर्विपद्धयमनिष्टकृतेसराफे १२१

અર્થ:—માતૃપિતૃ સહમની સાથે વર્ષ લગ્નના સ્વામીનો ઇત્થશાલ યોગ થાય તો માતા પિતાનું સુખ જાણવું. આજ પ્રમાણે ચોથા ભાવ સાથે વર્ષ લગ્નના સ્વામીનો ઇત્થશાલ યોગ-થાય તો પણ માતા પિતાનુ સુખ જાણવું. માતૃપિતૃસહમ અથવા ચોથા ભાવસાથે વર્ષલગ્નથી આઠમા સ્થાનના સ્વામીનો ઇત્થ

શાલ યોગ હોય અથવા અશુભ ફળદાતા ગ્રહથી ઇસરાફ્યોગ હોય તો માતા પિતાને વિપત્તિ તથા ભય જાણવું ॥ ૧૨૧ ॥

सुतभावविचारः

पुत्रायगोवर्षपतिर्गुरुश्चेत्सूर्यारसौम्योशनसोऽथवेत्थम् ॥
सत्पुत्रसौख्यायखलार्दितास्तेदुःखप्रदाःपुत्रतएवचिंत्याः ॥ १२२ ॥

અર્થ:—વર્ષનોરાજા ગુરૂ પાંચમા અથવા અગીઆરમાં સ્થાનમાં હોય અથવા સૂર્ય, મંગળ, બુધ અને શુક્રમાંથી કોઈ પણ વર્ષનો રાજા થઇ ને પાંચમા અથવા અગીઆરમા સ્થાનમાં હોય તો સારા પુત્રથી સુખ મળે પરંતુ આ ગ્રહો પૂર્વોકત પ્રકારે થઇને પાપ ગ્રહપીડિત હોય તો પુત્રથી દુઃખ પ્રદ જાણવું. ॥ ૧૨૨ ॥

पुत्रेसुतस्यसहमेसबलेसुताप्तिःसौम्येक्षितप्यतिसुखं
यदियत्रवर्षेट् ॥ सौम्येक्षितःशुभगृहेसकुजोबुध-
श्चेत्पुत्रायगःसुतसुखंविबलाःसुतार्तिम् ॥ १२३ ॥

અર્થ:—પાંચમો ભાવ અથવા પુત્રસહમ બળથી યુકત હોય તો પુત્રની પ્રાપ્તિ થાયછે. પાંચમા સ્થાનને વિષે વર્ષનો રાજા શુભ ગ્રહોથી દૃષ્ટ હોય તો પુત્ર સબંધી ઘણુંજ સુખ આપેછે. શુભ ગ્રહોની રાશિમાં મંગળની સાથે બુધ પાંચમા અથવા અગી-આરમા સ્થાનમાં શુભ ગ્રહોથી દૃષ્ટ હોય તો પુત્રનું સુખ આપે છે. બળથી રહિત બુધ મંગળની સાથે પૂર્વોકત સ્થાનોમાં હોય તો પુત્રને પીડા કરે છે. ॥ ૧૨૩ ॥

देवार्चितोजन्मनियत्रराशौवर्षेसराशिर्यदिपंचमस्थे ॥
तत्रस्थितेवर्षपतौबुधेवाभौमेऽथवापुत्रसमुद्भवःस्यात् ॥१२४॥

અર્થ:—જન્મકાળમાં ગુરૂ જે રાશિનો હોય તેજ રાશિ વર્ષમાં પાંચમા સ્થાને હોય તો પુત્ર પ્રાપ્તિ કરે છે. બુધ અથવા મંગળ વર્ષનો રાજા થઇને પાંચમા સ્થાનમાં હોય તો પણ પુત્ર પ્રાપ્તિ કરે છે. ॥ ૧૨૪ ॥

सुताधिपोजन्मनिभार्गवोब्दे पुत्रेविलग्नाधिपतीत्थशाली ॥
पुत्रप्रदोमंदपदस्थपुत्रेपापाधिकारीक्षितआत्मजार्त्तिः ॥ १२५ ॥

અર્થ:—જન્મકાળમાં પાંચમા સ્થાનનો સ્વામી શુક્ર હોય અને તે વર્ષકાળમાં પાંચમા સ્થાનમાં હોય તથા લગ્નના સ્વામીની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો પુત્ર આપે છે. તથા જન્મ કાળમાં શનિ જે રાશિમાં હોય તેજ રાશિ વર્ષમાં પાંચમા સ્થાનમાં હોય તથા તેને કોઈ અધિકારી પાપ ગ્રહ જોતો હોય તો પુત્રને પીડા કરે છે. ॥ ૧૨૫ ॥

पुत्रेपुण्यस्यसहमंपुत्राप्त्यैशुभदृष्टियुक् ॥
लग्नपुत्रेश्वरौपुत्रेपुत्रदौबालनौयदि ॥ १२६ ॥

અર્થ:—લગ્નથી પાંચમા સ્થાનમાં પુણ્ય સહમ હોય તેને શુભ ગ્રહો જોતા હોય અથવા તેમાં યુક્ત હોય તો પુત્ર પ્રાપ્તિ કરે છે. તથા લગ્નનો સ્વામી અને પાંચમા સ્થાનનો સ્વામી બળવાન થઇને પાંચમા સ્થાનમાં હોય તો પણ પુત્ર પ્રાપ્તિ કરેછે. ॥૧૨૬॥

चन्द्रोर्जीवोऽथवाशुक्रःस्वोच्चगःसुतदःसुते ॥
वक्रिभौमःसुतस्थश्चेदुत्पन्नसुतनाशनः ॥ १२७ ॥

અર્થ:—ચંદ્ર ગુરૂ અથવા શુક્ર પોતાની ઉચ્ચ રાશિમાં પાંચમા સ્થાનમાં હોય તો પુત્ર પ્રાપ્તિ કરે છે. અને વક્ર ગતિવાળો મંગળ પાંચમા સ્થાનમાં હોય તો પુત્રનો નાશ કરે છે. ॥ ૧૨૭ ॥

षष्ठभावविचारः

मन्देब्दपेनृजुगतेपतितेरुजार्त्तिःस्यात्सन्निपात
भवभीररिगेत्रशूलम् ॥ गुल्माक्षिरोगविषमज्वर
भीर्गुरौतुपापार्दितेनिलरुजोधिकशूलशून्ये ॥ १२८ ॥

અર્થ:—વર્ષેશ શનિ વક્ર ગતિવાળો થઇને પાપ પીડિત હોય અને તે છઠ્ઠા સ્થાનમાં પડેલો હોય તો રોગથી પીડા, સન્નિપાત અર્થાત્ વાયુપિત્ત અને કફ આ ત્રણેની ઉત્પત્તિથી ભય,

શૂળરોગ, ગુલ્મ અર્થાત્ ઉદર રોગ, નેત્ર રોગ તથા વિષમ જ્વરનો ભય કરેછે. આ પ્રમાણે ગુરૂવક્ર ગતિવાળો થઈને પાપાક્રાંત છઠ્ઠા સ્થાનમાં હોય અને તે ચંદ્રમાથી કમ્બૂલ યોગ કરતો ના હોય તો વાયુનો રોગ, કમળવાતાદિ તથા નેત્ર રોગ પણ કરે છે. ॥ ૧૨૮ ॥

स्यात्कामलाख्यरुगपीत्थमसृज्यसृग्भीःपित्तंचरि-
ष्फगरवौदृशिशूलरोगः ॥ पित्तंपुनारिपुगृहेऽत्रभृ-
गौनृभेऽरौश्लेष्माभयेक्षितयुतेऽपिकफोरिगेन्दौ ॥ १२९ ॥

અર્થઃ—મંગળ વક્રગતિવાળો થઈને છઠ્ઠા સ્થાનમાં પાપપીડિત તથા વર્ષેશ પણ હોય તો રક્ત વિકારનો રોગ તથા પિત્તનો રોગ પણ કરેછે. આ પ્રમાણે સૂર્ય બારમા સ્થાનમાં હોય તો નેત્ર શૂળાદિ રોગ કરે, આ પ્રમાણે શુક્ર છઠ્ઠા સ્થાનમાં હોય તો પિત્તરોગ કરે, જો પુરૂષ રાશિનો શુક્ર છઠ્ઠા સ્થાનમાં હોય અને છઠ્ઠા સ્થાનના સ્વામીની દૃષ્ટિ પણ આના ઉપર હોય તો શ્લેષ્મરોગ કરે, તથા આ પ્રમાણે ચંદ્રમા છઠ્ઠા સ્થાનમાં હોય તો કફ સબંધી રોગ કરે છે. ॥ ૧૨૯ ॥

एवंबुधेपापयुतेऽब्दपेऽरौवातोत्थरोगोजनिलग्ननाथः ॥
पापोब्दपेनक्षुतदृष्टिदृष्टोरोगप्रदोमृत्युकरःसपापः ॥ १३० ॥

અર્થઃ—જો વર્ષેશ બુધ પાપ ગ્રહથી યુક્ત વક્રગતિવાળો થઈને છઠ્ઠા સ્થાનમાં હોય તો વાયુથી ઉત્પન્ન થયેલો રોગ હોય, જન્મ લગ્નનો સ્વામી પાપ ગ્રહ હોય તેને વર્ષેશ શત્રુ દૃષ્ટિથી જોતો હોય તો રોગ આપનાર હોય છે. તથા તે જન્મ લગ્નનો સ્વામી પાપ ગ્રહ પાપ ગ્રહથી યુકત હોય તેને વર્ષેશ શત્રુ દૃષ્ટિથી જોતો હોય તો મૃત્યુ કરેછે. ॥ ૧૩૦ ॥

सूर्यात्मजोजन्मनियत्रराशौस्थितस्तदाब्देसभवेद्विलग्नम् ॥
शीतोष्णरुक्षाशनिनापिदृष्टेपित्तार्तिकृन्मंदवदत्रभौमे ॥ १३१ ॥

અર્થઃ—જન્મ કાળની જે રાશિમાં શનિ હોય તેજ રાશિનું વર્ષપ્રવેશમાં લગ્ન હોય તો શીત (શરદી) ઉષ્ણ (ગરમી) તથા

રૂક્ષ રોગનો ભય કરે છે તથા તેના ઉપર શનિની દૃષ્ટિ હોય તો પીત્તની પીડા કરેછે. આ પ્રમાણે મંગળ હોય તો તેનું પણ આ ફળ જાણવું. ॥ ૧૩૧ ॥

लग्नाधिपाब्दपतीषष्ठपतीत्थशालोरोगप्रदःखचर
धातुर्विकारतःस्यात् ॥कादर्पिकामयभयंपतितेसिते
ऽर्कस्थानेऽथपष्ठइहरुक्सहमंसपापम् ॥ १३२ ॥

અર્થ:—વર્ષલગ્નના સ્વામી અથવા વર્ષના રાજા સાથે છઠ્ઠા સ્થાનના સ્વામીનો ઇત્થશાલ યોગ હોય તો વાયુ આદિ ગ્રહની ધાતુથી રોગની ઉત્પત્તિ જાણવી. તથા જન્મકાળમાં શુક્ર જે રાશિમાં હોય તેજ રાશિનો વર્ષકાળમાં છઠ્ઠો ભાવ હોય તેમાં સૂર્ય રહેલો હોય તો ધાતુ વિકારથી રોગની ઉત્પત્તિ કરે છે. તેમજ રોગ સહમ પાપગ્રહથી યુક્ત હોય તો વિશેષ કરીને પૂર્વોક્ત ફળ કહેવું. ॥ ૧૩૨ ॥

सपापेगुरौरंध्रगेलग्नआरेसतंद्रास्तिमूर्च्छांगना-
शःसचन्द्रे ॥ खलाःसूतिकेन्द्रेऽब्दलग्नेरुगाह्यं
कफोद्वयंघ्रिगैरीक्ष्यमाणोसितेस्यात् ॥ १३३ ॥

અર્થ:—પાપગ્રહથી યુક્ત ગુરૂ આઠમા સ્થાનમાં હોય અને મંગળ લગ્ન સ્થાનમાં હોય તો આળસ સહિત મૂર્છા અર્થાત્ ભાન રહિત હોય. જો ચંદ્રમાથી યુક્ત ગુરૂ આઠમા સ્થાન હોય અને મંગળ લગ્ન સ્થાનમાં હોય તો કોઇ રોગના કારણથી શરીરના કોઇ પણ ભાગનો નાશ થાય. જે પાપગ્રહો જન્મકાળના કેંદ્રસ્થાનમાં હોય તેજ વર્ષકાળના લગ્નમાં આવેલા હોય તો રોગની ઉત્પત્તિ કરેછે. તથા શુક્ર પુરૂષરાશિમાં બેઠેલા પાપગ્રહોથી દૃષ્ટ હોય તો કફ રોગની ઉત્પત્તિ કરેછે. ॥ ૧૩૩ ॥

निशिसूतौवर्द्धमानेचन्द्रेभौमेत्थशालतः ॥
रुग्नश्येदेधतेमन्देत्थशालाद्व्यत्ययोन्यथा ॥ १३४ ॥

અર્થ:—રાત્રિનો જન્મ હોય તથા ચંદ્રમા વર્દ્ધિષ્ણુ અર્થાત્ શુકલ પક્ષનો હોય અને તે વર્ષકાળમાં મંગળની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો રોગનો નાશ કરેછે. તથા તેજ ચંદ્રમા શનિની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો રોગનો વધારો કરેછે આનાથી વિપરીત હોય તો વિપરીત ફળ જાણવું. અર્થાત્ દિવસનો જન્મ હોય તથા ચંદ્રમા કૃષ્ણ પક્ષનો હોય અને તે વર્ષકાળમાં મંગળની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો રોગનો વધારો કરેછે, તથા તેજ ચંદ્રમા શનિની સાથે ઇત્થશાલ કરતો હોય તો રોગનો નાશ કરેછે. ॥ ૧૩૪ ॥

चतुर्थेस्तेचमुथहाक्षुतद्दष्टयाशनीक्षिता ॥
शूलंपापखगैर्दृष्टेतच्छूलंपरिणामजम् ॥ १३५ ॥

અર્થ:—વર્ષપ્રવેશને વિષે મુંથા ચોથા અથવા સાતમા સ્થાનમાં પડેલી હોય તેને શનિ શત્રુ દૃષ્ટિથી જોતો હોય તો શૂળ રોગની પીડા કરે છે તથા ચોથા અથવા સાતમા સ્થાનમાં મુંથા કોઈ પણ પાપગ્રહથી દૃષ્ટ હોય તો શૂળ રોગનો નાશ થયા પછી પણ શૂળ રોગની પીડા કરેછે. ॥ ૧૩૫ ॥

जन्मस्थजीवसितराशिगतेमहीजेसूर्यांशुगेपिटक
शीतलिकादिमांद्यम् ॥ शीतोष्णगंडभवरुक्सबुधे
चसेन्दौकुष्ठंभगंदररुजोपिसगण्डमालाः ॥ १३६ ॥

અર્થ:—જન્મકાળમાં જે રાશિનો ગુરૂ અથવા શુક્ર હોય તેજ રાશિનો વર્ષકાળમાં મંગળ અસ્તંગત હોય તો ફોલ્લા, શીતળા, દાદર, શરદી, પીત્ત તથા ગંડ માળા (કંઠમાળ) આદિ રોગ ઉત્પન્ન કરેછે, તથા જન્મકાળના ગુરૂ અથવા શુક્રની રાશિનો બુધ વર્ષકાળમાં ચંદ્રમા સહિત હોય તો કોઢ ભગંદર અને કંઠમાળાદિ રોગ ઉત્પન્ન કરેછે. ॥ ૧૩૬ ॥

जन्मलग्नेथिहानाथौषष्ठौपापान्वितेक्षितौ ॥
निर्बलौज्वरपीडांगवैकल्याद्यतिकष्टदौ ॥ १३७ ॥

અર્થ:—જન્મલગ્નનો સ્વામી અને મુંથાનો સ્વામી બળથી રહિત થઈને છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહથી યુકત અથવા દૃષ્ટ હોય તો જ્વર (તાવ) ની પીડા તથા કોઈ અંગની વિકળતાથી અતિ દુઃખ આપે છે. ॥ ૧૩૭ ॥

सप्तमभावविचारः

बलीसितोब्दाधिपतिःस्मरस्थःस्त्रीपक्षतःसौख्यकरोविचिंत्यः ॥
ईज्येक्षितोत्यंतसुखंकुजेनाधिकारिणाप्रीतिकरोमिथःस्यात् ॥१३८॥

અર્થ:—વર્ષેશ શુક્ર બળવાન થઈને સાતમા સ્થાનમાં રહેલો હોય તો સ્ત્રી પક્ષથી સુખ કરે છે. તેના ઉપર ગુરૂની દૃષ્ટિ હોય તો અત્યંત સ્ત્રી સુખ કરે છે. તથા તેના ઉપર અધિકારી મંગની દૃષ્ટિ હોય તો સ્ત્રી પુરૂષની પ્રીતિનો પરસ્પર વધારો કરે છે. ૧૩૮

बुधेक्षितेजारतास्याल्लध्व्यामंदेनवृद्धया ॥
गुरुदृष्ट्यानवाभार्यासंततिस्त्वरितंततः ॥ १३९ ॥

અર્થ:—પૂર્વોક્ત શુક્ર ઉપર બુધની દૃષ્ટિ હોય તો થોડી અવસ્થાવાળી પરસ્ત્રીની સાથે વ્યભિચાર હોય તથા શનિની દૃષ્ટિ હોય તો વૃદ્ધ અવસ્થાવાળી પરસ્ત્રીની સાથે વ્યભિચાર હોય તથા ગુરૂની દૃષ્ટિ હોય તો વિવાહીતા નવી સ્ત્રીથી સંભોગ તથા શીઘ્ર સંતાનોત્પત્તિ હોય છે. આ શ્લોકમાં '**गुरुदृष्ट्या**' પાઠને બદલે '**गुरुयोगात्**' એવો પાઠ જોઈએ કારણ કે તાજિકસારમાં **संयुक्तेसुरपूजितेनववधूप्राप्तिश्चसद्भिःशजा** તથા તાજિકસુધાનિધિમાં પણ **गुरुयुतेऽपिचनूतनवल्लभाभवतितत्रचसंततिराशुति** આ પ્રમાણે છે. ॥ ૧૩૯ ॥

जन्माङ्गपेसप्तमगेब्दलग्नाद्वीर्यान्वितोस्यात्खलुदारसौख्यम ॥
शुक्रास्पदेलग्नपतेर्विवाहोवावीर्ययुक्तेचविवाहगेहे ॥ १४० ॥

અર્થ:—જન્મલગ્નનો સ્વામી બળવાન થઈને વર્ષ લગ્નથી સાતમા સ્થાનમાં હોય તો નિશ્ચય સ્ત્રીનું સુખ આપે છે. તથા જન્મ કાળમાં શુક્ર જે રાશિમાં હોય તેજ રાશિમાં વર્ષકાળમાં

લગ્નનો સ્વામી હોય અથવા તે રાશિ વર્ષકાળમાં બળવાન થઇને સાતમા સ્થાનમાં હોય તો વિવાહ યોગ જાણવો. ॥ ૧૪૦ ॥

मदपतिर्मदगःसबलोयदाखलखगैःसहितोनचवीक्षितः ॥
मुनिवरैर्गदितंबहुलंसुखंयुवतिवर्गभवंविविधंतदा ॥ १४१ ॥

અર્થ:—જો સાતમા સ્થાનનો સ્વામી બળવાન થઇને સાતમા સ્થાનને પામેલો હોય તેમાં પાપ ગ્રહો યુક્ત ના હોય તેમજ દૃષ્ટ પણ ના હોય તો સ્ત્રી વર્ગથી ઉત્પન્ન થયેલું નાના પ્રકારનું ઘણુંજ સુખ આપે છે. એમ શ્રેષ્ટ ઋષિઓ કહે છે- ॥ ૧૪૧ ॥

नष्टेन्दौशुक्रपदगेमैथुनंस्वल्पमादिशेत् ॥
जन्मशुक्रर्क्षगोभौमःस्त्रीसुखोत्सवकृब्दली ॥ १४२ ॥

અર્થ:—જન્મકાળમાં શુક્ર જે રાશિમાં હોય તેજ રાશિમાં વર્ષને વિષે ક્ષીણ ચંદ્રમા હોય તો તે વર્ષમાં મૈથુન (સંભોગ) નું સુખ થોડું જાણવું. જો જન્મકાળની શુક્ર રાશિમાં વર્ષકાળનો બળવાન મંગળ હોય તો સ્ત્રી સુખ ઉત્સવકારી જાણવું. ॥ ૧૪૨ ॥

जन्मास्तपेब्दपसितेनयुगीक्षितेस्यात्स्त्रीसंगमोबहुवि-
लाससुखप्रधानः ॥ केन्द्रत्रिकोणगगुरौजनिशुक्र
भस्थेस्त्रीसौख्यमुक्तमितिहद्दविवाहयोश्च ॥ १४३ ॥

અર્થ:—જન્મકાળના સાતમા સ્થાનનો સ્વામી વર્ષેશ શુક્રથી યુક્ત અથવા દૃષ્ટ કોઈ પણ સ્થાનમાં હોય તો સ્ત્રી સંગમ બહુજ વિલાસ, હાસ્યવિનોદ તથા સુખ પૂર્વક જાણવું. જન્મકાળમાં શુક્ર જે રાશિમાં હોય તેજ રાશિમાં વર્ષકાળનો ગુરૂ કેંદ્ર અથવા ત્રિ-કોણ સ્થાનમાં હોય તો સ્ત્રી પક્ષથી સુખ કહેલું છે. તથા વર્ષ લગ્નની હદ્દાનો સ્વામી અને વર્ષકાળના વિવાહ સહમનો સ્વામી જન્મકાળની શુક્રની રાશિમાં વર્ષલગ્નથી કેંદ્ર અથવા ત્રિકોણ સ્થામાં હોય તો સ્ત્રીનું સુખ હોય છે. ॥ ૧૪૩ ॥

अधिकारिपदस्थेऽर्केस्त्रीभ्योव्याकुलताऽनिशम् ॥
इन्थिहाधिकृतस्थानेगुरुदृष्ट्याविवाहकृत् ॥ १४४ ॥

અર્થ:—પંચાધિકારીઓમાંથી કોઈપણ અધિકારીની રાશિમાં સૂર્ય હોય તો સ્ત્રીઓથી નિરંતર વ્યાકુળતા રહે. આ પ્રમાણે મુંથા કોઈ પણ અધિકારીની રાશિમાં ગુરૂથી દૃષ્ટ હોય તો વિવાહ યોગ કહ્યો છે. ॥ ૧૪૪ ॥

इन्थिहार्कारयुग्द्यूनेक्रूरितेसहमेस्त्रियाः ॥
स्त्रीपुत्रेभ्योभवेत्कष्टंपापदृष्ट्याविशेषतः ॥ १४५ ॥

અર્થ:—મુંથા સૂર્ય અને મંગળની સાથે હોય તથા સ્ત્રી-સહમ પાપાક્રાંત હોય તો સ્ત્રી તથા પુત્રથી કષ્ટ હોય તથા પાપગ્રહની દૃષ્ટિ હોય તો વિશેષ કષ્ટ હોય છે. ॥ ૧૪૫ ॥

सूतौद्यूनाधिपःशुक्रोऽब्देद्यूनेबलवान्भवेत् ॥
लग्नेशेनेत्थशालश्चेत्स्त्रीलाभंकुरुतेसुखम् ॥ १४६ ॥

અર્થ:—જન્મકાળના સાતમા સ્થાનનો સ્વામી શુક્ર વર્ષકાળમાં બળવાન થઇને સાતમા સ્થાનમાં હોય તથા લગ્નના સ્વામીની સાથે ઇત્થશાલ યોગ કરતો હોય તો સ્ત્રીનો લાભ તથા સુખી કરે છે. ॥ ૧૪૬ ॥

भौमेब्दपेसितदृशाशुक्रेब्देशेकुजेक्षया ॥
तद्दृष्टेदारसहमेस्त्रीलाभोःभवतिध्रुवम् ॥ १४७ ॥

અર્થ:—વર્ષેશ મંગળ ઉપર શુક્રની દૃષ્ટિ હોય તો સ્ત્રીનો લાભ હોય તથા વર્ષેશ શુક્ર ઉપર મંગળની દૃષ્ટિ હોય તો પણ સ્ત્રીનો લાભ હોય છે. અને સ્ત્રી સહમ ઉપર મંગળ તથા શુક્રની દૃષ્ટિ હોય તો નિશ્ચય કરીને સ્ત્રીનો લાભ હોય છે. ॥ ૧૪૭ ॥

सूतौवादारसहमेतत्दृष्टेयोषिदाप्यते ॥
स्वामीदृष्टंस्त्रीसहमंशुक्रदृष्टंविवाहकृत् ॥ १४८ ॥

અર્થ:—જન્મકાળ તથા વર્ષકાળના સ્ત્રી સહમ ઉપર મંગળ તથા શુક્રની દૃષ્ટિ હોય તો વિવાહની પ્રાપ્તિ હોય છે. તથા સ્ત્રી સહમ ઉપર શુક્ર અને સ્ત્રી સહમના સ્વામીની દૃષ્ટિથી પણ વિવાહની પ્રાપ્તિ થાય છે. ॥ ૧૪૮ ॥

सूतौघूनाधिपेवर्षेसहमेशेस्त्रियाःसुखम् ॥
जन्मास्तपेथिहानाथवर्षेशःखेघुनेतथा ॥ १४९ ॥

અર્થઃ—જન્મકાળના સાતમા સ્થાનનો સ્વામી વર્ષકાળમાં સ્ત્રી સહમનો સ્વામી થયો હોય તો સ્ત્રીથી સુખ મળેછે. જન્મકાળના સાતમા સ્થાનનો સ્વામી, મુંથાનો સ્વામી તથા વર્ષેશ દશમા અથવા સાતમા સ્થાનમાં હોય તો પણ સ્ત્રીથી સુખ કરેછે. ॥ ૧૪૯ ॥

मुथहातोद्यूनसंस्थःस्वगृहोच्चगतःशशी ॥
विदेशगमनंकुर्यात्क्लेशःपापेक्षणाद्भवेत् ॥ १५० ॥

અર્થઃ—ચંદ્રમા પોતાની રાશિમાં અથવા પોતાની ઉચ્ચની રાશિમાં મુંથાથી સાતમા સ્થાનમાં હોય તો પરદેશ ગમન કરાવેછે, આના ઉપર પાપગ્રહની દૃષ્ટિ હોય તો કલેશથી ગમન કરાવે છે. ॥ ૧૫૦ ॥

अष्टमभावविचारः

भौमेब्दपेक्रूरहतेऽयसाघातोबलोज्झिते ॥
अग्निर्भारग्निभेक्रूरनराद्विपदभेमृतिः ॥ १५१ ॥

અર્થઃ—વર્ષેશ મંગળ બળથી રહિત થઈને પાપ ગ્રહથી યુક્ત હોય તો લોઢાના હથિયારથી ઘાત હોય. અગ્નિરાશિ અર્થાત્ મેષ સિંહ અને ધન રાશિમાં પૂર્વોકત મંગળ હોય તો અગ્નિથી ભય હોય તથા દ્વિપદ અર્થાત્ મિથુન, કન્યા, તુળા અને ધનના પૂર્વાર્દ્ધમાં હોય તો ચોરાદિક ઉગ્ર સ્વભાવવાળા માણસોથી મરણ હોય. ॥ ૧૫૧ ॥

वियत्यवनिपामात्यरिपुतस्करतोभयम् ॥
तुर्येमातुःपितृव्याद्वामातुलात्पितृतोगुरोः ॥ १५२ ॥

અર્થઃ—આ પ્રમાણે વર્ષેશ મંગળ બળથી રહિત થઇને પાપ ગ્રહથી યુક્ત હોય અને તે દશમા સ્થાનમાં હોય તો રાજા

અથવા રાજમંત્રી અથવા શત્રુ અથવા ચોરથી ભય હોય. તથા પૂર્વોક્ત મંગળ ચોથા સ્થાનમાં હોય તો માતા અથવા દાદા અથવા કાકા અથવા મામા અથવા પિતા અથવા ગુરૂથી ભય હોય. ॥૧૫૨॥

लग्नेंथिहापतिसमापतयोमृतीशाश्चेदित्थशालि-
नइमेनिधनप्रदाःस्युः ॥ चेत्पाकरिष्टसमयेमृति-
रेवतत्रसार्केकुजेनृपभयंदिवसेऽब्दवेशे ॥ १५३॥

અર્થઃ—વર્ષલગ્નનો સ્વામી, મુંથાનો સ્વામી અથવા વર્ષનો રાજા, આઠમા સ્થાનના સ્વામીની સાથે ઈત્થશાલ યોગ કરતા હોય તો મૃત્યુને આપેછે. જે વર્ષમાં આ યોગ થયો હોય અને મારકદશા અથવા દશારિષ્ટ કોઈ પ્રકારથી હોય તો નિશ્ચય મૃત્યુ કરેછે, એકલો પૂર્વોક્ત ઈત્થશાલ યોગ હોય તો મરણ બરાબર દુઃખ આપે છે. તથા દિવસને વિષે વર્ષપ્રવેશ હોય અને વર્ષેશ મંગળ સૂર્ય સહિત હોય તો રાજાથી ભય કરે છે. ॥ ૧૫૩ ॥

सूर्येमूसरिफेसितेनजननेवर्षेधिकारीतथा
केन्द्रेराजगदाद्भयंचरुगसृक्स्थानेधिकारींदुजे ॥
सौम्येक्रूरदृशाकुजस्यरुगसृग्दोषोदिनांशस्थिते
दग्धेबंधमृतीविदेशतइतिप्राहुर्बुधेताद्दशे ॥ १५४ ॥

અર્થઃ—જન્મકાળમાં સૂર્ય શુક્રની સાથે ઇસરાફયોગ કરતો હોય તથા વર્ષમાં પંચાધિકારીઓમાંથી કોઈ પણ અધિકારવાળો થઈને કેંદ્રસ્થાનમાં હોય તો રાજરોગ અર્થાત્ ક્ષયરોગનો ભય કરેછે. જન્મકાળમાં મંગળ જે રાશિમાં હોય તેજ રાશિમાં અધિકારી બુધ વર્ષકાળમાં હોય તો રોગની ઉત્પત્તિ કરેછે. અધિકારી બુધ ઉપર મંગળ શત્રુ દૃષ્ટિથી જોતો હોય તો રક્તવિકારના દોષથી રોગની ઉત્પત્તિ કરેછે તથા અધિકારી બુધ અસ્તંગત મંગળથી યુક્ત તથા દગ્ધ હોય તો પરદેશમાં બંધન તથા મરણ કરેછે. ॥ ૧૫૪ ॥

भौमस्थानेधिकारींदौगुप्तंनृपभयंरुजः ॥
मंदोधिकारीखेलोहहतेपीडाकरःस्मृतः ॥ १५५ ॥

અર્થ:—જન્મકાળમાં મંગળ જે રાશિમાં હોય તે રાશિમાં અધિકારી ચંદ્રમા હોય તો રાજા તરફથી ગુપ્ત ભય અને રોગનો ભય કરેછે તથા અધિકારી શનિ દશમા સ્થાનમાં હોય તો લોઢાના પ્રહારથી પીડા કરેછે, એમ પંડિતો કહેછે. ॥ ૧૫૫ ॥

भौमेष्टमेभयंवन्हेःप्रहारोवानृपाद्भयम् ॥
आरेखस्थेचतुष्पद्भयःपातोदुःखंरुजोसृजा ॥ १५६ ॥

અર્થ:—મંગળ આઠમા સ્થાનમાં હોય તો અગ્નિનો ભય અથવા શસ્ત્રનો પ્રહાર અને રાજાથી ભય કરે છે. તથા અધિકારી મંગળ દશમા સ્થાનમાં હોય તો ઘોડાઆદિ ચોપગાં જનાવર ઉપરથી પડવાથી તથા કલેશ અને રક્ત વિકારના રોગથી પીડા કરેછે. ૧૫૬

वित्तेष्टगेज्योधनहायम्लेशोऽशुभेक्षितः॥
मन्देद्यूनेदुर्वचनापवादकलिभर्त्सनम् ॥ १५७ ॥

અર્થ:—વર્ષેશ ગુરૂ પાપ ગ્રહથી દૃષ્ટ થઇને બીજા અથવા આઠમા સ્થાનમાં હોયતો ધનનો નાશ કરેછે. તથા શનિ સાતમા સ્થાનમાં હોય તો નઠારાવચન, જુઠા કલંક, કલેશ અને ધિક્કારને પામેછે. ॥ ૧૫૭ ॥

लग्नाधिपेनष्टदग्धेयोषिद्वादोऽशुभान्विते ॥
जन्मन्यष्टमगोजीवोनाधिकारीकलिःपृथुः ॥ १५८ ॥

અર્થ:—લગ્નનો સ્વામી બળથી રહિત પાપ ગ્રહથી યુક્ત અને અસ્તંગત હોય તો પારકી સ્ત્રીઓથી વિવાદ થાય તથા જન્મકાળમાં ગુરૂ આઠમા સ્થાનમાં હોય અને વર્ષકાળમાં અધિકારથી રહિત હોય તો મોટો કલેશ ઉત્પન્ન કરેછે. ॥ ૧૫૮ ॥

जयःशुक्रेक्षणादुक्तःप्रत्युत्तरवशेनतु ॥
भोमेंत्यगेधनेसूर्येवादात्क्लेशंविनिर्दिशेत् ॥ १५९ ॥

અર્થ:—જન્મકાળમાં ગુરૂ આઠમા સ્થાનમાં હોય અને વર્ષમાં અધિકાર રહિત હોય તે ઉપર શુક્રની દૃષ્ટિ હોય તો પ્રત્યુ-

ત્તર (વાદવિવાદ) માં જય મળેછે. તથા મંગળ બારમા ... હોય અને સૂર્ય બીજા સ્થાનમાં હોય તો વિવાદમાં કહે... એ પ્રમાણે કહેવું. ॥ ૧૫૯ ॥

रिपुगोत्रकलिर्भीतिःसंख्येकुजहतेऽब्दपे ॥
दग्धोजन्मांगपोवर्षेष्टमोरोगकलीदिशेत् ॥ १६० ॥

અર્થ:—વર્ષનો રાજા મંગળથી યુક્ત હોય તો શત્રુઓથી તથા પોતાના વંશના શત્રુઓથી કલેશ અને સંગ્રામમાં ભય આપે છે. જન્મ લગ્નનો સ્વામી અસ્તંગત થઇને વર્ષકાળમાં આઠમા સ્થાનમાં રહેલો હોય તો રોગ અને કલેશને આપે છે. ॥ ૧૬૦ ॥

मेषसिंहधनुष्यारेब्दपेरंध्रेऽसितोभयम् ॥
मृत्यौमृतीशलग्नेशौमृत्युदौपापदृग्युतौ १६१ ॥

અર્થ:—મેષ, સિંહ અને ધન રાશિનો મંગળ વર્ષેશ થઇને આઠમા સ્થાનમાં હોય તો તલવારથી ભય કરે છે તથા આઠમા સ્થાનનો સ્વામી અને લગ્નનો સ્વામી આઠમા સ્થાનમાં પાપ ગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો મરણને આપે છે. ॥૧૬૧॥

सार्केशनौभौमयुतेखाष्टस्थेवाहनाद्भयम् ॥
सार्केभौमेष्टमस्थेतुपतनंवाहनाद्भवेत् ॥ १६२ ॥

અર્થ:—શનિ અને સૂર્ય મંગળ સહિત દશમા અથવા આઠમા સ્થાનમાં હોય તો વાહનથી ભય કરે છે તથા સૂર્ય સહિત મંગળ આઠમા સ્થાનમાં હોય તો પણ વાહન ઉપર પતન થાય છે. ॥ ૧૬૨ ॥

सारेब्दपेष्टमेमृत्युश्चन्द्रेत्यारिमृतौमृतिः ॥
उदितमृतिसद्मेशेनिर्बलेजीवितेमृतिः ॥ १६३ ॥

અર્થ:—વર્ષનોરાજા મંગળ સહિત આઠમા સ્થાનમાં હોય તો મૃત્યુને આપે છે. ચંદ્રમા છઠ્ઠા, આઠમા અને બારમા સ્થાનમાં હોય તો મૃત્યુ કરે છે તથા મૃત્યુ સહમેસ ઉદયી

હોય અને જીવિત સહમ બળથી રહિત હોય તો પણ મરણ કરે છે. ॥ ૧૬૩ ॥

सूत्यष्टमगतोराशिःपुण्यसद्मनिनाथयुक् ॥
अद्बलग्नाष्टमर्क्षेवाचेदित्थंस्यान्मृतिस्तदा ॥ १६४ ॥

અર્થ:—જન્મકાળની આઠમા ભાવની રાશિમાં પુણ્ય સહમ પોતાના સ્વામીથી યુક્ત થઈને હોય તો મૃત્યુ કરે છે તથા વર્ષલગ્નથી આઠમા સ્થાનમાં પુણ્ય સહમ પોતાના સ્વામીથી યુક્ત થઈને હોય તોપણ મૃત્યુ કરે છે. ॥ ૧૬૪ ॥

पुण्यसद्माशुभाक्रांतंमृतीशोंत्यारिरंध्रगः ॥
मुथहेशोद्बपोवापिमृत्युंतत्रविनिर्दिशेत् ॥ १६६ ॥

અર્થ:—પુણ્યસહમ પાપ ગ્રહથી યુક્ત હોય અને આઠમા સ્થાનનો સ્વામી બારમા છઠ્ઠા અથવા આઠમા સ્થાનમાં હોય તો મૃત્યુ કરે છે તથા વર્ષેશ અથવા મુંથેશ પાપગ્રહથી યુક્ત પૂર્વોક્ત સ્થાનોમાં હોય તોપણ મૃત્યુ કરે છે. ॥ ૧૬૫ ॥

सक्रूरेजन्मपेमृत्यौमृतिश्चेदिथिहार्कियुक् ॥
भौमक्षुतेक्षणेतत्रमृत्युःस्वादात्मघाततः ॥ १६६ ॥

અર્થ:—જન્મલગ્નનો સ્વામી વર્ષકાળમાં પાપગ્રહથી યુક્ત થઈને આઠમા સ્થાનમાં હોય તો મૃત્યુ કરે છે. તથા મુંથા કોઈ પણ સ્થાનમાં શનિ સાથે હોય અને તેના ઉપર મંગળ શત્રુ દૃષ્ટિથી દૃષ્ટ હોય તો આત્મઘાત અર્થાત્ પોતાના હાથથી મરણ કરે છે. ॥ ૧૬૬ ॥

सूतिरंध्रपतिर्मंदोष्टमोद्बेलग्नपेनचेत् ॥
इत्थशालीक्रूरदृशातत्कालेमृत्युदायकः ॥ १६७ ॥

અર્થ:—જન્મકાળના આઠમા સ્થાનનો સ્વામી વર્ષકાળમાં આઠમા સ્થાનમાં હોય તથા લગ્નના સ્વામીની સાથે શત્રુદૃષ્ટિથી ઇત્થશાલ યોગ કરતો હોય તો વર્ષપ્રવેશ થતાંજ મૃત્યુને આપે છે. ॥ ૧૬૭ ॥

नवमभावविचारः

भौमेब्दपेत्रिनवगेक्रूरायुक्तेबलान्विते ॥
गुणावहस्तदामार्गश्वरकार्यस्थिरंततः ॥ १६८ ॥

અર્થઃ—વર્ષેશ મંગળ ત્રીજા અથવા નવમા સ્થાનમાં પાપગ્રહથી રહિત અને બળથી યુક્ત હોય તો માર્ગ અર્થાત્ પ્રયાણ ગુણદાયક હોય તથા ચરકાર્ય પણ સ્થિર હોય. ॥૧૬૮॥

त्रिधर्मस्थोब्दपःसूर्यःकंबूलीमार्गसौख्यदः ॥
अन्यप्रेषणयानंस्यात्सचेन्नाधिकृतोभवेत् ॥ १६९ ॥

અર્થઃ—વર્ષેશ સૂર્ય ત્રીજા અથવા નવમા સ્થાનમાં અધિકારથી યુક્ત હોય અને ચંદ્રમાથી કબુલ યોગ પણ કરતો હોય તો પોતાની ઈચ્છાથી ગમન કરવું પડે અને તેમાં સુખ પણ મળે. તથા જો તે પંચાધિકારીમાં અધિકારવાળો ના હોય તો બીજાની પ્રેરણાથી ગમન કરવું પડે અને તેમાં સુખ પણ મળે નહી. ॥ ૧૬૯ ॥

शुक्रेब्दपेत्रिवगेमार्गसौख्यंविलोमगे ॥
अस्तेवाकुगतिःसौम्येदेवयात्रातथाविधे ॥ १७० ॥

અર્થઃ—વર્ષેશ શુક્ર ત્રીજા અથવા નવમા સ્થાનમાં પાપગ્રહથી રહિત, બળથી યુક્ત અને વક્ર ગતિવાળો હોય તો પ્રયાણમાં સુખ મળે. તથા જો તે અસ્તંગત થઈને પૂર્વોક્ત સ્થાનોમાં હોય તો 'કુગતિ' ઈચ્છાથી વિરૂદ્ધ ગમન કરવું પડે. અને વર્ષેશ બુધ પાપગ્રહથી રહિત બળથી યુક્ત તથા વક્રી થઈને ત્રીજા અને નવમા સ્થાનમાં હોય તો તીર્થ અથવા દેવતા સંબંધી પ્રયાણ હોય. ॥ ૧૭૦ ॥

क्रूरार्दितेकुयानंस्याद्गुरावेवंविचिंतयेत् ॥
इत्थशालेलग्नधर्मपत्योर्यात्रास्त्यचिन्तिता ॥ १७१ ॥

અર્થઃ—પૂર્વોક્ત બુધની બરાબર વર્ષેશ ગુરૂ પાપગ્રહથી રહિત ત્રીજા અથવા નવમા સ્થાનમાં હોય તો તીર્થ દેવતા

સબંધી યાત્રા કરાવે છે. જો તે બળથી રહિત પાપગ્રહથી યુક્ત હોય તો કુયાન અનિષ્ટ ગમન કરાવે છે. તથા લગ્નના સ્વામી અને નવમા સ્થાનના સ્વામીનો પરસ્પર ઈત્થિશાલ યોગ થાય તો અકસ્માત પ્રયાણુ કરાવે છે. ॥ ૧૭૧ ॥

लग्नशोधर्मपंयच्छन्स्वंमहश्चिंतिताध्वदः ॥
एवंलग्नाद्धयोर्योगेमुथहांगपयोरपि ॥ १७२ ॥

અર્થ:—વર્ષલગ્નનો સ્વામી નવમા સ્થાનના સ્વામીની સાથે ઈત્થિશાલ યોગ કરતો હોય તો પૂર્વનિશ્ચય કરેલી યાત્રા હોય. આ પ્રમાણે વર્ષ લગ્નનો સ્વામી અને વર્ષના રાજાનો તથા વર્ષ લગ્નનો સ્વામી અને મુંથાના સ્વામીનો ઇત્થશાલ યોગપણુ આ ફળ આપે છે. ॥ ૧૭૨ ॥

गुरुस्थानेकुजेधर्मस्थयात्राभृत्यवित्तदा ॥
ज्ञस्थानेलग्नपाद्धौभौदृष्टःसद्यानसौख्यदः ॥ १७३ ॥

અર્થ:—જન્મકાળમાં ગુરૂ જે રાશિનો છે તેજ રાશિનો વર્ષ પ્રવેશમાં મંગળ નવમા સ્થાનમાં હોયતો પ્રયાણુમાં ચાકર અને ધનને આપે છે. તથા જન્મકાળમાં બુધ જે રાશિનો છે તે જરાશિનો મંગળ હોય તથા તેના ઉપર લગ્નના સ્વામીની દૃષ્ટિ હોયતો ગમન અર્થાત્ પ્રયાણુમાં સુખને આપે છે. ॥ ૧૭૩ ॥

जन्मेभौमःस्वराशिस्थोवर्षेनवमगोभवेत् ॥
स्वगृहेसंस्थितोयात्रामुत्तमांसंप्रयच्छति ॥ १७४ ॥

અર્થ:—જન્મકાળમાં મંગળ પોતાની મેષ અથવા વૃશ્ચિક રાશિમાં હોય અને વર્ષકાળમાં પણુ પોતાની મેષ અથવા વૃશ્ચિક રાશિનો થઈને નવમા સ્થાનમાં હોયતો શુભકાર્ય સબંધી પ્રયાણુ જાણુવું. ॥ ૧૭૪ ॥

स्वगृहोच्चगतश्चंद्रोनवमेयदिसंस्थितः ॥
मुंथहासप्तमेतत्रविदेशगमनंभवेत् ॥ १७५ ॥

અર્થઃ—ચંદ્રમા પોતાની કર્કરાશિ અથવા પોતાની ઉચ્ચ વૃષભરાશિનો થઇને નવમાસ્થાનમાં હોય અને મુંથા સાતમા સ્થાનમાં હોયતો પરદેશગમન કરાવે છે. ॥ ૧૭૫ ॥

वर्षेशोबलवान्पापायुतःकेन्द्रेधिकारवान् ॥
अधिकारेगतिःसंख्येसेनापत्येपिवावदेत् ॥ १७६ ॥

અર્થઃ—વર્ષેશ બળવાન થઇને પાપગ્રહથી યુક્ત ના હોય તથા પંચાધિકારીમાં અધિકાર યુક્ત થઈને કેંદ્રસ્થાનમાં હોયતો પરદેશમાં અધિકાર મળવાથી પ્રયાણ હોય અથવા સંગ્રામને વિષે સેનાપતિ નીમાવાથી પરદેશ પ્રયાણ હોય આ પ્રમાણે કહેવું. ૧૭૬

एवंबुधेकुजेजीवयुतेर्कान्निर्गतेपुनः ॥
परसैन्योपरिगतिर्जयख्यातिसुखावहा ॥ १७७ ॥

અર્થઃ—આ પ્રમાણે બુધ અથવા મંગળ કેંદ્રવર્તિ બળવાન અધિકાર યુક્ત ઉદયી તથા ગુરૂથી યુક્ત હોયતો જય યશ અને સુખ આપનારી યાત્રા જાણવી. ॥ ૧૭૭ ॥

योगेधर्मेशलग्नेशौचिंतितंगमनेभवेत् ॥
गुरोर्नवमगेभौमेनृणांशुभगमोभवेत् ॥ १७८ ॥

અર્થઃ—નવમાસ્થાનના સ્વામીનો અને લગ્નના સ્વામીનો યોગ હોયતો અકસ્માત પ્રયાણનો યોગ કરેછે. તથા ગુરૂથી નવમાસ્થાને મંગળ હોય તો માણસોને શુભકામ સબંધી પ્રયાણ કરવું પડે છે. ॥ ૧૭૮ ॥

केन्द्रस्थितेभूमिसुतेऽब्दनाथेदूरेगतिःस्यान्निजबंधुवर्गात् ॥
धर्माधिपेपूर्णबलेसुखंचमार्गेनराणांहिशुभस्थितेवा ॥ १७९ ॥

અર્થઃ—વર્ષેશમંગળ કેંદ્ર સ્થાનમાં હોય તો પોતાના બંધુવર્ગથી પરદેશમાં પ્રયાણ હોય તથા નવમાસ્થાનનો સ્વામી બળવાન થઇને નવમાસ્થાનમાં હોયતો પ્રયાણને વિષે સુખ કરેછે. ૧૭૯

मार्गाख्यसद्माधिपतौबलिष्ठेतत्रस्थितेमार्गपदाश्रितेवा ॥
मार्गेसुखंस्याद्बहुलंनराणांकष्टंखलैःसंनिहितेविवीर्ये ॥ १८० ॥

અર્થ:—માર્ગસહમનો સ્વામી બળવાન થઈને પોતાના સ્થાનમાં અથવા નવમાસ્થાનમાં હોય તો માણસોને પ્રયાણને વિષે ઘણુંજ સુખ મળે છે. અને જો તે પાપ ગ્રહોથી યુક્ત તથા બળથી રહિત હોયતો પ્રયાણને વિષે દુઃખ પડે છે. ॥ ૧૮૦ ॥

मूर्तिमूर्तिपतिःपश्येद्भाग्यंपश्यतिभाग्यपः ॥
भाग्यंलग्नपतिर्लग्नंभाग्यपःपश्यतिध्रुवम् ॥ १८१ ॥

અર્થ:—લગ્નને લગ્નનો સ્વામી જોતો હોય, નવમાસ્થાનને નવમાસ્થાનનો સ્વામી જોતો હોય, નવમાસ્થાનને લગ્નનો સ્વામી જોતો હોય તથા લગ્નને નવમાસ્થાનનો સ્વામી જોતો હોય તો નિશ્ચય ભાગ્યનો ઉદય કરે છે. ॥ ૧૮૧ ॥

भाग्येलग्नपतिस्तिष्ठेल्लग्नेभाग्यपतिर्यदा ॥
भाग्यलग्नपतीस्वर्क्षेवर्षेभाग्योदयोभवेत् ॥ १८२ ॥

અર્થ:—નવમાસ્થાનમાં લગ્નનો સ્વામી રહેલો હોય અને લગ્નસ્થાનમાં નવમા સ્થાનનો સ્વામી રહેલો હોય તથા નવમાસ્થાનનો સ્વામી અને લગ્નનો સ્વામી પોતાના ઘરમાં રહેલા હોયતો તે વર્ષમાં નિશ્ચય ભાગ્યનો ઉદય થાય છે. ॥ ૧૮૨ ॥

दशमभावविचारः

वर्षेशेदशमस्थितेबलयुतेराज्यार्थकीर्त्योदय
स्त्वन्यत्केन्द्रगतचसौम्यसहितेस्थानांतराप्तिर्नृणाम् ॥
एवंघस्त्रपतौतुतुर्यभगतेपूर्वाधिकारागमो
मित्रत्वंक्षितिपेनवाशुभजनैर्लाभस्थितेवाध्रुवम् ॥ १८३ ॥

અર્થ:—વર્ષનો રાજા બળવાન થઈને દશમા સ્થાનમાં હોય તો રાજ્ય ધન તથા કીર્તિનો ઉદય કરે છે. જો બીજા કેંદ્ર અર્થાત્ પહેલા, ચોથા અને સાતમા સ્થાનમાં હોય તો તે માણસને ઘર સબંધી પ્રાપ્તિ કરે છે. આજ પ્રમાણે બળવાન વર્ષનો રાજા સૂર્ય ચોથા સ્થાનમાં હોય તો પિતૃપિતામહાદિના અધિકારની પ્રાપ્તિ કરે છે. તથા અગીઆરમા સ્થાનમાં (સૂર્ય) હોય તો નિશ્ચય

કરીને રાજાની સાથે અથવા સારા માણુસોની સાથે મિત્રતા કરાવે છે. ॥ ૧૮૩ ॥

सूर्येसिंहगतेहिजन्मसमयेवर्षेबलाढ्येनृणां
राज्याप्तिश्चविधौकुजास्पदगतेस्थानांतरार्थागमम् ॥
नीचस्थेदिनपेनभःस्थलगतेपापार्दितेबंधनं
भूपाल्लाभपतेचलाभभगतेलाभोमहान्विद्यया ॥ १८४ ॥

અર્થઃ—જે માણુસના જન્મકાળમાં સૂર્ય સિંહ રાશિમાં હોય અને તે વર્ષને વિષે બળવાન હોય તો રાજ્યની પ્રાપ્તિ કરેછે. જન્મકાળમાં મંગળ જે રાશિનો હોય તેજ રાશિમાં ચંદ્રમા વર્ષમાં હોય તો અન્ય સ્થાનમાં ધનની પ્રાપ્તિ કરે છે. સૂર્ય પોતાની નીચ અર્થાત્ તુળા રાશિનો દશમા સ્થાનમાં પાપગ્રહ યુક્ત હોય તો રાજાથી બંધન કરે છે. તથા અગીઆરમા સ્થાનનો સ્વામી અગીઆરમા સ્થાનમાં હોય તો વિદ્યાના પ્રતાપથી મોટો લાભ થાય છે. ॥ ૧૮૪ ॥

खेशलग्नेशवर्षेशेत्थशालोराज्यदायकः ॥
वर्षेशेराज्यसहमेऽर्केत्थशालोमहान्नृपः ॥ १८५ ॥

અર્થઃ—દશમાસ્થાનનો સ્વામી, લગ્નનો સ્વામી અને વર્ષનો રાજા પરસ્પર ઈત્થશાલ યોગ કરતા હોય તો રાજ્યની પ્રાપ્તિ હોય. તથા વર્ષનો રાજા રાજ્ય સહમમાં રહીને સૂર્યની સાથે ઈત્થશાલ યોગ કરતો હોય તો મોટો રાજા થાય છે. ૧૮૫

सप्तमेचाष्टमेशुक्रेपदलाभःस्वभावतः ॥
बुधेनगुरुणावापियुक्तेदृष्टेमहत्पदम् ॥ १८६ ॥

અર્થઃ—વર્ષલગ્નમાં સાતમા અથવા આઠમા સ્થાનમાં શુક્ર હોય તો પદ અર્થાત્ અધિકારનો લાભ કરે છે. તથા બુધ અથવા ગુરૂથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો મોટા પદની પ્રાપ્તિ કરે છે. ૧૮૬

शनिस्थानेकुजःपश्यन्मुथहांपापकर्मतः ॥
नृपभीतिंवित्तनाशंदद्याद्दशमगोयदि ॥ १८७ ॥

અર્થ:--જન્મકાળમાં શનિ જે રાશિમાં હોય તેજ રાશિનો મંગળ વર્ષમાં દશમા સ્થાનમાં રહીને મુંથાને જોતો હોય તો પાપકર્મથી રાજાનો ભય અને ધનનો નાશ થાય છે. ॥ ૧૮૭ ॥

लग्नाधिपेनराज्याप्तिरुक्तावीर्यानुमानतः ॥
धर्मकर्माधिपौदग्धौधर्मराज्यक्षयावहौ ॥ १८८ ॥

અર્થ:--લગ્નનો સ્વામી બળવાન હોય તો બળના અનુમાનથી રાજ્યની પ્રાપ્તિ કહી છે. નવમા સ્થાનનો સ્વામી તથા દશમા સ્થાનનો સ્વામી દગ્ધ અસ્તંગત અથવા પાપગ્રહયુક્ત હોય તો ધર્મ તથા રાજ્યનો નાશ કરે છે. અહીં દશમો ભાવ, રાજ્યસહમ, કર્મસહમ, લગ્ન તથા લગ્નનો સ્વામી બળવાન અને શુભ ગ્રહોની સાથે હોય તો શુભ ફળ જાણવું. તથા વક્ર દગ્ધાદિ નિર્બળ અને પાપગ્રહ યુક્ત હોય તો અશુભ ફળ જાણવું. આ વિશેષ વિચાર છે. ॥ ૧૮૮ ॥

लाभभावविचारः

अब्देशेज्ञेर्थगेलाभोवाणिज्याच्छुभदृग्युते ॥
सेंथिहेस्मिँल्लग्नगतेलाभपठनलेखनात् ॥ १८९ ॥

અર્થ:—વર્ષનોરાજા થઇને બુધ ધન સ્થાનમાં શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટ હોય તો વેપાર રોજગારથી લાભ કરે છે, જો આ બુધ મુંથા સહિત લગ્નમાં હોય તો ભણવાથી તથા લખવાથી લાભ કરે છે. ॥ ૧૮૯ ॥

अस्मिन्षष्ठाष्टांत्यगतेसक्रूरेनीचकर्मकृत् ॥
क्रूरेक्षणेनलाभोस्तंगतेनलिखनादितः ॥ १९० ॥

અર્થ:—વર્ષેશ બુધ છઠ્ઠા આઠમા અને બારમા સ્થાનમાં પાપગ્રહ સહિત હોય તો નીચકર્મ કરાવે છે. આના ઉપર પાપ ગ્રહની દૃષ્ટિ હોય તો મહેનત કરવાથી પણ લાભ મળે નહિ. જો આ અસ્તંગત હોય તો લખવા આદિના કામથી લાભ ન હોય. ॥ ૧૯૦ ॥

जीवेब्दपेक्रूरहतेलग्नेहानिर्भयंनृपात् ॥
अस्मिन्नधिकृतेद्यूनेव्यवहाराद्धनाप्तयः ॥ १९१ ॥

અર્થઃ—ગુરૂ અને વર્ષનો રાજા પાપપીડિત થઇને લગ્નમાં રહેલા હોય તો ધનની હાનિ તથા રાજાથી ભય કરે છે. આ બન્ને પંચાધિકારીમાં અધિકારવાળા થઇને સાતમા સ્થાનમાં રહેલા હોય તો વ્યવહાર અર્થાત્ વેપાર રોજગારથી ધનની પ્રાપ્તિ કરે છે. ॥ ૧૯૧ ॥

लग्नायेशेत्थशालेस्याल्लाभःस्वजनगौरवम् ॥
सर्वेलाभेचवित्ताप्त्यैसबलानिर्बलानतु ॥ १९२ ॥

અર્થઃ—અગીઆરમા સ્થાનના સ્વામીનો તથા લગ્નના સ્વામીનો પરસ્પર ઈત્થશાલ યોગ હોય તો મોટો લાભ મળે છે. તથા સર્વ ગ્રહો બળવાન થઇને અગીઆરમા સ્થાનમાં રહેલા હોય તો ધનની પ્રાપ્તિ કરે છે. બળરહિત હોય તો ધનની પ્રાપ્તિ કરતા નથી. ॥ ૧૯૨ ॥

गगनभवनसंस्थामुंथहावर्षकाले
लिखनपठनलाभंसत्वयुक्ताकरोति ॥
निजपतिसहितासारंशध्रत्रुव्ययस्था
वितरतिबहुविघ्नंप्राप्तिकालेनराणाम् ॥ १९३ ॥

અર્થઃ—વર્ષપ્રવેશમાં મુંથા બળવાન થઇને દશમાસ્થાનમાં રહેલી હોય તો લખવાના તથા ભણવાના કામથી લાભ કરે છે. અને જો તે પોતાના સ્વામીની સાથે રહીને આઠમા છઠ્ઠા અથવા બારમા સ્થાનમાં હોય તો તે માણસને કાર્યપ્રાપ્તિના વખતે વિઘ્ન કરે છે.

व्ययभावविचारः

लग्नाब्दपौहतबलौव्ययषण्मृतिस्थौयद्राशिगौतदनु
सारिफलंविचित्यम ॥ षष्ठेब्दपेभृगुसुतेथविनष्ट·
वीर्येदृष्टेखलैःश्रुतदशाद्विपदर्क्षसंस्थे ॥ १९४ ॥

भृत्यक्षतिस्तुरगहाचतुरंघ्रिभस्थेन्यस्मिन्नपीदमुदि-
तंफलमब्दनाथे ॥ *खस्थेकुजेशशियुतेतुरगादि
नाशःस्याद्व्याकुलत्वमशुभोपहतेव्ययेवा ॥१९५॥

અર્થઃ—લગ્નનો સ્વામી તથા વર્ષનોરાજા બળરહિત થઇને બારમા, છઠ્ઠા અથવા આઠમા સ્થાનમાં ચતુષ્પદાદિ જે રાશિમાં હોય તેની બરાબર ફળ જાણવું. બળથી રહિત શુક્ર વર્ષનોરાજા થઇને છઠ્ઠાસ્થાનમાં મનુષ્યરાશિમાં હોય તથા તેને પાપગ્રહો ક્ષુતદૃષ્ટિથી જોતા હોય તો સેવકોનો નાશ કરે છે. તેવોજ શુક્ર ચતુષ્પદરાશિમાં હોય તો હાથી ઘોડા આદિ ચોપગાં પશુઓનો નાશ કરે છે. આજ પ્રમાણે વર્ષેશ છઠ્ઠા આઠમા અથવા બારમા સ્થાનમાં હોય તો પૂર્વોક્ત ફળ જાણવું. વર્ષનો રાજા મંગળ ચંદ્રમા સહિત દશમાસ્થાનમાં હોય તો ઘોડા આદિનો નાશ કરે છે. તથા મનમાં વ્યાકુળતા પણ કરે છે. પાપ પીડિત મંગળ ચંદ્રમા સહિત બારમા સ્થાનમાં હોય તો તે પણ આજ ફળ આપે છે. ॥ ૧૯૪ ॥ ૧૯૫ ॥

षष्ठेरवौखलहतेचतुरंघ्रिभस्थेभृत्यैःसमंकलिरथाष्टमरिःफगेऽपि ॥
मंदेऽब्दपेबलयुतेरिपुरिःफसंस्थे भूवासनंद्रुमजलाशयनिर्मितिश्च १९६

અર્થઃ—સૂર્ય વર્ષનો રાજા થઇને છઠ્ઠા સ્થાનમાં પાપપીડિત ચતુષ્પદરાશિમાં હોયતો પોતાના નોકરોની સાથે કલેશ કરાવે છે. તથા આઠમા અથવા બારમા સ્થાનમાં હોય તોપણ આ ફળ આપેછે. વર્ષનો રાજા શનિ બળવાન થઇને છઠ્ઠા અથવા બારમા સ્થાનમાં હોય તો ઉજ્જડ ભૂમિમાં ગામ વસાવે છે તથા વૃક્ષારોપણ અને જળાશયાદિ બનાવે છે. ॥ ૧૯૬ ॥

स्वर्क्षोच्चगेकर्मणिसूर्यपुत्रेनरुज्यमर्थाधिगमश्चजीवे ॥
सूर्येनृपाब्दाहुबलात्कुजेर्थोबुधेभिषग्ज्योतिषकाव्यशिल्पैः ॥१९७॥

---

*खस्थेकुजेशनियुतइतिपाठः

અર્થ:—વર્ષેશ શનિ પોતાની મકર કુભ રાશિનો અથવા પોતાની ઉચ્ચ તુળારાશિનો થઇને દશમા સ્થાનમાં હોયતો શરીરને વિષે આરોગ્ય તથા ધનની પ્રાપ્તિ પણ કરે છે. આજ પ્રમાણે વર્ષેશ ગુરૂ પોતાની ધન મીન અથવા પોતાની ઉચ્ચ કર્કરાશિનો થઇને દશમા સ્થાનમાં હોયતો આ ફળ આપે છે. વર્ષેશ સૂર્ય પોતાની સિંહરાશિનો અથવા પોતાની ઉચ્ચ મેષરાશિનો થઇને દશમા સ્થાનમાં હોયતો રાજાથી ધનની પ્રાપ્તિ થાય છે. વર્ષેશમંગળ પોતાની મેષ વૃશ્ચિક રાશિનો અથવા પોતાની ઉચ્ચ મકરરાશિનો થઇને દશમાસ્થાનમાં હોયતો પોતાના પરાક્રમથી ધનની પ્રાપ્તિ કરે છે. તથા વર્ષેશ બુધ પોતાની મિથુન કન્યા રાશિનો અથવા પોતાની ઉચ્ચ કન્યા રાશિનો થઇને દશમા સ્થાનમાં હોય તો વૈદ્યક, જ્યોતિષ, કાવ્ય અને શિલ્પ અર્થાત્ કારીગરીથી લાભ મળે છે. ॥ ૧૯૭ ॥

षडष्टव्ययगेऽब्देशेकर्मेशेचबलोज्झिते ॥
सृतात्रब्देचनशुभंतत्राब्देमृतिपेतथा ॥ १९८ ॥

અર્થ:—વર્ષનોરાજા છઠ્ઠા, આઠમા અથવા બારમા સ્થાનમાં હોય, જન્મકાળ તથા વર્ષકાળના દશમાના સ્વામીઓ નિર્બળ હોય તથા વર્ષકાળમાં આઠમા સ્થાનનો સ્વામી પૂર્વોક્ત સ્થાનોમાં હોય તો તે વર્ષ અશુભ જાણવું. ॥ ૧૯૮ ॥

येजन्मनिस्युःसबलाविवीर्या वर्षेशुभंप्राक्चरमेत्वनिष्टम् ॥
दद्युर्विलोमंविपरीततायांतुल्यंफलंस्यादुभयत्रसाम्ये ॥ १९९ ॥

અર્થ:—જન્મકાળમાં જે ગ્રહો બળવાન હોય તેજ ગ્રહો વર્ષકાળમાં નિર્બળ હોય તો તે વર્ષના પૂર્વાર્દ્ધમાં શુભ ફળ અને ઉત્તરાર્દ્ધમાં અશુભ ફળ આપે છે. અથવા જન્મકાળમાં જે ગ્રહો નિર્બળ છે તે ગ્રહો વર્ષકાળમાં બળવાન હોય તો તે વર્ષના પૂર્વાર્દ્ધમાં અશુભ ફળ તથા ઉત્તરાર્દ્ધમાં શુભ ફળ આપે છે. જન્મકાળ તથા વર્ષકાળ બન્નેમાં જે ગ્રહો બળવાન હોય તે

આખા વર્ષમાં શુભ ફળ આપે છે. તથા બન્ને કાળમાં નિર્બળ હોય તે આખા વર્ષમાં અશુભ ફળ આપે છે. ॥ ૧૯૯ ॥

द्वादशेशोभनःखेटोविवाहादिषुसद्व्ययम् ॥
क्रूरोप्यसद्व्ययंराजदस्युभ्यःकुरुतेग्रहः ॥ २०० ॥

અર્થ:—બારમા સ્થાનમાં શુભ ગ્રહો હોય તો વિવાહાદિ શુભ કાર્યને વિષે શુભ ખર્ચ કરે તથા પાપગ્રહો હોય તો રાજા તથા ચોરાદિકથી અશુભ ખર્ચ કરે છે. ॥ ૨૦૦ ॥

दशाफलानि

रविदशाफलम्

दशारवेःपूर्णबलस्यलाभंगजाश्वहेमाम्बररत्नपूर्णम् ॥
मानोदयंभूमिपतेर्ददातियशश्चदेवद्विजपूजनादेः ॥ २०१ ॥

અર્થ:—પૂર્ણબળી સૂર્યની દશા હોય તો હાથી, ઘોડા, સુવર્ણ અને રત્નાદિનો લાભ, રાજાથી માનનો ઉદય તથા દેવતા અને બ્રાહ્મણના પૂજનથી યશની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૦૧ ॥

दशारवेर्मध्यबलस्यसर्वमिदंफलंमध्यममेवदत्ते ॥
ग्रामाधिकारव्यवसायधैर्यैःकुलानुमानाच्चसुखादिलाभः ॥ २०२ ॥

અર્થ:—મધ્યમબળી સૂર્યની દશા હોય તો પૂર્વોક્ત ફળ મધ્યમ રીતે આપેછે અને પોતાના કુળના પ્રમાણમાં માન, ગ્રામાદિકનો અધિકાર, આબરૂ તથા ધીરતાથી સુખાદિકનો લાભ થાયછે. ॥૨૦૨॥

दशारवेरल्पबलस्यपुंसांददातिदुःखंस्वजनैर्विवादात् ॥
मतिभ्रमंपित्तरुजंस्वतेजोविनाशनंधर्षणमप्यरिभ्यः ॥ २०३ ॥

અર્થ:—અલ્પબળી સૂર્યની દશા હોયતો માણસોને અનેક પ્રકારનું દુઃખ, પોતાના માણસોની સાથે વિવાદ, બુદ્ધિનો ભ્રમ, પિત્તનોરોગ, પોતાના પરાક્રમનો નાશ, તથા શત્રુઓથી પરાભવ (હાર) થાય છે. ॥ ૨૦૩ ॥

दशारवेर्नष्टबलस्यपुंसांनृपाद्रिपोर्वाभयमर्थनाशम् ॥
स्त्रीपुत्रमित्रादिजनैर्विवादंकरोतिबुद्धिभ्रममामयंच ॥ २०४ ॥

અર્થઃ—હીનબળી સૂર્યની દશા હોય તો માણસોને રાજાથી તથા શત્રુથી ભય, ધનનો નાશ, સ્ત્રી, પુત્ર અને મિત્રાદિકથી વિવાદ, બુદ્ધિનો ભ્રમ તથા રોગ પણ થાય છે. ॥ ૨૦૪ ॥

लग्नात्त्रिलाभारिनभस्थितोऽर्कोनिंद्योपिसोऽर्द्धफलदोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥ २०५ ॥

અર્થઃ—સૂર્ય લગ્નથી ૩–૧૧–૬–૧૦ આ સ્થાનોમાં હોયતો બળવાન જાણવો તેથી કરીને તે સ્થાનોમાં હીનબળી હોયતો અલ્પબળીનું, અલ્પબળી હોયતો મધ્યમબળીનું, મધ્મબળી હોયતો પૂર્ણબળીનું તથા પૂર્ણબળી હોયતો અત્યંત શુભફળ આપેછે. ૨૦૫

चंद्रदशाफलम्

इंदोर्दशापूर्णबलस्यदत्तेशुक्लाम्बरस्रङ्मणिमौक्तिकाद्यम् ॥
स्त्रीसंगमंराज्यसुखंचभूमिलाभंयशःकांतिबलाभिवृद्धिम् ॥२०६॥

અર્થઃ–પૂર્ણબળી ચંદ્રમાની દશા હોય તો શ્વેતવસ્ત્ર, માળા, મણિ અને મોતી આદિનોલાભ. સ્ત્રીનો સમાગમ, રાજ્યથી સુખ, પૃથ્વીનોલાભ તથા યશ, કાંતિ અને બળનો વધારો કરેછે. ॥૨૦૬॥

इंदोर्दशामध्यबलस्यसर्वमिदंफलंमध्यममेवदत्ते ॥
वाणिज्यमित्राम्बरगेहसौख्यंधर्मेमतिंकर्षणतोन्नलाभम् ॥ २०७॥

અર્થઃ–મધ્યમબળી ચંદ્રમાની દશા હોય તો પૂર્વોક્ત સંપૂર્ણ ફળ મધ્યમ આપેછે તથા વેપારરોજગારથી લાભ, મિત્ર, વસ્ત્ર અને ઘરનું સુખ, ધર્મનો વધારો અને કૃષિ (ખેતી) ના કામમાં ધાનનો લાભ થાય છે. ॥ ૨૦૭ ॥

इंदोर्दशास्वल्पबलस्यदत्तेकफामयंकांतिविनाशमाहुः ॥
मित्रादिवैरंजननंकुमार्याधर्मार्थनाशंसुखस्वल्पमत्र ॥ २०८ ॥

અર્થ:—અલ્પબળી ચંદ્રમાની દશા હોય તો કફનો રોગ, શરીરની કાંતિનો નાશ, મિત્રાદિકોથી વૈર, કન્યાનો જન્મ, ધર્મ અને અર્થનોનાશ તથા સાધારણ સુખ આપેછે. ॥ ૨૦૮ ॥

इंदोर्दशानष्टबलस्यलोकापवादभीतिंधनधर्मनाशम् ॥
शीतामयंस्त्रीसुतमित्रवैरंदौस्थ्यंचदत्तेविरसान्नभुक्तिम् ॥ २०९ ॥

અર્થ:—હીનબળી ચંદ્રમાની દશા હોય તો માણસોમાં અપવાદનો ભય, ધન અને ધર્મનો નાશ, શીત (ઠંડા) રોગ, સ્ત્રી, પુત્ર અને મિત્રથી વૈર, શરીરમાં અસાવધપણું તથા સ્વાદ રહિત અન્નનું ભોજન પ્રાપ્ત થાયછે. ॥ ૨૦૯ ॥

लग्नात्रिवित्तायगतोऽपिचंद्रोनिंद्योपिसोर्कफलदोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥ २१० ॥

અર્થ:—ચંદ્રમા લગ્નથી ૩–૨–૧૧ આસ્થાનોમાં પામેલો હોયતો બળવાન જાણવો અને તે સૂર્યની બરાબર ફળમાં ફેરફાર કરેછે. ॥ ૨૧૦ ॥

भौमदशाफलम्

दशापतिःपूर्णबलोमहीजःसेनापतित्वंतनुतेनराणाम् ॥
जयंरणेविद्रुमहेमरत्नवस्त्रादिलाभंप्रियसाहसत्वम् ॥ २११ ॥

અર્થ:—દશાપતી મંગળ પૂર્ણબળી હોય તો માણસોમાં સેનાપતીપણું, સંગ્રામમાં જય, પરવાળા, સુવર્ણ, રત્ન અને વસ્ત્રાદિનો લાભ તથા સાહસપણું પ્રાપ્ત થાયછે. ॥ ૨૧૧ ॥

दशापतिर्मध्यबलोमहीजःकुलानुमानेनधनंददाति ॥
राजाधिकारोप्यथतत्परत्वंतेजस्वितांकांतिबलाभिवृद्धिम् ॥ २१२ ॥

અર્થ:—દશાપતી મંગળ મધ્યમબળી હોય તો કુળાનુમાન ધન આપેછે તથા રાજાથી અધિકાર, સવારીમાં તત્પર, તેજસ્વીપણું તથા કાંતિ અને બળનો વધારો કરે છે. ॥ ૨૧૨ ॥

दशापतिःस्वल्पबलोमहीजोददातिपित्तोष्णरुजंशरीरे ॥
रिपोर्भयंबंधनमास्यतोऽसृक्स्रवंचवैरंस्वजनैश्चशश्वत् ॥ २१३ ॥

અર્થ:—દશાપતી મંગળ અલ્પબળી હોય તો પિત્ત અને અને ગરમીના પ્રકોપથી શરીરમાં રોગ, શત્રુનો ભય, બંધન, મોઢામાંથી રૂધિરસ્રાવ તથા પોતાના માણસોની સાથે નિરંતર વૈર કરાવે. ॥ ૨૧૩ ॥

दशापतिर्नष्टबलोमहीजोविवादमुग्रंजनयेद्रणंवा ॥
चौराद्भयंरक्तरुजंज्वरंचविपत्तिमल्पस्वहृतिंचखर्जूम् ॥ २१४ ॥

અર્થ:—દશાપતી મંગળ હીનબળી હોય તો ઘણોજ વિવાદ અથવા લડાઈ કરાવે છે તથા ચોરથી ભય, રક્તવિકારનો રોગ, તાવ, વિપત્તિ, સાધારણુધનની હાની અને ખરજવાનો રોગ ઉત્પન્ન કરે છે. ॥ ૨૧૪ ॥

लग्नात्त्रिषष्ठायगतोमहीजोनिंद्योपिसोर्द्धफलदोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥ २१५ ॥

અર્થ:—મંગળ લગ્નથી ૩–૬–૧૧ આ સ્થાનોમાં પામેલો હોય તો બળવાન જાણુવો અને તે સૂર્યની બરાબર ફળમાં ફેરફાર કરે છે. ॥ ૨૧૫ ॥

बुधदशाफलम्

दशापतिःपूर्णबलोबुधश्चेद्यशोऽभिवृद्धिगणितात्सुशिल्पात् ॥
तनोतिसेवांसफलांनृपादेदूत्यंतवैदूष्यगुणोदयंच ॥ २१६ ॥

અર્થ:—દશાપતી બુધ પૂર્ણુબળી હોય તો ગણિત તથા શિલ્પવિદ્યાથી યશનો વધારો, રાજાદિકોની સેવાથી ફળની પ્રાપ્તિ, દૂતપણું અને નિર્દોષ ગુણોનો ઉદય પ્રાપ્ત થાય છે. ૨૧૬

दशापतिर्मध्यबलोबुधश्चेद्गुरोःसुहृद्भ्योलिपिकाव्यशिल्पैः ॥
धनाप्तिदायीसुतमित्रबंधुसमागमान्मध्यममेवसौख्यम् ॥ २१७ ॥

અર્થ:—દશાપતી બુધ મધ્યમબળી હોય તો ગુરૂ અથવા વડીલો, મિત્રો, લખવાના કામથી, વાંચવાના કામથી તથા શિલ્પ વિદ્યાથી ધનની પ્રાપ્તિ થાય છે. પુત્ર, મિત્ર અને બંધુજનોનો સમાગમ તથા મધ્યમ સુખ પ્રાપ્ત થાય છે. ॥ ૨૧૭ ॥

दशापतौस्वल्पबलेबुधेस्यान्मानस्यनाशःस्वजनापवादः ॥
अकार्यकोपस्खलनाद्यनिष्टंधनव्ययंरोगभयंचविंद्यात् ॥ २१८ ॥

અર્થ:—દશાપતી બુધ અલ્પબળી હોય તો માનનો નાશ પોતાના માણસોથી અપવાદ, વિના પ્રયોજન કોપ, વચન ભંગથી ખોટું ફળ, ધનનો ખર્ચ તથા રોગનો ભય થાય છે. ॥૨૧૮॥

दशापतौहीनबलेबुधेस्यात्स्वबुद्धिदोषोवधबंधभीतिः ॥
दरेगतिर्वातकफामयार्तिर्निखातवित्तस्यचनापिलाभः ॥ २१९ ॥

અર્થ:—દશાપત બુધ હીનબળી હોય તો પોતાની બુદ્ધિનો નાશ, વધ અથવા બંધનનો ભય, દૂરદેશગમન, વાયુ અને કફના રોગથી પીડા તથા પોતાના સ્થાપિત ધનનો નાશ થાય છે. ॥ ૨૧૯ ॥

त्यक्त्वारिरंध्रांत्यमतोऽन्यगोज्ञोनिंद्योपिसोर्कफलदोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥ २२० ॥

અર્થ:—બુધ લગ્નથી ૬–૮–૧૨ આ સ્થાનને ત્યાગ કરીને બીજા સ્થાનોમાં પામેલો હોય તો બળવાન જાણવો; અને તે સૂર્યની બરાબર ફળમાં ફેરફાર કરે છે. ॥ ૨૨૦ ॥

गुरुदशाफलम्

गुरोर्दशापूर्णबलस्यदत्तेमानोदयंराजसुहृद्गुरुभ्यः ॥
कीर्त्यर्थलाभोपचयंसुखानिराज्यंसुताप्तिरिपुरोगनाशम् ॥ २२१ ॥

અર્થ:—પૂર્ણબળી ગુરૂની દશા હોય તો રાજા મિત્ર અને ગુરૂ અથવા વડીલવર્ગથી માનનો ઉદય, કીર્તિ અને અર્થનો લાભ, રાજ્ય તરફથી સુખ, પુત્રની પ્રાપ્તિ, તથા શત્રુ અને રોગનો નાશ થાય છે. ॥ ૨૨૧ ॥

गुरोर्दशामध्यबलस्यधर्मेमतिसखित्वंनृपमंत्रिवर्गैः ॥
तनोतिमानार्थसुखाभिलाभंसिद्धिंसदुत्साहबलातिरेकाम् ॥२२२॥

અર્થ:—મધ્યમબળી ગુરૂની દશા હોય તો ધર્મને વિષે બુદ્ધિ, રાજા અને મંત્રી વર્ગથી મિત્રતા, માન, અર્થ અને સુખનો લાભ તથા ઉત્સાહથી બળની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.॥૨૨૨॥

दशागुरोरल्पबलस्यदत्तेरोगंदरिद्रत्वमथारिभीतिम् ॥
कर्णामयंधर्मधनप्रणाशंवैराग्यमर्थंचगुणंचकिंचित् ॥ २२३ ॥

અર્થ:—અલ્પબળી ગુરૂની દશા હોય તો રોગ, દરિદ્રતા, શત્રુનો ભય, કાનોમાં રોગ, ધર્મ અને ધનનો નાશ, ચિત્તમાં વૈરાગ્ય તથા સાધારણ ધન અને ગુણને આપે છે. ॥ ૨૨૩ ॥

दशागुरोर्नष्टबलस्यपुंसांददातिदुःखानिरुजंकफार्तिम् ॥
कलत्रपुत्रस्वजनारिभीतिंधर्मार्थनाशंतनुपीडनंच ॥ २२४ ॥

અર્થ:—હીનબળી ગુરૂની દશા હોય તો માણસોને અનેક પ્રકારના દુઃખો, રોગ અને કફની પીડા; સ્ત્રી પુત્ર અને પોતાના માણસોથી ભય, ધર્મ અને અર્થનો નાશ તથા શરીરને વિષે પીડા થાય છે. ॥ ૨૨૪ ॥

लग्नात्षडष्टांत्यमभिन्नसंस्थोनिद्योगुरुश्चार्द्धफलोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥२२५॥

અર્થ:—ગુરૂ લગ્નથી ૬–૮–૧૨ આ સ્થાન સિવાયના બીજા સ્થાનોમાં રહેલો હોય તો બળવાન જાણવો અને તે સૂર્ય બરાબર ફળમાં ફેરફાર કરે છે. ॥ ૨૨૫ ॥

शुक्रदशाफलम्

दशाभृगोःपूर्णबलस्यसौख्यंस्रग्गंधहेमांबरकामिनीभ्यः ॥
हयादिलाभःसुतकीर्तितोषानैरुज्यगांधर्वरतिःपदाप्तिः ॥ २२६॥

અર્થ:—પૂર્ણબળી શુક્રની દશા હોય તો માળા, સુગંધી વસ્તુ, સુવર્ણ, વસ્ત્ર, અને સ્ત્રીઓથી સુખ આપે છે તથા ઘોડા

આદિ વાહનનો લાભ, પુત્ર અને કીર્તિથી સંતોષ, શરીરને વિષે નીરોગિતા, ગાયનાદિકને વિષે પ્રીતિ અને પદ અર્થાત્ અધિકારની પ્રાપ્તિ થાય છે. ॥ ૨૨૬ ॥

दशाभृगोर्मध्यबलस्यदत्तेवाणिज्यतोर्थागमनंकृषेश्च ॥
मिष्टान्नपानांबरभोगलाभंमित्रांश्रयोषित्सुतसौख्यलाभम् ॥२२७॥

અર્થ:—મધ્યમ શુક્રની દશા હોય તો વેપારથી તથા ખેતીના કામથી ધનનો લાભ, મિષ્ટાન્ન ભોજન, વસ્ત્ર અને ભોગનો લાભ તથા મિત્ર, સ્ત્રી અને પુત્રથી સુખનો લાભ થાય છે. ૨૨૭

दशाभृगोरल्पबलस्यदत्तेमतिभ्रमंज्ञानयशोर्थनाशम् ॥
कदन्नभोज्यंव्यसनामयार्तिस्त्रीपक्षवैरंकलिमप्यरिभ्यः ॥ २२ ॥

અર્થ:—અલ્પબળી શુક્રની દશા હોય તો બુદ્ધિનો ભ્રમ, જ્ઞાન, યશ અને ધનનો નાશ, જુવાર અને બાજરીનું ભોજન, વ્યસન અને રોગની પીડા, સ્ત્રી પક્ષથી વૈર તથા શત્રુ પક્ષથી કલેશ પણ થાય છે. ॥ ૬૨૮ ॥

दशाभृगोर्नष्टबलस्यदत्तेविदेशयानंस्वजनैर्विरोधम् ॥
पुत्रार्थभार्याविपदोरुजश्चमतिभ्रमोपिव्यसनंमहच्च ॥ २२९ ॥

અર્થ:—હીનબળી શુક્રની દશા હોય તો પરદેશ ગમન, પોતાના માણસોથી વિરોધ, પુત્ર, ધન અને સ્ત્રી આદિથી વિપત્તિ, રોગ, બુદ્ધિનો ભ્રમ તથા મોટું વ્યસન પ્રાપ્ત થાયછે. ૨૨૯

लग्नाद्व्ययाष्टारिगृहंविहायदैत्याधिपःशेषगृहेर्व्ददःस्यात् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योऽतिशुभोनिरुक्तः ॥ २३० ॥

અર્થ:—શુક્ર લગ્નથી ૧૨-૮-૬ આ સ્થાન સિવાય બીજા સ્થાનોમાં હોય તો બળવાન જાણવો અને તે સૂર્યની બરાબર ફળમાં ફેરફાર કરે છે. ॥ ૨૩૦ ॥

शनिदशाफलम्

दशाशनेःपूर्णबलस्यदत्तेनवीनवेश्माकरभूमिसौख्यम् ॥
आरामतोयाश्रयनिर्मितिश्चम्लेच्छजातिसंगान्नृपतेर्धनाप्तिः ॥२३१॥

અર્થ:—પૂર્ણબળી શનિની દશા હોય તો નવાં ઘર, વસ્ત્ર અને જમીનનું સુખ, વિસામો અને જળસ્થાન અર્થાત્ કૂવા વાવનો કર્ત્તા, તથા મ્લેચ્છ અને રાજાથી ધનની પ્રાપ્તિ થાય છે.

दशाशनेर्मध्यबलस्यदत्तेखरोष्ट्रपाखंडजतोधनाप्तिम् ॥
वृद्धांगनासंगमदुर्गरक्षाधिकारचिंताविरसान्नभोगः ॥ २३२ ॥

અર્થ:—મધ્યમબળી શનિની દશા હોય તો ગધેડાં, ઊંટ અને પાખંડથી ધનની પ્રાપ્તિ, વૃદ્ધ સ્ત્રીનો સંગમ, કોટ કિલ્લાની રક્ષા, અધિકારની ચિંતા તથા સ્વાદ રહિત અન્નનું ભોજન પ્રાપ્ત થાય છે. ॥ ૨૩૨ ॥

दशाशनेःस्वल्पबलस्यपुंसांतनोतिदुःखंरिपुतस्करेभ्यः ॥
दारिद्र्यमात्मीयजनापवादंरोगंचशीतानिलकोपमुग्रम् ॥ २३३ ॥

અર્થ:—અલ્પબળી શનિની દશા હોય તો માણસોને શત્રુ અને ચોરોથી દુઃખ મળે છે, તથા દરિદ્રતા, પોતાના માણસોથી જુઠા કલંક, શીત અને વાયુના કોપથી મોટા રોગની ઉત્પત્તિ થાય છે. ॥ ૨૩૩ ॥

दशाशनेर्नष्टबलस्यपुंसामनेकधातुव्यसनानिदत्ते ॥
स्त्रीपुत्रमित्रस्वजनैर्विरोधरोगाभिवृद्धिमरणेनतुल्यम् ॥ २३४ ॥

અર્થ:—હીનબળી શનિની દશા હોય તો માણસોને અનેક પ્રકારના વ્યસન, સ્ત્રી, પુત્ર, મિત્ર અને પોતાના માણસોથી વિરોધતા તથા રોગાદિનો વધારો મરણ બરાબર થાય છે. ॥ ૨૩૪ ॥

लग्नात्त्रिषष्ठायगतोऽर्कपुत्रोनिंद्योपिसोर्द्धफलदोदशायाम् ॥
यातित्वसौमध्यबलःशुभत्वंसंपूर्णवीर्योतिशुभोनिरुक्तः ॥ २३५ ॥

અર્થ:—શનિ લગ્નથી ૩–૬–૧૧ આ સ્થાનમાં હોય તો તે બળવાન જાણવો અને તે સૂર્યની બરાબર ફળમાં ફેરફાર કરે છે.

लग्नदशाफलम्

हेममुक्ताफलद्रव्यलाभमारोग्यमुत्तमम् ॥
कुरुतेस्वामीसन्मानंदशालग्नस्यशोभना ॥ २३६ ॥

અર્થ:—પૂર્ણબળી લગ્નની દશા હોય તો સુવર્ણ, મોતી અને ધનનો લાભ, શરીરની ઉત્તમ આરોગ્યતા તથા વડીલોથી સન્માન આપે છે. ॥ ૨૩૬ ॥

लाभंदिष्टेनवित्तस्यमानहीनस्यसेवनम् ॥
मनसोविकृतिकुर्याद्दशालग्नस्यमध्यमा ॥ २३७ ॥

અર્થ—મધ્યમબળી લગ્નની દશા હોય તો પોતાના નશીબ ધનનો લાભ, માનથીહીન માણસની સેવા તથા મનમાં સંકલ્પ વિકલ્પ કરાવે છે. ॥ ૨૩૭ ॥

विदेशगमनंक्लेशबुद्धिनाशंकदव्ययम् ॥
मानहानिंकरोत्येवंकष्टालग्नदशाफलम् ॥ २३८ ॥

અર્થ:—હીનબળી લગ્નની દશા હોય તો પરદેશ ગમન, ક્લેશ, બુદ્ધિનો નાશ, યુદ્ધમાં ખર્ચ, તથા માનની હાની કરે છે. ૨૩૮

क्रूरलग्नदशामध्यासौख्यंस्वल्पंधनव्ययम् ॥
अंगपीडांत्वपुष्टिंचकुरुतेमृत्युविग्रहम् ॥ २३९ ॥

અર્થ—ક્રૂર લગ્નની દશા હોય તો તે મધ્યમ જાણવી, અને તે સાધારણ સુખ, ધનનો ખર્ચ, શરીરને વિષે પીડા અને અને નિર્બળતા તથા મૃત્યુ અને લડાઈ ટંટા કરે છે. ॥૨૩૯॥

दशातनोःस्वामीबलेनतुल्यंफलंददातीत्यपरोविशेषः ॥
चरेशुभामध्यफलाऽधमाचद्विमूर्तिभेस्माद्विपरीतमुह्यम् ॥ २४० ॥

અર્થ:—લગ્નની દશા પોતાના સ્વામીના બળની બરાબર ફળ આપે છે. જેવી રીતે લગ્નેશ ઉદયનો ઉચ્ચનો અથવા સ્વગૃહાદિ બળવાળો હોય તો તે પૂર્ણબળી દશાનું ફળ આપે છે તથા અસ્ત અથવા નીચનો હોય તો તે હીનબળી દશાનું ફળ આપે છે. પણ તેમાં વિશેષ એ છે જે ચર લગ્નમાં પ્રથમ દ્રેષ્કાણ હોય તો તે દશા પૂર્ણબળીનું ફળ આપે છે. બીજો દ્રેષ્કાણ હોય તો મધ્યમ બળી દશાનું ફળ અને ત્રીજો દ્રેષ્કાણ હોય તો

હીનબળી દશાનું ફળ આપે છે. દ્વિસ્વભાવ રાશિનું લગ્ન હોય તો ચરરાશિથી વિપરીત એટલે પ્રથમ દ્રેષ્કાણ હોય તો હીનબળી બીજો દ્રેષ્કાણ હોય તો મધ્યમબળી તથા ત્રીજો દ્રેષ્કાણ હોય તો પૂર્ણબળી દશાનું ફલ આપે છે. ॥ ૨૪૦ ॥

अनिष्टमिष्टंचसमंस्थिरर्क्षेक्रमाद्दृकाणैःफलमुक्तमाद्यैः ॥

सत्स्वामीयोगेक्षणतःसुखस्यात्पापेक्षणात्कष्टफलंचवाच्यं ॥ २४१ ॥

અર્થ:—સ્થિર રાશિનું લગ્ન હોય અને પ્રથમ દ્રેષ્કાણ હોય તો હીનબળી પ્રમાણે, બીજો દ્રેષ્કાણ હોય તો પૂર્ણબળી પ્રમાણે તથા ત્રીજો દ્રેષ્કાણ હોય તો મધ્યમબળી પ્રમાણે ફળ આપે છે. આ પ્રમાણે પૂર્વાચાર્યોએ લગ્નની દશાનું ફળ દ્રેષ્કાણ વશથી કહ્યું છે. તથા લગ્ન ઉપર લગ્નેશની દૃષ્ટિ હોય અથવા લગ્નમાં લગ્નેશ રહ્યો હોય તો તે દશા સારૂ ફળ આપે છે તથા પાપ ગ્રહયુક્ત અથવા પાપગ્રહ દૃષ્ટ લગ્ન હોય તો તે દશા અશુભ ફળ આપે છે. ॥ ૨૪૧ ॥

मासप्रवेशफलानि

लग्नांशाधिपतिर्विलग्नपनवांशेशेनमैत्रिदृशा
दृष्टोवासहितःशशीचयदितौमैत्रीदृशालोकते ॥
तस्मिन्मासितनौसुखंबहुविधंनैरुज्यमित्थंफलं
तावद्यावदिमेस्युरित्थमथतान्संचार्यवाच्यंफलम् ॥ २४२ ॥

અર્થ:— માસલગ્નના નવમાંશનો સ્વામી અને લગ્નેશ્વરના નવમાંશનો સ્વામી પરસ્પર મિત્રદૃષ્ટિથી જોતા હોય અથવા યુક્ત હોય તથા ચંદ્રમા તે બન્નેને મિત્રદૃષ્ટિથી જોતો હોય તો તે મહિનાને વિષે માસપ્રવેશ વાળા માણસના શરીરમાં નાના પ્રકારનું સુખ અને આરોગ્યતા જ્યાં સુધી તે માસપ્રવેશ છે ત્યાં સુધી રહેછે, આ પ્રમાણે ગણિત વશથી ગ્રહોના બળાબળનો તથા દૃષ્ટિ યોગનો વિચાર કરીને ફળ કહેવું ॥ ૨૪૨ ॥

तौचेच्छत्रुदशामिथश्चशशिनादृष्टौमनोदुःखदौ
रोगाधिक्यकरौचकश्चिदनयोर्नीचेस्तगोवायदि ॥
कष्टात्सौख्यमिहद्वयंयदिपुनर्नीचास्तगंस्यान्मृतिः
सूत्यब्दोद्भवरिष्टतोमृतिसमंस्यादन्यथेत्यूचिरे ॥ २४३ ॥

અર્થઃ— જો લગ્નના નવમાંશનો સ્વામી અને લગ્નેશ્વરના નવમાંશનો સ્વામી પરસ્પર શત્રુદષ્ટિથી જોતા હોય અથવા યુક્ત હોય તથા ચંદ્રમા તે બન્નેને શત્રુદષ્ટિથી જોતો હોય તો તે માણુસને માનસિક દુઃખ આપેછે, લગ્નના નવમાંશનો સ્વામી અને લગ્નેશ્વરના નવમાંશનો સ્વામી આ બેમાંથી એકપણ નીચ અથવા અસ્તંગત હોય તો દુઃખ ભોગવ્યા પછીથી સુખની પ્રાપ્તિ થાય છે. તથા લગ્નના નવમાંશનો સ્વામી અને લગ્નેશ્વરના નવમાંશનો સ્વામી આ બન્ને નીચ અથવા અસ્તને પામેલા હોય તો મૃત્યુ કરેછે. પરંતુ જન્મકાળ અને વર્ષકાળ બન્નેમાં રિષ્ટયોગ થયો હોય તોજ મૃત્યુ થાયછે. અન્યથા મૃત્યુ તુલ્ય દુઃખ આપેછે.

भावांशाधिपतिःस्वभावपनवांशेशेनमैत्रीदृशा
दृष्टोवासहितःशशीचयदितौमैत्रीदृशालोकते ॥
तद्भावोत्थसुखंविलोममथतद्व्यत्यासतःकीर्तितं
नीचास्तादिफलंचलग्नवदिदंविद्भिरुदंधिया ॥ २४४ ॥

અર્થઃ—આ પ્રમાણે સંપૂર્ણ ભાવોનો વિચાર કરવો અર્થાત્ ભાવના નવમાંશનો સ્વામી અને તે ભાવના સ્વામીના નવમાંશનો સ્વામી પરસ્પર મિત્ર દૃષ્ટિથી જોતા હોય અથવા યુક્ત હોય તથા ચંદ્રમા પણ તે બન્નેને મિત્રદષ્ટિથી જોતો હોય તો તે મહિનામાં તે ભાવ સબંધી શુભ ફળ આપેછે. જો ભાવના નવમાંશનો સ્વામી અને તે ભાવના સ્વામીના નવમાંશનો સ્વામી

પરસ્પર શત્રુ દૃષ્ટિથી જોતા હોય અથવા યુક્ત હોય તથા ચંદ્રમા પણ તે બન્નેને શત્રુદૃષ્ટિની જોતો હોય તો તે ભાવ સબંધી અશુભ ફળ નિશ્ચય મળેછે. આ પ્રમાણે બન્નેમાંથી એક પણ નીચ અથવા અસ્તંગત હોય તો તે ભાવ સબંધી અશુભ ફળ મળ્યા પછીથી શુભ ફળ મળે છે તથા બન્ને નીચ અથવા અસ્તંગત હોય તો આખા માસમાં અશુભ ફળ મળે છે. આ પ્રમાણે વિદ્વાનોએ લગ્નની બરાબર સંપૂર્ણ ભાવોમાં વિચાર કરીને ફળ કહેવું.

लग्नेशमासेशसमेश्वरांशनाथायदंशाधिपमित्रदृष्ट्या ॥
दृष्टायुतावाशशिनाचतत्तद्भावोत्थसौख्यायनचेदनिष्टम् ॥ २४५॥

અર્થ:—વર્ષલગ્નેશ,માસેશ, વર્ષેશ અને માસલગ્નાંશેશ આ-ચારો અથવા આમાંથી કોઇપણ જે ભાવના નવમાંશના સ્વામીને જોતા હોય અથવા યુક્ત હોય તો તે ભાવ સબંધી સુખ આપે છે આ પ્રમાણે ના હોય તો અશુભ જાણવું ॥ ૨૪૫ ॥

निर्बलाव्ययषष्ठाष्टांशपाःसत्फलदायकाः ॥
अन्येसवीर्याःशुभदाव्यत्ययेव्यत्ययःस्मृतः ॥ २४६ ॥

અર્થ:—બારમા, છઠ્ઠા અને આઠમા ભાવના નવમાંશના સ્વામીઓ નિર્બળ હોય તથા આ સિવાયના ભાવોના નવમાંશના સ્વામીઓ સબળ હોય તો શુભફળ આપે છે, આનાથી વિપરીત અર્થાત્ બારમા, છઠ્ઠા અને આઠમા ભાવના નવમાંશના સ્વામીઓ સબળ હોય તથા આ સિવાયના ભાવોના નવમાંશના સ્વામીઓ નિર્બળ હોય તો અશુભ ફળ આપેછે. ॥ ૨૪૬ ॥

केंद्रत्रिकोणायगतास्तुलग्नमासाब्दपावीर्ययुतानराणाम् ॥
नैरुज्यशत्रुक्षयराज्यलाभमानोदयात्यद्भुतकीर्तिदाःस्युः ॥ २४७ ॥

અર્થ:—વર્ષલગ્નેશ, માસેસ અને વર્ષેશ બળવાન થઇને

કેંદ્ર (૧-૪-૭-૧૦) સ્થાન, ત્રિકોણ (૯-૫) સ્થાન તથા અગી-આરમા સ્થાનમાં હોય તો શરીરને વિષે આરોગ્યતા, શત્રુનો નાશ, રાજ્યનો લાભ, માનનો ઉદય અને અદ્દ્ભુત કીર્તિને આપે છે ॥ ૨૪૭ ॥

लग्नेशमासेशसमेशमुंथाधिपाःषडष्टोपगताःसपापाः ॥
दृष्टाःखलैःशत्रुदृशात्रमासेव्याध्यादिविद्विडभयदुःखदाःस्युः२४८

અર્થ:—વર્ષલગ્નેશ, માસેશ, વર્ષેશ અને મુંથેશ ૬-૮ સ્થાનમાં પાપગ્રહ સહિત હોય તથા તેને પાપ ગ્રહો શત્રુદૃષ્ટિથી જોતા હોય તો આ માસને વિષે રોગાદિ કલેશ અને શત્રુ તરફથી દુઃખની પ્રાપ્તિ થાય છે, ॥ ૨૪૮ ॥

मासेश्वरःशत्रुगतःकरोतिरोगागमंवाहनवित्तहानिः ॥
शत्रूदयःकार्यकृतानसिद्धिःप्रमेहपीडाकथितामुनीन्द्रैः ॥ २४९ ॥

અર્થ:—જે પુરૂષના માસનો સ્વામી છઠ્ઠાસ્થાનમાં રહેલો હોય તો રોગનો વધારો, વાહન અને ધનની હાનિ, શત્રુનો ઉદય, કાર્યની અસિદ્ધિ અને પ્રમેહાદિ પીડા કરેછે એમ મુની-શ્વરો કહેછે, ॥ ૨૪૯ ॥

मासेश्वरोमृत्युगतःकरोतिशरीरकष्टंविविधप्रकारैः ॥
शत्रूदयंशत्रुभयंनराणांशरीरतापंकथितंमुनींद्रैः ॥ २५० ॥

અર્થ:—માસનો સ્વામી આઠમા સ્થાનમાં રહેલો હોય તો શરીરમાં નાના પ્રકારથી કષ્ટ કરેછે, તથા શત્રુનો ઉદય, શત્રુનો ભય, અને પુરૂષોના શરીરને વિષે સંતાપ કરેછે એમ મુનીશ્વરો કહેછે ॥ ૨૫૦ ॥

मासेश्वरोपापयुतोव्ययस्थोशत्रूदयःस्यात्विविधप्रकारैः ॥
ज्वरार्तिकष्टःखलुशत्रुघातोविषाग्निपीडाकथितामुनींद्रैः ॥ २५१ ॥

અર્થઃ—માસનો સ્વામી પાપગ્રહ સહિત બારમા સ્થાનમાં રહેલો હોય તો શત્રુનો ઉદય, જ્વર અર્થાત્ તાવની પીડા, શત્રુ તરફથી ઘાત તથા વિષ અને અગ્નિથી પીડા કરે છે એમ મુનીશ્વરો કહે છે. ॥ ૨૫૧ ॥

लग्नाधिनाथोखलुरंध्रनाथएकोयदिस्यात्किलमृत्युभावे ॥
तदाहिमासेरुधिरप्रकोपःशरीरकष्टंविविधप्रकारैः ॥ २५२ ॥

અર્થઃ—માસ લગ્નનો સ્વામી અને આઠમા સ્થાનનો સ્વામી આ બન્ને ભેગા થઈને આઠમા સ્થાનમાં રહેલા હોય તો તે માસને વિષે રૂધિરનો પ્રકોપ અને નાના પ્રકારથી શરીરને વિષે કષ્ટ કરેછે. ॥ ૨૫૨ ॥

मासेश्वरेकेन्द्रगतेशुभेनदृष्टेयुतेवाबहुकष्टनाशम् ॥
धनागमंकान्तिविवर्द्धनंचकरोतिसौख्यंविविधप्रकारैः ॥ २५३ ॥

અર્થઃ—માસનો સ્વામી કેંદ્ર ૧-૪-૭-૧૦ સ્થાનમાં હોય અને તે શુભ ગ્રહથી દૃષ્ટ અથવા યુકત હોય તો અનેક કષ્ટોને નાશ કરેછે. તથા ધનનો આગમ, કાંતિનો વધારો, અને નાના પ્રકારથી સુખ કરેછે. ॥ ૨૫૩ ॥

मासेश्वरोलग्नगतःकरोतिधनागमंसंततिमेवसौख्यम् ॥
कर्मोदयंबाहुबलप्रतापंशत्रुक्षयंस्यात्खलुराजमानम् ॥ २५४ ॥

અર્થઃ—માસનો સ્વામી જો લગ્નમાં રહેલો હોય તો ધનનો આગમ, સંતાનનું સુખ, કર્મનો ઉદય, બાહુબળનો પ્રતાપ, શત્રુનો નાશ અને રાજ તરફથી નિશ્ચય માન મળેછે, ॥ ૨૫૪ ॥

मासेश्वरःपंचमगःकरोतिधनागमंसंततिमेवसौख्यम् ॥
संताननाथोयदिचाष्टमस्थोसंतानपीडाखलुतत्रमासे ॥ २५५ ॥

અર્થ;—માસનો સ્વામી પાંચમા સ્થાનમાં હોય તો ધનનો આગમ અને પુત્રપૌત્રાદિનું સુખ આપે છે. તથા પાંચમા સ્થાનનો સ્વામી જો આઠમા સ્થાનમાં પામેલો હોય તો તે માસને વિષે નિશ્ચય સંતાનના શરીરે પીડા કરેછે. ॥ ૨૫૫ ॥

मासेश्वरोभाग्यगतोनराणांभाग्योदयंधर्मविवर्द्धनंच ॥
स्त्रीणांविलासंखलुमित्रलाभंसंतानसौख्यंप्रकरोतिनूनम् ॥ २५६ ॥

અર્થ:—પુરૂષોને માસનો સ્વામી નવમા સ્થાનમાં રહેલો હોય તો ભાગ્યનો ઉદય, ધર્મનો વધારો, સ્ત્રીઓથી વિલાસ, મિત્રનો લાભ તથા સંતાનનું સુખ નિશ્ચય કરેછે. ॥ ૨૫૬ ॥

लग्नांशनाथोथविलग्ननाथः केन्द्रत्रिकोणायगतोबलिष्ठः ॥
सौख्यंविलासंनिरुजंनितांतंनृणांकरोत्येवनसंशयोत्र ॥ २५७ ॥

અર્થ:—માસ લગ્નના નવમાંશનો સ્વામી અને માસ લગ્નનો સ્વામી બળવાન થઇને કેન્દ્ર, ત્રિકોણ તથા અગીઆરમા સ્થાનમાં રહેલા હોય તો તે પુરૂષને હમ્મેશાં સુખ, વિલાસ, નીરોગિતા કરે છે. આમાં સંશય નથી. ॥ ૨૫૭ ॥

षष्ठाष्टगोलग्ननवांशपश्चेत् क्रूरग्रहैर्युक्तनिरीक्षितश्च ॥
मासेनृणांकष्ठभयंविवादंसम्यक्करोत्येवनसंशयोत्र ॥ २५८ ॥

અર્થ:—માસ લગ્નના નવવામાંશનો સ્વામી તથા માસ લગ્નનો સ્વામી પાપગ્રહથી યુક્ત અથવા દૃષ્ટ થઇને છઠ્ઠા અથવા આઠમા સ્થાનમાં રહેલા હોય તો તે પુરૂષને તે માસને વિષે નાના પ્રકારના દુઃખનો ભય અને વિવાદ કરે છે. આમાં સંશય નહિ.

लग्नस्थितोदेवगुरुःसुखेचबुधभार्गवौ ॥
तस्मिन्मासेसुखंलाभोधनधान्यंनृपोत्तमैः ॥ २५९ ॥

અર્થ;—પહેલા સ્થાનમાં ગુરૂ હોય તથા ચોથા સ્થાનમાં બુધ અને શુક્ર હોય તો તે માસને વિષે રાજા તરફથી સુખ, ધન અને ધાનનો લાભ થાયછે. ॥ ૨૫૯ ॥

सप्तमस्थोयदाचन्द्रोराहुणार्यदिसंयुतः ॥
तस्मिन्मासेमहत्कष्टंस्त्रीणांकष्टंविशेषतः ॥ २६० ॥

અર્થ;—માસ પ્રવેશના લગ્નને વિષે જ્યારે સાતમા સ્થાનમાં રાહુથી યુક્ત ચંદ્રમા આવે ત્યારે તે માસને વિષે મોટું કષ્ટ ઉત્પન્ન થાય. વિશેષ કરીને સ્ત્રીઓના શરીરે કષ્ટ થાયછે. ॥૨૬૦॥

चतुर्थस्थेयदासूर्येदशमेपापमेवच ॥
तदाराजभयंकुर्यान्मनश्चिंतांविशेषतः ॥ २६१ ॥

અર્થ:—જ્યારે ચોથા સ્થાનને વિષે સૂર્ય હોય અને દશમા સ્થાનને વિષે બીજા પાપગ્રહો હોય તો તે માસને વિષે રાજ તરફથી ભય અને વિશેષ કરીને મનને વિષે ચિંતા કરાવે છે. ॥ ૨૬૧ ॥

संवन्नागरसाङ्कभूपरिमितेचोर्जस्यपक्षेशुभे
सप्तम्यांरविवासरे शुभकृतेःश्रीमदगुरोराज्ञया ॥
श्रीवृन्दावनशर्मणाविरचितःश्रीगौर्जरीटीकया
नीतस्ताजिकसारसंग्रहइतिग्रंथोहिसंपूर्णताम् ॥ २६२ ॥

અર્થ:—વિક્રમીય સંવત્ ૧૯૬૮ ના કાર્તિક માસના શુક્લપક્ષની સપ્તમી અને રવિવારના દિવસે શ્રીમાન્ ગુરૂવર્ય દલસુખરામની આજ્ઞા લઇને શ્રી વૃંદાવન શર્માએ ગુર્જર ટીકાથી બનાવેલો "તાજિકસારસંગ્રહ" નામનો ગ્રંથ સંપૂર્ણ કર્યો. ૨૬૨

किञ्चिदत्रगलितंप्रमादतःसज्जनःसमधिगच्छतुस्वयम् ॥
शासनेऽस्तुसुजनोद्भवाकलाहास्यताङ्गणविनोदकारिणाम् ॥२६३॥

અર્થ:—આ ગ્રંથની અંદર પ્રમાદથી કોઇક સ્થળે કાંઈ પણ ગળિત હોય તો તે સજ્જન પુરૂષો પોતાની મેળે સમજી

શકો, અને ઉપહાસ્યના આંગણામાં વિનોદ કરનાર દુર્જન પુરૂ-
ષોને શાસન કરવામાં સજ્જન પુરૂષોની યુક્તિઓ હોઓ. ॥ ૨૬૩ ॥

इतिश्री गुर्जरमण्डलान्तर्वर्ति अमदावाद निवासि भट्टोपाव्ह
माणेकलालसुत ज्योतिर्विद् वृन्दावन विरचिते
ताजिकसारसंग्रहे तृतीयः फलाध्यायः ॥ ३ ॥

——:०:——

दोहा.

संवत् वसुरसनंदविधु, और कार्तिक मास ॥
शुक्लपक्ष तिथि सप्तमी, सूर्यवार सुखरास. ॥ १ ॥
तादिन मैं या ग्रंथको, संपूरण विस्तार ॥
सोदाहरण टीका रचि, पूरण कियो विचार ॥ २ ॥
साभ्रमती तटपर बसत, नगर अहमदाबाद ॥
तहाँ वृन्दावन विप्रने, कियो सुभग अनुवाद ॥ ३ ॥
जो यह ताजिक ग्रंथको, मनमें करहि विचार ॥
तिनको बहुविधि होयँमे, सुलभ पदारथ चार ॥ ४ ॥
श्रीगुरु दलसुखरामको, नमतहिं वारंवार ॥
जोनहि कृपासे ग्रंथ यह, बिदित भयो संसार ॥ ५ ॥

समाप्तोऽयंग्रंथः

જ્યોતિષકાર્યાલય.

સદ્‌ગ્રહસ્થો.?

સનાતનધર્મ અને શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખવા વાળા આપ લોકોના સન્મુખ જ્યોતિષશાસ્ત્ર મોટું ચમત્કારીક છે, આ કહેવુ તો ખોટું નથી. કેમકે આપ લોકો જ્યોતિષશાસ્ત્રના અનુભવ કરતાજ રહેલા છો. ગ્રહસ્થો? આ જ્યોતિષશાસ્ત્ર ત્રિકાળરૂપી અંધકાળમાં વિદ્યમાન પદાર્થોને બતાવવામાં સૂર્યરૂપ છે. તથા આજ જ્યોતિષશાસ્ત્રથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત કહી શકાય છે. તેમ છતાં આ જ્યોતિષશાસ્ત્રથી અપરિચિત પુરૂષોના સહવાસમાં આવવાથી બરાબર ફળાદેશ મળતું આવતું નથી તેથી કરીને જ્યોતિષશાસ્ત્ર ઉપરથી અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તે અશ્રદ્ધા દૂર કરવાને વાસ્તે અમોએ ' **જ્યોતિષકાર્યાલય** ' ઉઘાડયું છે. અમારા જ્યોતિષકાર્યાલયમાં કેશવીની જન્મપત્રિકા. ગ્રહલાઘવના સ્પષ્ટ ગ્રહો સાથેની જન્મ પત્રિકા, સાધારણ જન્મપત્રિકા, ષડવર્ગના ટપકા, જન્માક્ષર, દ્વાદશવર્ગી તથા હોનાંશાદશા સાથેનું વર્ષફળ, સાધારણ વર્ષફળ તથા પ્રશ્ન ઉપરથી પ્રશ્નોત્રી વિગેરે બનાવવામાં આવે છે. તથા પૂર્વાચાર્યોના ગ્રંથોના આધારથી સપ્રમાણ ફળાદેશ કહેવામાં આવેછે. અને વરકન્યાના મેળાપક, વિવાહ, વાસ્તુ, ઉપનયન આદિ મુહૂર્તો તથા પ્રશ્ન પણ કહેવામાં આવેછે. અમારા ગ્રાહકોનું કામ પુરતી કાળજી અને ટાઇમસર કરવામાં આવેછે, અમારા બહાર ગામના ગ્રાહકોએ પત્રદ્વારાએ વ્યવહાર ચલાવવો. એક વખતે અમારા જ્યોતિષકાર્યાલયમાં કામ સોંપી ખાત્રી કરો.

જ્યોતિષકાર્યાલય
કાળુપૂર, નવાદરવાજા, કંસારાવાડ
ઘર નંબર ૮૮૮
અમદાવાદ.

અધ્યક્ષ.
જોશી વૃંદાવન માણેકલાલ